બનામે યઝદાં.

ફીરદોસી-શાહનામું.

તમામ

ગુજરાતી રંગીન બએતોમાં

ભાગ ૬ ઠ્ઠો.

રચનાર.

રૂસતમ નઓશેરવાન માસ્તર

મુ તખલ્લુસ

બ

(આદીલ.)

ઇ. સ. ૧૯૨૦, માર્ચ. કીંમત રૂા. ૨.

આ ફીરદોસી શાહનામું ગુજરાતી બએતોમાં ભાગ ૭ મો. નંબર ૭૫, બજારગેટ સ્ત્રીટ, કોટ, મુંબઇ મધ્યે આવેલાં "નવરંગ પ્રિન્ટીંગ પ્રેસ"માં તેના માલેક મી૦ અરદેશર ખરશેદજી દેશાઇએ છાપ્યું છે, અને ભીંવરડીવાલા બીલ્ડીંગ, વાડયા સ્ત્રીટ, તારદેવ, મુંબઇ મધેથી મી૦ રૂસ્તમ નઓશેરવાન મારતર "આદીલે" પ્રગટ કર્યું છે.

દીબાચો.

બએત.

શુકર દાવરે દાદગર દાદરસ,
શુકર તુજ ફીરૂઝગર ઓ ફર્યાદરસ.
શુકર ગેલનમગર ગરીબનનવાઝ,
શુકર તુજ ગરાગર ગીરા બેનેયાઝ.

આદીલ.

શુક્ર તુજ કરમ બક્ષીસના, યા હુરવેસ્પતવાંન, મીનો-આંન મીનો, ગેતી અને મિનોઈના માહાંન મિનોસ્તીહુગર, મઝદ, કે તારીજ બક્ષીસથી શાઅ્રાન શાઅ્ર ફીરદુસી તુસીના ફારસી શાહુનામાના બોલેબોલના તરજુમાનું પારસી ગુજરાતી બએતોનું આં મારૂ છઠું વૉલ્યુંમ બાહાર પાડી તમામ બસ્તેકુશ્તીયાન વ અવલાદે નેયાગાંનની ખીદમતમા ધરવાને આજ હું ભાગ્યશાળી થયો છું. જેને આશા છે કે મારાં માયાકુળ ગ્રાહાકો, તેંમજ દરેકે દરેક દીનદાર, અને સાચ્ચો એતેકાદ ધરાવનાર ખરો પારસી ઝરથુશ્તી, દીલોજાની ભર્યો ટેકો આપવાને કદી પણ પછાત પડશે નહીં.

પ્રિય વાંચક! આજના ભેંકાર સમા તરફ તારૂ ધ્યાન કર, અને બારીક નઝરથી તથા દુર અંદેશીથી વિચારી જો, કે એવા બીકટ સમયમાં પણ આવું એક દળદાર, પુલકલૉથ બાંઇન્ડીંગ, અને વળી લગભગ ત્રણસો સફાનુ પુસ્તક તેની

અસલ કીમતમા એક પાઇનો પણ વધારો કરવા વગર નિયમીત કાઢયા જવું એ હાલના તંગ વખતમા કેટલું બીકટ, અને કેવું નુકસાનકારક કામ છે?

છતાં પણ એવો એક બીકટ સાહાસ ચાલુ રાખી આંખુ શાહનામું સંપુરણ કરવાનો ભયભિત જોખમ જે આં અદના સેવકે પોતાને સર ખેંચી લીધો છે તેની મૂળ મતલબ ફકત એજ કે આંપણી આજની, તેંમજ ભવિષ્યની ઊધરતી અવલાદ, આંખાં ફીરદુસી શાહનામાંને વાંચે, તથા હફત અકલીમની માહાંન શહનશાહતની એક વખતની ઉડી ચુકેલી બુલંદ ધજાનો સંપુરણ ખ્યાલ હઈયે ધરી રાખી, અને હફતે કેશવરની ધરતીના ધુંજાવનારા આંપણા જગ મશહુર માહાન પહલવાંનોના વિરરસ દાસ્તાંનોનો ખરો જોશ પોતાના ખુ લોહીમા આમેઝ કરી જુદ્દીન રીવાજો, અને જુદ્દીન રાહ રીતીઓનો સદંન્તર નાશ કરે, તથા પોતાના નેયાંગાનોને પગલે ચાલી પાક મઝહબ ઊપર દીન બ દીન વધુ અને વધુ એતેકાદ ધરાવતાં રહી, ભવિષ્યમાં બુલંદ કીર્તિ, જશ, અને નૅમ પામે. આમીન!

આ મારૂ છઠું વૉલ્યુંમ પુનાવાસી જગ મશહુર મરહુમ ઑનરેબલ સરદાર ખાનબહાદુર શેઠ દોરાબજી પદમજીને, તેંમણી કૉમ તરફની ભલી, ઊમદા, અને ઉદાર લાગણીની એક અદના પિછાણ તરીકે અતિશય માન, તથા હઝારો અહેસાંનોની ભલી લાગણીઓ સહીત અર્પણ કરતાં મને ભારે ખુશાળી હાસીલ થાય છે.

પાક પરવરદેગાર મરહુમના અશો ફરોહરને ગુરથમાનમા શાંતી બક્ષો. આમીન!

શેવટના બે બોલ.

હું મારાં આગળના વૉલ્યુંમોમા જણાવી ગયો છું તેમ, આ મારાં છઠાં વૉલ્યુંમને પણ શ્રીએડનના શાહ સોદાગર સખીવજુદ માનવંત શેઠ હોરમસજી કાવસજી દીનશાહ એડનવાળા એમ. વિ. ઓ. તરફથી જે ધરખમ, અને ખચિતજ વખાણવા લાયક આસરો મંળ્યો. છે, તે માટે ફરીફરીથી આં તકે હું એવણ શેઠનો ભારે ઊપકાર માનુ છું. દાવરો દાદગર એંમણી ઊમ્ર દરાઝ રાખો. આમીન!

મુંબઇની ઝરથુશતી જશન કમિટી (અહુર જેને અમર રાખો!) કે જે આજે ખરેજ કૉમી સિપેહસાલાર બની કૉમમા અનેક પ્રીતના રૂપી બાંણોની સાંમે ધર્મની ઢાલ હાથ ધરી તેની ટચાકડીભાર પણ દરકાર કર્યા વગર કદમ બ કદમ આગળ અને આગળ વધતી રહી બાજો, જશનો, શાહનામાના કીર્તનો, તથા પરીક્ષાઓ, વિગેરે ધાર્મીક કાર્યોમાં જે હીંમત ભર્યો ભાગ ભજવી રહી દરેક કૉમી મર્દો ઝનમાં કૉમી જુસ્સો બર્પા કરતી રહી છે (કે જેને માટે તે ઉપર ખુદાના ખચિતજ રૂડા આસીરવાદ ઊતરજો) તેંમણી તરફથી પણ રાબેતા મુંજબ આ વૉલ્યુંમનેબી જે કીમતી મદદ મળી છે, તે માટે હું દીલોજાંનથી તેનો ઊપકાર માનુ છું.

ખુદા પાક મજકુર જશન કમિટીને, તેંમજ તેના બાહોશ સુકાંણીઓને, આપણી કૉમને માંથે સદા આબાદ રાખો. આમીન!

ખાકસાર.

રૂસતમ નઓશેરવાન માસતર

(આદીલ.)

સાંકળ્યું.

સફે.

કયખુસરો.

શુદ્ધિ પત્ર.

પાનુ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૨૭	૪	સ્સા	ગુસ્સા
૩૫	૧૯	દદ	દર્દથી
૩૯	૧	ઠર	કર
૫૯	૧૭	ખદા	ખુદા
૭૦	૧૬	લગાવશે	લગડાવશે
૭૨	૧૧	બેહુ ાદે	બેહુઆદે
૭૯	૯	ગસ્સામાળી	ગુસ્સામાળી
૮૫	૨૪	ગાદમા	ગોદમા
૯૨	૯	ધો	કીધો
૯૮	૧૦	પહુલવાન	પહુલવાન પર
૧૦૫	૧૧	સરી	સારી
૧૧૨	૧૭	સરદોરો	સરદારો
૧૧૨	૧૭	ઉડયા	ઊઠયા
૧૧૩	૧	ને	તો
૧૧૩	૩	પહુલવા	પહુલવાન
૧૨૪	૨	થશે	થજો
૧૫૧	૨૦	ગુઝ	ગુર્ઝે
૧૫૩	૨	દીધું	કીધું
૧૭૮	૯	ગોદ	ગોદર્ઝ
૨૪૨	૧૮	ફરવા	કરવા
૨૫૪	૨૨	બોલાવે	બોલવે
૨૬૮	૧૭	ચાલાવી	ચલાવી
૨૭૩	૧૭	લડાઇબી	લડાઇની
૨૭૫	૫	ન઼ૅદ	ન વૈદ

અર્પણ પત્રિકા.

બએત.

શરાબ ઇલ્મીયતનો ઓ સાકી તું લાવ,
મારાં ઝઇફ દીલને જવાં તું બનાવ.
ભલા નરની સીફતો સના હું કરૂ,
જાહર જોંહરીઓની સાંમે ધરૂ.
રે ! વાંચક ભલા તું સમજ દીંનદાર,
પુનાના પદમજી જગત આશકાર.
સપુત ખાંનબહાદર જેનો દોરાબ,
અશોઇનો ભર્યો પંમરતો ગોલાબ.
દયાનો હતો દીલે દરીયાવ ખાસ,
હતો સાત ભાષાનો જેને અભ્યાસ.
શુ ગુરજર, મરાઠી, શુ મોરી, નિદાંન,
શુ ઇંગ્રેજી, ઊરદુ, શુ ફારસી, ઝબાંન.
તથા ફ્રેંચનુબી હતું ઊંચ જ્ઞાન,
મેળવ્યા ખેતાબો, અને માનપાન.
ગણીત શાસ્ત્રમાતો હતો લાજવાબ,
યુરોપ તક જેની નાંમના બેહીસાબ.
શુ વિદવાંન ઍડવીન અરનાલ્ડબી,
અને જ્ઞાંની હાવર્ડ જુઓ આઇ. ઈ.
ને મેજર ટી. કૅનેડી. જેવોબી ખાસ,
હતા ત્રણે ઊસ્તાદો એ જેની પાસ.
પુના મ્યુનીસીપલ કમીશનર થયો,
નમનતઇના નિચાંણે, ઊંચે ગયો.

ભોગવ્યો જે ઓદ્ધોળી અગીઆર સાલ,
બની કૉમ મગ઼રૂર મનથી ખુશાલ.
ગવરનરો ને વૉઇસરાયો તમામ,
ગયા કહી જેની સીફ્તના શુ કલામ.
લખું તે જો તુલો તવીલ બ્યાનથી,
તો થાય એક વૉલ્યુમ આસાનથી.
હતો લૉર્ડ રીપન જે હીંદ નામદાર,
સદા દેતો ઇઝઝત અને આવકાર.
પુના શેહેરીઓ તર્ફનું જેને માન,
દીધું જાતે આવીને મુંબઈ મેયાન.
નિશાંબાઝીમા તો હતો ચૅમ્પીયન,
ખમીર જેનું કયાંની જણાતું તદન.
જેમા સોંના ચાંદીના ચાંદો અનેક,
ને જીત્યાં કપોબી દરેકે દરેક.
કીધી મીલ પેપરની પુના મેયાંન,
હતું કામ ભારે તે કીધું આસાંન.
કીધાં ઝીંદગીભર અશોઇના કામ,
અમર રહી ગયું આજે ગેતીમા નામ.
અશો રૂહ જેનું રહો ગુરથમાનમા,
લખી પત્રિકા આં જેના માનમા.
જેના કૉમી અહસાંનો માંથે ધરૂ,
ને છઠાં આં વૉલ્યુંમને અર્પણ કરૂ.
દોઆ! ચાહી આ઼દીલ તે યઝદાનથી,
ખતમ પત્રિકાને કરેચ માનથી.

(ખાકસાર આ઼દીલ)

કાઊસનું સિયાવક્ષના માર્યા જવાથી વાકેફ થવું.

થયો શાહા કાઊસ એથી આગાહ,
કે સ્યાવક્ષનો દહાડો થયો છે તબાહ.
અને તનથી સરને પરન્દાં મીસાલ,
અંજુમનના સરદારે કીધુંચ હલાલ.
રડેચ બેગુન્હાથી બની ઝખમી ખાસ,
પશુઓબી હર પાહાડોની આસપાસ.
રડેચ બુલબુલો સર્વની શાખ પર,
ગુલો નિંચે કાબરો સાથે તિતર.
ગ઼મો દર્દથી પૂર મુલ્કે તુરાન,
થયાં પીળાં બાગ઼ોમાં દાડમના પાન.
ઝરીન તશ્ત ગોરવીએ ગોઠવીને એક;
તેના સરને મંડયું પશુ જેવું છેક.
ને કાપ્યું શાહી સર તેના તનથી બસ,
ના ચાહનારૂ કોઇ, ના ફરીયાદરસ.
સુની શાહા કાઊસે જ્યારે ખબર,
સરે તાજ પડયું ઊંધુ તખ્ત પર.

અને ફાડયાં વસ્ત્રો, ને પિખ્યો ચહર,
બુલંદ તખ્તથી તે પડયો ખાક પર.
ને ચાલ્યા ઇરાનીઓ રડતા ઝબર,
સવારોએ બાંધી ગમીની કમર.
ચશમ ખુન ભરી, ઝર્દ ગાલો ઝરૂર,
ઝબાં કરતા સ્યાવક્ષની યાદેજ પૂર.
શું ગોદર્ઝ, શું તુસ, ને ગેવ દીલેર,
શું શાપૂર, ને ફરહાદ, બેહરાંમ શેર.
શું રેહેહાંમ, શું ઝંગએશાવરાંન,
શું ખરરાદ, બરઝીન, સઊ પહલવાંન.
શું ગુરગીન, તથા શેરે નર અશ્ક યાર,
ગોયા શેર, શીહ્નશ જંગી સવાર.
કીધો સઊએ કાળો, બલુરંગ, પોષાક,
અને નાખી કોલાહ બદલ માથે ખાક.
તથા તાજ પર છાંટી કાઊસે ખાક,
કીધો શાહી પોષાક સઊ ચાકચાક. ૧૨૬૬

રૂસતમનું સિયાવક્ષના માર્યા જવા વિષે વાકેફ થવું અને તેનું કાઊસ આગળ આવવું.

પછી ગઈ ખબર તેની ઝાબુલે ખાસ,
તે સરદાર ગેતી ફીરૂઝગરની પાસ.
કે શોરોબી ઉઠયા છે શેહેરે ઇરાન,
ને સ્યાવક્ષના મોંતે ધુંજી રહી જહાન.
ગયો હોશ, તહમતને સાંભળ્યું જ્યાર,
રડાપીટનો ઝાબુલથી ઉઠયો પુકાર.
પીખે ગાલો આંગળાંઓથી ઝાલેઝર,
અને ખાક છાંટે ખભાં, તાજ, પર.
ઝવારેએ ચીર્યું ગીરેબાંન પાક,
કીધાં સીનો, છાતી, ફરાંમર્ઝે ચાક.
અને બોલ્યો રૂસતમ કે અયે નામદાર,
ન તું સમ દીઠો ગેતીએ શહરયાર.
રે! ઇરાં ઝમીન તુંથી ખાલી થઈ,
રૂદન, દુઃખ, ગ઼મગીની, ભારે ફેલઈ.
રે! હાય દીલે શત્રુ થયાં ખુશ મુદામ,
રે! હાય રંજ મારી હવા થઈ તમામ.
રહયા સોગ઼માં એક હફતો ઘણાં,
ઉઠયા આંઠમે શોર બ્યુગલ તણાં.

તમામ ફ્ઓજ આવી દરે ફીઇલતન,
મળ્યું કાબુલો કશમીરી અંજુમન. ૧૨૬૭
ને કાઊસની દરઘાહ તરફ કીધો ચહર,
ખુનેતર બે આંખો, ને દીલ કીનેતર.
પુગો શેહેરે ઇરાં, ની નઝદીક મુદામ,
કે પોશાક પહલવાંની ચિર્યો તમામ.
લીધા માહાન યઝદાંના સોગંદ તે વાર,
કદી છોડી તનથી આં જંગના હથ્યાર.
ઠરશ ના, કે ચેહરાની ધોવશ ન ખાક,
છે લાયક જો રહુ હું એંમજ [1]સોગ઼નાક.
જહાંતક કે લેઊ શાહાનો કીંનો ઝબર,
ને કાતર તળે લાંઊ દુશમનના સર.
કે ટોપ મારી કોલાહ, ને તલવાર જામ,
કમંદ મારી બાઝુની જાળજ તમામ.
ના છોડશ હું તુરાં, કે અફ્રાસેઆબ,
કરશ ખૂને, શેહેરે તુરાં વેહેતું આબ.
જવાન શાહાનો કીંનો જહાં સુધી ખાસ,
ન લઈશ પેલા બદકાર તુરકીની પાસ.
કે ઊગશે જો કાલે બુલંદ આફ્તાબ,
હું હું, ગુર્ઝ, મયદાં, ને અફ્રાસેઆબ.
કુટશ ભારી ગુર્ઝે હું એવો તેવાર,
કે ફ્ઓલાદ કુટે છે જેવો લોહાર. ૧૨૬૮
પુગો જ્યારે ઇરાં, ની નઝદીક ખાસ,
ખબર ગઈ દીલેરોના તે શાહની પાસ.

૧. ગમથી ભરેલો.

કે આવ્યો છે તહમતન જો વાદળ સમાન,
નથી ટોપ માથે, ન તન બબ્રયાન.
સિયાવક્ષના સોગે મોંહુ પાણીથી તર,
બેઆંખે નદી કીધીચ ગાલો ઊપર.
બુઝ઼ર્ગો ગયા લેવા પ્યાદા મગર,
નગારાં, ને સાંકળ, ને તબલા, વગર.
પાણી ભર્યે ચેહેરે રડી પીટી આહ!
જીવે શો,ધતા શાહ, ઝબાંથીબી શાહ.
લીધો જોઈ રૂસતમને દૂરથી અગર,
ગોયા આવી દહેશત આં ગેતી ઊપર.
પુકારતા ને રડતા તે સંગ દર્દો ગ઼મ,
કે મળ્યા બુઝ઼રગો ને રૂસતમ [1]બહમ.
પૂછી એક બીજાઓએ બએરો ખબર,
ખૂનેતર સિયાવક્ષના ગ઼મથી જીગર.
કહે ઝારી કરતો પછી પીલતન,
કે અયે શાહ! દીલેર અફસરે અંજુમન.
રે! અયે શાહા ખુસરો એ કયાંની નિશાન,
રે! એ ગેતીના શાહ, રે! એ પહલવાન. ૧૨૬૯
રડે છે તારા ગ઼મથી ખુરશીદ મુદામ,
જળે છે માંહાનુબી સિનું તમામ.
ગઇ કયાં દીલેરી ને તાક઼ાતે [2]પીલ,
નદી તારા ગ઼મથી સુકાઈ છે નીલ.
હતો બાગ઼મા દીન તે કેવો ખુશાલ,!
હતા બેઠા બઝ઼મે સરઅફરાઝ઼ ઝાલ.!

૧. એક બીજા. ૨. હાથી.

એવી રીતે ચાલ્યો તે રડતોજ ખાસ,
પૂગો આવી કયાની તે દરબાર પાસ.
આયો તખ્તે કાઊસ કયાંનીની પાસ,
હતા ધૂળે ભર્યા પગો માથુ ખાસ.
તે બોલ્યો ઓ શાહ! તુંજ બુરી ચાલના,
બીઆં વાવેલાં દેચ ફળો હાલના.
સુદાબેના પ્યારે ને બદખોથી આજ,
ઊઠાવ્યું છે સરથી તેં કયાંનીનું તાજ.
હવે ખુલ્લું જોયું તેં હોશે અગર,
કે બેઠો છે દર્યાના મોઝા ઊપર.
બુલંદ શાહની બદ ખો, ને વિશ્વાસ વીન,
અતિ રંજ ઈરાં પર આવીચ યકીન.
જો હોય કોઈ કે અફસરે અંજુમન,
ભલું તેને સ્રીના હુકમથી કફન.
કે સ્યાવક્ષ મુવો સ્રીના કરતુકે તે,
ઓરત તે ભલી, મા થી જન્મી ન જે.
થયો કોઈ ન શાહોમા સ્યાવક્ષ સમાન,
સ્વતંત્ર, સખી, શાંન્ત, એવો નિદાન.
અફસોસ ચેહેરો, દબદબો, કદનો, ઝબર,
અફસોસ શાહી જળકાતનો તે ચહર.
અફસોસ એ જેવો પાદશાહ નામેવર,
ન જોશે ઝમાનો એવો કોઇ દીગર.
જો બેસતો તે તખ્તે તો ખીલતી બહાર,
ને માંહફીલે શાહોનો અફસર અપાર.

ગોયા સિંહ, બબર, વાઘ, જંગને તે વખ્ત,
ન જોયો એવો તેજી કોઇએબી દસ્ત.
હવે મારૂં દીલ ને મગઝ ઊમ્ર ભર,
લગાડશ સિયાવક્ષના કીંના ઊપર.
કરશ જંગ કુલ રડતી આંખે નિદાન,
કરશ ગેતી જલતી મારા દીલ સમાન
દીઠી કાઊસે તેના ચેહેરા ઉપર,
કે લોહી જેવાં આંસુએ તેની મહર.
શરમથી તેને કંઈ ન દીધો જવાબ,
મગર પાડયાં આંખોએથી ગર્મ આબ. ૧૨૭૧

રૂસતમનું સોદાબેને મારવું અને તેનું તુરાંન ઉપર લશ્કર ખેંચવું.

ગયો તખ્તથી તેના ફીઇલતન મગર,
કીધો સુદાબેના મેહેલ તર્ફે ચહર.
ધરી બાલો પરદાથી ખેંચી બહાર,
બુલંદ તખ્તથી ખેંચી ખુનમાં તેવાર.
કીધા કટકા બે, ખંજરે લાવી રાહ,
નહીં તખ્તથી હીલ્યો કાઊસ શાહ.
તેના કામે ફારેગ થયો ફીઇલતન,
થયું તે દુઃખે તેઝતર દીલ તદન.

આયો મેહેલમા સોગ ભર્યો ને દર્દ,
ભરી ખુને બે આંખ, બે ગાલો ઝર્દ.
ઈરાં શેહેર હતું સર્વ માતમમા ખાસ,
ગયા ગમ ભરેલા, તે રૂસતમની પાસ.
ભર્યાં આંખ પાણી ને સોગ હફ્તો એક,
બેઠો દરબારમા દર્દ ગુસ્સે દરેક.
ઠોકી આંઠમે દીંન કરનાયો કુસ,
આવ્યા તેની દરબારહે ગોદરેઝ તુસ.
શું ગેવ, અને ગુરગીન, ને શીદુશ, ફરહાદ,
શું રોહ્હાંમ, ને શાહપુર, ને જંગી ખરરાદ.
ફરીબોર્ઝ કાઊસનો, બેહરાંમ, શેર,
ગોરાઝે હતો જે કે અઝદાહ દીલેર. ૧૨૭૨
શું ગોસ્તેહમ, ને ઝગએશાવરાન,
શું અશકશ, હતો જે દીલેરો મેયાન.
ફરાંમર્ઝ, પીસરે દીલેર ફીઈલતન,
ઝવારેહ, હતો અફસરે અંજુમન.
કહયું રૂસતમે તેઓને મુંજ નિદાન,
કીંના પર લગાડુચ તનો, દીલ, ને જાન.
કારણ ગેતીમા ગોયા સ્યાવક્ષ સવાર,
કમર બાંધે, એવો ન એક નામદાર.
ન જાણુતા તમે કંઈ એ ખાવાનુ કામ,
નહીં તુચ્છ ગણવો આં કીંનો તમામ.
કરો દુર દહેશત આં દીલથી યકીન,
કરો લોહીએ જયહુન નદી આં ઝમીન.

કસમ રબના જીવતો છું જગમા અગર,
ભર્યું રહેશે દીલ દરદે સ્યાવક્ષથી તર.
તે સુકકી જગા જોઈ, જ્યાં તેનું ખુન,-
કે નાદાંન ગોરવીએ રેડયુંચ જબુન.
રગડવા ત્યાં માગુચ હું આંખો ને મુખ,
કદાચ થાયે આં દીલથી કમ તેનું દુઃખ.
કદી બાંધે મારાબી તેવાજ હાથ,
ને ગરદન ઉપર મૂકે જોતરબી સાથ. ૧૨૭૩
ગોયા ગોસફંદ ખાકમાં નાંખે સખ્ત,
ને પેચે કમંદથીબી બ
તો ખએર, નહીંતો ગોરઝ, ને શમશીરે તેઝ,
ઊઠાવીશ આં ગેતીમાં હું રસ્તાખેઝ.
સિવા ખાકે જંગ જોશે ના આંખ બે,
હરાંમ જામે મહેફીલ મારા જીવે છે.
હતા જંગીઓ સંગ અમીરો તેવાર,
સુની એવી રૂસતમની વાતો જેવાર.
તો સઊ કોઇએ સાંમતો ઉઠાવ્યો પોકાર,
ગોયા જોશમા આવ્યું ઈરાન અપાર.
ને શોર એક ફલક તક ઇરાંથી ગયો,
ઝમીન ગોયા સિંહાનો ગુફો થયો.
વાગા ઘંટ હાથીની પીઠે તેવાર,
ખેંચી ફઓજે, કીનાની મ્યાંનથી તલવાર.
થયા શોર રણસીંગડાઓના બસ,
ને પિત્તળની કરનાય, નગારાંના મસ.

જહાન ઊસ્કેરઈ કીંને અફ્રાસિયાબ-
થી, જોશ અંદર આવ્યાં ગો દર્યાના આબ.
જગા ચા,લવા રહી ન ધરતી ઊપર,
હવાબી છુપઈ નેંઝાઓથી ઝબર. ૧૨૭૪
સિતારાઓ આવ્યા ગો જંગમાં યકીન,
થયા દસ્ત બદીના ઝમાનો ઝમીન.
કમર બાંધી ચુકયા દીલેરે ઈરાંન,
ને જુંડાબી આગળ થયો કાવેયાંન.
જમા કીધા ઝાબુલી રૂસતમે યાર,
દીલેર કાબુલી [1]તેગ઼ઝનથી તેવાર.
ઈરાંથી ને નારવનના જંગલથી યાર,
દીલેરોથી ચુંટીઆ સેપાહ સો હઝાર.
સેપાહની હરોલમા ફ્રાંમર્ઝ હતો,
જે અફ્સર જવાંન, તેનો બેટો થતો.
તે ચાલ્યા, ને આવ્યા જો મુલ્કે તુરાંન,
તલાયાએ ચોકીથી જોયો નિદાંન.

૧-તલવારના મારનારાઓમાથી.

ફરાંમર્ઝની સેપન્જાબના પાદશાહ
વરાઝાદ સાથની લડાઇ
અને વરાઝાદનું
માર્યું જવું.

વરાઝાદ હતો શાહે સેપંજ આબ,
દીલેરોમા મોતી ગણાતો [1]ખુશાબ.

આવ્યા તેના કાંણોમા કર્નાયના જ્યાર–
અવાઝ, બ્યુગલો, હીંદી ઘંટના પુકાર.

તો કુસ ઠોકી મયેદાંને ખેંચી સેપાહ,
લાયો ખુંની દર્યામા જંગલથી આહ!

હતી ફઓજ [2]શમશીરકશ ત્રીસ હઝાર,
હતી જે લડઇનેજ માટે તઈયાર. ૧૨૭૫

નિકળ્યો વરાઝાદ લશકરથી બાહાર,
ફરાંમર્ઝની સામો આવ્યો તેવાર.

સવાલ કરી બોલ્યો તું છે કોંણ નર,
કીધોચ આં જગો તર્ફ કાં તારો ચહર.

હશે આવ્યો તું શાહના ફરમાનથી,
યા આવ્યો છે લશકરના પહલવાનથી.

શું વાકેફ નથી તું અફ્રાસ્યાબથી,?
તેના તખ્ત, તાજે બુલંદ રોઆબથી?

કરી મેહેર કહી દે મને તારૂ નામ,
કે લાવશે આં જંગ તારૂ શેવટ તમામ.

૧–પાંણીદાર. ૨–તલવાર મારનારી.

ન થાય એવું મુંજ હાથ પર બેનિશાન,
કે આ જાય નિકળી સિયાહુ તનથી જાન.
ફરાંમર્ઝ કહે, જંગી બદ બખ્ત તું,
સમજ, ફુળ હું તે જંગી દરખતનું છું.
જેના હાથે બેજાંન સિંહ થાય છે,
કરેચ ગુસ્સો તો હાથી ઘભરાય છે.
મને બદ નસલ દેવઝાદાથી આમ,
કે કેમ, કાંય, કરવુંબી જોઇયે શું કામ?
છે પાછળ સેપાહુ સંગ દીલેર પીલતન,
જે એખલો છે બસ લડવા જગમાં તદન. ૧૨૭૯
સિયાવક્ષના કીને કમરબંદ કમર—
કસી, આવે છે ગોયા શેરે બબર.
ધુંવો કાઢશે બદ ઝમીનનો તમામ,
જે ધુળથી હુવા લડવા ભીડ્શે ન હામ.
ન રાખશે તે લશકર, કે અફ્રાસેયાબ,
ન ખેતી, મુલક, કે આ નિરમળ ન આબ.
વરાઝાદે સમજી તેની વાત જ્યાર,
તો ધાર્યું છે પોકળ તેનુ કુલ બઝાર.
કહયું ફઓજને જઈ પડો બસ મુદામ,
ચઢાવો કમાંનોને ચિલ્લા તમામ.
ઊભી સફને ખેંચી બેતરફી સેપાહુ,
ધરી સર ઉપર કુલ પોલાદી કોલાહ.
ઊઠયો શોર ચોતર્ફ ફઓજી નિદાન,
નગારાંના શોરે કીધા બેહરા કાન.

આવ્યા શોર સરનઈ, નગારાંના જ્યાર,
ઊછળ્યું ફરાંમર્ઝનું દીલ તેવાર.
પડયો આવી તે મસ્ત હાથી સમાન,
કમરબંદ કમર, બાઝુ ઊપર કમાન.
દીધા એક હુમલામા જંગી હઝાર,–
પછાડી, ફર્યો પાછો જંગથી તેવાર. ૧૨૭૭
ફરાંમર્ઝ ફરીયો ધરી નેઝો દસ્ત,
વરાઝાદના પગો બંધાયા સખ્ત.
ધર્યા બારસો સ્વાર તેમાથી ત્યાં,
સેપાહ કહે વરાઝાદ થોભતો ન હયાં.
કારણ દીન રબની સઝાનો છે એ,
બદીનો એવઝ બદ ખુદાથીજ છે.
કે આં ભારી લશકર, ને એટલા સવાર,
છતાં સરવે ઘભરાયા જંગથી અપાર.
વરાઝાદનો જોયો સરદારે ચહરુ,
કીધો શોર લશકરની વચ્ચે ઝબર.
તે જગ્યેથી શબરંગને ડપટાવીને,
સખત નેઝો હાથોમાં ઉઠાવીને.
માર્યો એક નેઝો કમરબંદ પર,
ટુટી સઊ કડીઓ, ને બખ્તર ઝબર.
ઉંચકયો ખદંગી તે ઝીન પરથી એમ,
ગોયા એક મચ્છર લીધું હાથ જેમ.
આવ્યો નિંચે, નાખી તેને ખાક પર,
દોઆઓ કીધી સિયાવક્ષ પર ઝબર.

કીધું દુર તનથી તે નામીનું સર,
કીધો ખુંનમા તેનો પોષાક તર. ૧૨૭૮

ને બોલ્યો, કીનાનું જુઓ સર અવલ,
તેના વાવેલાં બી થી જંગનુ આં ફલ.

જળાવ્યાં પછી તે ઝમીન ને મુલક,
ધુંવો જેનો પુગ્યો બુલંદ ચર્ખ તક.

રવાંના કીધું નામું એક બાપ પાસ,
તે જંગી વરાઝાદની જંગનુ ખાસ.

કે દર કીના, જંગનો, મેં ખોલી દીધોચ,
તેને ઝીન ખદંગીથી ઊંચકી લીધોચ.

ને સ્યાવક્ષના કીનામાં કાપ્યું છે સર,
મુલક તેનો સળગાવ્યો છે મેં ઝબર.

પેલી તર્ફ કાસદ ગયો રાહમા ખાસ,
તે તુરાંની લશકરના સરદાર પાસ.

કે રૂસતમે પીલતન આયોચ કીનાવર,
થયાચ ભેગા ઈરાંની બુઝરગ ઝબર.

અવલ આવ્યો રાહાથી ફરાંમર્ઝ ગર,
સેપાહ તુરકીના કીને બાંધી કમર.

ને કાપ્યું વરાઝાદનુ હાય સર,
કીધો બંધ દમ મુલ્કે તુરાંનો ગર.

વિખેરી સેપાહ સરવે તેંણે યકીન,
જળાવી દીધાં તેના મુલ્કો ઝમીન. ૧૨૭૯

સુખન એ અફ્રાસ્યાબ સમજી ગયો,
જુની વાત યાદ આવી, ગમગીં થયો.

કે સમજી હતી જે અક્લમંદો પાસ,
નજુમીઓથી ને મુંબેદોથી ખાસ.
તેડયા મુલ્કી સરદારો સઊ એક દમ,
ને ખોલી જુનો ગંજ દીધાં દીરમ.
પછી ફરતા જંગલના ઘોડા તમામ,
ગોવાળ્યાઓ લાવ્યા મેદાને મુદામ.
ખઝાનાનો દર, ગુર્ઝ, પાખર, નિદાન,
ને કુલ તેગ, તીર, પહુલવાંની કમાન.
ખઝાનો દીનારોનો, ગોંહર, ને ઝર,
કમરબંદ ઝરીન, તાજ, સાંકળ, ઝુબર,–
ની, ચાવી ખઝાનચી વઝીરોથી લઈ,
દીરમ મેહેલ, મયદાંને, વેરીયાં સવઇ.

અફરાસિયાબનું સુરખેને રૂસતમની લડાઈ ઊપર મોકળવું અને તેનું પકડાવું તથા માર્યું જવું.

થયું જ્યારે તઇયાર લશકર તમામ,
ને વેંહુચી ચુકો સરવે તેંમણે ઇનામ.
થયા કુસ, સરનઇ, ને ઘંટના પુકાર,
સવારોએ જંગ તર્ફે કીધો વિચાર.

નીકળ્યો જો સરદાર ગંગથી બહાર,
સેપાહ ખુલ્લાં મયદાંને ખેંચી તેવાર. ૧૨૮૦
હતી ફ્રઓજ ગોયા તે દર્યાનુ આબ,
[1]મગર હતો સરદાર અફ્રાસેયાબ.
તેડયો જંગીઓમાથી સુરખેને પાસ,
કીધી વાતો રૂસ્તમને માટેની ખાસ.
ને બોલ્યો કે શમશીરકશ ત્રીસ હ ાર,
તું જંગ માટે લઈ જા એવા નામદાર.
સેપંજાબ જા તું પવનની મીસાલ,
ના આરામો શાદીનો કરતો ખીયાલ.
ફ્રરાંમર્ઝ આવ્યોચ સેપાહ સંગ ત્યાં,
મોકળવું ઘટે સર જેનું તુને હયાં.
નહીં ઝાલના બેટાથી હાંણી થાય,
નથી જંગમા જોડી તુજ તે સીવાય.
તુ છે મારૂ ફરઝંદ, અને નેંકખાહ,
તુ છે ફ્રઓજનો સ્થંભ, અને મારો માહ.
તુ રેહેશે વિચારવંત, અને હોશીઆર?
તો કોંણુ આવી શકશે તુ સાંમે તે વાર?
હવે વધજે આગળ તુ હોશીઆર થઇ,
સેપાહ સારી રૂસતમથી બંચાવી લઇ.
તો બોલ્યો તે સુરખે કે અય શાહરયાર,
કરશ તહમતનના હું જીવને ખુવાર. ૧૨૮૧
ફ્રરાંમર્ઝના હાથ પત્થર સમાન,–
કસી, ડોરબી નાંખી ગરદન મેયાન.

૧–મગરમચ્છ.

ને લાવીશ અફ્રાસ્યાબના દર ઊપર,
કરશ ઊંચે ખુરશીદથી નેંઝાનુ સર.
અગર હોય જંગ કરતા ચિત્તાઓ જ્યાં,
તો લડશે શું કુતરા શિકારીઓ ત્યાં.
બોલ્યો શાહ તુરાંની સેપાહનો તેવાર,
કે જંગીના જણ્યા, અરે નામદાર!
ખબર છે મને એક જુની વાત યાર,
હું રાખુચ જેને હર જગેહ યાદગાર.
કે કેળવાયલો સગ ચિત્તાઓને ધરેચ,
ન જંગ જોએલો સિંહ, કોહલીથીબી ડરેચ,
ફરાંમર્ઝ પીસરે જહાં પહલવાન,
દીલેર અક્લમંદ તુઅમે જંગી નિદાન.
ન થાય એવું જંગથી તુ રહે બેફીકર,
કારણ ઝટ કરે છે ફરેબ તે ઝબર.
તુ તેથી જજે જંગ ઊપર હામથી,
ખબરદાર રેહેજે તેના કામથી.
સુખન કહી ચુકો એવા કેટલાક જ્યાર,
કીધી ફૌજ અસ્બાબ લાઢી સવાર. ૧૨૮૨
પીદર પાસથી સુરખે પડયો બાહાર,
સેપાહ, ઝુંડો જંગલમા લાવ્યો તેવાર.
સેપંજાબ આવ્યો હવાની સમાંન,
કીધું ના લડાઇ સીવા કોઈ ધ્યાંન.
જોઈ ગર્દે લશ્કર તલાયાએ જ્યાર,
કે દોડયો ફરાંમર્ઝ પાસે તેવાર.

ઊઠયા શોર [1]કુસોના ફ્ઓજે ઇરાન,
બની ગરદે લશકરથી કાળી જહાન.
સવારોના શોરે, ને ગરદે સેપાહ,
બની રાત ગેતી, થયો છુપો માહ.
કે અલ્માસી રંગ શમશીરોનો ઊજાસ,
ને ખુનમા ડુબેલા નેંઝાઓથી ખાસ.
બુખાર ગોયા ગેતીની બાહાર આવે છે,
જે આતશ લડાઇનો ભડકાવે છે.
મુવેલાઓના પડયાં ચોતર્ફ સર,
ઝમીન હયાંથી ત્યાં થઈ ગોયા કોહ ઝબર.
કે સુરખેએ જોઈ એ તરેહની લડ઼ઈ,
ફરાંમર્ઝ અફસરનો નેંઝો સવઇ.
તો નાંમી તે ઘોડાને સોંપી લગામ,
કમાં છોઠી, નેઝો ઉઠાવ્યો મુદામ. ૧૨૮૩
આવ્યો ફ્ઓજગાહુથી ફરાંમર્ઝ ખાસ,
ગયો લડવા લઈ નેઝ઼ો સુરખેની પાસ.
કહયું અય ઊંધે બખ્તના તુર્ક યાર,
કરૂચ તારૂ તાબુત હું હમણાં તૈયાર.
જો રેડયું છે સ્યાવક્ષનું ખુન ખાક,
નથી શર્મ કોઈ, નથી રબનો ધાક.
બતાવ જંગી મયદાંને શુ તારૂ નામ,
કે લાવીચ કઝ઼ા તુને મયદાંને આમ.
કહયું સુરખે એવું નહીં બોલ તું,
તું શુ જાણે, ગેતી આ કરશે તે શું?

૧—નગારાંના.

હુ સુરખે, અક્રાસ્યાબનુ ખુંદ ઝ઼બર,
જળેચ પાણીમાં મારા ડરથી મગર.

હું એ માટે આવ્યો છું તારે મેદાન,
કે તનથી હું છુટો કરૂ તારો જાન.

એ કહી એક નેં ને માર્યો કમર,
હુસ્યો ઝીન ઉપર પહલવાં નામવર.

હસી કહે હવે હાથીનું બળ તપાસ,
થશે ગેતી નીલ, તારી આંખોની પાસ.

માર્યો નેઝો આઝ઼રગોશસ્પ મીસાલ,
આવ્યો ઝીન પરથી તે ઘોડાની યાલ. ૧૨૮૪

કે ઘોડાના બળથી ને ફટકાથી સખ્ત,
ફરાંમર્ઝ઼નો નેઝો ટુટો તે વખ્ત.

દોડયા તુરકી સરદારોમાંથી તે પાસ,
કીનાથી ભરેલા લડ઼ાયકો ખાસ.

ગયો સમજી સુરખે ટકી ના શકસ,
તો ગ઼મગીં બની મોંઢુ ફેરવ્યું બસ.

જે પાછળ ફરાંમર્ઝ ગો હાથી મસ્ત,
ધસ્યો હીંદી તલવાર પકડીને દસ્ત.

ને દેવો મીસાલે ઈરાંની સવાર,
તુરત દોડયા પૂઠે [illegible] કરીને પુકાર.

ફરાંમર્ઝે સોરખે ઉપર મારી દસ્ત,
ધર્યો તેને ગોયા કે ચિન્તો હોય મસ્ત.

કમરબંદ ઝીન પરથી પકડી ઝબર,
ઉઠાવી પટકયો ઝમીનની ઊપર.
ખુવારીથી પેયાદા દોડ઼વતો તમામ,
મેદાંનેથી લાવ્યો લડ઼ઈગાહ મુંદામ.
તહુમતનનો ઝુંડો જણાયો તે વખ્ત,
તથા શોર હાથી ને લશકરના સખ્ત.
ફરામર્ઝ દોડ઼યો તુરત બાપ પાસ,
લડ઼ાઇની ફ-તેહ સુનાવાને ખાસ. ૧૨૮૫
હતો સુરખે આગળથી બાંધેલે દસ્ત,
વરાઝાદની કાપેલી ડોક સખ્ત.
દીઠા ખાડ઼ા જંગલ મુવેલાંથી પુર,
જોયા નાહસ્તા જંગથી શત્રુને દુર.
દોઆ જંગી પર કીધી ફઓજે ઝબર,
તે બાહદુર જવાં નામ ઉઠાવનાર પર.
દોઆ તે ઉપર તહમતનેબી કીધી,
ગરીઓને બહુ ચીઝો બક્ષી દીધી.
ફરાંમર્ઝુને જોયો મીસ્લે મગર,
હતા લાલા રંગ તેના હાથો ને સર.
કહી વાત તે પરથી પીલતને એક,
કે અફસર છે તેજ અંજુમનમા દરેક.
કે હોય જેમાં ઊંચ તુખ્મ, હુંન્નરબી કોય,
ને ડાહપણુ હોય સાથી, સમજ ગુરૂ હોય.
એ ચારો હોય ગોંહરો જેના દરમ્યાન,
તે મરદીથી પગ નિચે લાવે છે જહાન.

ન અગ્નીમાં રોશની વિના કંઈ જણાય,
મગર જેણી અડકે, બળી તેજ જાય.
ફરાંમર્ઝ ફ-તેમંદ બને, શું નવઈ?
છે પોલાદના દીલમાં આગજ સવઈ. ૧૨૮૬
તે અથડી પડેચ સખ્ત પત્થરથી જ્યાર,
કરેચ ભેદ દીલનો ત્યારેજ આશકાર.
નિગાહ પીલતને કીધી સુરખે ઊપર,
દીઠું સર્વ એક ગો ચમનનું ઝબર.
ગોયા છાતી સિંહ, ને હતો ચહેરો બાહાર,
ગુલાબ પર સીયાહ મુશ્કનો ગો ચિતાર.
કહયું જાઓ જંગલમા લઇ [1]બેદીરંગ,
કે ખંજર અને તશ્ત જલ્લાદો સંગ.
કમંદ પેંચથી હાથ બાંધો ઝબર,
પછાડો ગોયા ગોસપંદ ખાક પર.
ને સ્યાવક્ષ મીસાલે તેના સરને તન—
થી કાપી થવા દેઓ ગીધને કફન.
ગયો તુસ સરદાર, સાંભળ્યું જ્યાર,
થયો ખુન રેડવા તરફ તુર્ત ત્યાર.
તો બોલ્યો તે સુરખે સરઅફરાઝ શાહ,
મને મારવા ચાહે કાં બેગુનાહ?
સિયાવક્ષ હતો મુંજ ઊમર મિત્ર માન,
જેના દર્દો ગમથી છે પૂર મારો જાન.
છે પાણીથી પુર આંખો દહાડો ને શબ,
સદા ખુલ્લા છે બેહુ લાંનતમા લબ. ૧૨૮૭

[1]—વગર ઢીલે.

તે શખ્સ પર કે શાહનું જેને સર લીધું,
તે શખ્સ પર જેને તરત ખંજર લીધું.

આ મુંજ નવ જવાંની ઉપર રેહેમ કર,
તથા મારી આ શાહી બાજુ ઉપર.

દીલે તુસ આવ્યું દયા પર જબર,
ઊઘાં બખ્તના નામ ઉઠાવનાર પર.

કીધી વાતો આવીને રૂસતમની પાસ,
જે બેટાએ સરદારના કહી તે ખાસ.

કહ્યું રૂસતમે હોય એવો શહરયાર,
જેનું દીલ જલે ને રહે સોગવાર.

તો હરદમ દીલો જાંને અફ્રાસેયાબ,
રહો પુર દરદે, બે આંખો [1]પુરાબ.

આં બેટો છે બદ તુખ્મ પીઠથી અગર,
નવા ચારા હીલાઓ કરશે જબર.

પછાડયો સીયાવક્ષને જેમ ખાક પર,
ખભાં, બાલ, છાતી, કીધાં ખુને તર.

સરોજાંથી કહુ શાહે ઇરાં ઝમીન—
ના, કાઊસ સરફ્રાઝ [2]બાઆફરીન.

છું જ્યાં સુધી જીવતો હું જગમા તમામ,
ગો તુરકીમા શાહ હો, અગર હો ગુલામ. ૧૨૮૮

જે કોઇ કે મળે તેના તનથી હુ સર—
ને કાપશ, આ મુલ્કોના લોકોનું ગર.

નિગાહ સિંહે કીધી ઝવારેની પાસ,
હુકમ કીધો લાચારના ખુનનો ખાસ.

૧–પાણીથી ભરેલી. ૨–દોઆ સાથના.

ઝવારે ગયો તસ્ત ખંજરને લઈ,
કે જલ્લાદોને તે જવાંન સોંપી દઇ.
ખુવારીથી કાપ્યું તેનું સર તમામ,
પોકાર્યો ઝરા, ને થયું પુરૂ કામ.
શું માગે છે ગેતી, પાળેલાઓ પાસ?
પાળેલાજ નહીં, ઝખ્મી દીલનાઓ પાસ?
જુદુ તનથી સરને કરી [1]દાર પર,
પગો એ ઊપર, ને કીધું નિચે સર.
કીનો લેવા મુરદાં ઊપર નાંખી ખાક,
કીધું ખંજરેથી તેના તનને ચાક.
ફર્યું જંગ મયદાંથી લશ્કર મગર,
સરો ગર્દ ભર્યાં, તનો ખુને તર.
[2]કહયું તેઓએ કે મુવો નામવર,
ઊંધી થઈ ગઇ બહુડતી દવલત ઝબર.
ઊંધુ તેનુ કીધું તે કાપેલું સર,
શૂળીએ ચઢાવ્યું બદન ખુને તર. ૧૨૮૯
છે બાંધી કુલ ઈરાન શેહેરે કમર,
સિયાવક્ષના ખુનથી છે ઝખ્મી જીગર.
થયું ઊંધુ સર, તાજે અફ્રાસેયાબ,
પીખી બાલ બાલો ને વર્સાવ્યું આબ.
કીધો ચાક શાહી તે સરવે પોશાક,
પોકાર્યો અને સર ઊપર નાખી ખાક.
કહયું ઓ જવાં નર દીલેર પહલવાંન,
સરે નામવર શાહા બાહદુર નિદાંન.

૧–શુળી. ૨–યાને અફ્રાસ્વાબને કહ્યું.

અફસોસ! લાલ ચેહેરાનો, ગોયા કે માહ,
અફસોસ! છાતી, દબદબાનો, કદનો, શાહ.
ન જોશે પીદર તારો આરામગાહ,
જોશે તો ચરમ ઝીન પર જંગગાહ.

અફરાસિયાબનું સુરખેના કીના માટે લશકર ખેંચવુ.

કહે પાસ લશકરની અફ્રાસિયાબ,
હવે બંધ છે ખાણી પીણી ને ખાબ.
કરો ચશ્મ કીનામા રોશન મુદામ,
પેહરન બખ્તરોથી છુપાવો તમામ.
નગારાંના શોર ઉઠયા દરથી મુદામ,
ને બખ્તરમા લશકર છુપાયું તમામ.
સરનઈ વાગી પિત્તળનીબી [1]પુશ્તે પીલ,
બની ગેતી લશકરથી દરીયાએ નીલ.
જો બાંધ્યાં [2]કુસો હાથીની પીઠ પર,
ચુંમી આંસમાએ ઝમીનને ઝબર.
સેપાહના દીલેરોને માર્યો પોકાર,
કે મરદાંને મર્દો અરે! નામદાર.
નગારાંના બે તર્ફે ઉઠશે પુકાર,
ન જોશે વખત, મર્દ જંગી તેવાર.

૧–હાથીની પીઠપર. ૨–નગારાંઓ.

ભર્યે જંગમા દીલ કીનાથી તદન,
જગા કર્યે ભાલાની શત્રુના તન.
તે બોલ્યો, ફરમાવ્યું, કે સરનઈ તેવાર,
ને ઝાંઝ, હીંદી ઘંટો, વગાડયા અપાર.
અને આવ્યા રણશિંગડાંના પોકાર,
નગારાંના, વાંસળીના, સરનઇના, જ્યાર.
ઝમીન ધ્રુંજી ઘોડાની નાલે અપાર,
ગયો ફઓજનો વાદળ ઊપર પોકાર.
ઊઠી જંગલે ગર્દ લશકરની ખાસ,
કોઇ આયો, કીના ભર્યા રૂસતમની પાસ.
કે આવ્યો છે સરદાર અક્રાસિયાબ,
ગો પાણીએ કીશતી, સેપાહ લઈ શીતાબ.
બની ત્યાર કીનો લડાઇમા સખ્ત,
તમામ ખુનમા તેઓ કીધા છે દસ્ત. ૧૨૯૧
એ સરદાર પીલતને સાંભળ્યું જ્યાર,
કે સરદારે તુરાં દેખાયો છે યાર.
તો ચાલ્યો તે કાવેયાંની ઝુંડાને લઇ,
દીલેરોની તેગે હવા કાળી થઈ.
ઊઠયા શોર બેહુ ફઓજથી બેગુમાન,
ભરઈ ગઈ લડાયક મરદોથી જહાન.
જાણે રાત નહીં, યા ન દહાડો થયો,
સુરજ ગેતી [1]અફરૂઝ સનતઈ ગયો.
જાંણે માહો ખુરશીદ [2]રંગીન થયા,
સિતારાઓ મોંહમા મગરના ગયા.

4 ૧—રોશન કરનારો. ૨—યાને ગ્રહણ લાગ્યા.

સમારી તે તુરાંની સરદારે જંગ,
ધર્યા હાથ નેઝા, અને ગુર્ઝ, તંગ.
આવી લાગો જંમણી તરફ બારમાન,
ને હયાં ત્યાં સેપાહ તુરકી દોડયા નિદાન.
તરફ ડાબી કોહરમ ઊભો તેગઝન,
ઊભો કલ્બગાહમા શહે અંજુમન.
સેપાહ હયાંણી રૂસતમે ખેંચી યકીન,
દેખઈ ના દીલેરોની ગરદે ઝમીન.
હતો ડાબે ગુદર્ઝ કેશવાદો ખાસ,
હજીર ને અમીરો હતા જેની પાસ. ૧૨૯૨
કે ગોઠવાયા ગેવ તુસ જંમણે તે વાર,
ને કરનાયો કુસ સાથે તેઝી સવાર.
ફરીબોર્ઝ, સંગ રૂસતમે કીનાખાહ,
કે નેઝો ધરી જઈ ઊભો કલ્બગાહ.
કીધો તહમતને ખ્યાલ જંગનો ખચિત,
કીનાથી કીધું તંગ દીલને નચિત.
કીધો કલ્બગાહમાં પોતાનો પ્રવેશ,
ઝવારે પૂઠે, ને ફરાંમર્ઝ પેશ.
ઘોડાઓની નાલે [1]ઝમીં સંગ રંગ,
હવા, નેઝાથી ગોયા [2]પુશ્તે પલંગ.
એવી રીતે ગોઠવઈ સેપાહ બે મગર,
ન ઢીલ આ તરફ, કે ન તે તર્ફ ડર.
આંસ્માની રંગ તેગો ઝળકે ઝબર,
પુગા ઝુંડા નેઝાઓ વાદળ ઊપર.

૧—પત્થરના રંગની ઝમીન. ૨—ચિત્તાની પીઠ.

જમીન ગોયા પોલાદનો કોહ થઇ,
જેની ટોંચ બખ્તર ને ટોપે ભરઈ.

રૂસતમની પીલસમ સાથની લડાઇ અને રૂસતમનું તેને જમીન ઊપર પટકવું.

આવ્યો પીલસમ ક઼લ્બે લશકર મગર,
ક઼ીના ભર્યું દીલ, રસા ભર્યે ચહ઼ર.
અને બોલ્યો તે, શાહે તુરાં સેપાહ,
કે અય અક઼લમંદ નામેવર પાદશાહ. ૧૨૯૩
કરે તું મનાઇ ન મારા ભણી,
ઘોડો, ટોપ, તલવાર, બખ્તર તણી.
કરૂ જંગ રૂસતમથી આજે તમામ,
શરમ નિંચે લાંઊ બુલંદ તેનુ નામ.
તેનુ સર, અને રખ્શ, લાઊ તારી પાસ,
ગોરઝ, જગ ધુંજાવનારી શમશીર, ખાસ.
અફ્રાસ્યાબનો જીવ થયો શાદતર,
કીધું ઊંચે ખુરશીદથી નેઝાનું સર.
ને બોલ્યો કે અય નામ ઉઠાવનારા શેર,
ન હાથીબી લાવતો ખચિત તુને ઝેર.

અગર લાવે પકડી તું પીલતનને આય,
લડાઇથી ખાલી ઝમાનોજ થાય.
તુરાંમા ન કોઈ તુજ રૂતબા સમાન,
તખત, મોહોર, શમશીર, કોલાહ મેયાન.
પુગાડશે તું ફરતાં ફલક સુધી સર,
તુને દેવશ કોલાહ, ને બેટી, મગર.
થશે ઇરાં તુરાંમા તુજ ભાગ બે,
થશે તારાં ગંજો, ગોહર, મુલ્ક, તે.
સુની ગમગીં પીરાં થયો ભારે ખાસ,
ને આવ્યો તે શાહ બખ્તે રોશનની પાસ. ૧૨૯૪
અને બોલ્યો આ તુંદ જવાં મર્દ યાર,
થયોચ લડવા પોતાના તનથીજ ત્યાર.
આવ્યોચ ગર્વમા પોતાના નામથી,
અપંગ છે હુલડઈના અનજામથી.
નથી ધરતો પગ કોઈ દોઝખમા ખાસ,
કે કમ અકલથી મસ્ત અઝદાહુની પાસ.
તહમ નથી કરશે લડાઈ અગર,
તો લાવશે તે ધુળમાજ પોતાનું સર.
તથા લાગશે શર્મ શાહુનેબી પૂર,
સેપાહના દીલો ટુટશે જંગથી ઝરૂર.
તું જાણેચ એ ભાઈ છે નાનો મગર,
છે મોટાથી ઝયાદા એપર મારી મહર.
પીરાંનને કહયું પીલસમે તેજ વાર,
નથી દીલમા પહલવાંનનો ડર લગાર.

લડાયક મગરથી લડશ એક દમ,
તારાં બખ્તે શાહ પર ન લાવશ શરમ.
તેં આગળ પહલવાંનો નાંમીથી ચાર,
જોયાંચ જંગના મુજ પરાક્રમ અપાર.
ને હમણાં તો બળ મારૂ વધ્યું છે ખાસ,
ન લાઝમ, કરે દીલ તોઠી ઊદાસ. ૧૨૯૫
થશે પુરૂ એ મારે હાથેજ કામ,
ન બદ બખ્તનો ઠોક દરવાઝા આમ.
સમજ્યા સુખન શાહે તેનાથી જ્યાર,
તો ઘોડોબી એક જંગ લાયક તે વાર.
ને દીધાં ગોરઝ, તેગ, ભારી મુદામ,
તથા ટોપ, બખ્તર, ને પાખર, તમામ.
કીધી જંગની તૈયારી પીલસમે હાલ,
ને ચાલ્યો તે બેડર બની સિંહ મીસાલ.
ધરી ઢાલ ખાંધે, અને નેઝો દસ્ત,
પુકારતો ને જોશ કરતો ગો હાથી મસ્ત.
ગરદ માફક આવ્યો તે મયદાંને જ્યાર,
પુકારતાં વાદળ જેવો કીધો પોકાર.
ઇરાંનીઓને કહે, છે રૂસતમ કહાં?
કેહવાયચ જંગમા અઝદહા [1]નાગડાં?
કહો પાસ આવી લડે મારી સાથ,
મેં કીધા છે, જંગમા તેની, તેઝ હાથ.
સુની વાત ગુસ્સે થયો ગેવ સખ્ત,
ખેંચી મ્યાંનથી તેગ, મારીને દસ્ત.

૧–ભયંકાર.

કહયું એક તુરકીથી જંગ રૂસતમ,—
નથી કરતો, લાગે છે તેને શરમ. ૧૨૯૬
પછી લાગા ભીડવા તેઓ બેહુ બાથ,
હયાં ગુદરેઝનો ગેવ, પીલસમની સાથ.
માર્યો ગેવ પર એક નેઝો તેવાર,
તો બેહુ પગ રેકાબોથી પડયા બાહાર.
ફરાંમઝ એ જોઇ ગયો યારી પર,
મદદ દોસ્ત જંગીને કરવાં ઝબર.
મારી તેગ પીલસમના નેઝા ઊપર,
કપાયો તે તલવારે નેઝો ઝબર,
બીજી વાર મારી તેની ટોપ પર,
બની તેગ જંગીની ટુકડા ઝબર.
જોયું રૂસતમે [1]કલ્બેલશકરથી તે,
દીઠા લડતા પેહલવાંનો જંગીને, બે.
કે વળગેલા છે એક શેરે મર્દથી,
ગગન તક પવન સમ ઉડીચ ગર્દબી.
કહે દીલથી રૂસતમ સિવા પીલસમ,
નથી કોઈ તુરકીમા કુવત કે દમ.
બીજું એ કે બુઢ્ઢા મુબેદોથી જે,
નજૂમીઓથી, દાંનેશમંદોથી, એ.
ભલું ભુંડુ જાણયુંચ ગ્રેહોથી મુંદામ,
સીધે ડાબે ફરતાં જહાંમા તમામ. ૧૨૯૭
કે પીલસમ જો બુરા દીવસથી ઝબર,
બચે, સલ્લાકારોનું માની અગર.

૧-સેપાહની કલબગાહથી.

તો કુલ જગમા લડવા એનાથી મગર,
ન બાંધશે છરાં કે તુરાંમા કમર.
ખચિત આવી લાગો છે એનો વખત,
કે આવ્યો છે હયાં જંગ માટે તરત.
કહયું ફ્ઓજને કે જગોની આં પાસ–
થી, ભરવું કદમ કોઇએ આગળ ન ખાસ.
હું અઝમાવા જાઊંચ તને પીલસમ,
કે જોઊ કેટલું છે ઝોર, જવાંની, ને દમ?
લીધો વાર કરનારો નેઝો ઝબર,
ને ડપટાવ્યો ઘોડો, ધરી ટોપ સર.
લગામ ઢીલી, મુકયો રેકાબોએ ભાર,
લાયો નેઝો આંખો સુધી આબદાર.
અને લાવ્યો પોતાના હોઠોએ કફ,
પૂગો તુર્ત જઈ કલ્બગાહથી તે સફ.
અને બોલ્યો અય નામવર પીલસમ,
બોલાવ્યોચ મને તારો બાળવાને દમ.
તું જોએ મને જેથી તો આવ્યો છું હું,
કે ગરદનકશોમા પીછાંણીલે તું. ૧૨૯૮
હવે જોશે જંગી મગરનો ઝખમ,
લગામ ન ફેરવશે પછી જંગ ગમ.
વળગ્યા તે બેહુ જંગીઓ એકદમ,
એ કહી, પહલવાં ને બીજો પીલસમ.
કીધી જંગ ભારે તેઓએ મુદામ,
થયા ગુર્ઝ શમશીરના ટુકડા તમામ.

દીલેરોની ધરપચથી મયદાંને જંગ,
લડઇની જગો થઇ સિયાહ રાત તંગ.
કહ્યું ત્યારે રૂસતમે, તુરકી સવાર–
માં, જોયો નથી એવો જંગી અપાર.
હોવો જોઇયે અઝ્દાહ, કે ચિ-તો એ ખાસ,
રહયો છે ટકી એ રીતે મારી પાસ.
એ કહી ઘોડો માર્યો જગાથી નિદાન,
ગો, આવ્યો કીનામા બુલંદ આસમાન.
ને માર્યો એક નેઝો કમરની ઊપર,
દડી સમ તે ઝીનથી ઊઠાવ્યો ઝબર.
હવામા, ગો એક હોય તનખુંજ ઘાસ,
ઊઠાવ્યો નેઝા પર જગાએથી ખાસ.
પુગો ફઓજે તુરકીની સફમા જેવાર,
કે ફેંકયો તેને કલ્બગાહમાં તેવાર. ૧૨૯૯
કહ્યું પીળાં રેશમના કપડાં તમામ,–
માં, ઢાંકો થયોચ બલુ ધુળથી એ આમ.
કહી એમ મયદાંથી ફેરવી લગામ,
આવ્યો ફઓજની કલ્બગાહમા મુંદામ.
રેડે આંસુ પાપણુથી પીરાં તદન,
છુટી ચુકયું ચારાથી પીલસમનું તન.
કે બેહુ તર્ફ લશકરથી ઉઠયા પુકાર,
પકડ ધર દીલેર જંગીઓની અપાર.
ઝમીં સુસ્ત ઘોડાની નાલે નિદાન,
થયા પાહાડ દર્યા, ને વંન કોહ સમાન.

ને કરનાયના શોરો પુકારે ઝબર,
ગયું આંસમાંબી ડરી સર બ સર.
પત્થર પર્વાળાં, ખાક લોહી થઈ ગયાં,
ઊંધા સરદારોના સરો કુલ થયાં.
મુવા બંધે ટોળાંથી એટલા ઈસમ,
કે માટી થઈ દર્યા, ને વંન પાહાડ સમ.
કે લોહી જાંણે આંસ્માથી પડતુતુ સખ્ત,
નહીં બાપ બેટાની માયાનો વખ્ત.
લડઈગાહથી છુટો પવન એક અગર,
હવાને સિયાહ ધુળે ઢાંકી ઝબર.
પડી ટુટી બેહુ ફ્ઓજ એક્ક ઉપર,
ન લાગી ઓળખવાને તે એક દીગર.
સિયાહ રાત સમ ગેતી અંધારી થઈ,
ને દહાડોબી રાતજ ગોયા થઈ ગઈ.

રૂસતમની અફ્રાસિયાબ સાથની લડાઇ અને રૂસતમ આગળથી તેનું નાસી જવું અને અફ્રાસિયાબનું કયખુસરોને ખોતન મોકળવું.

કેહવા લાગો લશકરને અફ્રાસેયાબ,
નસીબ જાગતુ કેવું દેખે છે ખાબ.

અગર સુરત એકબી લડઇમા બને,
ઊભુ રેહુવા મળશે જગો ના મને.
તે પર લાવો ચોગમથી હુમલો યકીન,
કે નેઝાથી ખુરશીદને લાવો ઝમીન.
બનો આજનો દહાડો ચિત્તા સમાન,
અને ચોતરફથી લડો બેગુમાન.
આવ્યો તુરકી લશકરની વચ્ચેથી ખાસ,
કીનો લેવા ઝખ્મી દીલે તુસ પાસ.
ને કાપ્યા ઇરાંનીમાંથી કંઈ સવાર,
થયું દીલે તુસ ગમગીં, નાઠો તેવાર.
આવ્યો ચારા માટે તે રૂસતમની પાસ,
કે છે આજે જંગનો એવો રંગ ખાસ.
છે જંમણી તરફ ખુનનો દરીયાવ તે,
ઊંધા ઝુંડા ઇરાની અફસરના છે. ૧૩૦૧
નીકળ્યો સેપાહોમાંથી પી,લતન,
જે પૂઠે ફરાંમર્ઝ લઈ અનજુમન.
હતા સાંમા સરદારોબી બેશુમાર,
હતા દીલથી રૂસતમ ઉપર બદ વિચાર.
હતા સરવે બેશીએ અફ્રાસેયાબ,
કીનાહ ભર્યાં સરથી, ને દીલથી, શીતાબ.
માર્યા તહમતને તેઓમાથી અપાર,
ફરાંમર્ઝ તુસ આવ્યા પૂઠે તેવાર.
કે ઝુંડા ત્યાં આંસમાની, અફ્રાસેયાબ,—
જોઈ, સાથે કાવેયાની ઝુંડા શીતાબ.

ને જાણ્યું કે પીલતને રૂસતમ છે એ,
સરઅફ્રાઝ તુખ્મે નરીમાન છે.
થયો ગુસ્સે ચિત્તા જેવો જંગી ખાસ,
ગયો લડવા ઘોડાને ડપટાવી પાસ.
સિયાહ ઝુંડો રૂસતમે જોયો તતકાલ,
કીધો હુમલો ભયંકાર સિંહની મીસાલ.
થયો તેજ પહુલવાં, ઉઠાવનારો નામ,
કદમ તેજ ઘોડાને સોંપી લગામ.
ભીડયો સાથ મગરૂર અફ્રાસ્યાબની,
કે લોહી વેહતું નેઝે મીસાલ આબની. ૧૩૦૨
ખદંગી હતો તીર [1]બીદ પાંન એક,
સીવી ટોપ તુરકીની જેનાથી છેક.
તુરક ફઓજના અફસરે નેઝો ગર,
જો માર્યો કીનેખાહા રૂસતમ ઊપર.
ગયો નેઝો ચર્મે કમરબંદ બબર,
પૂગી ના બબ્રેબ્યાન પર કંઇ અસર.
કીધો તહમતને કીના ભર્યો ચહર,
માર્યો નેઝો ઘોડાની છાતી ઉપર.
પડયો દઃ ઘોડો ઊંધો બબર,
પડયો શાહ લડાયક ઝમીંની ઉપર.
ધાર્યું રૂસતમે તેની ધરવા કમર,
કે રાહથી તેની રંજ ટાળે મગર.
જોયું દૂરથી હોમાને રાખી નઝર,
ઉઠાવ્યો ગુરઝ ભારી ગરદન ઊપર.

૧–બીદનાં પાતરાં જેવો અણીદાર.

ને માર્યો જો પીલતનની બાંઝુ ઉપર,
તો ઉઠયા પુકારો સેપાહમા ઝબર.
સેપાહના તે પહલવાને ફેરવ્યો ચહર,
પૂઠે જોયું રૂસતમે રાખી નઝર.
[1]રેહા હાતથી તુરકી અફસર થયો,
કે એક તેઝ ઘોડે તે બેસી ગયો. ૧૩૦૩
તે અઝદાહના હાથોથી ચારો કરી,
વેસેના હોમાને છોડવ્યો ફરી.
દીલેર મારનારો, ખફા તાજબખશ,
બની છોડયો હોમાનની પૂઠે રખશ.
અતીશે તે દોડયો, ઝડપ બહુ કરી,
હતો વખ્ત બાકી, ન શકયો ધરી.
ગયા શોર સરદારોના [2]અર્શ પર,
ને ધપકારા ભારી ગોરઝના ઝબર.
તો લશકર ઇરાંની ગયું તેની પાસ,
કે હાંની ન પોંહચે કદી તેને ખાસ.
પૂછયું તુસ સરદારે રૂસતમને બ્યાંન,
પૂગુચ ગોરખરથી શું હાથીને ઝયાન.?
કહયું રૂસતમે ગોર્ઝ ભારી જેવાર,
પડેચ બાઝુથી જંગીઓની તેવાર.
દીલે સંગ, એરણ, તે ખમતાં ન પલ,
તોડુ તેની છાતી, ને ગરદંન, અવલ.
પડેલો હોમાંનો ગુરઝતો મગર,
નથી લોઢું, પણ મોમ છે સર બ સર.

૧-છુટટો. ૨--વાદળ.

ફેરવ્યું મોંહ રૂસતમની જંગથી જેવાર,
ને નાહાસી ગયો જંગનો શોધનાર. ૧૩૦૪
કીધા કુલ સેપાહે પુકારો ઝબર,
કીધા ઊંચે નેઝાઓ વાદળ ઉપર.
ઝમીન પુર થઇ ઝખ્મી, મુરદાંથી કુલ,
યા કેસર, ને લાલાના, ઉગ્યાં છે ફુલ.
ડુબી લોહીમા સઉ ઘોડાઓની નાલ,
થયા હાથીઓના પગો ખુંને લાલ.
ગયા નાહાસી તુરકી પવનની મીસાલ,
દેતો દાદ બાઝુથી રૂસતમ ખુશાલ.
કે ફરસંગ ત્રણ ઝેહેરી અઝદાહ સમાન,
ગયો દુશમનો પૂઠે તહમતન નિદાન.
ફરી પાછો પીલતનબી ત્યાંથી ગયો,
મદદગાર, આસ્માન તેનો થયો.
ફર્યા તેઓ પોતાને લશકર મુદામ,
સેપાહ લુંટથી તૃપ્ત થઈ ગઇ તમામ.
ભર્યું ચાંદી, ઝર, લોઢે, જંગલ તમામ,
કમરબંદે, હથ્યારે, નેઝે, લગામ.
ઉઠાવ્યું જો ખુરશીદે પાહાડોથી સર,
બીછાવ્યાં યાકુત રાતની પીઠ પર.
તો કરનાયના ઊઠયા આવાઝો પુકાર,
ચલાવ્યું તહમતને લશકર તેવાર. ૧૩૦૫
કીધાં સૌએ સર, તર્ફ અફ્રાસેયાબ,
હતા ચેહરા સ્યાવક્ષના ખુને [1]પુરાબ.

૧—પાણીથા ભર્યા.

સમજ્યું કે આવે છે પાછળ સેપાહ,
છે આગળ જેની તહમતન કીનાખાહ.
ગયો ચીનના દર્યા તરફ ફ્ઓજ લઈ,
ઝમીન બોહળી તે માટે તંગ થઇ ગઈ.
ગયો જ્યાં જવું ત્યાં, વટાવીને આબ,
ને બોલ્યો પીરાં પાસ અફ્રાસિયાબ.
કે કંગાળ તે બાળનું શું કરૂ,?
વિચારીને કેહજે મને તું ખરૂ.
અગર તેને રૂસતમ કરી લેશે હાથ,
જશે શેહેરે ઇરાન લઈ તેને સાથ.
ને શાહ એક નવો દેવઝાદાને [1]આજ,
બેસાડશે નવાં તખ્તે પેહડાવી તાજ.
તું નાખ જેથી પાણીમાં લાવી મગર,
ફેરવતો ના મારા વિચારોથી સર.
તો બોલ્યો તે પીરાં, કે અફ્રાસેઆબ,
નહીં થા તેને મારવા તું શીતાબ.
કરૂંચ એક યુકિત ઓ શાહ તેની હું,
તારા નેંક ખાહની પસંદ કરશે તું. ૧૩૦૯
પોતા સાથ આપણ જશુ તેને લઈ,
ખુતનમા, નિશાની વિનાં છોડી દઈ.
ન થાય એમ કે બદ કામથી એક વાર,
સદા આળ રહે શાહને માથે અપાર.
કહયું શાહે દાંનઇના સાહેબ અરે!
તું રાહાબર છે નેંકીનો મારો ખરે.

૧—એજ.

તું જલ્દીથી એ કામે તૈયારી કર,
ન એ કામે ઢીલ કરવી જોઇયે મગર.
પછી તેડ્યો પીરાંને કાસદને ખાસ,
મરદ એક આઝાદ દાંના ને પાસ.
મોકલ્યો, કે લઈ આવે જઇને તે શાહ,
ગયો તેને લેવાને કાસદની રાહ.
શીતાબીથી ચાલ્યો ધુંવાની સમાન,
દીધું તેને સરદારે જેવું ફરમાન.
પુગો આવી ખુસરોની પાસે મુદામ,
ને જોયો તેનો દબદબો ને દમામ.
નમનથી કીધી તેની તારીફ અપાર,
અને તેની પાસે ઊભો ઝાઝી વાર.
કેહવાના હતા તે કહ્યા સઊ સુખન,
મનન જોગ હતું તે કીધું કુલ મનન. ૧૩૦૭
સુખન સરવે સાંભળ્યા ખુસરૂએ ગર,
તો ધડ તેનું જોયું કે ના તેનું સર.
કહ્યું તુર્ત આવીને માંદરની પાસ,
કીધો સર્વે ઝાહેર, છુપો ભેદ ખાસ.
કેહવા લાગો મા ને, અક્રાસ્યાબ ખાસ,
તેડાવે છે કાસદથી દરીયાની પાસ.
કર્યે કેમ? શું ચારો કર્યે મગર,
કર્યે ચારો જીવનો અકલથી અગર.
કીધો વાદવિવાદ બહુ વાતચિત,
મગર શોધી શકયાં ન ચારો ખચિત.

નહીં જોયો ચારો જવા વિન લગાર,
તો ચાલ્યાં તુરત તેઓ થઇને લાચાર.
તમામ રાહમા ગ્મગીં, ને આંખો પુરાબ,
ઝબાં પુર, લાંનતે અફ્રાસેયાબ.
કરી એમ આવ્યાં તે પીરાંન પાસ,
ને જોયાં જો વેસેના પીરાંને ખાસ.
નિંચે તખ્તથી આવી આવ્યો તે પાસ,
પુછી રંજ બોહુળા તે રસ્તાની ખાસ.
કરી સીફ્ત ને માન દીધું અપાર,
બેસાડયો તેને પોતા પાસે તેવાર. ૧૩૦૮
પછી તેનો કીધો ઝરૂરી ખોરાક,
બીછાંનાઓ સાથે તેનો કુલ પોશાક.
ને ડેરા, ને ઘોડા, ને તંબુ, મુંદામ,
પીરાંને એ તઈયાર કીધાં તમામ.
કીધી સાંમગ્રી તેને માટેની એ,
કરી સરવે તઈયાર પરવાર્યો તે.
તો આવ્યો, ને બોલ્યો અફ્રાસ્યાબ પાસ,
એ શાહ દાના, દબદબા, ઈઝ્તના, ખાસ.
આં નુરમંદ ને નાના બાળકને હું,
કે લાવ્યો છું, આપો હુકમ તારો શું?
કહયું મુલ્કે તુરાંના શાહે તેવાર,
પીરાંનને, કે ચીનના તે દર્યાની પાર.
મોકળવો ઘટે, જેથી સરદારો સહી,—
નિશાંની એની મેળવે કોઈ નહી.

ધુવાં સમ પીરાંને રવાંના કીધો,
તે બાઝુ, કે શાહે હુકમ જો દીધો.

રૂસતમનું અફરાસિયાબનાં તખ્ત ઊપર બેસવું અને પોતાના પહલવાંનોને તુરાન વેંહેચી આપવું.

સેપાહ સંગ સરદાર પીલતન દીલેર,
ગયો રાહથી ચીન અને માચીનની મેર.
મુલક ચીન સંગ કુલ, ખતા ને ખુતન—
કીધું ઝેર, બાઝુથી [૧]શમશીરઝન. ૧૩૦૯
અને બેઠો જઈ તહમતન તેને તખ્ત,
પડયું ખાક અંદર તેનું આવી બખ્ત.
કીધું બ્યાંન એક એજ વાતો ઊપર,
ભલો તે, જેનો કોઈ ન વેરી અગર.
જો થાય સાંમો વેરી, તો મારવો છે ઠીક,
અગર નાસે જંગથી, તોબી છે તે ઠીક.
તેનો ગંજ શોધ્યો મહલમા તમામ,
બતાવ્યો જે લોકોએ તેને મુંદામ.
કે ઘોડાઓ, ને બાંદીઓ, ને ગુલામ,
તથા નોંકરો નાંમી ખુબરૂ તમામ.

6 ૧-તલવાર મારનારી.

શું ગંજો, દીનારો, ને અનુમલ તાજ,
શું રેશમના કપડાં, અને [1]તખ્તે આજ.
આવ્યું હાથ સઉ ચોતરફથી ઝબર,
તથા ગંગનાં ગંજથી પુર ગોહર.
તવંગર સેપાહ થઈ જેનાથી અપાર,
બની હાર, સાંકળની, ને તાજદાર.
દીધું તુસને હાથી દાંતોનુ તખ્ત,
સનદ [2]ચાજની, હાર, સાંકળ, તે વખ્ત.
કહયું બંડ કરે કોઇબી જો શીતાબ,
કરે યા કોઈ યાદે અફ્રાસેયાબ. ૧૩૧૦
તુરત કરજે તનથી તેના સરને દૂર,
ને ગીધોને દેજે ઊજાંણી ઝરૂર.
અક઼લમંદ હો કોઈ સુલેનો જોનાર,
અહરીમનની દીનને હો ધીઃક્કારનાર.
તેને નાઝથી રાખી ફરઝંદ મીસાલ,
અને નેહાલ કરજે ન દેતો [3]મલાલ.
ન દુઃખ બેગુનાહને તું દેતો તમામ,
ને મરદીથી, ઇન્સાફથી, લેજે કામ.
નથી જગ સદા, પાંચ ત્રણની છે યાર,
ન પાંમ્યો કો,ઈ [4]જમથી દરજો અપાર.
બુલંદ અર્શે નાંખ્યો નિચે તેને આહ!
બીજો તે જગે કીધો ગેતીનો શાહ.
શહા જેવું ગોંહર જડીત તાજ છેક,
તથા બાલી, સાંકળ, અને તખ્ત, એક.

૧–હાથી દાંતનું તખ્ત. ૨–ચાજના મુલકની. ૩–રંજ. ૪–જમશીદથી.

સેપંજાબ, સોગ઼દ, ગુદર્ઝને દઈ,
સનદ આપી દીધી શીખાંમણુબી કંઇ.
કીધી સીફ્ત, તેપર કરી આફ્રીન,
હુનરમંદ, તે પવહુલવાં પાક દીન.
કહયું કે આં મોહુરે બુઝર્ગી, ને દાદ,
દેવાડશે ખુશી, જંગમા તારી યાદ. ૧૩૧૧
છે ઊંચ તુખ્મથી ઝયાદા હુંનર તમામ,
પણ આવેચ હુંનરમંદને બુન્યાદ કામ.
હુંનર સાથે તુજમા છે બુન્યાદ ઝાંન,
જેથી શાદ છે તુથી તાડારૂ રવાન.
બુઝ઼ર્ગોનો છે તું ગુરૂ બેગુમાન,
છતાં મારી આ તુ શીખામણને માન.
સેપંજાબ ગુલઝરરયુંનની ઝમીન,
ન કોઈ તારા હુકમોથી ફરશે યકીન.
કાઊસના ફરીબોર્ઝને તાજે ઝર,
રવાંના કીધાં કંઈ દીનારો ગોંહર.
કહયું તુ છે સરદાર, દરજાનો પૂર,
તુ છે ભાઈ સ્યાવક્ષનો ખુદ ઝરૂર.
સદા ભાઈના કીને બાંધી કમર,
કમંદ ચિલ્લેથી છોડ઼તોના ઝબર.
જતો ના ભુલી કીને અફ્રાસેયાબ,
કરી દીલથી દુર અ઼યેશ, આરામ, ખાબ.
ફેલાવજે તમામ દાદ ગેતીની પાસ,
નથી પડતો કોઇ દાદથી નિંચો ખાસ.

ખોતન શાહરબી ગેવને લઇ દીધું,
ખતા, ચેગલ, અશકશનેબી દઇ દીધું. ૧૩૧૨
ને માચીન, ને ચીનમાં, પડી એ ખબર,
કે બેઠો છે રૂસતમ શાહનશાહી પર.
કીધો ત્યારે તઈયાર હદીયો નીસાર,
તે સાથે ગોંહર શાહી લાયક દીનાર.
કહયું તારા બંદા ને ચાકરો હમ,
નથી ચાલનારા સિવા તુજ હુકમ.
તો સરદારે તેંમણે દીધું જીવતદાંન,
કે જોયાં તેઓના જો રે.શન રવાંન.
કરવા બાઝ ચિત્તાના લાગો શિકાર,
ગયો એ ઊપર કંઈ વખત બેશુમાર.

રૂસતમનું મુલ્કે તુરાંનને વયરાંન કરવું.

થયું એમ, ઝવારે ગયો એક વાર,
તુરત દોડી ગોરખરનો કરવા શિકાર.
ને રાખ્યો તુરક એક રાહબરને પાસ,
જે આવ્યો, ને ચાલ્યો આગળ તેની ખાસ.

જોયું એક જંગલ તે વનમા ઝબર,
જાણે ના ગમે ત્યાંથી કરવા ગુઝર.
તેના રંગ ખુશબુ અને વેહતાં આબ,-
થી, જીવ ગોયા તાઝો થતો બેહીસાબ.
ઝબાં ખોલી સીફલી તે તુરકીએ ખાસ,
સુખનબી કહયા એ ઝવારેની પાસ. ૧૩૧૩

શિકારગાહ સિયાવક્ષની છે આં બુલંદ,
હતી એજ તુરાં ઝમીનમા પસંદ.
ખુશી ને મધન રેહતો જગ્યામા આંય,
બીજી બાઝુ ગમગીં હતો એ સિવાય.
ઝવારેએ સમજી એ વાતો જેવાર,
જુની વાતો યાદ આવી તેને તેવાર.
હતું બાઝ એક તેના હાથે મગર,
છોડી તેને, પાપણ કીધાં ખુને તર.
આવ્યા સાથી લશકરના એટલે શીતાબ,
જોયો તેને ગમગીં, ને ચેહેરો પુરાબ.
તો લાંનત કીધી પેલા ભોંમ્યા ઊપર,
નિંચે નાંખ્યો મારીને લાતો ઝબર.
ખાધા એક સોગંદ ઝવારેએ સખ્ત,
પીળાં આબ આંખોથી પાડયાં તે વખ્ત.
કરશ ના હવેથી શિકારો કે ખાબ,
ન ફારેગ થવશ કીને અફ્રાસેયાબ.
ન દેવશ હું રૂસતમને લેવા આરામ,
કરવી સઊએ તઈયારી જંગની તમામ.

ગયો તેજ વખ્તે તહમતનની પાસ,
જોયો તેનો ચેહેરો, કે ચિલ્લાયો ખાસ. ૧૩૧૪
કીના માટે આવ્યા છે આપણુ મુદામ,?
યા ભરવા દોઆથી આં હોટો તમામ?
દીધુંચ ઝોર નેંકીના સાહેબે સખ્ત,
તથા ચાલ ખુરશીદની બક્ષી છે બખ્ત.
તો શા માટે આં મુલ્ક આબાદ રહે?
ને એકબી આં મુલ્કોમાં કાં શાદ રહે?
ન જા ભુલી શાહનો તે કીનો નિદાન,
ન સો વર્ષેબી જોશે એના સમાન.
તેના કેહુવાથી ઊસકેરાઈ તમામ,
કીધુ તેહેમતને તે મીસાલેજ કામ.
કીધાં ખુનો લૂટ ચારો ગમથી જેવાર,
ઊજડ઼ મુલ્ક બન્યો તેને હાથ અપાર.
તુરાંથી તે સકલાબ, ને રૂમ, બાદ,
દેખાયાં ઝમીં કે ન મુલ્કો આબાદ.
કીધાં કત્લ ઝઇફો જવાંનોના સર,
કીધાં કૈદ સ્રીઓ, ને બાળો, મગર.
કીધા મુલ્ક વયરાંન કુલ બેશુમાર,
હઝારોથી ફરસંગ ઝયાદા જેવાર.
હતા ઊંચ બુન્યાદ સરદારો ગર,
આવ્યા પાસે કુલ ખાક છાંટીને સર. ૧૩૧૫
અફ્રાસ્યાબથી છઇયે કાયર ઝ઼બર,
ન સ્વપ્નેબી ચાહતા જોવા તેનો ચહર.

રેડયું બેગુન્હાનું તેંણે ખુન અપાર,
જેમા હાથ હતો ના હમારો લગાર.

ગયા છે હમો જોકે વિખરઈ તમામ,
છતાં છઇયે હમ સરવે તારા ગુલામ.

ફ-તેહ પાંમી ખુન બેખતાના ન કર,
ખુદાતાલા સાથે ન લડ બેખતર.

ન જાણતું કોઈ, કયાં તે સરદાર છે?
સલાંમત છે, યા મોંહમા અઝદાહના તે.

સુની અંજુમનની તે વાતો તદન,
થયો ગ઼મગીં ડાહપણ ભર્યો પીલતન.

તેડ્યા તેંણે, સરદારો ફ્ઓજી તમામ,
ચલાવી સેપાહ કાચરબાસી મુંદામ.

મળ્યું અંજુમન તે અક઼લમંદની પાસ,
કસાએલાઓનુ, ને બુઝરગોનુ, ખાસ.

કે કાઊસ પગ, હાથ, રૂતબા, વગર,
વગર નિગેહબાંનીએ છે તખ્ત પર.

અગર જો વગર દીસે અફ્રાસેયાબ,
સેપાહ લાવે લડ઼વા ઇરાં પર શીતાબ. ૧૩૧૬

કરે હાથ બુઢા તે કાઊસ પર,
તો થાય ધુળ કામો, આરામો, મગર.

લીધાંચ સઊએ નામો ને કીનો તમામ,
તમામ શેહેરો આબાદ બાળ્યાં મુદામ.

કે જઇએ હવે ઝ઼ઇફ કાઊસ પાસ,
કરી બઝ઼મ બનસું નવા સરવે ખાસ.

થયાં છે હુવે છ જો આપણુને સાલ,
કે બન્યા નથી એક દીવસબી ખુશાલ.
ઇરાંમા ગુલામો. ને છે તખ્તગાહુ,
તથા સરવે મોહોરો, અને છે કોલાહુ.
ખઝાનાએ ગુમરાહુ કીધા છે નિદાન,
કે દીલ આં ધરાય છે, તો ધુંજે છે જાન.
લગાડશે તુ દીલ જુની ગેતી ઊપર,
કરી લાડ તુજ પર ફસાવશે ઝબર.
નથી દીલ અહુરીમંદી ખ્યાલોનુ એ,
તો ના જોતો લોભ તર્ફ, શતરૂ છે તે.
કે પેહેર તુ, ને દે તુ, ને પી તુ, ને ખા,
તારેજ માટે છે ધોરી રસ્તા પર આ.
એ વાતે થયો એક તહુમતન નિદાન,
કબુલ્યુ મુબારક તે મુબેદનું બ્યાન. ૧૩૧૭
કો,ઈ બોલ્યો ખુશ દીલી ભોંગ્યો મગર,
ખુશી પાંચ ત્રણની આ ગેતીમા કર.
છે કોંણ માટીમા સાથી કર તું નઝર, ?
કહાં સુધી રડશે આં દઔલત ઉપર.?

રૂસતમનું ઇરાનમાં અને અફરાસિયાબનું તુરાનમાં પાછું આવવું.

આવી શર્મ તહમતને સાંભળ્યું જ્યાર,
શીતાબીથી કીધો જવાનો વિચાર.
જમાં કીધાં ઘોડાના ટોળાં ચોપાસ,
ભટકતાં જે તુરાની જંગલે ખાસ.
ગલામો ને બાંદીઓબી દસ હજાર,
કીધા ત્યાર પાદશાહને લાયક અપાર.
શું કસ્તુરીની ઠેલીઓ, ને સમુર,
શું સંનજાબ, કાકુમ, કીમાલો, ને બુર.
તે બાલો, ને ખુશબુ, દીનારો, ને ઝર,
સજી નરે હાથીઓની પીઠ પર.
ગ઼લીચા તથા ચીઝો ઝ઼ેયાદા ને કમ,
પોશાકો, અને સાથે ગંજો, દીરમ.
શુ હથ્યારો, તાજો, ને તખ્તો તલવાર,—
ને બાંધી, કીધો ઇરાં તર્ફે વિચાર.
તુરાંથી ગયા ઝ઼ાબુલેસ્તાન ખાસ,
ને આવ્યા મુબારક તે દસ્તાન પાસ. ૧૩૧૮
પારસ ગયા ગેવ, તુસ, ગુદર્ઝ યાર,
તથા ફ્રેઓજ સંગ પહલવાં નામદાર.
કીધાં ગેતીના પાદશાહ તર્ફે સર,
મુંબારક એવા અફસરો નામેવર.

અફ્રાસ્યાબ બદ તુખ્મે સાંભળ્યું જ્યાર,
ગયા તુસ, રૂસતમ, નદી પેલે પાર.
ગયો પશ્ચિમેથી તે દરીયાએ ગંગ,
દીલે પુર કીનો, સરે પુર જંગ.
જોયા મુલ્ક એરો ઝબર કુલ થયા,
મોટાઓને કાપી, નાહનાં લઈ ગયા.
ન ઘોડા, ન ગંજો, ન તાજો, ન તખ્ત,
ન તાઝાં રહયાં પાંનો, ડાળી, દરખ્ત.
હતું સઊ કીધું ખાક બાળી મુંદામ,
હતા બાળી ખોદેલા મેહેલો તમામ.
તો શાહે રેડયું ખુન આંખોથી ખાસ,
ને બોલ્યો તે લશકરના સર્દારો પાસ.
કે આવી ખુવારી જે કોઇ ભુલી જાય,
અક્લમંદ જીવ તેનો બેહોશ ગણાય.
કરો દીલ તમે સરવે કીનાથી તર,
કરો ટોપ ટકયો, ને બીસ્તર [1]સિપર. ૧૩૧૯
કીનાની લડ્ઈ કરશું ઇરાં ઝમીન,
ફલક નિંચે લાવશું લડીને યકીન.
ઝમીં મુલ્ક પોતાના ફરઝંદો કાજ,
ખઝાના, ને ખેસીઓને કાજ આજ.
તે શેહેરે ઇરાં કરશું કુલ પાયેમાલ,
લડીશું ને લઇશું કીનોબી ખુશાલ.
કુંકાયો છે એક જંગ તેમનો પવન,
કે જેથી નહીં ડરવું હારી તદન.

[1] ૧–ઢાલ.

હરેક ગમથી લેશુ ઓજારો સેપાહ,
નવેસરથી લેવાને માંડીશું રાહ.
કીધી ચાલુ ચોતર્ફથી ધુંમ ધામ,
ઝરાબી નહીં ઢીલ કીધી મુદામ.
શીતાબીથી કીધી સેપાહને તઇયાર,
કે નેઝાઓ સાથે લડ઼ઈના ઓજાર.
પુરૂ કામ લશકરનું કીધું જેવાર,
ખઝાનાનો દર જુનો ખોલ્યો તેવાર.
ગયો સંગ સેપાહ પોતે ઈરાંન પાસ,
દીલેરો, ને શેરોના, કીનામાં ખાસ.
શું ઘોડા, ને હથ્યારો, મરદાંને મર્દ,
ઇરાનની ઉડારી તે કીનામા ગર્દ.
બાળ્યાં શેહેરો આબાદ, સરવે દરખ્ત,
થયા દુઃખી ઈરાંની એ કામે સખ્ત.
વગર મેહ હવા ગઈ સુકઈ સાત સાલ,
થયો રંગ ફરી, ને થયા બુરા હાલ.
બની રંજ તંગીએ ગેતી લાચાર,
થયો એ ઊપર કંઈ વખતબી પસાર.
હતો ઝાબુલે પહલવાં, પીલતન,
ને જગ ઝેર કરતા તુરક તેગઝ઼ન.

ગુદર્જનું સરોશને ખાબમાં જોવું અને કયખુસરોની આગાહી મેળવવી.

ગુદર્જે દીઠો એક રાતે જો ખાબ,
કે ચઢયું છે ઈરાં પર વાદળ પુરાબ.
સરોશ હતો બેઠો તે વાદળ ઊપર,
અને કેહતો ગુદર્જને કાન કર.
જો છુટવાને માંગે આ તંગ રાહાથી,
આ બદકાર નર તુર્ક અઝદાહાથી.
તો તુરાંનમા એક જવાં શાહ સુદામ,
કે છે શાહા, કયખુસરોબી જેનું નામ.
સિયાવક્ષની પીઠનો તે એક શાહરયાર,
હુનરમંદ અને તુખ્મથી નામદાર.
સરઅફ્રાઝ છે તુખ્મએ કયકોબાદ,
ને માંદરથી તુરની છે જેની બુન્યાદ. ૧૩૨૧
મુંબારક કદમ જેના આવશે ઈરાન,
તો આંસમાથી માંગેલુ મળશે નિદાન.
પીદરના કીનામાં કસીને કમર,
મુલક તૂરનો કરશે ઝેરો ઝબર.
તે જોશ અંદર [1]કુલઝુમના લાવી આબ,
ફેરવશે ન સર કીને અફ્રાસેયાબ.
તમામ સાલ રેહેશે તે બખ્તર મેયાન,
દીવસ રાત ઝીન ઉપર રેહેશે નિદાન.

કે ઈરાંની સરદારો, ને પહેલવાન,
સિવા ગેવ કોઈને ન મળશે નિશાન.
છે ફરમાન ફરતાં ફલકનું મગર,
જે ઇન્સાફી ગેવ ઊપર ચાહેચ મહર.
ઊઠયો ખાબથી જાગી ગુદર્ઝ ખાસ,
સેતાયશ કીધી તેણે દાદાર પાસ.
તથા ખાક ઉપર દાઢી મસ્લી સુફીદ,
થયો શાહે આલમ વિષે પૂર ઊમીદ.
પહાડની કઢણુથી સૂરજળી જેવાર,
ગોયા આવ્યો ચેરાગ્ રોશન અપાર.
કે તખ્ત ઊપર બેઠો તે સરદાર ખાસ,
મુકી સાગ ખુરસીઓ અયવાંન પાસ. ૧૩૨૨
તેડયો ગેવને ગ઼મ ભર્યાં દીલે પાસ,
કીધી ખાબની વાતબી કંઈક ખાસ.
કહયું તારાં રોશન કદમ, રોઝ, છે,
સિતારો તાહારો ગેતી અફરોઝ છે.
જનમ્યોચ મુંબારક તું માંથી યકીન,
છે ત્યારથી દોઆની ભરી કુલ ઝમીન.
હુકમથી તે રબના સરૂશે મગર,
દેખાડયો મને ખાબમા રાતે ચહર.
હતો ઠાર, હવા ભર્યાં વાદળ, ઊપર,
કે ધોયલો આં ગેતીનો કુલ ગ઼મ મગર.
કહયું જોઈ મને, સાંનો છે ગ઼મ ઝબર?
કીને પૂર ગેતી છે કાં જળ વગર?

૧—રાતા સમુદ્રનાં.

તેથીજ! કે છે શાહ ખુબી રૂતબા વગર,
નથી જેની શાહોની રાહે નઝર.
તુરાં મુલ્કથી ખુસરો જો આવશે,
કીના જંગથી, શતરૂ પર ફાવશે.
ન લાવશે દીલેર જંગીઓમાથી યાર,
સિવા પીસરે ગુદર્ઝે, ગેવ નામદાર.
કરેચ કેવી બક્ષીશ બુલંદ આસમાન,
થશે દર્દો, ગમ, રંજ, તુંથી આસાન. ૧૩૨૩
કે છે રંજ, મગર રંજમા ગંજ નામ,
એ રંજથીજ સર,નામ થાશે તમામ.
શોધેચ નામ કરવા તું ફઓજોમા બે,
અમર નામ કરવું તારે હાથ છે.
સુખન, માણુસો, રેહેશે ગેતીમા છેક,
થશે ન જુનુ ત્યાં સુધી નામ નેક.
તું શાહ એક ગેતીનો લઈ આવશે,
વફાના શજર પર ફળો લાવશે.
સદા રેહેશે ગેતીમા નહીં તું મુદામ,
આં જગ પાંચ ત્રણુનીથી રૂડું છે નામ.
તથા બીજું તો આંય આંસમાં બુલંન્દ,
કે ખોલશે તુંજ હાથેજ મુંશકીલ બંન્દ.
કહયું ગેવે અય બાપ, હું છું ગુલામ,
જીવશ ત્યાં સુધી હું કરશ તારૂ કામ.
કરશ બનતું મારાથી સરવે હું આંય,
મુંબારક તારાં નામે કહુંચ, રહનુમાંય.

તૈયારી સફરની કીધી જઈ મકાન,
થયો બાપના ખાએ હયરત નિદાન.
ઓરત ગેવની ઊંચ પદવી હતી—
જ્યાં, જંગી રૂસતમની બેટી થતી. ૧૩૨૪
આવી નાઝથી પાસ તેણી, મગર,
ને બોલી કે અય અફસરે નામવર.
મેં જાણ્યું જવાને તું ચાહે છે [1]તૂર,
કે ખુસરોને લાવે ધુંદી પાસ દૂર.
જેથી દે રઝા તું પહલવાન ખાસ,
તો જાઊ રોશન જીવે રૂસતમની પાસ.
મને દીદે રૂસતમનો અરમાન છે,
વગર જોવે ગમગીં મારો જાન છે.
રવાંના તું થા જેહ્‌ડાં પહલવાં મગર,
દીલેરોનો [2]હાંમી થજે ઊમ્ર ભર.
ગઈ બાંનું સરદારના કેહવે ખાસ,
કે હસતે ચેહેરે તુર્ત સીસ્તાંન પાસ.

૧—તુરાનમા. ૨—મદદગાર.

ગેવનું કયખુસરોને શોધવા માટે તુરાંન જવું.

ઊપર આવ્યો તુરમંદ ખુરશીદ જેવાર,
ઝમીન થઈ ગેયા મેથીનું ફુલ તેવાર.
તો આવ્યો દીલેર ગેવ બાંધી કમર,
કે બેસી પવન જેવા ઘોડા ઊપર.
ગુદર્ઝે કહયું કોંણ મદદગાર છે?
તથા કોણ રાહામા તારો યાર છે?
કહયું ગુ,દરઝને, જહાં પહલવાંન,
ઓ જંગી, સરઅફરાઝ, રોશાન રવાંન.

કમંદ ને છે ઘોડો મારા યાર બસ,
ઝમીને તે જોઇયે ન કોઈ શખસ.

થશે ચર્ચા, સાથે જો કોઇ હશે,
પછી તો ઝરૂર મારૂ લડવું થશે.

કમંદ હોય શિકારબંદે, ઘોડો ઝબર,
પોશાક હોય હિંદી, ને શમશીર ગર.

રેહવશ કોહો જંગલ થોડો વખ્ત ખાસ,
સુધી ત્યાં, કે ભોંમ્યો આવે એક પાસ.

જવશ શેહેરમા થઇ કદી હું ન આય,
કદી કોઇ ઓળખે, ને પસ્તાવું થાય.

બુલંદ તારાં બખ્તે જહાં પહેલવાંન,
ખુશી ભર્યો આવીશ હું રોશન રવાંન.
કે રાખજે તું નાના આ બેઝનને પાસ,
ઊછેરજે આં ગેતીથી સંભાળી ખાસ.
લડઇની તેને દેજે તાલીમ પૂર,
નથી જંગ, મહેફીલ, સિવા કંઈ ઝરૂર.
કે બચપણુથી જોઈ છે મેં તેની પાસ,
જવાંમરદી, જેથી છે સંતોષ ખાસ.
ખુશીમા તું રેહેજે મને કરજે યાદ,
મારાં દર્દથી જાંન કરજે [1]આઝાદ. ૧૩૨૯
ફરી મળશું એવી છે કોંણને ખબર?
શું જાણે ખુદાવંદનો ભેદ અગર?
જો મસલે તું બંદગીમા ચેહરાને ખાસ,
તો મુંજ માટે કરજે ખુદાની સેપાસ.
કે છે તે બુલંદીથી ઝયાદા ઝબર,
તમામ મોટાઓબી છે તેના નફર.
ઝમીનો, ઝમાનો, કીધાં છે મકાન,
કીધા છે ઝોરાવર અને નાતવાન.
તેનાથી ઊમેદો, તેનાથીજ ધાક,
કીધાં જેને આંતીશ, હવા, આબ, ખાક.
પોંચાડશે, મદદગાર રહનુમાં ખાસ,
ઝરૂરજ મને નાંમવરની તે પાસ.
પડયો બાહાર ફરમાન માંની મગર,
દીલે બાપ ગમગીં, ખુંનેતર ચહર.

 [1]–મોકળો.

પીદર ઝઇફ સર, ને હુતો તે દીલેર,
કમર જેથી બાંધી તેને ગોયા શેર.
ન જાંણુતો કે મળશું ફરીથી અગર,
જવે તેના દીલ બન્યું એરો ઝબર.
દીલેર ગેવે ઘોડેથી ઊતરી તેવાર,
ચુંમ્યા હાથ સિંહ નામવરના અપાર. ૧૩૨૭
તેને બાપે છાતીમા દાબ્યો ઝબર,
ને ચુંમ્યા તેના ભારી ચેહરો, ને સર.
કીધો ઝઇફ ગોદર્ઝે રબથી પુકાર,
કે થા મુંજ મદદગાર યા કીરદેગાર.
છે સોંપ્યો તુને હોશ, જીવ, ને રવાંન,
તથા એવો બેટોબી નામી જવાંન.
અગર મુલ્ક આફતથી છુટે જેવાર,
બખશજે ફરી મુજને યઝદાં તેવાર.
ઊઠાવેચ રંજ, ગેતી જોયલા મુદામ,
ને પાંમેચ બુઝરગી, પસંદી, તમામ.
નથી તેનું બીસ્તરબી માટી વગર,
ન અંમૃત, પણ તેઓ પાંમે છે ઝહર.
નથી રેહેવું ઝયાદા, તું જાણેચ અગર,
તો કાં લોભનુ તાજ પેહેડે છે સર?
મેળવ ખાકમા લોભને તું ઝબર,
અને ફેંકીદે ગારમા ઊંધે સર.
તુને શાદ રેહેવું ઘટેચ આ જહાન,
કારણ તારી મેહનત બીજા માટે માન.

કરે રંજ તુ, ખાએ સેજે દીગર,
ન જોશે તારી ગોર, તાબુત, મગર. ૧૩૨૮

ખુશાળીનો તેનીબી અંત આવશે,
તેનેબી કઝા પગ તળે લાવશે.

ખતમ તેની થાશે ખુશાળી ઝબર,
તથા પડશે માંટીમા તેનુબી સર.

દીવસ પાછું ફરવાનો અંદેશો કર,
ખુદાનીજ એબાદતનો તું પેરો કર.

ન દે દુઃખ કોઇનેબી, નેકી તું ધર,
છે રાહ એજ છુટકારાની સર બ સર.

ન દીલ તું દોડવ, આ છકેલી જહાંન,
ન રેહેશે તારી સંગમા જાવેદાંન.

ગમે ત્યાં સુધી રહે, તું પાછો જશે,
ગયો કે ફરી હુયાં ન આવવું થશે.

જેથી અય અકલમંદ, દીલે હોશીઆર,
ન કર વેહેમ, પગ કાઢ કાદવથી બાહાર.

ખદા તારો છે પાળનારો ઝબર,
તું બંદો, બનાવેલો રબનો મગર.

જુંકાવજે તું ગરદનને કરવા ખેયાલ,
ન હુસ્તી, સાહેબીનો, કરતો સવાલ.

ન તે સાથે ખાવું, કે કરવો ન ખાબ,
જે યઝદાંની હુસ્તી ન માને શીતાબ. ૧૩૨૯

છે દીલ તેનું અંધુ, ને બેઅકલી સર,
નથી ગણતા માણસ તેને, અકલવર.

છે ખાક, આબ, હસ્તીની સાખેતી ગર,
ન થાય એ'મ કે દાંનઈ દે દોઝખનો દર.
તવાંના, ને દાંના, સમાળનાર છે,
તથા બુદ્ધી, જીવનો, બનાવનાર છે.
કીધાં પયદા ગેતી, મકાંનો,ને વખ્ત,
મગતરાંના પગથી, તે હાથીઓ સખ્ત.
કહયું તુરકી સરદારે દીલથી અગર,
કરશ અંજુમનથી ઊંચું મારૂ સર.
અને કાપ્યો શાહઝાદાને જવાંન બસ,
ત્યારે તેનો બરગશતે બેઠો દીવસ.
તેનાં તુખ્મથીજ દાવરે તેજ પળ,
નવાં ઝાડ ફળવંત ઊપર દીધું ફળ.
જે કરવું તેની સંગ, કરી તે લીધું,
તેનું, તેના મેહેલોનું, ધુળ સઊ કીધું.
ધણી છે શનિ માહા ને સુર્યનો તે,
તેનાથીજ ફતેહમંદી, તાકાત છે.
છે હસ્તી ને રાસ્તીનો તે દાદગર,
દેનારો છે તે કમ જેયાદા મગર.
છે દેનારો બક્ષીશ, મદદગાર છે,
બેહાજતનો તે, રોજી દેનાર છે.
ધણી સુર્યનો છે, ધણી જહાંનનો,
ધણી શુક્રનો, ફરતાં આંસ્માંનનો.
નથી રાહ, તેના હુકમ મરજી વગર,
નથી મેહેરો માહુનેબી જેની ખબર.

તેનાજ હુકમથી ગેવે બાંધી કમર,
પડયો બાહાર ગોયા તે શેરે ખબર.
ગયો પોતે તનહાં ન કોઇને લીધું,
બદન લાડકું રબને સોંપી દીધું.
આવ્યો ચા,લતો સર ઝમીને તુરાંન,
ને મળતું જો તનહાં કોઈ રાહ મેયાંન.
તેની સાથે બોલતો તે તુરકી ઝબાંન,
ને પૂછતો તે કયખુસરો માટે નિશાંન.
જે બોલતો કે શાહુની નથી કંઈ ખબર,
તેનું કરતો જીવથી જુદું તન ઝપર.
લપેટતો કમંદના તે ફાંદામા લઈ,
ને ડાટતો તેને ખાકમા દૂર જઈ.
જેથી કોઈ ન જાંણે તેનો ભેદ યાર,
યા સમજી શકે ના તેનો કોઈ પુકાર. ૧૩૩૧
ને રાખ્યો પોતે એક જણાનેજ પાસ,
કે ભોંમ્યો તરીકે તે ટોળાંથી ખાસ.
ગયો જે તેની સાથ રાહમાંબી સખ્ત,
કહયો ભેદબી ના તેને કંઈક વખ્ત.
પછી એક દહાડે કહયું તેની પાસ,
પૂછુંચ વાત છુપી તુને એક ખાસ.
અગર જો તું કહેશે ખરેખર ઝરૂર,
અકૃલમંદ દીલ, કરશે જુઠુઇથી દૂર.
જે ચાહુશે તું મુંજથી તે આપશ નિદાંન,
કરીશ તુને અર્પણ તનો મન ને જાંન.

નથી ટોટો બુધ્ધીનો, આપ્યો જવાબ,
મગર તે વેંહચાઈ છે સઊમા શીતાબ.
ખબર જો હશે, જે પૂછે તું બચાંન,
તો જોશે ન મુંજ જવાબમા બંધ ઝબાંન.
કહયું ત્યારે કચખુસરો છે કયાં અહીં?
હકીકત તેની કહે હવે તું સહી.
દીધો જવાબ મેં ના સમજયું છે જે,
નથી નાંમબી કોઇને પૂછયું છે એ.
દીધો જો તે ભોંમ્યાએ એવો જવાબ,
કે સર તેનું શમશીરે કાપ્યું શીતાબ. ૧૩૩૨
ભટકવા તે લાગે દીવાંના સમાન,
કે પાંમે કહી શાહઝાદાની નિશાન.
થયાં વર્ષબી સાત ફરતા અગર,
કમરબંધે, તેગે, ઘસાઈ કમર.
તે ખાઈ [1]ગુર, પેહેડતો ચરમ [2]ગુર ખાસ,
પીતો આબ ખારૂ, કદી ખાતો ઘાસ.
ભટકતો તે જંગલ ને પાહાડો ઝરૂર,
હતો રંજ સખ્તીએ ટોળાંથી દૂર.

૧-૨-ગુરખર.

ગેવનું જંગલમા કયખુસરોને શોધી કાઢવું.

નદી પાર રૂસતમ ઊતર્યો જેવાર,
શિતાબીથી ચાલ્યો સેપાહ સંગ તેવાર.
આવ્યો ગંગ તૂરાંની સરદાર યાર,
તુરાંન હાથ આવ્યું તેને બીજીવાર.
કહયું શાહે તે બાદ પીરાન પાસ,
કે બદબખ્ત ખુસરોને હ્યાં લાવ ખાસ.
દે માંચીનથી લાવી તું માદરની પાસ,
ને કર બંધ ચોતર્ફથી રાહા ખાસ.
તો પીરાંને કાસદને જલ્દીથી ખાસ,
રવાંના કીધો ગેતીના શાહા પાસ.
બોલાવ્યો સિયાવક્ષનાં બેટાને તે,
જવાં અકલમંદ, જીવ બખશનાર જે. ૧૩૩૩
ને સોંપ્યો તે માતાને તેની તુરત,
ગયો એમ કીધા બાદબી કંઈ વખત.
હવે ગેવ જંગી જો મુલ્કે તુરાંન,
એવી રીતે ગમગીં જો ફરતો નિદાંન.
થયું એમ એક દહાડો થઇને ઊદાસ,
આવ્યો એક નાંમીચાં જંગલની પાસ.

ને ફરતો લીલોત્રીમા થઈ [1]પૂર મલાલ,
ગ઼મી ગેવનું દીલ, ને દુન્યાં ખુશાલ.
ઝ઼મી લીલી નદ્દીથી પૂર આબ જોઈ,
હરેક ગમથી આરાંમ, ને ખાબ જોઈ.
તો ઊતરી નિંચે, ઘોડો છોડયો તેવાર,
સુતો, દીલ અંદેશા ભરેલે અપાર.
કીધો અંદેશો ખુબ દીલથી ઝ઼રૂર,
કે ખાબ અને ખાધા પીધાથી છું દૂર.
દેખાતી ન કયખુસરોની હયાં નિશાંન,!
ભટકવાથી મળશે મને શું નિદાંન?
કહયું દેવ પલીદ હોશે છાતી ઊપર,!
જોયો ખાબ [2]પહુલવાંને ત્યારે અગર.!
જનમ્યો નથી ખુસરો માંથી આં વાર,
જનમ્યો, તો ગેતીએ કીધો છે ખ્વાર. ૧૩૩૪
તેની શોધમા રંજ, સખ્તી ઝ઼બર,
બુલંદ બખ્ત તે કે, મરે ખાઈ ઝહર.
હશે દોસ્તો મુજ હાલ જંગમા નિદાંન,
તો કોઈ મારા દીલસોઝ઼ો માહફીલ મિયાંન.
જો કીર્તિમા એક તો, બીજો શાદ વખ્ત,
છે કંગુરે અખરોટ ફેંકવું, આં બખ્ત.
હું ફોકટમા રગડું છું મારૂ રવાન,
ને વળ્યો છું વાંકો કમાંની સમાન.
દીલે ગ઼મ અતિ, વંનની ધુળથી અપાર,
હતો ફરતો શાહાને તે શોધતો જેવાર.

૧—રંજથી ભરેલો. ૨—યાને ગુદર્જે.

તળાવ એક રોશન દીઠો દૂર ખાસ,
બુલંદ [1]સર્વ સમ બાળ સુંદર તે પાસ.
શરાબી હતી જામ હાથે તેવાર,
હતી કલગી રંગીંન સર ખુશબુદાર.
ઊંચઈમા તેની નુરે યઝ્દાં નિદાંન,
ને દીસતી અક્લમંદીની કુલ નિશાંન.
હાથી દાંતના તખ્તે સ્યાવક્ષ ગર,—
હતો, મુકી કોલાહ ફીરૂઝાની સર.
હતો ચેહેરે પંમરાટ માયાનો હાલ,
દીપાવતા હતા તાજને તેના બાલ.
કહે દીલથી ગેવ આ નથી શાહ વગર,
એવો ચેહેરો હોય ના તખતગાહ વગર.
પગે ચાલ્યો જલ્દીથી તે તેની પાસ,
પૂગો પાસે જો છેક જ્યારે તે ખાસ.
કડ઼ી ઢીલી થઈ રંજના [2]દર તણી,
પડી ગઈ નઝર તેની દવલત ઘણી.
તલાવ પરથી ખુસરૂએ જોયો જેવાર,
કે હસ્યો, ને ખુશ દીલ ધડ઼કયું તેવાર.
કહયું કોઈ નથી ગેવ જંગી વગર,
કારણ એવો પહલવાં નથી આં શહર!
મારી જુસ્તજુમા તે આવ્યો છે બાહાર,
કે ઇરાંન લઈ જઈ કરે શહરયાર.
ઘણો આવ્યો તે નામી પહલવાંન પાસ,
કે ખુસરોબી ઉઠયો જગાએથી ખાસ.

9 ૧—સરવના ઝાહાડ જેવો. ૨—દરવાજાની.

ભલે આવ્યો અયે ગેવ! બોલ્યો તેવાર,
તુજ આવવું છે ડાહપણની બક્ષેશ અપાર.
તું આવી પૂગો કેમ આ મુલ્ક રાહ,?
શું તુસ, અને ગોદર્ઝ, કાઊસ, શાહ?—
ની લાવ્યો ખબર? છે તેઓ સર્વે શાદ?
કરેચ શું તેઓ દીલથી ખુસરોને યાદ? ૧૩૩૬
જહાંજોય રૂસતમ દીલેર પીલતન,!
છે કેમ ઝાલેઝર, ને દરેક અંજુમન.?
થયો ગેવ અજબ વાત સમજી મગર,
લીધું નામે યઝદાં ઝબાંની ઊપર.
કહયું તું છે કયખુસરો, ધારૂ છુ હું?
નવો ગેતી માટે શહા છે તે તું?
તે બોલ્યો કે અય ગેવ, ખુસરો છું હું,
નવી એક વધાઈ ગેતીની હુંજ છું.
કહયું ગેવે અય સર ફરાઝોના [1]સર,
છે આતૂર જગ તુજ મહરની ઝબર.
હું ધારૂ છું સિયાવક્ષનો તું પીસર,
તુંખમથી તું કયાંની અને અકલવર.
ફરી ત્યારે બોલ્યો તે એંમ શાહરયાર,
છે તુંજ ગેવ ગોદર્ઝનો નામદાર?
કહયું ગેવે સાચ્ચાંના સરદાર સહી,
તુને વાત ગુદર્ઝની કોણે કહી.?
દીધી કોંણે કેશવાદ ગેવની ખબર?
રહો ખુશ, અને નુરમંદ, તું ઝબર!

1—સરદાર.

તો બોલ્યો તે ખુસરો અરે શેર નર,
પીદર માટે બોલી હતી મા અગર. ૧૩૩૭
કહયા જેને નૂરે ખુદાથી સુખન,
પોતાની તે છેલ્લી ઘડીએ તદન.
કહયું'તું જેને નાંમવર મા ની પાસ,
પડે રંજ માથે ગમે એવી ખાસ.
કે આખરમા કયખુસરોબી આવશે,
જે આવી ને કળની કુંચી લાવશે.
થશે મોટો જંગી સરઅફ્રાઝ ગર,
કે ઈરાંથી ગેવ આવશે પૂર હોંનર.
તેને લઈ જશે તખ્તે ઇરાંન ખાસ,
તે શેરો, અને નામદારોની, પાસ.
તે મરદીથી પગ નિંચે જગ લાવશે,
તથા મારો કીનો તે ઉઠાવશે.
કહયું ગેવે સરદારે સરદાર તું,
નિશાં રાખે છે શાહી બોરેહની શું?
હતી ખુલ્લી સ્યાવક્ષની તો નિશાન!
ગોયા ગુલ ઉપર કાળાં મિંડાં સમાન.
દેખાડ મને ખોલી તું બાઝુ નિદાંન,
કે જાણે છે અંજુમન તારી નિશાંન.
ઊભો જો બદનને ઉઘાડીને શાહ,
કે જોઈ લીધી ગેવે નિશાંની સિયાહ. ૧૩૩૮
જે કોબાદના વખ્તથી એ નિશાન,
હતી કયાંની વંશે પ્રગટ બેગુમાન.

કે જોઇ તે નિશાં કીધું ગેવે નમન,
કહયો ભેદ આંસુઓ પાડી તદન.
લીધો ગેતીના શાહે પહેલુમા ગર,
ખુશાળીથી કીધી દોઆ તે ઊપર.
પૂછયું ઇરાં માટે, અને તખ્તે શાહ,
કે ગુદર્ઝ, અને રૂસતમે [1]જંગખાહ.
કહયું ગેવે અય કયાંની જગ શહરયાર,
મુંબારક કદમ સરફરાઝ હોશીયાર.
છે તુજ ચેહરાથી સઉ ખુશી બાહારમાં,
વગર જોવે છે સઉ તારા પેયારમાં.
ભલું ભુડું જાણનારો યઝદાં મુદામ,
અગર દેતે મુંજને બહીશ્તો તમામ.
તમામ હફતે કેશવરની શાહી અગર,
ને મુકતે બુઝર્ગી ભર્યું તાજ સર.
તોબી ના થતે મારૂ દીલ શાદતર,
જોયો મુલ્કે તુરાં, જો તારો ચહર.
ઇરાં, કોંણ જાણેચ કે જીવતો હું છું?
જળુચ આગમા, યા પડયોચ ખાક હું? ૧૩૩૯
યા પડયો છે જીવતો સિયાવક્ષ નઝર,
ને પૂછી છે મેં દર્દો ગમની ખબર.
ખુદાના શુકર કે મારી રંજ સખ્ત—
થી, આવીચ ખુશાળી, અને સુખ, બખ્ત.
પછી ચાલ્યા બંધે તે રાહને મેયાંન,
પૂછયું ખુસરૂએ શાહા કાઊસનું બ્યાંન.

૧—લડાઇનો ચાહનારો.

વરષ સાતના દરદો ગ઼મ બેહીસાબ,
કહાં રેહેતો, ખાતો, કહાં કરતો ખાબ?
કીધું બ્યાંન ગેવે શહા પાસ એજ,
શું કરવું હતું ગેતીના રબનું તેજ.
તે ગુદર્ઝી સ્વપનો, ને રંજો તમામ,
પોષાકો, દુઃખો, સુખ, ખાવું, આરામ.
બુઢાપાયે કાઊસનો ખોયો વક઼ર,
થયોચ બેટાના દર્દે પગ સર વગર.
ઇરાંથી ગયા રંગ રાગો મુદામ,
ને વયરાંની આવી ઊભી છે તમામ.
જળ્યું દર્દથી દીલે ખુસરો તેવાર,
તપ્યો ચેહેરો આતશ મીસાલે અપાર.
કહયું કે હવે આંય રંજથી [1]દરાઝ,
તુને બખ્ત દઈ દેશે આરાંમો નાઝ. ૧૩૪૦
પીદરની જગે રહે, ન કંઈ બોલ તું,
ને જોજે ઝ઼માંનો દેખાડે છે શું?
બેઠો નામવર ગેવના રખ્શ પર.
ને ચાલ્યો આગળ ગેવ જંગી ઝ઼બર,
હતી હાથમા હિંદી શમશીર એક,
વગર ઢીલે આવતો જેબી પાસ છેક.
ચાલાક ગેવ ગર્દનને કાપતો તદન,
કીચડ ખાકમાં ડાટી દેતો બદન.
ગયા એ રીતે સિયાવક્ષ ગર્દ પાસ,
ઠેકાંણે આંયાં હોશ, દીલ, બે ના ખાસ.

૧—લાંબી.

કહી વાત સરવે ફરંગીસને યાર,
છુપાં કામનો કીધો છુપો વિચાર.
કે કર્યે ત્રણે જણાં રાહથી ગુઝર,
લડાયક દીલેરોથી છુપ્યાં મગર.
ફરંગીસ કહે ઢીલ કરશું અગર,
તો કરશું આં તંગ ગેતી પોતા ઉપર.
અગર જાંણશે વાત અફ્રાસેયાબ,
ન ખાશે, ન પીસે, ન કરશે, તે ખાબ.
ને આવશે તુરત ગોયા દેવે સુફીદ,
થશું પ્યારા જાંનો, દીલે, નાઉમીદ. ૧૩૪૧
આપણમાથી એકનેબી જીવતું જહાન,
જવા દેશે ના છુપુ ઝાહેર નિદાંન.
બુરા શત્રુઓથી ભરી જગ યકીન,
જગા અહુરીમનની, છે આપણી ઝમીન.
ખબર બુરા નરને પડી આવશે,
અગન શેહેરો આબાદે લગડાવશે.
તું અય દબદબા દોઆ ભર્યા પીસર,
સમજ એક મારી શીખામણ મગર.
લીલું એક જંગલ, નથી દૂર આહ!
છે એક બાઝુ તુરકી સવારોની રાહ.
તું કાળા તે ઘોડાનું ઝીન ને લગામ,
ધરી જા સહુવારે તે જંગલ મુકામ.
ત્યાં જોશે તું કોહ, જેનું આસમાંને સર,
ઘસેચ જે ઉપર વાદળાંઓ ચહર.

ઉપર જતાં મયદાંનબી એક તેવાર,
તુ જોશે, ખુશાળી ભર્યો ગોયા બાહાર.
નેહરબી છે એક, જેનું વેહેતું છે આબ,
બનેચ જીવ તાઓ જેને જોઈ શીતાબ.
કે આવશે જો મધ્યાંને ખુરશીદ જેવાર,
ને સુવાનો સરદાર કરશે વિચાર. ૧૩૪૨
કે મયદાંને ઘોડાના ટોળાં ઝબર,
પીવા આબ આવશે નહરની ઉપર.
દેખાડજે તું [1]બેહઝાદને ઝીન લગામ,
નરમ તે બને, વધજે આગળ મુકામ.
દેખાડજે ચેહેરો પાસ જઇ તેજ વખ્ત,
કરી વાતો માયાથી ફેરવજે દસ્ત.
કે સિયાવક્ષ જગથી ધરાઇ ગયો,
દિવસ તેનો રોશન, સિયાહ જો થયો.
તો શબરંગ બેહઝાદને કહે તેવાર,
ન માનતો હુકમ તું હવાનોબી યાર.
તું પાહાડો ને જંગલમા રેહેજે મગર,
તુને લેવા કયખુસરો આવે અગર.
તેનો ઘોડો થઇ છુંદજે ગેતી યકીન,
કરી સાફ દુશમનથી નાખલે ઝમીન.

૧—એ નામનો સ્યાવક્ષનો ઘોડો.

કયખુસરો અને ગેવનું શબરંગ બેહઝાદને પકડવા માટે જવું.

બેઠો જંગી સરદાર ઘોડા ઉપર,
અને ગેવ ચાલતો પગે નામવર.
બુલંદ કોહ તરફ કીધા તેઓએ ચહર,
ગોયા આદમી હોય કોઈ [1]ચારાગર,
આવ્યાં દૂરથી ટોળાં પાસે જેવાર,
પીધું પાણી પૂરતું, ને ફર્યાં તેવાર. ૧૩૪૩
શીતાબીથી ખુસરૂ સરઅફરાઝ ખાસ,
ગયો ચશ્મા નઝદીક ને પૂગો પાસ.
ને દેખાડયાં બેહઝાદને ઝીન લગામ,
કે પૂગવા પોતાની મુરાદે તમામ.
નઝરથી તે બેહઝાદે, જોયો જો શાહ,
તો ખેંચી જીગરથી સરદ એક આહ!
સિયાવક્ષની જોઈ ચિત્તા બેઠક શીતાબ,
તથા ઝીન ખદંગી, ને લાંબી રેકાબ.
ઊભો તે રહયો પેલા ચશ્માની પાસ,
કદમ એકબી ધર્યું આગળ ન ખાસ.
ઊભો શાંન્ત, ખુસરૂએ જોયો જેવાર,
ગયો પાસ લઇ ઝીન જલ્દી તેવાર.

1—છુપી રાહ શોધનારો.

ઊભો ત્યાંજ શબરંગ બેહઝાદ ગર,
બે આંખે તેની વેહતા ચશમા ઝબર.
તે સરદાર અને ગેવ રડયા મગર,
ભુંજાતા ગોયા તેઓ આંતશ ઊપર.
હતું તેંમણી આંખોએથી વેહતું આબ,
ને કહેતા કે લાઅનત ઓ અફ્રાસેયાબ.
મસલ્યો ચેહેરો, હાથ, આંખે ખુશાલ,
કીધાં સાફ ગરદન, ને છાતી, ને બાલ. ૧૩૪૪
મુકી ઝીન તેને ચઢાવી લગામ,
કીધો બાપને યાદ દુઃખથી તમામ.
બેઠો ઝીન પર રાંન દાબી જેવાર,
ચાલ્યો ત્યાંથી ઘોડો કદાવર તેવાર.
મીસાલે પવંન દોડતો તે થયો,
ઊડી ગેવ પાસેથી ગુમ થઈ ગયો.
અજબ, ને ગમી, ગેવનું દીલ તમામ,
લીધું એવી તાજ્જુબીમા રબનું નામ.
તે બોલ્યો ફરેબે ભર્યો અહરીમન,
કે આવ્યો એક ઘોડાના રૂપે તદન.
ગયો જીવ ખુસરોનો, ને મારી રંન્જ,
હતી રંન્જ મારી, ઝમાનાનો ગંન્જ.
કાપી અર્ધી રાહ શાહે કોહની તમામ,
કીધો ધીમો શબરંગને ખેંચી લગામ.
તે થોભ્યો, ગયો જ્યાં સુધી ગેવ પાસ,
બોલ્યો શાહ બાહદૂર, હોશીયાર, ખાસ.

ઘટેચ કે તું પહલવાંનનો હું વિચાર,
કરૂ મારા રોશન જીવે આશકાર.
કહયું ગેવે કે અય શહે સરફ્રાઝ,
છે બરહક્, ખુલે તું ઊપર સવે [1]રાઝ. ૧૩૪૫
ખુદાઈ દીંન, અને કયાંની દબદબે એ,
તું બાલોમા ઊતરીને જોઈ શકે છે.
તે બોલ્યો મુંબારક નસલ આં રખસ,—
નો અંદેશો દીલમા થયો તુને બસ.
વિચાર્યું તુએ પહલવાં એ તદન,
કે આવ્યો છે આં જવાંન પર અહુરીમન.
ગયો લઈ, ને મુંજ રંન્જ બરબાદ છે,
છે જીવ મારો ગ઼મગીં, ને દેવ શાદ છે.
આ રંન્જ સાત વર્ષોની બરબાદ થઈ,
બીજું, શર્મ ખાંનદાંનને લાગી ગઈ.
આવ્યો નિંચે ઘોડેથી ગેવ અ઼કલવર,
કીધી આફરીન શાહા બાહદૂર પર.
દીનો, રાત, તુંજ પર મુબારક થજો!
તારા શતરૂના દીલ ઊખેડ઼ઈ જજો!
બુલંદી, ને દાંનઈ, ને રૂતબો, ને રંગ,
દીધા છે હુંનર દાવરે તુઝમ સંગ.
ઊંચઇએથી ચાલ્યા જો તેઓ અ઼યવાંન,
જીવ ચુકિત શોધનારા, ગ઼મગીં રવાંન.
આવ્યા જ્યારે પાછા ફ્રરંગીસ પાસ,
તો કીધી સફ્રર દૂરની વાત ખાસ. ૧૩૪૬

[1]—ભેદ.

રહે તેમનુ છુપું કેવી રીતે કામ,
ન થાય એમ, કોઇ જાણી જાય તમામ.
ફરંગીસે બેહઝાદનો જોયો ચહર,
તો ઢંકાયું મોહ, આંખ પાણીએ તર.
મુકયા ગાલો બે છાતી ગરદન ઉપર,
રવાંન યાદ સ્યાવક્ષનું કીધું ઝબર.
જો વિખરાઈ ગયાં બેહુ ચશ્મોના આબ,
કીધું મોં ખઝાનાની બાઝુ શીતાબ.
હતો મેહેલમા ગંન્જ છુપ્યો ઝબર,
ઝમાનામા કોઇને હતી ના ખબર.
હતો એક ખઝાનો તે ભર્યો દીનાર,
હતાં ગોંહરો, યાકુતો, બેશુમાર.
ખઝાનો હથ્યારોનો, પાખર તમામ,
ગોરઝ ભારી, શમશીરો, ખંજર, તમામ.
હતાં શાહી લાયકના ગોંહર દીનાર,
તથા તાજ ગોંહરના, યાકુત અપાર.
પિસર પાસે ખોલ્યું ખઝાનાનું સર,
જીગર દર્દે ઝખ્મી, ને લોહી ભર્યે ચહર.
કહયું ગેવને રંજ જોયલા બુલંદ,!
તું જો ગંન્જમા છે ગોંહર શું પસંદ? ૧૩૪૭
રખેવાળ હમ છઇયે, તારો છે ગંન્જ,
ફીદા જાન તારો, ને તારી છે રંન્જ.
ઝમીન ચુંમી પહુલવાંને તેંણીની પાસ,
ને બોલ્યો એ સરદારે બાંનુએ ખાસ.

ઝમીં બાહારનું બેહેશ્ત તુંથી નિદાન,
તુંથી નેક, બદ, સઊ દીએચ આસમાન.
છે જગ તારાં ફરઝંદ પાસે ગુલામ,
કપાજો તારા શત્રુના સર તમામ.
નઝર ગેવની ગઈ ખઝાંને બુલંદ,
તો બખ્તર સિયાવક્ષનું કીધું પસંદ.
હતાં જેજે ગોહરો કીમતી મુંદામ,
તે લેવઈ શકાય તેમ લીધાં તમામ.
ને કોલાહ બુલંદ, પાખરોબી તમામ,
કે હથ્યારો જંગીઓ લાયક મુંદામ.
કીધો શાહે દર બંધ ગન્જનો અપાર,
કીધું કામ જંગલની રાહનું તઈયાર.

કયખુસરોનું ફરંગીસ અને ગેવ સાથે ઇરાંન જવું.

હવે ઝીન બાંધ્યાં કરી પુરૂ કામ,
મુંબારક તથા ભારી ઘોડે તમામ.
ફરંગીસે ટોપી ધરી સર ખુશાલ,
ગયાં ચાલી ત્રણદે પવનની મીસાલ. ૧૩૪૮
કીધાં મોં ઇરાં તર્ફ થઈને ગરમ,
ભરાતાં, છુપાતાં, કદમથી નરમ.

તમામ શેહેરે ફેલઈ ગયા એ હરફ,
કે મોં કીધું ખુસરૂએ ઇરાં તરફ.
છુપી વાત રહી ના એ થોડીબી વાર,
આવી એક બોલ્યો પીરાં પાસ યાર.
કે ઇરાંથી ગેવ નામેવર આયો ખાસ,
બહાદ્દર, બેદાર દીલ, શાંહા પાસ.
ગયાં છે તેઓ સર્વે શેહેરે ઇરાન,
ફરંગીસ, શાહ, ને દીલેર પહલવાન.
થયો સુની ગમગીન પીરાંન સખ્ત,
ને ધુંજ્યો મીસાલે તે શાખે દરખ્ત.
કહયું દીલથી દેખાયે છે સર્વ એ,
સુની કાંણે સરદારથી વાત જે.
હવે શું કહીશ પાસે અફ્રાસેયાબ,
જશે મારૂ ઊતરી તેની સાંમે આબ.
સેપાહથી ચુંટી કાઢયો કુલ્બાદને,
તથા નસ્તીહન જંગી ફઓલાદને.
કીધો હુકમ તુરકીઓ ત્રણસો સવાર,
બને જલ્દી જંગી દીલેરો તઇયાર. ૧૩૪૯
પીરાં કહે સેપાહને બનો જલ્દતર,
ન ઝીન ઊપર થોભો ધવડવાને સર.
સરે ગેવ નેઝા ઊપર રાખજો,
ફરંગીસને ખાકમા નાંખજો.
કરો બંધ કયખુસરો સુમ સખ્તને,
વગર હાથ પગના તે કમબખ્તને.

નદી જો ઓળંગશે તે ચંડાળ ગર,
શું વિટશે મુલક ને દીલેરો ઉપર.
સેપાહ એ રીતે જંગીઓને જવાન,
ગયા સાથે હોશ્યાર બે પહલવાન.
પિસરનું જોઈ દુઃખ ફરંગીસ ઝબર,
હતી ખાબમા સુતી નાંખીને સર.
કે ચાલતાં, ને રાતોની રંજે, નિદાંન,
હતો ગેવ તે બેહુનો પાસબાંન.
સુતાં બે, ને ગેવ રંજ ગુસ્સે ઝબર,
સવારોની રાહ પર ઉભો દઈ નઝર.
હતું સીને બખ્તર, અને ટોપ સર,
કે દીલ ગુસ્સા ભર્યું, બદન મઓત પર.
હતો ગેવનો ઘોડો પાખરથી એમ,
દીલેર અફસરોનો રીવાજ હોય તેમ.

ગેવની કલ્બાદ અને નસ્તીહન સાથની લડાઈ અને તેઓનું નાસી જવું.

સેપાહની જોઈ ગર્દ દુરથી જેવાર,
મારી હાથ મ્યાંનેથી ખેંચી તલવાર.

ને મારો પોકાર એવો વાદળ સમાન,
કે સિંહના થયાં સિયાહ ભેજું ને જાન.
સવારોમા જઈ પડયો ધુળના સમાન,
સિયાહ ખાક થઇ જેની જંગે નિશાન.
થોડો વખ્ત ખંજર, ગોરઝ થોડો વખ્ત,
જે વર્સાવતો તનથી ગોયા લોહું સખ્ત.
દીલેર ગેવના ગોર્ઝના ઝખ્મે તર,
ધરાયાં તે સરવે સરદારોના સર.
કે ગુસ્સામાળી ખુશ દીલે ગેવ થતો,
તેની આંખે દર્યો ઝરા સમ હતો.
તુરત ઘેરી લીધો તેને ચારો મેર,
હતો ફ્રઓજ વચ્ચે, તે ભયંકાર શેર.
થયું નેઝે, વાંસોનું વન, જંગગાહ,
ને ઢંકઈ ગયા જેથી ખુરશીદ માહ.
દીલે સિંહ હતું ગમગીં મયેદાં અંદર,
કીધું લોહીએ મયેદાં શરાબોનું ઘર.
માર્યા તેઓમાંથી ગેવે બેશુમાર,
થયા જેથી આજેઝ બાહદુર સવાર. ૧૩૫૧
કે બોલ્યો તે કલ્બાદ નસ્તીહુન પાસ,
કોહે સંગ છે, બાઝુ ગરદનનો ખાસ.
એ છે ખુસરોના પ્રતાપે દમ બ દમ,
ન કે જંગી ગેવના ગોરઝને ઝખમ.
શું વિટશે, ન માઅલુમ ઝમીં મુલ્ક પર?
વિના રબ હુકમ કોણુ કરે છે ગુઝર?

નજુમીની વાતે મળે છે નિશાંન,
કે જોશે બદી સરદારોને તુરાંનં.
પછી એક હુમ્લો કીધો ગોયા શેર,
પકડ઼ ઘર ભરી ફ્ઓજથી ચારો મેર.
થયા શોર કરનાયોના સર બ સર,
ધ્રુજ્યાં પાહાડ઼ોના દીલબી ત્યારે ઝ઼બર.
ભરઇ ખીણુ, જંગલ, તે મુરદાંથી કુલ,
બની ખાક, લોહીએ ગો લાલાના ફુલ.
વિખેરઈ ગઈ ફ્ઓજ તે ચારો પાસ,
સેપાહુની પનાહ, ગેવ જંગીથી ખાસ.
કપાયલા, ને ઝખ્મી, ગયા સર્વ ખાસ,
કે પોહુળી તે ગરદનના પીરાંન પાસ.
ને હયાં આયો કયખુસરો પાસે દીલેર,
ભરી હાથ છાતી, ખુને ગોયા શેર. ૧૩૫૨
ને બોલ્યો કે અયે શાહ દીલશાદ થાવ!
અક઼લ તારો મીત્ર, તન આબાદ થાવ!
આવી ફ્ઓજ મુંજ પૂઠે લડવાને સખ્ત,
શું કલ્બાદ, અને નસ્તીહુન, તેઝ઼ દસ્ત.
ફર્યાચ પાછા જે કોઇકે જીવતા હુશે,
જેની છાતી, ગરદનને, રડવું થશે.
હું રૂસતમને છોડી, ઇરાંની સવાર—
મા, જોતો ન મુંજથી લડે કોઈ યાર.
સુની શાદ ખુસરો થયો, પાક દીંન,
કરી સીફ્ત કીધી તે પર આફરીંન.

જેબી કાંઈ મળ્યું તે ખાધું તમામ,
અને રાહ ધરી આડે રસ્તે મુદામ.
પૂગા આવી તુરકીઓ પીરાંન પાસ,
ભુંજાયલા, ને રડતા, ને ઝખમીઓ, ખાસ.
કહે પીરાં કલ્બાદને ગુસ્સે થઈ,
છુપાવવી નહીં જોઇએ એવી નવઇ.
કીધું ગેવનું શું? ને ખુસરો છે કયાં?
બની વાત શું? તે કહે રાસ્ત હયાં?
કહયું ત્યારે કલ્બાદે અય પહલવાંન,!
અગર જો હું ખોલું તું પાસે ઝબાંન.! ૧૩૫૩
કીધું જંગી ગેવે દીલેરોથી શું?
તો જાશે ધરઈ જંગ મયદાંથી તું!
મને જોયો છે લશકરોમા બુલંદ,
ને કીધી છે તેં મુજ લડાઈ પસંદ.
છતાં હુમલો કરતો તે ઉપર જેવાર,
પછાડીશ હું હમણાં, એ કરતો વિચાર.
તો જાંનકે ગુરઝના ઝરબ કંઈ હઝાર,
તે જીલતો મુજ હાથે, અરે નામદાર!
ખરેજ તેનું એરંણુ હતું ગોયા સર,
હાથીદાંત હતા, છાતી બાઝુ ઝબર.
મેં જોયો છે રૂસતમને લડતાં મુંદામ,
ને જાણ્યું છે જંગીઓ માટે તમામ.
દીઠો એવો ફટકાઓ જીલનાર નહીં,
લડાઇની ગરદીશ સમાલનાર નહીં.

હતે ગર ગોરઝ હાથ મીનના નરમ,
સવારોના ભાલાણી ચિત્તા ચરમ.
અજબ શું? તેની છાતી, ગરદન, અગર!
ખભાં, હાથને, બનતે ચુરો ઝબર!
મગર તેઝ જુસ્સે થતો હર વખત,
પુકારતો નવેસરથી હાથી સખત. ૧૩૫૪
ઝમીન થઈ તે મુરદાંઓથી કોહ સમાન,
નસાડયા તે એકે, દરેક પહલવાન.
બની ગુસ્સે પીરાંન બોલ્યો કે બસ,
એવી વાતો કોઇને છે કેહવી નરસ.
નથી વાત તુજ, એક લાયક સવાર,
જવા જંગીઓમા ન કરતો વિચાર.
કે તું ને ગયો નસ્તીહન, નામવર,
નરે સિંહ જેવી ફોજ સાથે મગર.
અને કહેચ હવે ગેવને હાથી મસ્ત,?
પડયું નામ તુંજ નાંમીમા ઊંધું સખ્ત.
અગર જાંણશે વાત અફ્રાસેયાબ,
તો તાજે શહનશાહી ફેંકશે શીતાબ.
કે બે પહલવાંને દીલેરો સવાર,
ને સાથે લડાયક સેપાહ બેશુમાર.
ગયા એક સવારેથી નાસી મગર!
જેણે જંગી તુરકીઓ કાપ્યા ઝબર!
હસી, નામોશી, છે તું માટે ઝબર,
ન ઝુંડા, ગોરઝ, [1]કુસ લાયક તું નર.

[1] નગારાં.

પીરાંનનું કયખુસરોની પછાડી આવવું અને તેની ગેવ સાથની લડાઇ.

પીરાંને સેપાહમાથી ચુંટીયા સવાર,
લડાયક, દીલેર, જંગીઓ છ હઝાર. ૧૩૫૫
કરો જલદી પીરાંન બોલ્યો મુદામ,
ને ઢીલી મુકો ઘોડાઓની લગામ.
દીવસ શું કે રાતે ગોયા શેર મસ્ત,
કે દોડો, ન ખોલતાં કમરબંદ સખ્ત.
જો ગેવ અને ખુસરોબી પુગશે ઇરાન,
તો ઇરાંમા સ્ત્રીબી થશે સિંહ સમાન.
નહીં રેહેશે આં મુલ્ક પર ખાક આબ,
થશે ગમ ભર્યું દીલે અફ્રાસેયાબ.
ને નાંસવાનો નાંખશે ગુન્હા મારે સર,
ન કે મેહેરો માહ તારાની ચાલ પર.
ઊઠાવ્યાં તે તેઓએ તેની વાતે સર,
દીવસ રાત એક સરખા દોડયા ઝબર.
દીવસ રાત કીધો ન ખાબો આરામ,
અફ્રાસ્યાબનેબી ખબર થઈ તમામ.
પેલી તર્ફ ગેવ, ને ફરંગીસ, શાહ,
શીતાબીથી ચાલતાં, ને કાપતાં, તે રાહ.

કરી એમ તેઓ નદી ઊંડીની પાસ,
પૂગા હથ્યારો, બખ્તરો, સાથ ખાસ.
હતું ગુલઝરીયન નદીનું તે નામ,
વસંતમા થતી ખુનનો દર્યો તમામ. ૧૩૫૬
પૂગાં ગુલઝરીયુંનને કાંઠે જેવાર,
બોલ્યો ગેવ, રહનુમા શાહનો, તેવાર.
કે જઇયે આપણ આં ઓળંગીને આબ,
ને કર્યે પછી ત્યાં થોડીવાર ખાબ.
કે આવશે અગર ફ્ઓજ લડવા શીતાબ,
તો ક઼ીલ્લાની જગ્યે બચાવશે આં આબ.
કરી વાતો, ખાધું જેબી આવ્યું હાથ,
સુતો શહનશાહ, ગેવ જંગીની સાથ.
ઊડી ગર્દ જંગલથી ભારે તેવાર,
સિયાહ જેથી બન્યાં કઢણ, કોહ, ને ગ઼ાર.
આવી લાગો પીરાં નદીની તે પાસ,
પરાંગંદે પોતાના લશકરથી ખાસ.
હતા ગેવ, શાહ, સુતા સાંમી તે પાર,
ને બેઠી ફરંગીસ બની ચોકીદાર.
ફરંગીસે પોતાની જગ્યેથી એ,
દીઠો ઝુંડો તુરાંની અફસરનો તે.
ચેતાવ્યો જઈ ગેવ પાસે શીતાબ,
સુતેલાઓનો કીધો બેદાર ખાબ.
બોલી મર્દ અય! રંન્જ ખેંચનાર સખ્ત,
હવે ઊઠ આવ્યો છે નાહસવાનો વખ્ત. ૧૩૫૭

પૂઠે દોડતી આવી છે એક સિપાહ,
છે ડર, કે વખત આવી લાગો સિયાહ.
કે જો ઝુંડો સરદાર પીરાંનો આહ!
ઝમીનની સપાટી, ધુળે થઈ સિયાહ!
તુને મારશે, જો પકડશે શીતાબ,
તારાં દુખે દીલ કરશે મુંજ પેચોતાબ.
મને, મારા બેટાને, આંખે [1]પુરાબ,
જશે બાંધી લઇ પાસે અફ્રાસેયાબ.
પછી કએદમા શું થશે? ના ખબર,
ન ભેદ જાણે આસમાં બુલંદનો બશર.
બોલ્યો ગેવ, બાંનુઓના માહેતાબ!
કરેચ કાંય રંજીદા, જીવને શીતાબ?
કદમથી મને મળ્યું ખુસરૂના એ,
નવો શાહ આ જગના બુઝર્ગોનો છે.
તેના બખ્ત નામીથી આંસ્મા તમામ,
ઝમીન તખ્તના પાયાની છે ગુલાંમ.
અગર મારો યઝદાં જો ચાહશે મુદામ,
તો પડશે દરેક પાર આપણના કામ.
તે યઝદાંના કૌવતથી, ને તાજે શાહ,–
નથી, ફઓજે તુરકીની જંગમા, પર્વાહ. ૧૩૫૮
તું બેસ શાહા સંગ તેજી ઘોડા ઉપર,
કશો કર ન પીરાં, કે લશકરનો, ડર.
મદદ તે ફતેહમંદ ખુદા મારો છે,
મારી ગાદમા બખ્તનો તારો છે.

[1]–પાણીથી ભરેલી

તે [1]જાંદાર યઝદાંની યારીથી યાર,
ન રાખશ હું ઝીનની ઊપર કોઇ સવાર.
બોલ્યો ત્યારે કયખુસરો અય નામદાર,
વિટેચ મારાં કામે તારી પર અપાર.
હું ફંદથી બલાઓના છુટો છું સખ્ત,
ન જા દમમા અઝદાહુના તું વખ્તો વખ્ત.
હું છું પાક બુન્યાદનો પાક ઝાદ,
સિયાવક્ષ શેરમર્દ કયાંની ઓલાદ.
જવું જોઇયે મયદાને મુજને અગર,
કે લોહી ફેંકુ તલવારે આંસ્માન પર.
કહે ગેવ અય શાહુ સર અફ્રાઝમાન,
તુને તાજ દેવા છે આતુર જહાન.
મારો બાપ પહલવાં, હું પહલવાન ખાસ,
કમર બાંધી રાખુચ સદા શાહા પાસ.
ઇઠઠોતેર છે ભાઇ મારા મુદામ,
તારાં નામ સંગ ગેતી દુબશે તમામ. ૧૩૫૯
પહલવાં ઘણા, શાહો થોડા, મગર,
છે થોડા તો શું એક ન જોતો નઝર.
અગર હું મરશતો છે હાઝર દીગર,
શહા તાજ મુકશે, કે હોશે જો સર.
અગર થાય દૂર તું બની હયાં તબાહ,
નથી જોતો લાયક કોઈ તાજ, ગાહ.
કે થાય રંજબી સાત વર્ષોની ગએબ,
ને બીજું, લગાડું હું બુન્યાદે અએબ.

૧–જીવનો બક્ષનાર.

ચઢી ઘોડે જો તુ સેપાહને તમામ,
છે રણ ગેતીનો મુજ મદદ પર મુદામ.
હું જીતશતો તારા પ્રતાપે નિદાન,
તારા હાથને સાંએ છે કુલ જહાન.
આવ્યો પેહેરી બખ્તર તે સિંહના સમાન,
હતો પાહાડ સુરતનો ઘોડ઼ાબી રાંન.
હતો હયાં તે સરદાર; ને ત્યાં સેપાહ,
નદી વચ્ચો વચમા, હતી બંધ રાહ.
કીધો શોર ગેવે ગોયા [1]અબ્રે બાહાર,
પુછયું "અફ્સરે ફ્ઓજ" માટે તે વાર.
દીધી ગાળો પીરાંને થઈ ગુસ્સે ખાસ,
કહયું ઓ! બુરાં તુખ્મ, ને બદ ખવાસ.

તું આવ્યો છે તનહા લડાઈમાં ખાસ,
દેલાવર બની આમ લશકરની પાસ.
ખોરાક તારો બે ધારી શમશીર તદન,
ને શકરાના પંજા બદનનુ કફન.
તું હોય પાહાડ પોલાદી, પણ એક સવાર,
ફરી વળશે કીડી જેવા કંઈ હઝાર.
તો કરશે આં છાતીના બખતરને ચાક,
ને મેળવશે તે તારાં મુરદાંને ખાક.
કહયુંચ એક દાસ્તાન સિંહે સખત,
થવા પુરો સાબરનો આવેચ વખત.
ઝમાનો ગણેચ શ્વાસ તેનો અપાર,
ને આવે છે નર સિંહની સાંમે તેવાર.

૧—બાહારના વાદળ મીસાલ

વખત તુને લાવ્યોચ હવે મારી પાસ,
તમામ આંય નામી સેપાહ સામે ખાસ.
કે તે બાદ ચિલ્લાયો ગેવ નામવર,
દીલેર પહલવાં, સરદારોનો તે સર.
જોયોચ મને સ્યાવક્ષને કીને બુલંદ,
કીધીચ બલ્કે તેં મારી જંગને પસંદ.
તથા કંઈક સરદારો તુરાંન ચીંન,
મુવા છે મારે હાથ કીનાને દીંન. ૧૩૬૧
કીધું મેંજ હતું તારૂ તારાજ ઘર,
પડીચ રંજ મુંજથી તારા જાંન પર.
હતી ટોળાંમાં ઉંચ બે સ્ત્રી ખરી,
ગયો લઈ બુતનથી હું કયેદી કરી.
હતી બેહેન એક, બીજી ઓરત થતી,
જે તુંજ તન ને જીવ માટે ધુંજતી હતી.
જોઈ તૂચ્છ તુરકી બે ઓરત જે વાર
ગુલામ એક કમતર ને બક્ષી તે વાર.
હતો હું ઊંચે ને હતો નિંચે તું,
ઊતાવળ્યો તું ને હતો ધીરો હું.
દેખાડી મને પીઠ ઓરત મીસાલ,
ગયો નાંસી રડતો, ને પિખતો તું બાલ.
તુને મરવું જોઇયે છે ઓરત સમાન,
ન ડીંગ માર મર્દીની જંગીઓ મ્યાન.
તુને જોઇયે ઓરત જેવા નર અગર,
વખાણ તુજ કરશે કીયો દાના નર?

એવી નાંમોશી અફસરો જાવીદાન,
કહયા કરશે મોજ અને મીજલસો મ્યાંન.
કે એકલો ગયો ગેવ ખુસરોને લઇ,
તો ધીકકારશે સઊ નામો, નામોશી દઈ. ૧૩૬૨
બીજું એ કે સરદારો રૂએ ઝમીન,
શું ફગ઼પુર, કયસર, શું ખાકાને ચીન.
બુઝર્ગો, ને ખેસીઓ, કાઊસ શાહ,–
ના પેહેલવાનો, જંગીઓ, ઝરરીન કોલાહ.
કીધી સઊએ રૂસતમની બેટી પસંદ,
અને દીલની ઇચ્છા દેખાડી બુલંદ.
રવાંના કીધો તુસે કાજો કરનાર,
કીધો તહમતને તેનોબી કંઇ ધીઃકાર.
ન જોડાણનું કીધું તહમતને ધ્યાંન,
જણાયો ન કોઈ પોતા લાયક ઈરાંન.
નિગાહ રૂસતમે કીધી જગમા બુલંદ,
દીલેરોમાંથી કોઈ ન આવ્યો પસંદ.
શું દાંનઇ, શું દબદબો, મરદી, બુન્યાદ,
કીધો, ખાવું, બક્ષેશથી મુજનેજ યાદ.
દીધી પ્યારી રૂસતમે બેટી મને,
જેને તાજથી ઝયાદા ગણતો અને–
વડી બેટી બાનુગોશસ્પ સવાર,
મને દીધી, નાંમી દીલેરે આવાર.
મને કંઈ દીલેરોમા કીધો પસંદ,
કીધું મારૂ સર આંસમાને બુલંદ. ૧૩૬૩

 ૧—ઝમીનની સપાટી પર.

મેં રૂસતમને સોંપી દીધી એકદમ,
બાંનુઓનો માહા, શહરબાનુ [1]અરમ.
શીર મર્દ રૂસતમે પીલતન સિવાય,
નથી મુંજ હમનબર્દ ગેતીમાં આય.
કીના માટે રૂસતમની સંગ આંઉ હું,
ત્યારે લાગજે ઝારી કરવાને તું.
છે આ જંગ મયદાંન મુંજ બઝમ ગાહ,
મુબારક છે આં ટોપ, મારી કોલાહ.
હવે મારાં આં વેહેતાં ખંજરથી ખાસ,
સિયાહ ગેતીને હું કરશ આંખ પાસ.
જવા દઊં અગર જીવતો એકબી સ્વાર,
ન કેહતો મને મર્દ ગેતીમા યાર.
શહનશાહ આ ખુસરોને ઇરાંન ખાસ,
જવશ લઈ દીલેરોના શાહની તે પાસ.
બેસાડીશ તેને નામવર તખ્ત પર,
મુકશ તાજ દીલખુશબી તેને સર.
પછી મારૂ બખ્તર હું પેહેડસ નિદાન,
ને સિંહોનો ગુફો બનાવશ તુરાન.
હું આવીશ તુરાં, ગોયા શેરે બબર,
સિયાવક્ષના કીનામા બાંધી કમર ૧૩૬૪
ન રાખીશ હું તુરાં, ન અફ્રાસેયાબ,
કરશ શેહેરે તુરાંન, દર્યાનું આબ.
છું બેટો હું ગોદર્ઝે કેસ્વાદગાન,
દીલેરોનો સરદાર, ગેવ પહલવાન.

૧—ગેવની પીત્રાઈ બેહેન.

કે અયે તુરકી પીરાંન, બદ બુરાં બખ્ત.
ન રહેતા તારા મુલ્ક, તાજો, ને તખ્ત.
હું કાપીશ આંય હીંદી શમશીરે સર,
કે રડશે આ બખ્તર, કોલાહુ, તુજ ઉપર.
કમંદનો છે આં પેચ તુજ મોત માન,
થશે કોલાહ, બખતર, કફન બે ગુમાન.
સુની ગેવની વાત પીરાને આય,
તો ડર્યું તેનું દીલ, અને ખેંચી હાય.
તે ધુંજ્યો, ગોયા ધુંજતું ઝાહાડ બીદ,
અને પ્યારા જીવથી થયો ના ઊમીદ.
ને બોલ્યો પોકારી નરે શેર સંગ,
ઓ જીતનારા જગ, શેર મારનારા જંગ.
કે સિંહુ જેવા લડયે, તું આવ મારી પાસ,
ને જોઇયે કે કોંણુ, કોંણુને પટકે છે ખાસ.
કહયું ત્યારે ગેવે ઓ સરદારે શેર,
ઉતર પાણીમા તું અગર હોય દીલેર.
સવાર એક, હોંનરમંદ જોઇ લેજે તું!
કરેચ તારાં આં નાંમી લશ્કરથી શું?
તમો છ હઝાર, હું દીલેર એક ગર,
છતાં નાખીશ ઊધાં હું શત્રુના સર.
ઉઠાવશ ગુરઝ, માથું છુંદનાર જ્યાર,
કરશ પગ તળે સર બધાના તે વાર.
સુની જોશમાં આયો પીરાં શીતાબ,
ઉછલ્યું તેનુ દીલ ને આંખો પુરાબ.

મારી એડ છોડયો ઘોડાને ઝબર,
ઉઠાવ્યો ગોરઝ ભારી ગરદન ઊપર.
આવ્યો ગોયા ફીસ્તી, મયદાંનેથી આબ,
ફીધો યાદ નેકીનો ખાવીંદ શીતાબ.
ઉભો ગેવ, તેઝી ન કીધી લગાર,
પીરાં જ્યાં સુધી આવ્યો પાણીથી બાહાર.
હુઠયો ગેવ પાછળ લડાઈથી તે વાર,
ને નાસવાને લાગો દીલેર નામદાર.
કીધો દુર પાણી સેપાહુથી અગર,
તો ધર્યો ગોરઝ જંગનો ઝીન પર.
બુલંદ પહુલવાં પાસથી દોડી જઈ,
ફેત્રાકેથી ચાંચી કમાં ખોલી લઈ. ૧૩૯૬
આવી લાગો એટલામા તે ગેવ પાસ,
ગો થઇ રાત કાળી, સિયાહુ ગેતી ખાસ.
તો કીધો એક હુમ્લો તે પહુલવાન પર,
હતો ગોયા ભૈંકાર અઝદાહુ ઝબર.
ગયો ગેવથી નાસી પીરાંન શેર,
તુરત ગેવ દોડયો તે પૂઠે દીલેર.
ને લંબાવી સરફ્રાઝ ગેવે જો યાલ.
કમંદ ફેંકી ફાંદામા લીધો ખુશાલ.
તો આવ્યું તે જંગીનુ ફાંદામાં સર,
લીધો ઝીન પરથી કમંદે ઝબર.
ગયો પ્યાદો લઇ તેને શર્મોથી પૂર,
નદીને કીનારેથી ખેંચીને દૂર.

નાંખી ખાક પર હાથ બાંધ્યા તેવાર,
તેનુ પેહેરી બખ્તર ને બન્યો સવાર,
લીધો હાથમા તેનો ઝુંડોબી ખાસ,
ગયો ગુલઝરીયુન નદી કાંઠા પાસ.
જો તુર્કીઓએ ઝુંડો અફસરનો ખાસ–
દીઠો, ત્યારે આવ્યા તે લાચારે પાસ.
કર્નાયોના શોરો, અવાઝો, અપાર,
ને સરનાઈ, હીંદી ઘટોના પુકાર. ૧૩૬૭
એવું જોઇને ગેવ પડયો તે આબ,
ગો મોજામા કીશ્તીઓ તરતી શીતાબ.
ગોરઝ ભારી મુકયો તેને ખાંધ પર,
સેપાહ થઈ અજબ તેના કામે ઝબર.
લગામ ઢીલી, દાબી રકાબો અગર,
થયાં ડરથી દીવાંના શત્રુના સર.
થયો જંગલે કોહ, મુવાંનો મુદામ,
સેપાહ ઝેર થઈ એક જણથી તમામ.
ખર્ચો ગેવનો બાલ તનથી નહી,
ન તાર એક પહેરનનો ટુટો સહી.
તે સામેથી નાઠા દીલેરો તમામ,
જો ટોળામાં પડયો ગોયા સિંહ મુદામ.
આવી ફઓજ, ને મર્દો જંગી ઝબર,
ગયા ગેવ સાંમેથી નાસી મગર.
આયો ખુશ બની, તે ઓળંગીને આબ,
કે જાણે સેપાહને તો જોઈ ન ખાબ.

ગયો દોડતો પીરાં પાસે ઝબર,
ને તનથી ચાહ્યું કાપવા તેનું સર.
તેને પ્યાદો ખ્વારીથી ખેંચી નિદાન,
દોડાવતો દુઃખોથી દીવાના સમાન. ૧૩૬૮
લાયો શાહા પાસે જો રડતો ને ખ્વાર,
ઝરદ ગાલો બે, તન ભર્યું સોગવાર.
થયો પ્યાદો ખુસરોની પાસે, ઝમીન-
ચુંમી, ને કીધી શાહ ઉપર આફરીન.
કહયું કે આં બદઝાદ ને બેવફા,
થયોચ કએદ અઝદાહના દમમા સફા.
ગયું સર એની વાતે સ્યાવક્ષનું જે,
થયો ખ્વાર તે, તેમ થવો જોઈએ એ.
પીરાંને કીધી શાહ ઉપર આફરીન,
પુકારી ને ચુંમી પછી ત્યાં ઝમીન.
તે બોલ્યો કે દાંનાઈ શોધનાર શાહ!
ને ટોળાંમા નુરમંદ ખુરશીદ આહ!
તું જાણે છે મુજ રંજ દર્દો સવઈ,
તું માટે શાહા સાથની મુંજ લડઈ.
તું, ને તારી મા, બેહુને દેવ હાથ-
થી, છોડવ્યાં યુકિત ને દાંનાઈ સાથ.
રડયો છું લોહી સ્યાવક્ષને કાજ હું,
જે માટે ફરંગીસને પુછ તું.
મને આયે અઝદાહને પંજે ઝબર,
તારા દબદબા બખ્તથી છુટો કર. ૧૩૬૯

ફરંગીસનું ગેવ પાસથી પીરાનને છોડવવું

પછી જોયું ગેવેબી ખુસરોની ગમ!
શું આપે છે બાહદુરોનો શાહ હુકમ?
ફરંગીસની આંખોબી જોઇ પુરાબ,
ઝબાં પૂર લાઅ્નતે અફ્રાસેયાબ.
કહયું ગેવને તેણીએ સરફ્રાઝ,
કેવી રંજ ખેંચી તેં રાહની દરાઝ!
સમજ કે છે આં ઝઇફ સર પહલવાન,
અક઼લમંદ, સખી, ને છે રોશન રવાન.
રહાબર ખુદા દાદગર બાદ એ
ખુનોથી હમોને બચાવનાર છે.
બદીથી તેના જ્યારે બંચાવ્યા જાન,
જેનો બદલો માંગેચ હવે તે નિદાન.
એને બક્ષ હમને, અરે! નામવર,
બદીની નથી એ ગયો રાહપર.
કહયું ગેવે બાનુંઓની સરફ્રાઝ,
જીવો જીવે રોશન, ખુશીમા દરાઝ.
ક઼સમ સખ્ત ખાધા છે મેં માહાના,
તથા તખ્ત, તાજો, બુલંદ શાહાના

કે પાંમીશ ફત્તેહ જો હું કીનાને દીન,
તો ખુનથી કરશ લાલ રંગની ઝમીન. ૧૩૭૦
કહે ત્યારે ખુસરો, અરે સિંહ સમાંન,
ન કર દુઃખી રબના કસમથી રવાંન.
તું કર દીલ નચિંત આ કસમથી મગર,
એના કાંને ખંજરથી તું છેદ કર.
ટીપાય ખુન ખંજરથી ભોંયે આબાદ,
તો કરજે તું કીનો, ને મોહબતને યાદ.
જોયું શાહનું દીલ ગર્મ પહલવાંન પર,
તથા જોયું મોં માયા આસુંથી તર.
કહ્યું ત્યારે અયે શાહા દીલ શાદ કર,
ને એ કામે જીવ તારો [1]આઝાદ કર.
ફીદા મુંજ જેવા લાખ તું પર યકીન,
તુને થાવ હાસીલ અકલ આફરીન.
ખીલ્યો શાહનો ચેહેરો તેની વાતે ખાસ,
તે હસ્યો, ને ઝળકાંત ફયેલાયો પાસ—
કહ્યું તેને અયે નેંક દીલ પહલવાન!
મુરાદ ભર્યો જીવજો ખુશી જાવેદાન!
વિંધ્યા કાન ખંજરેથી ગેવે તેમ,
થયા પુરા સોગંદ, કહ્યું શાહે એમ.
પછી બોલ્યો પીરાંન શાહ પાસ ખાસ,
ન જઈ શકતો પ્યાદો સિપાહની હું પાસ. ૧૩૭૧
હુકમ કર કે દે ઘોડો પાછો નિદાન,
તો કેહવાશે બક્ષેલો મારો આં જાન.

[1]—મોકળો.

બોલ્યો ગેવ પાસે તે શાહે દીલેર,
એનો ઘોડો મુજને બખશ નરરે શેર.
કહયું ગેવે [1]તેને, દીલેરે સેપાહ,
હવે સુસ્ત કાં તુ થયો જંગ ગાહ?
તું તે, કે જે કેહુતોતો મુંજ સમ જહાન,
હશે ના સવાર ટોળાં સોને મેયાન.
તુ સરદાર છે સિંહનો, તુર્કોનો શું?
છે ઈરાંનો દુશમન લડાંઈમાં તે તું?
ઉભો પાસે મુજ કૈદી રડતી નઝર,
ન ગુસ્સો, શરમ, નામ, કુવત, મગર.
ઓરત સમ કરેચ ચાપલુસીઓ ખાસ?
શરમ ભરી અરઝીઓ શાહની તુ પાસ?
તું ચાહતો જો હોય ઘોડો તેઝી અગર,
તો બે હાથ બંધોથી બાંધશ ઝબર.
કસમ સખ્ત લેવાબી પડશે તદન,
આ બાંધેલુ તન ખોલવાનું વચન.
કે ખોલશે નહીં બંધ મારા મગર,
જો ખોલે તો મારીજ સ્ત્રી ગુલશહર. ૧૩૭૨
વડી છે તારી સર્વે બાનુમા તે!
રગે રગ, તેથી તારી કયાં છુપી છે?
થયો એક મત એ ઉપર [2]પહલવાન,
ને સોગંદ ઉપર લીધો ઘોડો, રવાન.
ન કોઈ બંદ ખોલશે રાહામા બુલંદ,
ફકત ગુલશહર ખોલશે મારા બંદ.

13 ૧-યાને પીરાનને. ૨-પીરાંન.

દીધો ઘોડો, બે હાથ બાંધ્યા જે વાર,
ને ફરમાન દીધું કે બન્યો સવાર.
ફરંગીસે, કયખુસરૂએ, ખુબચહર,
બગલમાં તેને દાબીઓ પુર મહર.
કહયું ખુસરૂએ જા ભલે બેગુમાંન,
થજો તુંજ મુરાદો મીસાલે જહાન.
અગર દાદ દેશે તે દાવર નિદાંન,
બદલશું ન તુજથી આ જાનો રવાંન.
દોઆ કરતો કરતો ગયો તે ઝબર,
શાહા પર, ને ગેતીના પહલવાન.
ગયો પહલવાં જો પીરાં તે તરફ,
ફરંગીસ, ને શાહા, ગેવ, એ તરફ.

અફરાસિયાબનું કયખુસરોની પુઠે આવવું

સેપાહથી ચુકો જાણી અફ્રાસેયાબ,
સિયાહ, તેઝ ખુરશીદનું બન્યું શીતાબ. ૧૩૭૩
વાગા કુસ કર્નાય, થઈ ફૌજ ત્યાર,
કે ચાલ્યો તે આતશ મીસાલે તેવાર.
કરી મંઝીલો બે તણી એક ઝબર,
તે દોડયો કમાંથી ગોયા તીર ગર.

જો આવ્યો સેપાહ સંગ તે જંગગાહ,
જ્યાં લડયોતો કલબાદ લઇને સેપાહ.
પરાગંદે જોઈ સેપાહ ઠામેઠામ,
જગેજગ દીઠાં મુરદાં પડયાં તમામ
તો પૂછયું તે પેહેલવાન લઇને સેપાહ,
આવ્યો કેમ ઈરાંથી હયાં જંગગાહ?
શું જંગીઓમા કોઇને થઈ ના ખબર?
સેપાહ આવી લાગ્યાની એવી ઝબર?
ખબર કોણે કહી પાસ તે દેવ ઝાદ?
કે સ્યાવક્ષની આ જગે છે ઓલાદ?
પળાયો હતે ખાકમાં તે અગર!
તો જોતે ન આ દાહડો મારી નઝર!
તો બોલ્યો એપેહરમ તું રેહેજે નચિત.
સેપાહથી જો ડરતો દીલે હોય ખચિત.
હતો એક ગોદર્ઝનો ગેવ યાર,
નથીં જોયો તે સાથે કોઈ સવાર. ૧૩૭૪
બની ફઓજ એખલાની જંગથી ત બાહ,
અને એમ ગયાં ગેવ, ફરંગીસ, શાહ.
એ સમજી થયો રંગ ચેહેરાનો ઝર્દ
થયું ફરતાં આંસ્માંને દીલ પૂર દર્દ.
તે બોલ્યો કે આવે છે સાંમે તદન,
જે દાનાથી સમજેલા કાને સુખન.
કરેચ કોઇને જો ખુદા નેંકબખ્ત,
બેસાડેચ વગર કોશીશે તેને તખ્ત.

સેપહરમ સમજતો, જે કહેતોતો શાહ,
નઝર આવી તેટલામાં સાંમે સેપાહ,
હતો જેની આગળ પીરાં નામવર,
હતું મોંઢુ, ગર્દન, ને સર, ખુનેતર.
તો ધાર્યું કે ગેવને પકડયોચ અગર,
ફ-તેહથી તે ચાલે છે આગળ મગર.
આવ્યો પાસ, તો કીધી શાહે નઝર,
હતો ઝખ્મો પેહલવા સેપાહનો ઝબર.
જોયો ઝીન પર સંગ બાંધેલો સખ્ત,-
રસીઓથી, પીઠે હતા બેહુ દસ્ત.
અજબ થઇ તુરત તેને પુછી ખબર.
થયો ગ઼મગી, અંદેશો લાવી ઝબર.
તો બોલ્યો પીરાં, મસ્ત શેરો અગર,
ન ભેંકર વરૂ, કે ન કોઇ બબર.
નથી એવાં હોતાં લડ઼ાઇમાં યાર.
જેવો ગેવ હતો એખલો, શહરયાર!
મેં જોયું જે તેથી, વરૂ સિંહથી એમ,!
ન કોઇ નર દીલેરે દીઠું જગમા તેમ!
કરેચ જંગને રોઝ઼ હુમલો ઝ઼બર,
જળે છે જેના ડરથી દર્યે મગર.
શુરૂ ગોર્ઝ લઇ ભારી આવ્યો બહાર.
ને ફટકાઓ માર્યા, જેવા કે લોહાર,
ઘોડાથી, ને ગર્દનથી, પગની રેક઼ાબ,-
થી, નાંખ્યા સવારોને નિંચા શીતાબ.

પટકતો દીલેરોને, કાપ્યો જતો,
ન ખાતરમા મર્દોને લાવતો હતો.
ન વાદળથી મેહુ એવો પડતો ઝબર,
પડ્યા જેવા શમશીરના ઝખ્મ સર.
ગો હોય બાગમા બેઠો ઝીનની ઉપર,
ગોયા જોડી હોય પાહાડની સર બ સર.
સેપાહ નાંસી ગઈ આંખરે સર્વે આય,
ન હીંમત કીધી લડવા મારા સિવાય. ૧૩૭૬
ગોયા નાસી મુંજથી, ને ચાંચી કમંદ–,
જો ફેંકી, કમર જેથી થઇ મારી બંદ.
ઉડી હોશ ડાહુપણ ગયાં મુજ તમામ,
પડ્યું ધમ દઈ ખાકમા તન મુદામ.
કે ઘોડેથી ઉતરી ને બાંધ્યા બે દસ્ત,
સવાર થયો, ઝીનથી મને નાખી સખ્ત.
મને ખ્વારીથી લઇ ગયો ખુસરો પાસ,
દીધો દાગ જીવને નવેસરથી ખાસ.
તે ચાહુતો હતો કાપવા તનથી સર,
મદદ તેટલે આવી ફરંગીસ મગર.
ન કાપ્યું આ સર, કાન છેદયો મગર,
ને ગુસ્સામા બાંધ્યા બે હાથો ઝબર.
આ સર, જીવ, શાહાના, મહર, માહુના,
બુલંદ રબના, તખ્તોનાં, કોલાહુના.
દીધા છે મને એવા સઉગંદ સખ્ત.
તે ખાધા, જોયું જ્યારે ઉંધુ આ બખ્ત.

કે છોડે નહીં કોઈ મુંજ હાથ આય,
જહાંમાં ઓરત ગુલશહરના સિવાય.
અવલતો કમંદથી પગો ને આં સર,
પછી બાંધ્યો સોગંદે મુજને ઝબર. ૧૩૭૭

સવારો તમામ આ, જીતે એક તન,
ખચિતજ ઝમાનો આ રૂઠયો તદન.
ખબર શું ! કે શું ભેદ આંસ્માન પાસ,
જે ચાહે છે પ્રિત તોડવા પાક ખાસ.
ચુકો સમજી એ વાત અક્રાસેયાબ,
તો આવ્યાં તેની આંખે ગુસ્સાથી આબ.
તેને કાઢયો પાસેથી મારી પુકાર,
પીરાં પેચ ખાઇ રહયો ચુપ યાર.
પછી મગ્ઝમાં બહુ હવાને ભરી,
કસમ, ગાળો, પર હોટ ખોલ્યા ફરી.
કે ગુદર્ઝનો ગેવ અને દેવઝાદ,
પુકારતું હોય વાદળ, કે યા તેઝ [1]બાદ.
નિચે તોબી લાવશ ફલકથી બુલંદ,
મારી હાથ શમ્શીરેથી ખુલ્યા બંદ.
કહયું લોહું છેદનારી તેગે બુલંદ,-
થી, દમ હું કરશ કીનામા તેનો બંદ,
કમર તેમની કાપીશ આં તલવારે તેઝ,
ને મચ્છીને, નાખીશ, કરે રેઝ રેઝ
જો કયખુસરો ઈરાં અગર જાય છે!
ફરંગીસ કાં પુઠે ઘસડાય છે? ૧૩૭૮

[1]–હવા.

જે વારે ફરંગીસને હું ધરશ,
તો આંખે સિયાહ, તંગ, ગેતી કરશ.
ખુતન તર્ફ ચાલ્યો પીરાં દર્દમંદ,
અને આ તરફથી ગયો શાહ બુલંદ.
દીલેરો ને, તે, આવ્યા જયહુન ઉપર,
ને ગુસ્સાથી દામન કીધી ખુને તર.
હોમાને કહયું દોડ જલ્દી મુદામ,
થોભાવજે નદીને કીનારે લગામ.
જયહુન ગેવ, ખુસરો, જો કરશે પસાર,
થશે રંજ હવા હાથથી, મુંજ અપાર.
મળેચ તે ખરૂ કેહનારાની નિશાન,
અગઉ જે કે દાંનાએ કીધું તું બ્યાન.
કે અવલાદથી તુર, અને કયકોબાદ,
થશે શાહાબી એક જો ઊંચી બુન્યાદ.
ઝમીને તુરાં બ્વાર કરશે ઝબર,
ઝમીં, મુલ્ક, રેહેવા ન દેશે શહુર.
ખેંચાશે ઈરાં તર્ફ દીલ પૂર મહુર,
તુરાં તર્ફ કરશે કીના ભર્યો ચહુર.
આવ્યા ગેવ ખુસરો નદીની તે પાર,
શીતાબી કીધી તે ઓળંગવા અપાર. ૧૩૭૯
કીધો ટંટો કર લેનારા સંગ ત્યાં,
કે નાકાં ઉપર આય કીશતી છે કયાં ?
નવા સઢ, નવી હોય કીશ્તીબી કોય,
જે બેસવાને કયખુસરો લાયકની હોય.

કહયું ગેવને નાંકેદારે મગર,
શાહા શું નફ્રર, વેહતાં પાણી ઉપર?
નદીથી અગર હોય કરવું ગુઝર,
તો કીશતીની કીમત ઠેરવવી મગર.
કહયું ગેવે તું માંગ હોય જેણી ચાહ!
ને દે તું જવા, પાસે આવીચ સેપાહ.
સુની વાત એ નાંકેદારે અગર,
કીધો ગેવ સાંમે તુરત તેઝ ચહર.
તે બોલ્યો નથી તુંથી ચાહતો દીગર,
ચીઝો ચારમાં એક ચાહુ મગર.
તુંથી માગું બખ્તર, કે ઘોડો સિયાહ,
યા દાસી, કે તારો નફ્રર, ગોયા માહ.
કહયું ગેવે તેને કમ અક્લી તદન,
શું લાયક છે કેહવા તુને આં સુખન?
શહર એક શાહ પાસે હોતે નિદાંન,
તારો ભાગ મળતે તુને આ જહાંન.
તું છે કોણ? કે માગે છે આં શહરયાર?
ને પડયોચ શીતાબીમા અય નાબકાર?
તથા માંગે છે શાહની માતા દીગર?
અને કરને બદલે આ મહાતાબી સર?
ને ત્રીજું, આ શબરંગ બેહઝાદને?
ચલનમા ફુરાવે છે જે બાદને?
ને ચોથુ, તુ મુર્ખાઇએ માંગે [2]ઝીરેહ?
જેની ના ખબર કેમ ખોલવી [3]ગીરેહ?

૧-હવાને. ૨-બખ્તર. ૩-ગાંઠ.

થતું એવું લોઢું ન પાણીએ તર,
ન આતશબ્બી તે ઉપર કરતો અસર.
ન નેઝા, ન શમશીર હીંદી, ન તીર,
તુને જોઇયે કર, લે નદીને આ તીર.
હવે તારી કીશતી, નદી મુજ અગર,
મળ્યો રાહ રસમથી સમજ તારો કર.
કહયું ગેવે ગર તું છે કયખુસરો આય.
તો જોશે ન પાણીથી નેકી સિવાય.
નદી કીધી અર્વંદ ફરીદુને પાર.
બેસાડયો બુલંદ તખ્તે તેને તે વાર.
બની જેને તાબે આ સરી જહાન,
હતું જેમા ખોરેહ પ્રકાશિત નિદાન. ૧૩૮૧
વિચારે છે શું ? છે જો ઈરાંનો શાહ ?
દીલેરો, અને સિંહોની છે પનાહ ?
આ રાહ દેશે પાણી તુફાની તમામ,
છે ઊંચ, તખ્ત લાયકનો તું પૂર દમામ.
અગર ડુબે માંદર, અગર ડુબું હું,
મગર કાંઈ ગમગીની કરતો ન તું.
છે કારણ મારા જીવવાનું તુજ આય,
છે શાહોના તખ્તો કુઝુલ તું સિવાય.
તું ખાતર મને માંએ જણ્યો છે યાર,
નલાવતો દીલે કાંઈ જેનો વિચાર.
મને શક નથી કે અક્રાસ્યાબ યાર,
તુરત આવી પુગશે નદીને કીનાર.

શૂળી દેશે જીવતો, અને કરશે ખ્વાર,
તુ સાથે ફરંગીસને, શાહરયાર.
કે ફેંકશે તે જળમાં કે મચ્છીઓ ખાય,
યાં કચડાવશે નાઅલોની નિંચે તે હાય!
તો બોલ્યો તે ખુસરો થજો એમ બસ!
પનાહ મુજ છે યઝદાંન ફર્યાદરસ!
ઉતર્યો તે ઘોડેથી નિંચે મગર,
રગડયો તેને ચેહેરોબી ખાક પર ૧૩૮૨
કહયું, તુજ પનાહ, ને મદદગાર છે,
તું રાહબર છે, ઇન્સાફ કરનાર છે.
તું પાણીમાં જીવનો બચાવનાર છે,
ઝમીને તું રસ્તો બતાવનાર છે.
તારાં પરનો સાંચો છે બુદ્ધી રવાન,
પ્રતાપે તારા નમીં રાસ્તી નિદાન.
કહી એટલું બેઠો તે શબરંગ ઊપર,
ઝળકયો સિતારો ગોયા તેનો ચહર.
છોડયો પાણીમા ઘોડો ખુસરૂએ ખાસ,
ગોયા કીશ્તી આવ્યો નાકાંવેરા પાસ.
તે પાછળ ફરંગીસ, ગેવ નામદાર,
ઉતર્યાં તે જયહુન નદીમાંથી પાર.
ત્રણે જણ સલાંમત પુગાં પેલી પાર.
ધોયું સર ને તન ખુસરૂએ જાંહાંદાર.
અને વાત પર એ નેયાંયશ કીધી,
તે ગેતીના રબની સેતાયશ કીધી.

નદીથી ત્રણે જણ થયાં જો પસાર,
તો કીશ્તીનો માલેક અજબ થઈ અપાર-
કહ્યું, સાથીઓને અજાયબી જોઈ?
વધુ એથી તાજુબી હોશે ન કોઈ! ૧૩૮૩
વસંત એક, જયહુન, તથા આબ, પણ,
જેમા ઘોડા, પાખર ને બખ્તરના ત્રણ.
કરે ઉંડો દર્યો એ રીતે પસાર,
ગણે તેને દાનાવો ઇન્સાં ન યાર.
પશેમાં થયો અકલની ખાંમથી,-
ગઈ રોઝી પોતાની, તે કાંમથી.
સજી કીશતીમાં જે હતી ચીઝો પાસ,
ચઢાવી સઢોને ગયો દોડી ખાસ.
આવ્યો માફી માટે શહાની તે પાસ,
પુગો જો નદીની પેલી પાર ખાસ.
લાવ્યો શાહા પાસે તે હદયો તમામ,
કમંદો, કમાંનો, કોલાહો, મુદામ.
કહયું ગેવે, કુતરા! બેઅકલી શીતાબ,
કહયું તું ડુબારે છે માણસને આબ,
ઊંચ તુખ્મ માયાળુ આ શાહે ખાસ,
કે માંગીતી કીશતી જ્યારે તારી પાસ.
ન આપી, હવે લાવ્યો હદયો તું શાદ,
કીનાનો દીવસ આવશે કરશે યાદ.
શરમથી થયો રંજીદા કીશ્તીબાન,
ને બોલ્યો છે ઝીંદગી નકામી નિદાન. ૧૩૮૪

ફર્યો ચોકી ઊપર તે પાછો જેવાર,
કે તુરાંનેથી આવ્યું લશ્કર તે વાર,
નદી પાસ આવ્યો અફ્રાસ્યાબ ગર,
ન માણુસ, કે કીશતી, દીઠાં આબ પર.
કીધો કર લેનારા ઉપર એક પુકાર,
થયો દેવ કેમ પાણી પરથી પસાર?
જવાબ એમ દીધો કે અય શાહુરયાર!
પિદર લેતો કર, ને હું બી છું લેનાર!
સમજ્યું કે જોયું નથી મેં યકીન,
કે કીધી હોય કોઇએ દર્યાની ઝમીન!
ઝબર મોઝા પાણીના, મોસમે બાહાર,
કે જાએ જો અંદર, બચે ના લગાર.
છતાં તે સવારો થયા ત્રણ પસાર!
હવાએ ગો લીધા બગલમાં અપાર!
યા ઉડતી હવાના જણેલા તે હોય!
યા ઇન્સાંના કાસીદો યઝદાંથી કોય!
સમજ્યું જે વારે, થયો ચેહરો ઝર્દ,
અને ખેંચી દીલથી તેને હાએ સર્દ.
પછી એમ બોલ્યો તે અફ્રાસેયાબ,
કે ઉતાર પાણીમાં કીશ્તી શીતાબ.
અને જો કે પેલાં ગયાં કયાં મુદામ,
ગયાં છે કે થોભેલાં કરવા આરામ.
પકડયે તેઓને ઉતાવળ તું કર,
ઊપડ તુર્ત કીશ્તીઓ નાંખી મગર.

કહ્યું ત્યારે હોમાને શાહ નામવર,
ન થા આગ જેવો, ફીકર દૂર કર.

જશે આ સવારોને લઇ તું ઈરાન,
જશે શેરોના દમ, ને ચુંગાલ, મ્યાન.

શું ગુદર્ઝ, શું રૂસતમે પીલતન,
ને શું તુસ્સ ગુરગીન [1]લશકરશીકન.

ખચિત તખ્તથી શું ધરાયો તું પુર?
કે જાએ છે ચુંગાલે સિંહની ઝરૂર?

નદીથી આં, છે તારૂં ચીન મહાચીન,
તારા મેહેરો, માહને, સનિશ્ચર, પ્રવીંન.

તું સાચવ બુલંદ તખ્ત, તુરાં મગર,
ઈરાંથી નથી રંજનો કાંઇ ડર.

દીલે લોહી ભર્યો, નદીથી ગયો,
પસાર એ ઊપરબી વખત કંઇ થયો.

કયખુસરો ફરંગીસ અને ગેવનું ઈરાન જઇ પહોંચવું અને ગુદર્ઝનું તેઓને એસ્તેકબાલ જવું.

આયો ગેવ ને ખુસરો [2]ઝમમા જેવાર,
થયા થોડા ગમગીં, ખુશી બેશુમાર. ૧૩૮૯

૧–લશકરના તોડનારા. ૨–એ નામનું શહર.

તો કાસીદો દોડાવ્યા ગેવે ચોપાસ,
નવા શાહને નામે લખી નામુ ખાસ.
કે તુરાંથી આવ્યો છે સરદાર શાદ,
જે સરદાર છે તુખ્મે નામો કોબાદ.
સરઅફ્રાઝ કયખુસરો એ નેક બખ્ત,
હતું આખે જયહુન થયું જેનું તખ્ત.
કે કાસીદ ચાલાક જંગી સવાર,
અકલમંદ, શ્યાંનો, અને હોશીયાર.
કીધો ઝમ તણા નામીઓમા પસંદ,
તેડી પાસ વાતો કહી સઊ બુલંદ.
કહયું તેને હયાંથી તું જા એસ્ફહાંન,
જે શાહોની ભુમી, દીલેરોનું સ્થાંન.
ને ગુદર્ઝને કહે અરે પહલવાંન, !
સુતો તું, હતું જાગતું તુંજ રવાંન.
સરૂશે દીધો આંખરી તુને ખાબ,
કે ઊગ્યો છે ખાવર ઝમીન આફ્તાબ.
ને કેહજે કે કયખુસરો આવ્યો છે ઝમ,
નથી તે ઉપર કોઈ પુગ્યો છે ગમ
તથા નામુ એક શાહ કાઊસ પાસ,
ગયો રાહામા લઇને કાસીદ ખાસ. ૧૩૮૭
ને સાંઢણી પવન જેવી કફ નાંખનાર,
કે ગઈ દોડી આતશ મીસાલે તેવાર.
ને ગેવનો તે કાસીદ રોશન રવાંન,
પુગો આવી પહલવાન પાસે નિદાંન.

કે દઇ નામું પયગામ આપ્યો અગર,
લીધું નામું ગેતીના પહલવાંને સર.
સિયાવક્ષને કાજે બે આંખોને તર-
કીધી, લાંનતોબી અફ્રાસ્યાબ પર.
આવ્યો પાસે કાઊસની નાંમાબર,
પસીને હતી સાંઢણી તર બ તર.
પૂગો શાહ કાઉશની દરગાહ જેવાર,
તો દરગાહથી ઊઠયા ખુશીના પુકાર,
તેડયો પાસ કાસદને શાહે મુદામ,
વધાવ્યો ગોહરથી તે ગેવનો પયામ.
ખુશાલીમાં સંણગારી સારી જહાન.
કે ચાલી રહયું જગ જગે ગાન તાન.
ખબર જઈ પૂગી પાસે [1]નીમરોઝની,
ફતેહમંદ ગેવ ગેતી ફીરોઝની
કે આવી પુગો શાહ ઇરાં ઝમીન,
ફતેહમંદ કયખુસરોએ પાક દીન, ૧૩૮૮
દીધું રૂસતમે દરવીશોનેબી ઝર,
જો પુગો ન રંજ શેરે નરને અગર.
રવાંના કીધી બાદ બાંનું ગોશસ્પ.
કે હદયાની સંગ ગોયા [2]આઝરગોશસ્પ,
અને બારસો અફસરો નામેવર,
તથા તખ્ત, ને તાજ, કીંમતી ઝબર.
હતી ત્રણસોબાંદીને છ વીસ ગુલામ,
હતી સબીના હાથોમાં સોનેરી જામ.

૧—ઝાઝા ખુલની. ૨–વીજળી જેવી.

પીદર પાસથી જો ગઈ [1]બાનું ખાસ,
પુગી પંખી ઊડનાર સમ ગેવ પાસ.
ખબર ગેતીને થઇ, કે ફરઝંદે શાહ,
જહાંગોય કયખુસરોં આવે છે રાહ.
બીજી તર્ફથી કુલ દીલેરે જહાંન.
ગયા સર્વ કોઈ તરફ એસ્ફહાંન.
મહલ ત્યાર ગુદર્ઝે કીધો બુલંદ,
ને કપડાંઓ પાથર્યાં શાહી પસંદ.
ઝરો ગોંહરોથી મઢી તખ્ત ગાહ,
એવી કે, જેવી હોય લાયેક શાહ.
તથા તખ્ત સોનેરી કીધું તૈયાર,
હતાં ઝરમા ગોંહર તરેહવાર ચાર. ૧૩૮૯
હતી બાલી, સાંકળ, અને એક હાર,
ગોહરનું હતું તાજ શાહી અપાર.
તમામ શેહેરે મંડપો બાંધ્યા તે વાર,
ને સણુગારી મયદાં, થયો તે સવાર.
તો સરદોરો સરફ્રાઝ ઉડયા તમામ,
થયા ત્યાર સાંમા જવાને મુદામ.
ને સી-તેર ફરસંગ તે આગળ થયા,
તેને લેવા ધારા પ્રમાણે ગયા.
દેખાયો તે ગેવ, શાહા સાથે જેવાર,
થયા ત્યારે પ્યાદા દીલેરો સવાર.
નઝર થી જો સરદારે જોયો તે શાહ,
અને ગેવને જોયો તે સાથ રાહ.

[1]—બાંનુ ગોશસ્પ.

ને આંસુઓ આંખોએ પાડીને ઝર્દ,
કીધો યાદ સ્યાવક્ષને પૂર દર્દ.
ને ઘોડેથી આવ્યો નિચે પહલવા,
કે છાતીએ દાબ્યો શહાને જવાન.
કરી સીફ્ત તેની, કીધી આફરીન,
ને બોલ્યો કે અય પાદશાહે ઝમીન!
દીલે થાઓ રોશન, ફતેહમંદ બખ્ત,
નથી ચાહતો હું, તુ બદલ મુલ્ક તખ્ત.
થજો બદ નઝર શત્રુની તુંથી દુર,
રવાંને સિયાવક્ષ થજો પૂર નુર!
ગવાહ મારો છે ગેતીનો ગાદગર,
દરાઝ ઊમ્ર કરનાર મુજ તારો ચહર.
હું જીવતો સિયાવક્ષને જોતે અગર,
નહીં દીલથી હસ્તે હું એવો મગર.
ઇરાંની બુઝર્ગોએ કુલ તેની પાસ,
ધર્યાં ખાક પર મોં બધાઓએ ખાસ.
ખુશી સાથ ત્યાંથી જો ફર્યા તે વખ્ત,
કે રોશન થયું નામવરનું તે બખ્ત.
ને સરદાર ગુદર્ઝ કેશવાદગાન,
થયો શાહ, ને ફરઝંદથી, શાદમાન.
કહયું આંખ, સર, ગેવના ચુંમી યાર,
કે લાવ્યો તું છુપાં ફલકથી બાહાર.
બીકટ ખાબને સાચો કરનાર તું,
ઊપાયની જગે ધીર ધરનાર તું.

પછી આવ્યા પહલવાંનને તેઓ ઘર,
કે રોશન જીવે સઉ ખુશીમાં ઝબર.
રહયા હફતો એક હાથમાં લઇ શરાબ,
ને બેઠા તે મહેફીલ બુલંદમા શીતાબ. ૧૩૯૧
ગયા આંઠમે, શેહેરે કાઊસ શાહ,
બની શાદ દીલ, ને ધરી સઉએ રાહ.

કયખુસરોનું એસ્તખરમાં પાદશાહ કાઊસ નઝદીક પોંહચવું.

કે શાહ પાસ ખુસરો જો આવ્યો અગર,
બની ગેતી રંગ રાગ ખુશબુથી તર.
સજાઇ ગેતી સર્વે તે ધારા મીસાલ,
થયાં સજ અગાશી, ઘરો, ને દીવાલ.
જગેજગ ગવઇયાઓ બેઠા શીતાબ,
શું કસ્તુરી, કેસર, ગુલાબો, શરાબ.
ઘોડાઓની ચાલ કસ્તુરીથી ભરઈ,
પગેપગ દીરમ સાથે શાકર વેરઈ.
જોયો કયાંની કાઊસે ખુસરોનો ચહર,
તો પાપણથી આંસુ પડયાં ગાલ પર.

ગયો પાસ ઉતરી તખતથી અગર,
ને દાબ્યો તેનો આંખ મોંઢાથી ચહર.
કે નમ્યો જહાંજોય જવાં તેને ખાસ,
બની શાદ ચાલ્યા, ફરી તખ્ત પાસ.
પુછ્યું શાહે તુર્કીઓનું બ્યાંન એ,
તુરાં તખ્ત, ને ફ્ઓજના શાહનું તે.
જવાબ એ દીધો કે, કમઅકલી થઇ,
કરે છે આં જગમા અતીશે બુરઈ. ૧૩૯૨
જેને ખ્વારી, શર્મીથી, કાપ્યો પીદર,
ને ફટકાઓ માંને મરાવ્યા ઝબર.
કે જેથી મરૂ હું શીકમમાં, અરે!
ખુદા તેનો ગમથી ન છુટકો કરે!
થયો પાક માંદરથી પયેદા હું ગર,
મોકલ્યો તે નાંલાયકે પાહાડ પર.
તો ગઊ, ભેંસ, બકરાં, પશુમાં યકીન,
સુરજ ચાલથી ગણતો હું રાત દીન.
મને પાહાડથી, આવી અંતે પીરાંન,
ગયો લઇ કીનાખોર પાસે નિદાંન.
તેના કામ, કર્તુકથી, ડર્યો મુદામ,
ને ધ્રુંજ્યો તેના ગુસ્સા, રંજે, તમામ.
હરેક ચીઝ હરેક વાર પુછી જેવાર,
હુંનર અકલથી મેં છુપાવી તેવાર.
હું કહેતો પગો, તે જો પુછતોતો સર.
હું કહેતો જગો, પુછે ખાવું અગર.

ખુદાએ લીધાં તેના હોશો અકલ,
સમજ્યો મૂરખ તે, મને બેઅકલ.
નથી સરમા ભેજું, સમજ્યો તે ખાસ,
મોકળ્યો ધીકારી મને માની પાસ. ૧૩૯૩

કહયું કાઊસે તેને અયે નામદાર,
કે ચાહે છે ગેતી, તુ થાય તાજદાર.
તું છે ઊંચ બુન્યાદ શાહુથી નિદાન,
તું લાયક, તું દાંના, છે શાહો સમાન.
કહયું ત્યારે ખુસરૂએ, કાઊસ શાહ,
અરે! શહરયારે બુલંદ તખ્તગાહ!
અગર ગેવની કહું શહાને ખબર,
ને શું શું કીધું છે તેણે દર બ દર.
તો થાયે અજબ તું એમાં શું નવઇ?
હદજ એ ઓળંગી ગયો છે સવઇ!
કે સખ્તીઓ ખેંચી છે શુંશું મહાન!
અતી રંજે શોધ્યો છે. મુંજને તુરાન,
છતાં રંજ જોઇ, ન એવી યકીન,
જોઈ જેવી મુંજ સાથે તુરાં ઝમીન.
સર અફ્રાઝ બે પહલવાં લઈ સેપાહ,
આવ્યો ગોયા આતશ, પુઠે મારી રાહ.
જોયું ગેવથી મેં, તેવું હાથી મસ્ત–
થી, જોશે ન કોઈ હીંદમા બુતપરસ્ત.
મેં ધાર્યું કે હરગીઝ મગરબી સહી,
કે બાહાર આવે દર્યાથી લડવા નહી ૧૩૯૪

એવું ભારી લશ્કર, ને બે પહલવાંન,
ગયા હારી નાસી ઝઈફો જવાંન.
વળી આવ્યો પીરાંન, જંગી જેવાર.
કમર બાંધી, ઘોડા ઊપર થઈ સવાર.
પડયો ત્યારે પાણીમા, જેવું મગર,
ઝમીન બાળશે ગોયા હાથે ઝબર.
તેની ગરદને નાખી ચાંચી કમંદ,
જેમાં સર થયું તે પહલવાંનુ બંદ
મારી પાસ ખેંચીને લાવ્યો મગર,
દયા ઝખ્મી દીલે કીધી તે ઊપર.
ને પડયો હું વચ્ચે, અરે શહુરયાર!
ન તો કાપતે ખ્વારીથી સર તેવાર.
હતો ઝખ્મી દર્દે પીદરથી, તું માન,
બુરી વાતે મુંજથી, હતી બંધ ઝબાન.
મને, માને, બેહુને બચાવ્યાંચ સખ્ત,
ઝેયાંગાર, વિક્રાળ, તે સિંહને દસ્ત,
કે નહીંતો તે મારૂબી ગોયા પીદર.
જુદું કરવા ચાહુતો હતો તનથી સર.
કે જયહુનના, કાંઠા સુધી એમ જંગ-
થી, રોકયો નહીં ગુર્ઝબી ગાવ રંગ. ૧૩૯૫
કીધો પાર ગુસ્સામાં દર્યો ઝબર,
ન પાણી, કે કીશ્તી, પર કીધી નઝર.
અગર હોય જેના એવા પહલવાન,
છે બરહક્ રહે તે હંમેશાં જવાન.

સુની વાતો કાઉસે ખુસરોની જ્યાર,
થયો ચેહરો મીસ્લે ગુલાબો તે વાર.
ધર્યું ગેવનુંબી બગ઼લમા તે સર,
ને ચુંમ્યો તેનો ચેહેરો, છાતી, ઝબર.
કીધી આફરીન શાહે ગુદર્ઝે ઊપર,
તેના મુલ્ક પર, સર ઝમીને ઝ઼બર.
દીધો એવો ગેતીમાં સર્પાવ એક,
ન જોયો હોય નાના કે મોટાંએ છેક.
લખાયું લખત કપડે ફરમાનનું,
ખોરાસાન, રએ, કુમ, એસ્ફાહાનનું,
દીધું [1]જમના દરજાના સર્દારે ગર,
પૂગુ જેથી જંગીનુ ખુરશીદે સર.
કહયું, રંજ ખેંચી તુંએ બેશુમાર,
ઓ રંજીદા ! ફળ ચાખ ગંજે અપાર !
તો ગુદર્ઝ઼ે અને સર્વ ગુદર્ઝીયાંન,
દોઆ પર દરેકોએ ખોલી ઝ઼બાંન. ૧૩૯૬
નમાવ્યાં ઝ઼મીને દરેકોએ સર,
કીધી આફરીનો ઝ઼બર તે ઉપર.
ફરંગીસ માટે સુનેરી ચમન,
કીધાં ત્યાર સાંકળો, એરીંગ, તદન.
જગા કીધી મેહેલે સુનેરી મુદામ,
ને કપડાંઓ ચીની બીછાવ્યાં તમામ.
કહયું બાંનુઓની ઓ બાંનુ અપાર,
ન ગ઼મથી તું રડતી કદીબી લગાર.

૧– જમશીદના.

તેં છોડયાં છે ખેસી, મુલક,ને ઝ઼મીનં,
ઘણી રંજ ખેંચી છે રાહમા યક઼ીન.

હવે શેહેરે ઈરાં છે તારૂજ ઘર,
વિચારો છે તારા, મારો રાહાબર.

અફ઼્રાસ્યાબથી બી માયાળુ ઝ઼બર,
બની, મેહેરો માહને જોવશ તારે ચહર.

છે તારૂજ, મુજ માલો, ગંજો, રવાંન,
છે તારોજ હુકમ મારા મુલ્કો મેયાંન.

બાંનુઓના માહે કીધી આફ઼રીન,
તારા વિન ન હોતાં ઝ઼માનો ઝ઼મીન.

શહા ખુસરો, ને અફ઼સરો, તે તમામ,
કે બેઠા, બોલાવી રાંમેશગર મુદામ. ૧૩૯૭

પીધો જ્યારે કાઊસે થોડો શરાબ,
કે લાવ્યો ખઝ઼ાનાની ચાવી શીતાબ.

ને મુકી જહાં જોય ખુસરોની પાસ,
નવી ચીઝ઼ો લાવ્યો હરેક વાર ખાસ.

તુસનું કયખુસરોથી સર ફેરવવું અને ગુદર્ઝનું તેની નઝદીક પયગામ મોકળવું.

હતો મહલ કશ્વાદનો એસ્તખર,
અમીરોનો જે પર હતો જો ફખર
ઉઠયા તખ્તે કાઉસ પાસેથી જયાર,
થયા તેના મેહેલે જવાને તયાર.
ગયો સાથે ગુદર્ઝની શહરયાર,
ને પૂગો જો તે બાગમાં ઝરનેગાર.
બેસાડયો તેને તખ્ત ઉપર ઝરીન,
અને શાહ તરીકે કીધી આફરીન.
ઇરાંની દીલેરોએ બાંધી કમર.
મગર તુસે નવદરના ફેરવ્યું સર.
કે સોનેરી જોડા, નગારાંનો તે,
ધરાવનાર કાવેયાની ઝુંડાનો જે.
થયો ગુસ્સે ગુદર્ઝ એ કામે ખાસ,
તો પયગામ કીધો રવાંના તે પાસ.
દીલેર ગેવ જંગી ગયો લઈ તેવાર,
જેના જંગી પંજા, ને સિંહના વિચાર. ૧૩૯૮
કહયું, નવદરી તુસને કહે મગર,
કે બાહાના ખુશાલીમાં એવાં ન કર.

ભુઅગોં, ને સિંહોએ, ઈરાં અમીન,
કીધીચ શાહા તરીકે જે પર આફ્રીન.
કરી સરકશી દેવને કેહેવે ગર, !
ને કાં રાહે યઅદાંથી ફેરવેચ સર ?
ફેરવશે તું શાહના હુકમથી જો સર !
થશે તુજ મુજમા કીનો, જંગ, અબર !
મોકલ્યો છે પયગામ મે ગેવ હાથ,
આં નામેવર ટોળાની સંપતીની સાથ.
જે આવે છે તું પાસ અય પૂર હોનર !
ન તેનાથી ફેરવતો કોઈ વાતે સર.
કીધી પીઠબી ગેવે, સામે પીદર,
હતું દીલ ગુસ્સાના શબ્દોથી તર.
કહયું આવીને તુસ સરદાર પાસ,
અકલથી જોડાતો નથી તારો કયાસ,
બોલ્યો એમ, સમજી ચુકો જ્યારે તુસ,
નથી ઠીક મુંજ સાથે હલકઇ ખસુસ.
કે રૂસતમે પીલતન પછીથી ઇરાંન,–
મા, અફસર સેપાહનો છું ટોળાં મેયાંન. ૧૩૯૯
નબીરો મનુચેહેર શાહાનો દીલેર,
કીધી જેને શમ્શીરે ગેતીને ઝેર.
લડાયક છું સરદારે ઈરાંન હું,
ને બુન્યાદ શાહી, ધીરજવંત છું.
પીસર ગેતીના શાહા નવદરનો હું,
નિશાની ફરીદુનની અવલાદે છું.

ને હુમ્લો કરૂચ જંગમાં જે મુકામ,
ચિરૂચ દીલ સિંહનું, ને ચિત્તાનું ચામ.
વગર મુજ વિચારો, વગર મુજ સલાહ,
નવો તમ બનાવો છો ગેતીનો શાહ.
થતો નહીં હું મળતો એ કામોએ ખાસ,
ન કર વાત ખુસરોની તું મારી પાસ.
જો કરશું શાહા, તુખ્મે અફ્રાસેયાબ,
તો કરશે ઝરૂર બખ્ત આપણનું ખાબ.
નથી ચાહતો તુખ્મે પશંગ શાહા છેક,
છે ચિત્તાને ઘોડાઓ સોંપવું ન નેક.
તારી રંજનું આય ફળ છે નિદાંન,
કે ખુસરૂ છે જુસ્સા ભરેલો જવાંન.
અગર જોકે હોય પાદશાહે ઝમીન,
તેમા હોય હુંનર, દબદબો, તુખ્મ, દીન.
ફરીબોર્ઝ, કાઊસ શાહનો પીસર,
છે લાયક જે તખ્તો કોલાહને ઝબર.
ન કોઇ તર્ફથી શત્રુની છે ઓલાદ,
ધરાવે છે નૂર, દબદબો, નામ, દાદ.
ઊઠયો ગેવ તેનાથી ગમગીં થઈ,
નહીં સાબેત ઈમાન, બુદ્ધી, જણુઈ.
તો બોલ્યો કે અયે નાંમી પહલવાંન તુસ,
નગારાંને વખ્તે ન હઠતો ખસુસ.
તું જોશે અગર નેઝે ગુડર્ઝેયાંન,
તો જોશે નફાના એવઝમા ઝેયાંન.

મળી બેહુએ ખેંચી છે રંજો ઝબર,
તું બરબાદ કરવા તે ચાહેચ મગર.
અગર દબદબો ને હુતે તુંમા રાહ,
તો અલ્બોઝંથી પડતે લાવવો ન શાહ.
મુકાયું જેથી તાજ નહીં તારે સર,
નથી અક્લ શાહી, ન ભેજું મગર.
છે અવલાદે નવદર, ન બીગાંનો તું,
પિદર તુંદ હુતો, ને છે દીવાંનો તું.
દીયેચ તખ્ત શાહી તેને કીરદેગાર,
મોટઈ, દબદબો, હોશ, હોય વિચાર. ૧૪૦૧
સખુનો કહયા સખ્ત એવા જેવાર,
લીધી તુંદીથી પીઠ ફેરવી તેવાર.
કહયું આવી કેશ્વાદી ગુદર્ઝે પાસ,
અક્લ, કે ન ડાહુપણ, મળે તુસ પાસ.
ગોયા બે થઈ છે તેની આંખ બંદ,
ફરીબોઝંને તે કરે છે પસંદ.
ન ખુસરૂ જેવો છે ઇરાંમા સવાર,
ન સોનેરી ઝીન પર એવો શહુરયાર.

તુસ અને ગુદર્ઝનું એક બીજા ઊપર લશ્કર ખેંચવું.

કહયું ગુસ્સે ગોદર્ઝે, પહલવાંનથી,-
થશે તુસ ઓછો તું આ જહાંનથી.
દેખાડીશું તેને, કે ફરમાન, તખ્ત,
કોણે દબદબો, સાજ, શાહી, છે બખ્ત ?
ઇઠોતેર નબીરા, ને બેટા, નિદાન,
નગારૂં સુની પડયા ઘરથી મેદાન.
ઘોડેસ્વાર જંગીઓબી બાર હઝાર,
કે બખ્તરો પેહેરેલા ચાલ્યા સવાર.
પેલી તર્ફથી આવ્યો તુસ નામવર,
કે બાંધી નગારાંને હાથી ઊપર. ૧૪૦૨
દરેક પહલવાંનોએ બાંધી કમર,
હતો પેશ કાવેયાંની ઝુંડો મગર.
જોયો ગોદરઝને, અને તે સેપાહ,
પડયા જેથી ઝાંખા કે ખુરશીદ, માહ.
તથા તખ્ત એક મસ્ત હાથી ઊપર,
ફીરોઝાનું નુરી ગોયા [1]નીલ ઝબર.
જહાંજોય કયખુસરોબી તાજવર,
હતો તખ્ત પર બેઠો બાંધી કમર.

૧-નાઇલ નદી.

બસો હાથીઓ આસપાસે ઝબર,
ગોયા શાહ ન જગમા હતો તે વગર.
હતો તખ્તે ખુસરો ગોયા નુરી માહ,
ઝળકતી હતી યાકુતી સર કોલાહ.
તથા બાલી, સાંકળ, અને હાર, સાથ,
હતો [1]ગાવપયકર ગોરજ તેને હાથ.
થયો તુસ ગમગીં, ને કીધો વિચાર,
અગર હું લડાઈ કરૂ આજ યાર.
તો મરશે ઘણા ફઓજ દરમ્યાનથી,
જશે જડ ન કીંનાની ઈરાનથી.
થશે ના, સીવા કામ અફ્રાસીયાબ,
ને જાગશે નસીબ તુર્કીઓનું શીતાબ. ૧૪૦૩
કે તુરાં ને મળશે શહનશાહી તખ્ત,
ભલા વખ્તનો આવશે અંત સખ્ત.
તો મર્દ એક ડાહપણ, ને ભર્યો સલાહ,
રવાંના કીધો પાશ કાઊસ શાહ.
હમોમાંથી કોઇબી આ મયદાંને જંગ,
ચઢાવશે જો ચિલ્લો, કમાને ખદંગ.
તે કીનો એ રોપશે, કે અફ્રાસેયાબ,
વગર એના, રાતે નહીં જોશે ખાબ.

[1]-ગાયની સુરતનો.

ગુદર્ઝ અને તુસનું કયખુસરો અને ફરીબોર્ઝ માટે શાહ કાઉસને કેહવું.

સુની રાસ્ત વાતો આં કાઉસે ખાસ,
તેડાવ્યા તે બંધેને કાસદની પાસ.
અને શાહા કાઉસથી કાસદ જો ખાસ,
તે આવ્યો સેપાહોના પહલવાનો પાસ.
કહયું નરમીથી અય દીલેરો ઝબર!
નહીં નાંખો દુધના પેયાલામા ઝહર!
મુકી તેગ, અને બંદ, ખોલો કમર,
નફામા ન નુકસાંન જોઇયે મગર.
સેપાહના દીલેરો, સેપાહના વગર.
તમો આવો મુજ પાસ બંધે અગર.
તો ગુદર્ઝ ને તુસ ગયા શાહા પાસ,
સખુનો કહયા તખ્તની પાસ ખાસ. ૧૪૦૪
કહયું તુસ સરદારે એમ શાહાથી,
ધરાયો જો શાહ તાજથી, ગાહાથી.
તો લાયક કે બેટાને સોંપે જહાંન,
બુઝર્ગી, તખત, તાજે મોટઈ, નિદાંન.
છે બેટો જો હાઝર, નબીરો કોલાહ,
પેહેરે કાંય? કાં બેસે તે તખ્તગાહ?
ફરીબોર્ઝ દબદબે, ને કયાંની નુર,
કમર બંધ રાખેચ ગોયા શેર કુર.

કહયું ત્યારે ગુદર્જે અચે બેધેયાન,
ન ઇન્સાંન કેહશે, જે ડાહયો નિદાંન.
કરેચ કાં હવે એવાં બાંહના ખસૂસ, ?
ડરેચ, જયારે હાથીએ બંધાયાં કુસ ?
હતો કોઈ ન સ્યાવક્ષ જેવો જહાંન,
સખી, દાંના, ખાંમોશી ભર્યો, નિદાંન.
હવે છે આ જહાંજોય તેનોજ પીસર,
છે આકાર તેનોજ, તેનોજ ચહર.
અગર માં થી છે તેની બુન્યાદ તૂર,
મગર હક્ છે શાહી તખતને ઝરૂર.
નથી મર્દ એવો ઈરાંનો તૂરાન,
કરેચ કાં ? એવું ખાંમી ભર્યું બયાન.
નથી જોયો બે આંખે તેનો ચહર ?
બુલંદી, તથા દબદબો, ને મહર.
વગર કીશ્તીએ કીધો જયહુન પસાર,
ભલી નિષ્ટા, ને કયાંની ખોરેહ, અપાર.
ગો અર્વંદ નદીથી ફરીદુન શાહ,
ગયો કાપી કીશ્તી વગર પોતે રાહ.
દીલેરી, ને ઈઝદી ખોરેહ, ઝરૂર,
થયો બદ નઝર, હાથથી, એબી દૂર.
બીજું બાપના ખુને કંમ્મર ઊપર,
કમરબંદ બાધશે, ગો શેરે બબર.
કહયુંચ ખાબમા નેંક સરૂશે તે યાર,
જેના ખોરેહ, મટશે ઈરાંથી પુકાર.

એ ટાળશે અલમ, રંજ, ઇરાંનથી,
ને મારશે અક્રાસ્યાબને જાંનથી.
દીપાવશે બુઝર્ગીનું તે તાજ તખ્ત,
તો બચશે જહાં રંજ સખ્તીથી સખ્ત.
હતે પાસ હથ્યારો મારી અગર,
તો કરતે ખુને, છાતી ગર્દનને તર.
તુને કાપતે શમશીરેથી બુલંદ,
ને મૂર્ખઇનું બોલવું આં કરતે હું બંદ. ૧૪૦૬
તું કયાંનીમા દુશમની નાંખેચ અપાર,
ને માંગે છે મતલબને કરવા તું પાર.
પસંદ શાહે કીધો શાહા આંય વખ્ત,
જેને ચાહશે, મળશે તેને શાહી તખ્ત.
કહયું તુસે ઓ પહલવાં ઊંધાં બખ્ત,
સુખન કમ અકલ કાંય બોલે છે સખ્ત.?
ન શાહી નસલ, ન અમીર તું છે યાર,
હતો એસ્ફહાંનનો, પીદર તુજ લૂહાર.
હમારીજ સેવાથી સરદાર તે,
થયો સિપેહસાલાર લૂહાર તે.
ગુદર્ઝે કહયું બેહોશીથી તું ફર,
સમજ વાત કાંનોને ખોલી ઝબર.
પસંદ દોસ્ત કીધો મને તેં જેવાર,
મને શું પિછાંન્યો હતો ના તેવાર.?
તું કા એવી વાતો કરે છે આં ખાસ,
દીલેરો, અને શાહા કાઉસ પાસ.

લુહારીમા નિંચું ન હલકુ લગાર,
ઘટે અકલ, મરદી, અરે ઓ ગમાર!
હતો કાવે મારો નેયાંગાં લૂહાર,
મોટઈ, દબદબા, સાથ હીંમત, અપાર. ૧૪૦૭
જેને ફાડયું [1]મહઝરણી ઝોહાકનું,
તે અઝદાહની બાઝુના નાપાકનું.
ઉઠાવ્યોતો કાવ્યાની ઝુંડો ખસૂસ,
ગરૂર આજે સોનેરી જોડાનો તૂસ.
પછી ઝાલ, રૂસતમ, ને સાંમેસવાર,
નરીમાન કેરશાસ્પણી નામદાર.
ને કેશ્વાદી ગુદર્ઝ, ને કુલ પીસર,
ઈરાં શહર માટેજ બાંધેચ કમર,
કહયું તુસે અયે ઝઇફ સરદાર તું,
સુખન નાદરૂસ્ત કાં કહેચ યાર તું?
હમોથીજ દબદબો, મોટઈ, લીધી,
સખત જો તેં સેવા હમારી કીધી.
અગર છે જો અવલાદે કશ્વાદ તું,
હું તુસ નવદરી પાદશાહઝાદ છું.
હથોડાની તોડનાર તુજ તેગ સાફ,
ચીરેચ મારો નેઝો દીલે કુહેકાફ.
ઝળકતો ગુરઝ ભારી છે પાસ તુજ,
તો દીલ સુર્યનુંબી સીવેચ તીર મુજ.
તારે મારે શબ્દોની જંગથી શું થાય,
છે સરદાર કોણ? જાણે છે શાહ આય. ૧૪૦૮

 ૧—હુકમનામું.

સુખન બેહુદા બોલ કમતી મુદામ,
તુને શાહોની વાતોથી છે શું કામ?
ગુદર્જે કહયું નાં વધુ બોલ યાર,
નથી તુંમા જોતો હું ઈઝઝત લગાર.
તું જાંણે શું પાદશાહી રીતો અગર?
કે ખાલી છે ડાહપણ, ને ભેજાંથી, સર.
ફરીદુંન થયો કાવેથીજ નાંમદાર,
થયો તખ્ત કોલાહુનો તેથીજ અપાર.
ઓહાકી સંબંધ દૂર તેંણે કીધો,
કમરબંધ ફરીદુને બાંધી દીધો.
સ્થંભ કયાંની, ઈરાં સેપાહની પનાહ,
હતો કાવે જેવો નહીં નેંકખાહ.
ને કારન હતો ભઈ પીદરનો અગર,
ને કશ્વાદ હુનરમંદ ઝરીની કમર.
સુખો દુઃખ અને તખ્તના પાસબાંન,
છે કોંણુ ગેતીમા, જેવા ગુદરઝીયાંન.?
તું બુન્યાદમા હોય ઊંચો અગર,
નથી મારા કરતાં સરસ તું મગર.
હું મરદીમાં, ડાહપણમાં, ગંજો હુંનર–
માં, છું સ્થંભ કયાંની પીદર દર પીદર. ૧૪૦૯
કહયું તેને દાંના ઓ કાઊસ શાહ,
ન દીલથી તજી દેતો રસ્મો ને રાહ.
બુલંદ ચાલના બેહુ ફરઝંદ ખાસ,
કે રોશન જીવે તેને બેસાડી પાસ.

ને જો, કે છે બેમા સઝાવાર કોંણ?
ખુદઈ નૂર રૂતબાનો છે યાર કોંણ?
તખત તાજ દે, હોય લાયક મગર,
ધરાયો જો હોય તખ્ત ફ્રુઓજે અગર.
તો કાઉસ બોલ્યો નથી ખ્યાલ નેક,
મારાં દીલથી છે બેહુ ફરઝંદો એક.
કરૂ છું પસંદ એકને હું અગર,
બીજો દીલે મુજથી બને કીને તર.
કરૂચ એક ચારો હું મનથી સહી,
કે કીનો ઉઠે અંજુમનમા નહી.
સેપાહ બે લઈ, બેહુ ફરઝંદ આય,
ને દરવાઝા તક અર્દબીલના તે જાય.
મુલક તે, કે જ્યાં દેઝ બહમનબી છે,
સદા જંગ કરતો અહરીમનબી છે.
અહરીમનથી રંજીદા છે હક પરસ્ત,
નથી રેહેતો મુબેદ ત્યાં કોઈ વખ્ત. ૧૪૬૦
એઓમાંથી જીતશે જે તલવારે સખ્ત,
નથી જુઠ, છે તેનું આ શાહી તખ્ત.
સમજ્યા એ ગુદર્ઝ તૂસે સુખન,
પોતાના તે ચાલાક શાહથી તદન.
થયા શાંત બંધે થઈ એક વિચાર,
ન જાંણી સરસ વાત એથી લગાર.
તો દીલને લગાડયાં એ વાતે અપાર,
અને શાહ પાસેથી ઊઠયા તેવાર.

તુસ અને ફરીબોર્ઝનું બહમનદેઝ તરફ જવું અને નિરાસ થઇ પાછું ફરવું.

કે સિંહ રાશીનો સુર્ય ઊગ્યો જેવાર,
ને વાદળ તળે રાત ઢંકઈ, તેવાર.
કે દોડયો ફરીબોર્ઝ સંગ તૂસ ખાસ,
અને આવ્યો તે ગેતીનાં શાહા પાસ.
કહે શાહા કાઉસને એમ તુસ,
જવશ લઈ સેપાહો, ને હાથી, ને કુસ.
હું કાવેયાંની ઝુંડોણી સાથે ધરશ,
ને લાલ ગાલો શત્રુના ફીકકા કરશ.
તુરત હું હવે આય દરગાહે શાહ-
થી, અસ્બાબ લાધી ચલાઊચ સેપાહ.
કે લઇ કુસ, ઝુંડો, ફરીબોર્ઝ મર્દ,
હવા કરશે ઘોડાના પગલાંથી ઝર્દ. ૧૪૧૧
કે નૂર, દબદબો કયાંની, બેટામા ગર,-
ન રહે, ત્યારે બાંધશે નબીરો કમર.
[1]કહયું, જાયે જંગ સાંમો કોઈ જેવાર,
તો કમ ઝયાદાનો તે કરે ના શુમાર.
કે ઇચ્છાથી સાહેબે માહો મહર,
મળેચ તેને ફ-તેહ, ને ફ઼ઊવત, મગર.

૧—એટલે કે પાદશાહે કહયું સમજવું.

અગર છે ફરીબોર્ઝનો એ વિચાર,
તો ના થોભ, કર તું સેપાહને તૈયાર.
ન કર વાત આગળથી ઝયાદા ને કમ,
નથી વખ્ત છોડતો પોતાની રસમ.
ગયો ઝુંડો લઈ કાવેયાંનીબી તુસ,
પગે જોડા પેહડી ઝરીના ખસુસ.
ફરીબોર્ઝ કાઊસનો કલ્બગાહ,
ને આગળ હતો તુસ, હાથી, સેપાહ.
સેપાહ જંગી સાથે ગયો ત્યારે તુસ,
કીધું મોં તુરત કીલ્લા સાંમે ખસુસ.
આવી પૂગો જ્યારે બહમનદેઝ પાસ,
ઝમીન જોઈ તપતી, ગોયા આગ ખાસ.
ઝળકતા તે ગર્મીએ ભાલા ચોમેર,
ને બખ્તરમા બળતાતા મર્દે દીલેર. ૧૪૧૨
ઝમીં ગોયા આતશ બની તેજ વખ્ત,
હવા જાંણે ફાંદો અહરીમનનો સખ્ત.
હતું કીલ્લાના કોટનું સર બુલંદ,
તો જંગે હવાને કીધું ના પસંદ.
ફરીબોર્ઝને કહે તે સરદાર, નર–
કોઈ, બાંહને આવે છે જંગમા અગર.
તો તીરો, કમાં, તેગથી, ને કમંદ–
થી ચાહેચ કે શત્રુ પર આવે ગઝંદ.
નથી ફરતા કીલ્લાનો રસ્તો નઝર,
અગર છે; તો કોઈને નથી તે ખબર.

જળેચ બખ્તરોની તળેથી કમર,
ને સળગેચ જનાવરના તનબી ઝબર.
નથી કોઇ અતરે કે સાંમો તે થાય,
જણાંતુ નથી ગર્મ આતશ સિવાય.
ઇરાંનથી આ કીલ્લો ન કોઇ લેશે જઇ,
નવઈ! કયાં છે તારીબી એવી નવઈ?
ન અંદેશો દીલમા તું કરતો ઝબર,
ન લીધો તેં કીલ્લો, ન લેશે દીગર.
ફર્યા એક હફતો તેની આસપાસ,
ન જોયો તે જગ્યાનો દરવાઝો ખાસ. ૧૪૧૩
ફર્યા નાઉમીદ જંગથી થઇ મગર,
કશું ફળ ન મળ્યું, સફરનું ઝબર.

કયખુસરનું ગુદર્ઝ સાથ બહમન દેઝમાં જવું અને તેલેસ્મને તોડી તેને ફતેહ કરવું.

ખબર જો એ પૂગી અમીરોને ખાસ,
ને કેશવાદીઓના તે ગુદર્ઝે પાસ.
ફરીબોર્ઝ, તુસ, આયા પાછા અને,--
જવું જોઇયે માટે લડઇમા તને.

થયો ત્યાર ગુદર્ઝ, ઉઠયા પુકાર,
નિકળ્યો નવો ગેતીનો શાહ બાહાર.
અને એક પોખરાજી સોનેરી તખ્ત,
ધરી હાથી ઊપર, સવારો તે વખ્ત.
ઊભા ઝુંડા આંસ્માની લઇ આસપાસ,
હતા પગમા જોડાઓ સોનેરી ખાસ.
હતું તાજ લાલોનું, સોનાનો હાર,
ને સોનામા ગોહર હતાં બે શુમાર.
તે [1]બોલ્યો કે આજે નવો રોઝ છે,
જહાંજોય ખુસરૂના બેસવાનો એ.
જહાંજોય બેઠો તે સોનેરી તખ્ત,
ધરી તાજ સર, ગુર્ઝ લઈ હાથ સખ્ત.
ગયો દેઝબહમન સરઅફ્રાઝ શાહ,
પોતે, ગેવ, ગોદર્ઝ, ને કંઇ સેપાહ. ૧૪૧૪
બેઠો ઝીન પર, આવી તે દેઝ પાસ,
કમર બાંધી બખ્તરને પેહેડીને ખાસ.
નવીસંદો તેર્યો બેસી ઝીન પર,
દોઆ ભર્યું નામું ફરમાવ્યું ઝબર.
ને અંબરથી લખ્યું પહલવી ઝબાન,–
મા નામુ, તે શાહી રીવાઝો સમાન.
કે નામું છે આ બન્દે દાદારનું,
જહાંજોય કયખુસરો સરદારનું.
જેને છુટી શયતાંના ફંદાથી સખ્ત,
બદીથી કીધાચ હુકમે રબ પાક દસ્ત.

૧–યાને ગુદર્ઝ બોલ્યો.

તું બહમનનાં ઓ! જાદુગર બદ રવાંન,
કે ડર ગેતીના તે ખુદાથી નિદાંન.
કે છે જાવીદાંનો બુલંદ તે ખુદાય,
દેનારો છે રોઝીનો તે રહનુમાય.
સનિ, સુર્ય, બેહરાંમનો, એજ રબ,
ધણી દબદબા, ઝોરનો તેજ રબ.
મને દીધું કયાંની ખુરેહ સાથ તખ્ત,
ને હાથીનું તન, સિંહની ચુંગાલ, મસ્ત.
છે પાદશાહી મુંજ, ગેતીમાં સર બ સર,
તથા [૧]ગાવ સરથી, તે [૨]માહીનું સર.
જો કીલ્લો આં, શયતાંની છે સરઝમીન,
જે દુશમન છે દીલથી ખુદાનો યકીન
તો ઝળકાટથી, હુકમે યઝદાંથી પાક.
હું વાદળથી સર તેનું લાવીશ ખાક,
છે એ જાદુગરની અગર જંગગાહ,
તો જોઇયે ન જાદુને માટે સેપાહ.
અગર વળ હું આપુ છું મારી કમંદ,
તો જાદુગરોના કરૂચ સરને બંદ.
મુબારક સરૂશ હોય એમાજ છેક,
તો રબના હુકમનું આં લશકર છે એક.
નથી અહરીમનની હું પીઠનો નિદાંન,
છે મુંજ, દબદબા નૂરના તન રવાંન.
ન રાખીશ દેઝ હુકમે દાદારથી,
કે છે એજ ફરમાન શહરયારથી·

૧–પાતાળથી ૨–આસ્માન સુધી.

લીધો એક ખુસરૂએ નેઝો દરાઝ,
અને બાંધ્યું નામાને તે સરફરાઝ.
ઉઠાવ્યું સીધું તેને ઝુંડા સમાન,
શાહી દબદબા વિન ન ચાહયું જહાન.
કહયું ગેવને નેઝો લઈ દોડ ખાસ,
બુલંદ પેલા કીલ્લાની દીવાલો પાસ. ૧૪૧૯
ને બોલ્યો આં નસીહતી નામું લે ખાસ,
ને જા ભારી કીલ્લાની દીવાલો પાસ.
કે ખોસી દે નેઝો, ધરી રબનું નામ,
તૂરત પાછો ફરજે તું ફેરવી લગામ.
ગયો ગેવ નેઝો ધરી પોતે દસ્ત,
દોડ્યા ભર્યો પહલવાંન યઝદાં પરસ્ત.
ને ખોસ્યું તે નામું દીવાલે મુદામ,
કહયો જાંહાંજોય ખુસરૂનો પયામ.
કીધો નેંકી દેનારા યઝદાંને યાદ,
હવા સમ ફેરવ્યો તે ઘોડાને બાદ.
થયું ગુમ નામું તે નામી જેવાર,
ઉડી દેઝથી ગર્દ, ઉઠયો પુકાર.
અને તુર્ત ફરમાને યઝદાંન પાક,
તે કીલ્લાની દીવાલો થઈ ચાકચાક.
ગોયા વાદળાં ગાજે મોસમે બહાર,
થયા એમ જંગલ, ને કોહથી પુકાર.
બની ગેતી હબસીનું મોંઢુ સિયાહ,
જણાંયા ન ખુરશીદ, પર્વીન, માહ.

ગોયા વાદળી એક ચઢી કાળી થઈ,
હવા સિંહના જડબાં જેવી થઈ ગઈ. ૧૪૧૭
તો ખુસરૂએ દોડાવ્યો અસ્પે સિયાહ,
કહયું એમ, અયે પહલવાંને સિપાહ.
કે તીરોનો મેહ દેવ પર એમ કરો,
કમાં બાહારના વાદળાં જેમ કરો.
આવ્યું મેઘ વાદળ કરાંનું ઝબર,
ગો વાદળથી વર્સાવતાં મોતજ અગર.
થયા તીરથી દેવોમાં કંઈ હલાક,
પડયા કંઇક અહરી,મનોમાથી ખાક.
થઈ રોશની એક ઝાહેર મુદામ,
અને થઈ ગઈ ગુમ સિયાહી તમામ.
ખુરેહમંદ થઇ ગેતી જેવી કે માહ,
તે યઝદાંના નામે, ને ઝળકાટે શાહ.
આવ્યો એક પવન દોઆ ભર્યો સવઈ,
ઝમીન, ને હવા, જેથી હસ્તી થઇ.
ગયા દેવો શાહના હુકમથી અગર,
કે પડયો નઝર ત્યાં તે કીલ્લાનો દર.
અમીરોનો શાહ પૂગો કીલ્લામાં જઇ,
તે કરવાદી ગુદર્ઝ બુઢ્ઢાને લઇ.
તે કીલ્લામા જોયું બુલંદ શેહેર એક,
ને મયેદાં, મહલ, બાગ, અયેવાં દરેક. ૧૪૧૮
તે જગ્યે, કે ચમકીતી જ્યાં રઓશની,
ગયોતો જે અંધકાર નાબુદ બની.

કહયું ખુસરૂએ આ જગાએ મગર,
કરો બુર્જ એક સિયાહ વાદળ ઊપર.
જે પોહળો, ને લંબાઇએબી દસ કમંદ,
જેની આસ પાસે મેહરાબો બુલંદ.
અરબ ઘોડાનો અર્ધો કાવો, ગોળઈ,
પથાર્યા જેમાં આઝરગોશસ્પ લઈ.
અને બેઠા મુંબેદોબી આસપાસ,
તથા દાનીશમંદો સિતારેશનાસ.
ફેલાઇ સીફત આતશ કદાહની તમામ,
કીધી શાહે ત્યાં ઢીલ, ત્યાં તક મુકામ.
ગયું સાલ એક કે ચલાવી સેપાહ,
ને અસ્બાબો લઇ લશ્કરે લીધી રાહ.
ખબર જ્યારે ઇરાંમા થઇ શાહાની,
ખુદાઈ નૂરની, ને લડઈ ગાહાની.
અજાએબીમાં રહી જહાં સર બ સર,
કે પાંમ્યો છે દબદબો ખુસરો ઝબર.
તમામ અફસરો એક પછી એક નિસાર,
ગયા ખુશ થતા લઇ તરફ શાહરયાર. ૧૪૧૯
ફરીબોર્ઝ ટોળાંની સાથ આયો પાસ,–
ઇરાંની સેપાહનાં, ગોયા પાહાડ ખાસ.
જોઈ નિંચે આવ્યો તે [1]ગુલરંગથી,
તો શાહબી દીલેર આવ્યો [2]શબરંગથી.
કે કાકાએ ચુંમ્યો ચહર તેજ વખ્ત,
અને તે જગે ધર્યું સોનેરી તખ્ત.

૧–૨–ઘોડાઓના નામ.

બેસાડયો ફીરૂઝાના તખ્તે ઉપર,
કીધી શાહ તરીકે દોઆ તે ઊપર.

કે બેઠો શહા તે ઝરીન તખ્ત પર,
ને ગોહરનું તાજ એક મૂકયું બી સર.

કે લઈ તુસ કાવેયાંની ઝુંડો યકીન,
ગયો કુસ, જોડાઓ, સાથે ઝરીન.

તે આવ્યો, અને ચાલ્યો શાહાની જો પાસ,
ઝમીન ચુંમી, સોંપી દીધું સર્વ ખાસ.

કહયું જો ઝરીન, નગારૂ, ઝબર,
મુબારક આં કાવેયાંની ઝુંડો અગર.

જો લશકરમાં છે કોણુ લાયક નિદાન,?
છે એ કાંમ માટે કીઓ પહલવાન?

તેને દે, હું લાયક નથી એને ગર,
છે બસ, જો બચે ગુનેહગારની ઊમર. ૧૪૨૦

ચાહી માંફી આગળની વાતે અપાર,
ને છોડયા પોતાના બેહુદા વિચાર.

ફતેહમંદ શાહે દીધો આવકાર,
હસી તેને તખ્તે બેસાડયો તેવાર.

તે બોલ્યો આ કાવેયાંની ઝુંડો યકીન,
દીલેરી, તથા આંય જોડા, ઝરીન.

નથી જોતો લાયક હું કોઈ આં સેપાહ,
દીપેછે તનેજ નામ અને જંગગાહ.

નથી તું સીવા કોઇ લાયક દીગર,
નથી રંજ મુંજ દીલે તારો મગર.

અરૂર શી છે એ કામે માંફીની યાર?
બીગાંનાને ચાહુયો નથી શાહુરયાર?
કીધો તે, પછી તર્ફ પારસ ચહુર,
જવાં બખ્ત, હુશ્યાર, શાહે મગર.
પડી કયાંની કાઊસને તેની ખબર,
કે આવ્યોચ સુંબારક ફદમનો પીસર.
ગયો લાલ ચેહુરે લેવાને નિશાંન,
થયું ઝઈફનું દીલ, ખુશીમા જવાંન.
બપાવાને ખુસરૂએ જોયો જો દૂર,
તો હુસ્યો, થયું દીલ ખુશાળીથી પૂર. ૧૪૨૧
ને થઈ પ્યાદો કીધું નમન બેશુમાર,
બપાવો, કે ચાહુતો જે જોવા દીદાર.
તે હુસ્યો, ને દાબ્યો બગલમાબી ખાસ,
ને તારીફો ઘટતી કીધી તેની પાસ.
કે ફર્યોચ ફતેહુમંદ કરી સિંહુ જંગ,
કીધાંચ આંખ ને દીલ દુશમનના તંગ.
દોઆ શાહા કાઉસે કીધી અગર,
તેનાં ખુબચહુર, દબદબા, દીંન, પર.
તેના ફદ, ખુદાઈ બોરેહ પર, અબર,
તેના તખ્ત, રઔનક, ને ડાહુપણુ, ઉપર.
ને બોલ્યો ઓ! આસ્માંનના દાદગર,
ઓ! ખાવીંદ માહુના, ઓ ખાવીંદે મહુર.
કીધો છે મને ગેતીમાં નેકનામ!
થયો શાદ આં ખુબચેહેરે તમામ!

પછી ફર્યા પાછા તે અયવાંને ખાસ,
શહા તાજવરના તખતની તે પાસ.
આવ્યા નિંચે ઘોડેથી થઈ શાદમાન,
દોઆથી હતાં પૂર રવાંનો ઝબાન.

કયખુસરો.

કાઊસનું ખુસરોને પાદશાહી તખ્ત ઊપર બેસાડવું.

કે બેઠો જો કાઊસ સોનેરી તખ્ત,
લીધો દસ્તમા તેને ખુસરૂનો દસ્ત. ૧૪૨૨
ને લાવી બેસાડયો પોતાની જગાહ,
ખઝાનચીથી મંગાવી કયાંની કોલાહ.
ચુંમી છાતી, કોલાહ, ધરી તેને સર,
બેઠો તખ્ત નાંમીથી ખુરસી ઊપર.
આવ્યો ગંજથી પોખરાજી નિસાર,
આવ્યાં શાહી લાયકના ગોંહર અપાર.

દોઆ બહુ કીધી સિ,યાવક્ષને રવાન,
હતો ખુસરૂ ચેહરામા તેના સમાન.
કે પહલવથી આવ્યા અમીરો મુદામ,
શું અફસરો, શાહો, ને મોટા, તમામ.
દોઆ શાહ તરીકે કીધી તે ઉપર,
વધાવ્યાં તમામ મોતીઓ ને ગોહર.
છે ગેતીનાં એ રાહ રસમ, કામ, ગર,
લીએચ હાથ એકે, દીએ છે દીગર.
ફરેબ ચાલથી દુઃખ થાયેચ નિદાન,
કબી ઉંચો રાખેચ, કબીતો નિચાન.
જો દીલ, શાદ રેહવા તુને દે અગર,
તો તું શાદમાની સિવા કંઈ ન કર.
કરી સાગ્રગી તું, ને બક્ષીસો કર,
નહીં લાવ ગ઼મને કદી દીલ પર. ૧૪૨૩
જો હોય, ખાઇ લે, દે વધે તે અચુક,
તું રંજ ખેંચી શત્રુને માટે ન મુક.
તુને દીધું, ને દેશે ફરઝંદને તે,
તારાંજ થડની નિકળેલી તે શાખ છે.
નથી જોતો? ગેતી ખઝ઼ાને છે પૂર,
ને કુલ જગત સણગારેલી છે ઝરૂર.
નથી રણની બક્ષેસોમાં કાંઇ કમ,
રહે શાદમાં તું, નહીં ખાતો ગ઼મ.
કવિએ કહી વાત દાસતાંનની,
બીજી વાત સાંભળ તું, બાસતાંનની.

કે ખુસરો આં બેસેચ કેમ તખ્તગાહ?
ને મોકળે છે તૂરાંનમા કેમ સેપાહ?
શહા તખ્તે બેઠો ફ્તેહમંદ શાદ,
ઉભા સર્ફરાઓ અમીર કરતા યાદ.
વિખેરઇ સેપાહ તેની જંગી તેવાર,
ખુશાળી, મુરાદ, હુર્ષ, વધ્યો અપાર.
જહાંન્જુયે શહનશાહી તે તખ્ત પર,
ઝળકતો બેઠો દબદબાથી ઝબર.
થયાં કટકા બે, શત્રુના દીલ ઝરૂર,
ને દીલ દોસ્તના ડર, ઉમેદોથી, પૂર. ૧૪૨૪
કીધી ઊંચ કોલાહ ફરતાં આસ્માનથી,
ને જાંણી ખુશી સરવે યઝદાંનથી.
કે બે ભાગ શબ, શાહ મુંબારક દીન,
ઝબાંને ન ખોલતો સિવા આફરીન.
ઊભો રહી તે ઈન્સાફી દાવરની પાસ,
ને બોલતો હતો કે યા રહનુમા ખાસ.
છોડવ્યોચ બલાની મને જાલથી,
ને અઝદાહના દમથી, ને ચુંગાલથી.
દીધી શાહી તો, દબદબો દે કુવત,
કે લઊં બાપનું ખુન તેપર તુરત.
તેનું, ગોર્વીનું, ગર્સીવઝનું, ઝબર,
કરૂ ખુન વેહતું, ને છુંદુ ચહર.
ખુશી ઝર્દફ કાઊસનું મન કરૂ,
અને જાંન સ્યાવક્ષનો રોશન કરૂ.

જો વાત એજ કંઇ રાત ચાહી જેવાર,
નેયાયશ તેની થઈ કબુલળી તેવાર.

સરવ બાગમા ડાળ ખેંચેચ ઉપર,
પૂગેચ મેહેલે તે ડાળ લીલીનું સર.

તે ઊંચાઈ જોઇ ખુશ થાયેચ દરખ્ત,
તથા જોઈ સભ્યતા, ને નેંક બખ્ત.

કરેચ પર્વશી, બખ્તનું દીલ મુદામ,
તેના કામે પાંમેચ નફો જગ તમામ.

હોય બુન્યાદથીજ શાહી મળતી અગર,
ઘટેચ કે કરે નેંકી તે તાજવર.

ઘટે કરવો ત્રણ ચીઝનો એ વિચાર,
અને એ પછી છે વળી ચોથી યાર.

તુખમ, ઊંચ બુન્યાદ, અને પૂર હુંનર,
બુલંદ છે એ ત્રણ ચીઝો સઉમાં ઝબર.

નાં બુન્યાદ હોય, કયાંથી આવે હુંનર?
જોયોચ કોઇ બુન્યાદને બેહુનર?

છે બુન્યાદ તેજ, હોય નૂરે યઝદ,
ન સુનતો તે બદ, કે ન કરતો તે બદ.

કુલીનતા છે તેજ, હોય તુખમે પીદર,
છે ફળ, પાક તોખમીજ લાયક મગર.

હુંનર તેજ, હરકોઇથી શીખે અગર,
કુશીશો કરી રંજ લઇને ઝબર.

એ ત્રણમાં છે બુન્યાદ સઉથી સરસ,
જે ઊંચો છે સરપાવ યઝદાંનો બસ.

એ હોય ત્રણ, તો જોઇયે પછી ડાહુપણો,
જે બતલાવે ભૂડાં ભલાં કારણો. ૧૪૨૬
જો હોય એક જણમાં આ ચારોં અગર,
તે છુટે ગ઼મો, રંજ, લોભે, ઝબર.
ન મોતથી, કારણ મોત વિન ના ઊપાય,
વધુ એથી આફ્ત ન કોઈ કેહુવાય.
હુતી ચારો ચીઝ જહાંજોયમા તમામ;
સરજ્યો તેને બખ્તે એવોજ મુદામ.
ફરૂ છું હવે આંગળી વાતે હું!
હતી શાહા કયાંનીની કારકીર્દી શું;
બુઝર્ગીનું બી તાજ ધર્યું જો સર,
થયું તાજ ખુશ, ને પોતે શાદતર.
કે પાંથર્યો ઇન્સાફ ગેતીની પાસ,
ને જડ઼ કાઢી ધર્તીથી ઝુલ્મોની ખાસ.
હુતી જ્યાં વીરાંની, કીધું ત્યાં આબાદ,
કીધાં ગ઼મગીં દીલો ગ઼મીથી આઝાદ.
ને વાદળ વસંતિથી વૃષ્ટિઓ થઈ,
ઝમીનથી ગયો કાટ, નો ગ઼મ, ધોવઈ.
જહાં સુખ શાન્તી ભરી થઈ તે વખ્ત,
બંધાયા બદીઓથી શંયતાંના દસ્ત.
કે બેઠો શાહનશાહી તે તખ્ત પર,
બુઝર્ગી ભર્યું તાજ મુકીને સર. ૧૪૨૭
બેઠો શાહા ખુસરો તખત પર નિદાન,
તેના કામે વાકેફ થઈ કુલ જહાન.

આવ્યા કાસદો મુલ્કોના બાહારથી,
હરેક નામદારોથી, સરદારથી.
એના વખ્તમા કોઇ હતું ના વરી,
સ્વીકારી ન હોય જેને સર્વોપરી.
નદી, ચશ્મા, આબે, જહાં તર થઈ,
અને ગ઼મગીનીતો ગોયા સુઈ ગઈ.
ઝમીં ગોયા સણગારેલું બેહશ્ત થઈ,
તેના દાદ, બક્ષેસ, હૃદયે, સવઈ.
રચ્યું જ઼ંમ, ફરીદુનના, જેવુંજ તખ્ત,
અટકયો ન શાહ દાદ બખ્શીસે સખ્ત.

ઝાલ અને રૂસતમનું કયખુસરોની નઝદીક આવવું.

અગર ગઈ ખબર ઝાબુલેસ્તાન ખાસ,
તે સરદાર ગેતી ફીરૂઝગરની પાસ.
કે બેઠો છે કયાંની મુબારીક તખ્ત,
ક઼દમ રાખી મોંટઇના આંસ્માને સખ્ત.
બોલાવી સેપાહ હર જગોથી તમામ,
કે જઇને કરે સેવા શાહની મુદામ.
કીધો તહમતનેબી શહા તર્ફ ચહર,
કે સંતોષ અને દબદબાથી ઝબર. ૧૪૨૮

લીધો સંગ સામો નરીમાંનો ઝાલ,
અમીર કાબુલી નાના મોટા ખુશાલ.
સેપાહ! કે થયું જેથી કાળું મેદાન,
ચિરાતા નગારાંથી ચિત્તાના કાન.
હતો ઝાલ આગળ લઈ અંજુમન,
હતો રંગીં ઝુંડો પૂઠે પીલતન.
ધરી શેહેરે ઇરાં તરફ રાહ આગર,
અને પૂગી શાહની જો પાસે ખબર.
સુની વાત શાહનું થયું દીલ શાદ,
કહયું તે પેગામચીને રહજે આબાદ.
જે પાળનાર છે મુંજ પીદરનો અગર,
છે ગેતીમા પયદા જેનાથી હુંનર.
હુકમથી તેના ગેવ, ગોદર્ઝ, તૂસ,
ગયા, સાથ કરનાય, સરનઈ, ને કુસ.
ગયા એક પછી એક સાંમા મુંદામ,
નગારાં ને ઝુંડાઓ લઈને તમામ.
ગયા સાંમા લેવા દીવસ બે ની રાહ,
કે ગેતીના પહલવાંનો, ને કંઈ સેપાહ.
જણાંયો તહમતનનો ઝુંડો જેવાર,
સુરજ તક પૂગી ગર્દે લશકર અપાર. ૧૪૨૯
થયા શોરે કર્નાય, અને વાગાં કુસ,
તથા ફઓજથી ગેવ, ગુદર્ઝ, તુસ.
કે દોડ્યા પહલવાંન પીલતનની પાસ,
ખુશીથી ગુઝારી દોઆઓબી ખાસ.

ત્રણોએ કીધી તેને કોટી ઝબર,
પૂછી સિંહના ધરનારે શાહની ખબર.
રૂસતમથી ગયા સામના ઝાલ પાસ,
ખુશાળીથી ભર્યા, બુલંદ દીલે ખાસ.
કીધું મોં ફરાંમર્ઝની તર્ફ યાર,
થયા શાદમાં, જોઈ તેના દીદાર.
પછી ત્યાંથી શાહ પાસ આવ્યા તેવાર,
મુંબારક જોવા તાજના તે દીદાર.
જોયો ખુસરૂએ, પીલતને નાંમેવર,
પડયાં આબ પાપણથી ચેહરા ઊપર.
ને તખ્તેથી ઊતરી કીધી આફરીન,
તેવારે ચુંમી તહમતનેબી ઝમીન.
કહયું તહમતનને, કે અય પહુલવાંન,!
સદા શાદ રહો તું, ને રોશન રવાંન.!
તું દાંના છે જગમાં, ને કમ બોલનાર,
તથા તુંજ સ્યાવક્ષનો પાળનાર. ૧૪૩૦
ધર્યું ઝાલનું માંથુ છાતીએ સખ્ત,
અને બાપ માટે, [1]દીધો માંથે દસ્ત.
બેસાડયા દીલેરોને તે કયાંની તખ્ત,
દોઆ કીધી યઝદાંના નામે તે વખ્ત.
જોયો રૂસતમે સરથી પગ તક જેવાર,
તથા બેસવું, બોલવું, ને વિચાર.
થયું મોહું લોહી ભર્યું, દીલ રંજદાર,
કીધી યાદ સ્યાવક્ષની બેશુમાર.

૧—યાને માથે હાથ દઈ ગમ કીધો.

કહયું ગેતીના શાહને અય શહરયાર,!
પીદરથી છે ગેતીમા તુજ યાદગાર!
નથી મેં દીઠો ગેતીમા તાજવર,
એવા દબદબા સાથે મળતો પેદર.
પછી તખ્તથી તેઓ ઊઠયા શીતાબ,
મૂકી ખું,મચા ત્યાર કીધો શરાબ.
નહીં રાત અરધી સુતો શાહ મુકામ,
કીધું બ્યાંન ગુઝરેલી વાતે તમામ.

ખુસરોનું પોતાની પાદશાહતની આસપાસ ફરવું અને તેંણે કયકાઊસ સાથ અફરાસિયાબના કીના માટે કૉલ કરવો.

નૂરી તેગ઼ ખુરશીદે ખેંચી અગર,
સીયાહ રાતનું થઈ ગયું ગુમ સર.
તો કર્નાયનાં દર્ગાથી ઊઠયા પુકાર,
કીધો શાહ તરફ બુઝર્ગોએ વિચાર. ૧૪૩૧
શું તૂસ અને ગોદર્ઝ શું ગેવ દીલેર,
શું ગુરગીન શું ગોસ્તેહમ રેહહાંમ શેર.

ને આવ્યા અમીરો દરેક શાહ પાસ,
તુરત, પેલી નામીચી દરગાહે ખાસ.
થયા ભેગા દરગાહની પાસે જો ખાસ,
તો બોલ્યો તે શાહે જહાં ફ્ઓજ પાસ.
ઝમીં કુલ હું ચાહુ છું જોવા મુદામ,
સીફત ભર્યા ઈરાંના મુલ્કો તમામ.
નિકળ્યે વિચારોથી કરવા શિકાર,
થોડો વખ્ત કર્યે ખુશીમા પસાર.
થયા એ વિચારે તે સરદારો એક,
કે ગેતીના જઈ જોઈયે ભાગો દરેક.
ગયો એમ શિકારે તે શાહે જહાન,
લઈ નામેવર રૂસતમે પહલવાન.
ગયા ફ્ઓજમાંથી તે આઝાદગાંન,
શું ગોદર્ઝ, શું ગેવ, કશ્વાદગાંન.
શું શાપૂર, બેહરાંમ, શમશીરકસ,
તીરન્દાઝ બીઝન, શું ગુર્ગીન બસ.
શું ફરહાદ, શું ઝંગએશાવરાંન,
ગોરાઝેહ, હતો જે દીલેરો મેયાંન. ૧૪૩૨
સેપાહ તે! સિયાહ જેથી મેહેરો ને માહ,
જેના બખ્તરે, ગુર્ઝ, ટોપે, કોલાહ.
તે કુલ મુલ્કે ઈરાંન ફરતો થયો,
શું આબાદી ને વિરાંનીમા ગયો.
ઝમીં, મુલ્ક, આબાદ હતાં ના મગર,
તબાહ, ને વિરાં, બેદાદીથી ઝબર.

દીરમ, ગંજ, દઈ કીધો આબાદ સહી,
કીધો દાદ બક્ષેસનો રંજ નહી.
હરેક શેહેર થોભ્યો બિછાવીને તખ્ત,
ઘટે જે રીતે શખ્સ કોઈ નેકબખ્ત.
મંગાવતો તે ઠેળી, ને દારૂની જામ,
સજાવતો દીનારોથી ગેતી તમામ.
જતો ત્યાંથી તે શેહેર બીજાંને કાજ,
શરાબ સાથે લેતો હતો તખ્ત, તાજ.
ને આવ્યો પછી [1]આઝર આબાદગાંન,
અમીરો, બુઝર્ગોની સાથે નિદાન.
શરાબ પીતો, ઘોડો દોડાવતો નિદાન,
તે આવ્યો [2]આઝરગોશસ્પના મકાન.
ને દાદારની ત્યાં સેતાયશ કીધી,
તે આતશકદેહુમાં નેયાયશ કીધી. ૧૪૩૩
પછી દબદબાથી ઉઠી તે જગાહ,
કીધું સર તેને તર્ફ કાઉસ શાહ.
ને બેઠા, તે સાથે બની શાદ સહી,
થોડી પળબી કાઢી ખુશી વિન નહી.
થયું પૂર સર જામે નૂરી ગુલાબ,
ગયા તુર્ત કરવાને આરામ ખાબ.
થયો રોઝ રોશન ઝળકતો અગર,
ને પાથર્યાં યાકુત સિયાહ ખાક પર.
કે બેઠો શહા, કાઉસ કયાંનીની પાસ,
સરઅફ્રાઝ શાહ બે, કદમ નેક ખાસ.

૧—આઝરબાઇઝાન. ૨—બહમનદેઝના. ૩—કાઊસની સાથે.

બેઠો ઝાલ સંગ, રૂસતમે પહલવાન,
કમી ઝયાદા કાઊસે દીધું બયાન.
ને આવ્યો અફ્રાસ્યાબના વાત પર,
કીધી આંખ બે, ગાલ બે, ખુને તર.
કહયું, શું સિયાવક્ષથી કીધું શીતાબ!
ને ઇરાંનને કીધું કેવું ખરાબ!
અને એંમ કેટલા મુવા પહલવાંન,
ગયા બાળ નાના, ને સ્ત્રીઓના, જાંન.
ઘણાં શેહેરે ઇરાં તું જોશે ખરાબ,
તબાહ જે થયાં, રંજે અફરાસેયાબ. ૧૪૩૪
ખુદાએ દીધું છે, તુને જોઇયે જે,
સેપાહ છે, અક઼લ, હાથનું ઝોર છે.
છે દબદબો, મોટઈ, સિતારોબી નેક,
છે બુન્યાદે ઊંચ, શાહોથીબી દરેક.
હવે દેવા સોગંદ ચાહુ છું એક,
ન ફરતો તું ઈન્સાફી વાતે દરેક.
અફ્રાસ્યાબથી કરજે દીલ કીને તર,
બુજાવતો ના પાણીથી આંતશ મગર.
ન માદરનાં સગપણનું કરતો ધેયાંન,
ન ફરતો, ન સાંભળતો, કોઇનું બયાંન.
ન મોટઈ ને ગંન્જે તું ખાતો ફરીબ,
ચઢે ચાહે ઊંચો, બને યા ગરીબ.
ખઝાનો, ને શમશીરો, મોહોરો, કોલાહ,-
થી, વાતોમા આવી બદલતો ન રાહ.

છે સોગંદની બુન્યાદ શું? કહુંચ હું,
તથા જીવ, ડાહપણનું, સાંધણ છે શું?
કસમ લે ખુદાવંદે ખુરશીદ માહ,
તથા તેગ, ને મોહોર, તખ્તો, કોલાહ.
પકડધરની તેગો દીલેરી મુદામ,
સુફેદ દીંન, રાતો સિયાહના, તમામ. ૧૪૩૫
કે ઇન્સાફ, રાહ, રીત, ફરીદુનના,
તું જીવના, ને સ્યાવક્ષનાં ખુનના.
ખુદઈ નૂરના, નેંક સીતારાના ગર,
કે હરગેઝ ન ફરસે કીનાથી ઝબર.
ન ચાહશે લવાદ, ગુઝ તેગો સિવાય,
બુલંદ કદથી સમજે, બુલંદ મનને આય.
ચુકો જ્યારે સમજી એ શાહા જવાંન,
તો આતશ તરફ કીધાં ચેહેરો રવાંન.
ને પરવરના સોગંદબી લીધા મુદામ,
સુફેદ દીન, રાતો સિયાહના, તમામ.
અકલ, જાંનના, આસમાંના, ઝમીન,
ગોરઝ, મોહોર, શમશીરના, ને નગીન.
મુએદોના કુઓલીના, જીવના, વચન,
કે હોશ્યાર દીલ, દાંનાઓના સુખન.
ને ઇન્સાફ, રાહ, રીત, ફરીદુનના,
તું જીવના, ને સિયાવક્ષના ખુનના.
દેખાડશ કદી ના દયા તે ઊપર,
ન સ્વપ્નેબી જોવશ હું તેનો ચહુર.

જે રાહ તે ગયો, હું જવશ ના તે રાહ,
થયોચ મારો જીવ તેની રસ્મે તબાહ. ૧૪૩૬
લેવશ બાપનાં ખુનનો બદલો ઝબર,
લગાડીશ દીલો જાંન કીના ઊપર.
હું બાંધશ એ કામે કમરનેબી સખ્ત,
મદદગાર જો થાય આંસમાન, બખ્ત.
તેની જંગે લેવશ ન પલનો આરામ,
જો આસ્માથી બનશે ન જુદુજ કામ.
તેનાં તખ્ત તાજે હું રાજી ન થઈશ,
વખત બેવખત હું ન આરામ લઇશ.
કે જ્યાં તક તે જગથી ન ગુમ થઈ જશે,
ને ખુશ ના રવાંને સિયાવક્ષ થશે.
ન દીલથી ફરસ, ખંત રાખી શીતાબ,
કે છે ગેતીમા જ્યાં સુધી માટી આબ.
ગવાહ મારા કેહવાના બનજો અપાર,
ને ડાહપણુથી શાહીનો કરજો વિચાર.
અને ખતબી લખ્યું પહલવી ઝબાંન,
કે કસ્તુરીથી, શાહી દફતર મેયાંન.
કીધી રૂસતમે ઝાલે શાખો ઊપર,
સેપાહના બુઝરગોએબી સર બ સર.
ને દીધું તે સાચવવા રૂસ્તમને હાથ,
સહી શાખનું, રાહ રીવાજોની સાથ. ૧૪૩૭
તો કીધી દોઆ દાંનાઓએ તમામ,
અજબ, તેને દબદબે બન્યાં મુદામ.

સીયાહ રાતથી, આવ્યો જો આફતાબ,
પુકારતો રહયો લાવી આંખોમા આબ.
ને બોલતો કે અયે દાદગર એક ખુદાય!
જહાંદાર, રોઝીનો રબ, રહનુમાય!
હરેક કામ પર તુંજ બળવાંન છે,
દુઃખો દર્દ કરનારો આસાંન છે.
છોડવ્યો તુંએજ જંગને દીન, અને,
વગર ફઓજે અઝદાહના દમથી મને.
તું જાણેચ કે સરદારે તુરાં સેપાહ,
નથી ડરતો, દૂર રેહેતો કરવા ગુનાહ. ૧૪૩૮
વિરાં, આબાદી, પર કરે છે ધીકાર,
છે દીલ બેગુનાહના કીના પર તૈયાર.
છતાંબી તે સરદારે તુરાં સેપાહ,
ઉંચાં આંસમા તક ઊઠાવેચ કોલાહ.
વર્સાવ્યો છે આતશ ઝમીને આ પાક,
દીલેરો પર છાંટી છે ગમનીબી ખાક.
બેઇન્સાફ સ્યાવક્ષનું લોહી ખાક-
મા છાંટી, હમારા કીધા જાંન ચાક.
જેના ડરથી શાહોના દીલ પૂર સખ્ત,
બલા સમ છે જગને તેના તાજો તખ્ત.
તું જાણેચ ખુબ કે, તે છે બદગોહર,
તથા બુરી બુન્યાદનો જાદૂગર.
નથી જીવને ડાહપણની સાથે સગાઈ,
સીતમમાજ પાળે છે જીવને સવાઈ.

બુરાઇઓજ કરવી છે તેની રસમ,
બદી જગમા કરવી તેનો છે ધરમ.
તે [1]બદખુથી રડતી ચશમ થાય છે,
તેના હાથે દીલ ઝખ્મી ભુંજાય છે.
પીદરના ખુને થા મદદગાર ગર,
બખશ ઝઇફ કાઊસનો જીવ ઝબર. ૧૪૩૯
રગડયો ઘણી વાર ચેહેરો ઝમીન,
અને કીધી યઝદાં ઊપર આફરીન.
પછી ત્યાંથી ફર્યો તખત પાસ ખાસ,
દીલેરો, ને ગર્દનફરાઓની પાસ.
અને બોલ્યો અયે મારા નામેવરો!
ને અયે મારા ખંજરકશો બાહુદરો!
તપાસ્યો છે મુલ્કે ઇરાં, થઈ સવાર,
કે હુયાંથી તે લઈ દેઝ બહમન અપાર.
ન જોયો મેં કોઈને, દીલે હોય શાદ,
તવંગર, કે યા મુલ્ક તેનો આબાદ.
દુ:ખી છે દીલે જે અફ્રાસ્યાબથી,
છે દીલ ખુને તર, આંખ પૂર આબથી.
જીગર ઝખ્મી છે મારૂ તેથી તદન,
કે છે દર્દ ભર્યો મારો જીવ, તન.
બપાવો મારો શાહ અમીરી ખવાસ,
જે મારે છે દીલથી સરદ હાય ખાસ.
ઓરત મર્દો ઇરાંની મારેચ પુકાર,
લડ્ઈ, ખુન, હુમ્લા, ને લૂંટથી, અપાર.

૧—બુરી આદતવાળાથી.

મંગાવ્યા પછી ખુંમચાઓ શરાબ,
બીજી રીતે મીજલસ બનાવી શીતાબ.
કે લઇ બેઠા હફતો તંબુરા શરાબ,
ખુઅર્ગો તે કાઊસના મેહેલે શીતાબ.
દીવસ આઠમે શાહે, સર તનને ધોઈ,
જગા આસુદો થઈને ભણુવાની જોઈ.
અને ફરતાં આંસમાનનાં મઝદ પાસ,
ગયો તે દયા માગી, કરવા સેપાસ.
દીધી બેટીને રંજ સખ્તી ખબર,
ને ભાઇની ખંજરે કાપી કમર.
અમીર મર્દોનો શાહા નવદર દીગર,
કીધું તનથી દૂર તેનું ખનજરે સર.
બદી કેઈ છે જગમા, ન હમને દીધી?
દગાબાઝી સ્યાવક્ષથીબી કીધી.
હવે જો તમો મુંજ મદદગાર હોવ,
ને દીલથી બધા દોસ્તબી યાર હોવ.
તો બાંધુ પીદરના કીનામા કમર,
બદી ઈરાંનીઓની ટાળું ખબર.
શુરૂથી લડાઈ લડો જો ખુશાલ,
કરોબી જો કુશીશ ચિત્તા મીસાલ.
તો હુંબી ન આગળથી, પાછળ ફરશ,
દીલેરોની જંગે કોહ, મયેદાં કરશ.
નહીં કરતા મજલીસો દીલથી ઈરાન,
લગાડો તમે જીવ જંગે તુરાન.
કરશ ઊંધાં તુરાંના તખ્તો કોલાહ,
તેને તે પછી કોઈ કેહશે ન શાહ.

હવે બાંધો દામન તમે એક દીગર,
ફતેહમંદ યઝદાંના હુકમે મગર.
એમા ખુન જેટલું રેડાશે અગર,
ગુનેહગાર તેનો થશે તે મગર. ૧૪૪૧
અગર કોઈ મરશે જો એમા સેપાહ,
બુલંદ બેહસ્તમા તેને મળશે જગાહ.
હવે શું કહો છો, શું આપોચ જવાબ,?
સલાહ નેક આપો તમે કુલ શીતાબ.
કે જાંણોચ તમે, થઈ બદી ત્યાંથી ગર,!
ન બેસાય બદીના એ બદલા વગર.
ગર ઇન્સાફી છે વાત, લેઓ રાહ ધરી?
ન તો ખાતરી આપો મુજને કરી?
જવાબ માટે બન્યાં બુઝર્ગો તૈયાર,
ઉઠયા ત્યાંથી તે દુઃખી દીલે અપાર.
ને બોલ્યા કે અય શાહા દીલ શાદ થા,
સદા રંજથી દીલે આઝાદ થા.
તનો જાં હમારાં છે સઊ તારી પાસ,
ખુશી, ગમ, વધુ, કમ, છે તારાંજ ખાસ.
જનમ્યા છે માંદરથી મરવા તમામ,
અમીરો છીએ, પણ તારા સઊ ગુલામ.
સમજ્યો એવો અંજુમનથી જવાબ,
તે પીલતનથી, ગોદર્ઝ, તૂસથી, શીતાબ.
થયું શાહનુ મોંહ રાતાં ફુલના સમાન,
જવાં બખ્ત હતું, ને હતો શાહ જવાન. ૧૪૪૨
તેઓ પર કીધી બેશુમાર આફરીન,
હો આબાદ મુજ જંગીઓથી ઝમીન.

કયખુસરૂનું પહલવાંોની ગણત્રી કરવી અને તેઓને બક્ષેશની આશા આપવી.

ફરી કંઈ ગયું આંસમાં એ ઊપર,
થયો કન્યાંરાસીનો ખુરશીદ ચહર.
કે પહલવથી તેડયા મુબેદો તમામ,
કહુયા તેને ઘટતા ઘણાંએક કલામ.
ને બે હફતા બંધ કીધી દર્ગાહ શીતાબ,
નવેસરથી લખવાને માંડી કીતાબ.
તેડયા દાંના, અફસર, ઝમીનદારને,
બેસાડયો દીનારો ચુકવનારને.
ફર્માવ્યું ખઝાનચીને ખુસરૂએ આમ,
કે નાના ને મોટાંના જા બોલી નામ.
દીલેરોના લખ્યાં ઘટે તેવાં નામ,
પહલવાંનો, જેવા કે લાયક તમામ.
કે કયકાઉસના બેસીમાંથી અવલ,
લખ્યા સો ને દસ અફસરો તેજ પલ.
શુરૂમા ફરીબોર્ઝે કાઊસનું નામ,
હતો જે નવા શાહનો બેશી મુદામ.
હતા જેઓ અવલાદથી મિનોચહર,
દીલો જાંથી તૂસ પર જે રાખતા મહર. ૧૪૪૩

પસંદ એંસી જણુને કીધા [1]નવઝરી,
ગોરઝ મારનારા બધા લશકરી.
ઝરસ્પેને અફસર કીધો તેઓ પર,
જે હર કામે રાખતો તેઓની ફીકર.
પીસર તૂસનો, તાજે કયાંનીનો તે,-
ધણી, ગુંઝ, તેગો, નગારાંનો જે.
ત્રીજું નામ ગુદર્ઝે કશ્વાદ હતું,
જેની રાહે લશકરણી આબાદ હતું.
નબીરા ને બેટા હતા ઇકોતેર,
સવારોબી મયદાંના પાહડી દીલેર.
ઉઠાવનાર હતા કયાંની ઝુંડાને સખ્ત,
ઝળકતાં જેથી બખ્ત ને કયાંની તખ્ત.
ને તેંસઠ હતા તુખ્મથી ગઝદેહમ,-
બુઝર્ગો, નેમાયો જેપર ગોસ્તેહમ.
ને મીલાદના ખેશીમા સો સવાર,
જે ઉપર, ફ-તેહમંદ ગુરગીંન અપાર.
તવાએની બુન્યાદે પંચ્યાસી ચાર,
રખેવાળો ગંજોના, જંગના સવાર.
કે બરતેહ જેઓનો નિગેહદાર હતો,
લડાઇમાં જે નામબરદાર હતો. ૧૪૪૪
તથા જંગી તેત્રીસ તુખ્મે પશંગ,
જે લેતાતા નેઝાઓને વખતે જંગ.
થયો [2]રીવનીઝ તે ઉપર ચોકીદાર,
બહાદૂર, દેલાવર, અને હોશીયાર.

 ૧—નવઝરના ખાંનદાંનના. ૨—એ નામનો પહલવાન.

લડઈમા જે રેહતો નગારાંની પાસ,
જમઈ તૂસનો, અફસરે જંગી ખાસ.
ને બર્ઝીનના ખેશીઓ શ્રીતેર થતા,
કે જંગમા જેઓબી દીલેરો હતા.
નિગેહદાર જેઓનો ફરહાદ હતો,
ગો એરણ, લડાઇમાં પોલાદ હતો.
ગોરાઝેહ તુખમ, પાંચ હતા સો ઊપર,
કીધો જેનો સરદાર તેનેજ મગર.
હતા એંસી તુખ્મે ફરીદુન ગર,
લડાઈને દહાડેના જંગી ઝબર.
થયો જે ઊપર અશ્કશે નાંમદાર,
લડાઈને દીન તેઓનો ચોકીદાર.
અમીરો, ને પેહેલવાં, ચુંટેલા ઝબર,
તથા બુઝરગો, અફસરો, નામેવર.
ન ગંત્રી કરે કોઈ એટલા અપાર–
હતા, દબદબા, કીર્તિના, નાંમદાર. ૧૪૪૫
કે લખ્યાં શાહી દફતરે તે મુંદામ,–
તમામ નામ, આવે જે કોઈ વેલા કામ.
હુકમ કીધો કે શેહેરથી બાહાર જાય,
ને પહલવથી મયદાંનમા ભેગા થાય.
કે આં મહીને કર્નાયો સાથે અપાર,
ને ઊઠવા ઘટે હીંદી ઘંટના પુકાર.
કરો મોં હવે સર્વ જંગે તુરાન,
જવું ત્યાં ઘટે સઉને થઈ શાદમાન.

સરો સઉએ ઝુંકયા ઝમીને તે પાસ,
કીધી એક પછી એક તેની સેપાસ.
કહયું રોનકે દબદબાના ઓ શાહ,
દીપે છે તારેથીજ કમરબંદ કોલાહ.
છે પાદશાહી તારી, હમો તો ગુલામ,
છે મેષથી તે મીન સુધી તારૂ તમામ.
જ્યાં ઘોડાઓ ફરતાતા છુટા ખુશાળ,
તે ટોળાંને છાવણીમાં લાવ્યા ગોવાળ.
કહયું શાહે કોઈ હો કમંદ ફેંકનાર,
ને જંગમા રૂઈનતન જેવો નામદાર.
તે ઘોડાના ટોળાંમા જાય તમામ,
દેખાડે તે ઝોર અને મર્દીનું કામ. ૧૪૪૬
કે નાખે અરબ ઘોડાઓ પર કમંદ,
ને લાવે ઘોડાઓના સરને તે બંદ.
અને તે પછી શાહે ફીરૂઝગર,
ધરી ગુર્ઝ બેઠો ઝરીન તખ્ત પર.
કહયું ખોલી દર ગંજો દીનારનો,
છુપાવવો ન ગંજ આં બુઝર્ગવારનો.
લડાઈ ને કીનાની વખ્તે અપાર,
છે નાચીઝ, આંખોએ ગંજે દીનાર.
દીલેરોથી ગંજો, તખત, છે મુદામ,
મુરાદોના ફળ ખુરશીદેબી તમામ.
છુપાવવો તેને કાંય જોઇયે તમામ,
કારણ ગંજ આવે છે મર્દોને કામ.

પછી શાહ બોલ્યો ખઝાનચીની પાસ,
તે કપડાં, ને ગોંહરી જામોથી, ખાસ.
કે સો ટાકા કપડાંના રૂમી મગર,
ઝરીન ભોંય પર હોય જડયાં ગોંહર.
ને ટાકા, ને થાંનોબી, કરણી તમામ,
શહા લાયક ગોંહર ભરી એક જામ.
તે મુકયું સરઅફ્રાઝ શાહ પાસ ખાસ,
કહયું જગના શાહે તે સરદારો પાસ. ૧૪૪૭
કે કીમત છે આ પેલાં તુચ્છ સર તણી,
[1]પલાશાન અઝદાહ ભયંકર તણી.
અફ્રાસ્યાબે તેને કીધોચ પહલવાન,
કે પોતે ઊંઘે, તે બને ચોકીબાન.
તેનો ઘોડો, સર, તેગ, કોણ નાખે ખાક?
લડઇમાં સેપાહગાહથી મારી ચાલાક.
તુરત કુદયો જગ્યાથી ગેવનો બીઝન,
કમર બાંધી અઝદાહને મારવા તદન.
ઉઠાવ્યો પોશાક, સાથ સોંનેરી જાંમ,
હતાં જાંમમા જે ગોંહરબી તમામ.
કે લાવીશ તેનુ સર હું પાસે સેપાહ,
હુકમથી ખુદાવંદે ખુરશીદ માહ.
સમજવું તે અઝદાહા છે સર વગર,
કે જંગમા મદદગાર છે દાદગર.
પછી બેઠો પોતાની જગ્યે મુદામ,
ધરી હાથમા રાખી ગોંહરની જામ.

૧—અફ્રાસ્યાબનો પહલવાન.

દોઆ શાહ ઉપર તે કીધી એગુમાંન,
કે રહો તાજ સાથેનું સર જાવીદાંન.
ખઝાનચીને ફરમીવ્યું શાહે મુદામ,
કે લાવે બસો ટાકા ઝરરીન તમામ. ૧૪૪૮
જે ફુલદાર રેશમ રૂવાંટીના હોય,
ને ગુલરૂખો જે, બાંધી કંમરના, કોય.
તે બોલ્યો આં હદયાને તે લઈ જશે,
ને સર મારે, ઉપકાર તેનો થશે.
જે લાવે કોલાહે તઝાવ મારી પાસ,
યા પાસે આં નાંમી અંજુમનની ખાસ.
મુકીચ માથે અફ્રાસિયાબે લઈ,
ને કીધોચ મુબારક તુખમનો જમઈ.
ફરી ગેવનો ઊઠયો બીઝન અગર,
હતા જંગમા હાથ ખુલ્લા મગર.
હતો તે જવાં, જોતો મોટઈનું નામ,
રહે કાંહાણી સમ નામ જગમા તમામ.
લીધો તેંણે, બાંદી ને, હદયો, મુદામ,
હેરત જોઈને અંજુમન થઈ તમામ.
બની શાદ બેઠો, દોઆ દઈ ઝબર,
કે રહો ગેતી ખુસરૂથી આબાદ તર.
કહે શાહ કમરબંદના દસ ગુલામ,
ને ઘોડાઓ દસ તેઝ, ઝરની લગામ.
ને બાંદીઓબી દસ સજેલી મુદામ,
ખઝાંન્ચી એ લઈ આવે હદયો તમામ. ૧૪૪૯

કહ્યું બાદ રઈયતના શાહે અગર,
કે ઘોડા અને આંય કુલ ખુબચહર.
તે લે, કે તઆવ જેથી હારે ઝબર,
ન સિંહ દીલની તેને ઝરૂરત અગર.
તે રાખે છે બાંદીબી જંગને મુકામ,
જેના શેરે ચિત્તા બને છે ગુલામ.
કદે સર્વ સમ, બાહાર જેવો ચહર,
તીતર ચાલમા, ને કલમ સમ કમર.
જેનું નામ અસ્પુઈ, માહાતાબ સર,
સનમ, કસ્તુરી બુ, ચમેલી ચહર.
ન તલવારે મારે ધરે તેને ગર,
નથી એવા તલવાર માટે ચહર.
કમરબંદના પેંચમા લઈ કમર,
ગોયા લાવે તેને બગલમા અધર.
ધર્યા હાથ બીઝને છાતીએ ખાસ,
ને આવ્યો ફરી શાહ ફતેહમંદ પાસ.
તે ગેતીના શાહની સેતાયેશ કીધી,
ને આલમના રબની નેયાયેશ કીધી.
ખુશી જેથી દાંના થયો શાહરયાર,
ને બોલ્યો કે અયે અફસરે નામદાર.
ન દોસ્ત હોજો શત્રુનો તું જેવો નર,
નૂરી તારો જીવ, ના થજો તન વગર.
પછી શાહા બોલ્યો ખઝાંન્ચીની પાસ,
કે દસ જામે ઝર લાવ ભોંયરાંથી ખાસ.

ઝરીન જાંમમા મુકી ખુશબુ અગર,
ને દસ જાંમ ચાંદીનીબી પૂર ગોહર.
કે યાકુતની જામે તે કસ્તુરી પૂર,
ફીરોઝા, બીજી [1]લાજવર્દી, ઝરૂર.
અકીકો ને પાંના હતાં જે ઊપર,
ગુલાબો, ને કસ્તુરી, ભેલી ઝબર.

તથા દસ કમરબંદ સાથે ગુલામ,
ને દસ તેઝ ઘોડા, ગુંનેરી લગામ.
કહયું છે આ તેનું, જેને હોય હાંમ,—
બદનમા, તઝાવની લડઇએ તમામ.
જે લાવે લડઇગાહેથી તેનું સર,
દેલાવર આં લશકરની સાંમે અગર.
તો ગુદર્ઝનો ગેવ દઈ સીને હાથ,
ને બંધાયો જંગે તે જંગીની સાથ.
કે બાંદીઓ સુંદર, ને હદયો તે ખાસ,
ગોઠવ્યો જે લાવી અને તેની પાસ. ૧૪૫૧

ઘણીએક દોઆઓ કીધી શાહ ઉપર,
કે ના હોતાં કોલાહ, નગીન, તું વગર.
ખઝાંનચી ને હોકમ દીધો શાહે ખાસ,
ઝરીન લાવે ખુમચાઓ દસ તખ્ત પાસ.
મુંકી કસ્તુરીને, દીનારો, ગોંહર,
કમરબંદ, કોલાહ, ને દસ ખુબચહર.

બસો ટાકા ઝરીન ભરતના સરસ,
કોલાહ એક શાહી, કમરબંદ દસ.

[1]--રાજા વર્કી.

ને બોલ્યો આં હૃદયો છે તેનો, જે રંજ,--
લેવા નાં ચુકે, માટે કીર્તિ ને ગંજ.
તે અત્રેથી જાએ તરફ ક઼ાસેરૂદ,
કરે સિયાવક્ષના રવાંને દરૂદ.
તે લાકડાંનો જોશે પહાડ એક બુલંદ,
છે ઊંચાઈ જેની વધુ દસ કમંદ.
જે અફ્રાસેયાબે કીધો છે શીતાબ,
તે છે ત્યાં, કે જ્યાંથી ઓળંગ્યુતું આબ.
તે ચાહતો કે એ રાહથી કોઈ ન જાય,
પસાર કોઈ ઈરાંથી તુરાં ન થાય.
જવું જોઇયે કોઈ દીલેરે મુદામ,
કે સળગાવે ક઼ાસેરૂદ આગે તમામ. ૧૪૫૨
કે કરવી પડે ત્યાં અગર જંગગાહ,
તો લાકડાંની પૂઠે છુપે ના સેપાહ.
કહયું ગેવે છે એતો મારો શિકાર!
જલાવવો પાહાડ કામ મારૂ છે યાર.
ને આવશે સેપાહતો ન જંગથી ડરશ,
તે જંગમા હું ગ઼ીદોની મહેફીલ કરશ.
દીધો ગેવને શાહે હદીયો નિદાન,
ને બોલ્યો કે અયે ફ઼ઓજનાં પહલવાન!
તારી તેગ઼ વિન, તાજ રઓશન ન થાવ!
એમજ થાવ! વિન સુર્તી બ્રાહમન ન થાવ!
કહયું સો બીજાં કપડાંઓ રંગ બે રંગ,
ખઝ઼ાનચી તુરત લાવે હયાં [1]બેદીરંગ.

૧--વગર દીલે.

લીધાં ગંજથી મોતી સો આબદાર,
ગોયા આબ સુંદર જમેલું અપાર.
અને પાંચ પરદાની બાંદી, મગર,
હતાં તાજે ઢાંકેલાં ઝુલ્ફાં ને સર.
તે બોલ્યો છે હદયો તેને માટે એ,
જેના પાક જીવ પર, અકલ શાહ છે.
મધુર બોલનારો, દીલેર, અકલવર,
ન હોય સિંહથી જંગમા ફેરવતો ચહેર. ૧૪૫૩
પેગામ જાય લઈ પાસે અફ્રાસેયાબ,
ન ડરથી તેના, લાવે આંખોમા આબ.
તે ચુંમે ઝમીં, ને પૂગાડે પયામ,
સુખન હું કહું તે, તેને કહે, તમામ.
પૂગાડે મને, તે કહે જે અગર,
છે કોણ અંજુમનમા એવો નામવર?
તો ઉઠાવ્યો મીલાદના ગુર્ગીને દસ્ત,
કમર બાંધી રાહમાં જવા તેજ વખ્ત.
તે બાંદી, ને કપડાં ભરતના, ઝરીન,
દીધાં તેને શાહી ગોંહરો નગીન.
દોઆ શાહને દીધી ને બોલ્યો તે પલ,
કે ખુસરોના જીવથી જોડાજો અકલ!
કહયુંચ ગેતીનાં શાહે તો હું જઇશ,
છુપાવશ ન કાંઇ, પયાંમ આયે દઈશ.
કહયું ત્યારે ગેતીનાં શાહે તમામ,
તે મીલાદના ગુર્ગીનને છુપું મુદામ.

હતું દીલબી જલતું, ને આંખોમાં આબ,
કહયું હુયાંથી જા પાસે અફ્રાસેયાબ.
તેને કેહજે તું, જે હું આપું પયામ,
ને વાકેફ તું કરજે આ કીસ્સે તમામ. ૧૪૫૪
ને કહે એ સીતમગાર નર બદ ઘેયાન!
તું જેવી બદી કોણે કીધી જેહાન?
કે લોહી રેડયું ભાઈનું તેં ગોયા આબ,
કીધી છે તુંએ સારી ગેતી ખરાબ.
ઇરાંમા ધુંજેચ મર્દો ઝન ભોંયે ખાસ,
તું માટે પૂકારેચ ખુદા પાક પાસ.
તેં કાપ્યું સરે નવદરે નામદાર,
હતો ગેતીના શાહોનો યાદગાર.
આયો લડવા સ્યાવક્ષ રૂસતમની સંગ,
કે ગેતી, તું ઉપર કરે કાળી તંગ.
કીધાં મક્ર હીલા કેવાં દમ બ દમ?
હરેક રીતે વેર્યાં ખઝાંનો દીરમ?
ધર્યા સો જણાંને તેં ગીર્વી તે પાસ,
ઇરાં ને તૂરાં છે ગવાહ તેના ખાસ.
થયો ગુસ્સે કાઊસ સલાહથી ઝબર,
તું જાણેચ! ગયો શક તહમતન ઉપર.
જેથી નામું લખ્યું સિયાવક્ષને એક,
થયો જેથી જુદો કુતુંબે દરેક.
ને ફેરવી ગરદન શાહના ફર્માંનથી,
પનાહમા તુજ આવ્યો તે આસાંનથી. ૧૪૫૫

તું ખાતર તેંણે છોડી ઇરાં ઝમીન,
શું ઝુંડો, શુ લશ્કર, શુ કોલાહ, નગીન.
પનાહ તારી શોધી, ખુરા બદનિશાંન!
થજો નામ ગુમ તુજ, દીલેરો મિયાંન!
એવા પાદશાહનું તે સર નામેવર!
તેં કાપી દીધું જાંણે ગોસ્પંદનું સર!
પછી ખ્યાલબી મારાં ખુનનો કીધો,
ન જગ જોયલો હું, જેને મારવા લીધો.
કરૂ કયાં સુધી ઝુલ્મની વાત હું?
કે લાયક છે દોઝખની જગ્યાને તું.
તું ચાહે આ મુજ દીલ નહીં જોશ ખાય,
ને કીનોબી મુજથી તું પર ના લેવાય.
તો ગોર્વીઝેરેહ પેલો અવલાદે તૂર,
જેને શોર જગમા ફેલાવ્યો ઝરૂર.
બીજા સર્દારો, ગર્સીવઝ,ને દમૂર,
કીના પર કમર સાથે બાંધનારા પૂર.
મોકળ તેઓને હયાં, કે ખુને પીદર–
મા, કાપુ જીગર ઝખ્મીથી તેના સર.
જો ફરતો હોય એ વાતો વિચારે ગર,
તો મુજ જંગ માટે સેપાહ ત્યાર કર. ૧૪૫૬
કસમ પાક યઝદાંના, દાદારના,
માહા, મેહેર, આતશ ખુરેહદારના.
કરશ હું નહીં ખાબ આરામ ગર,
જો લેવું ન કીનો અફ્રાસ્યાબ પર.

તો ગુરગીન ખુસરૂનો સમજી પયામ,
ગયો પાદશાહ પાસથી તે મુદામ.
અને બેઠો તે તેઝી ઘોડા ઊપર,
ને કીધો તુરાંની ઝમીં તર્ફે ચહર.
ઝમીન થઈ ગઈ જ્યારે કાગોનું પર,
ને [1]ઊગ્યો ચેરાગ કોહાથીબી ઝબર.
તો સરદાર ચાલ્યો પોતાને અયવાન,
ગયા પહલવાંનો પોતાને મકાન.
પ્રભાતે કીધો કોહ બલુ રંગ જેવાર,
પૂગો વાડળે મરઘાઓનો પુકાર.
આવ્યો શાહા પાસે તહમતન નિદાન,
તખત, તાજ, ઈરાંનું, કરવા બયાન.
ઝવારેહ, ફરાંમર્ઝ, હતા જેની સાત,
કીધી કમ ઝીયાદાબી કંઈ એક વાત.
કહયું રૂસતમે શાહે ગેતીને ત્યાર,
કે રે! એ દોઆ સાથના નાંમદાર! ૧૪૫૭
છે ઝાબુલની પાસે શહર એક યકીન,
હતી તુરના મુલ્કની તે ઝમીન.
મનુચેહેરે તુર્કોને કાઢયા બાહાર,
સરસ જે જગાબી છે દબદબાદાર.
નાહીંમત થયો ઝઈફ કાઊસ ગર,
પડી ભાગાં નામ, દબદબો, ને હુંનર.
તો લઈ બેઠા તે શહર તુરાંનીઓ,
ન રેહવા દીધા કોઈ ઈરાંનીઓ.

[1]—યાને આફતાબ નિકળ્યો.

હવે તેની ખંડણી તુરાં જાય છે,
ઇરાં શાહુથી જે બેપ્રીકર થાય છે.
ઝમીં છે બીજી બેહેશ્ત જેવી તમામ,
ભરી ખેતરો, બાગો, ને કંઇક ગામ.
ગોયા ગેતી સંણગારેલી છે અપાર,
ખઝાનો, અને છે સેપાહ, બેશુમાર.
પિછાને છે ખરગાહને નામે નિદાન,
કે નેંકબખ્ત જંગ જોયલાઓ દેહકાન.
મળેચ એક તરફ સિંધને જઈ યકીન,
કનોજ, અને કશમીરના, મુલ્કો ઝમીન.
બીજા ભાગોની રાહોળી થઇને ચીન,
જોડાએ છે જે સરહદે તુરાં ઝમીન. ૧૪૫૮
છે તે મુલ્કમા હાથીઓ ગંજ બહુ,
દીએચ બેખતાઓને જે રંજ બહુ.
લુંટો, કાપાકાપી, ને હુમ્લા, કરેચ,
ને તુરાંનની તુંદઇથી સરને ભરેચ.
છે ઈરાં ની શાહી આં તારીજ હાલ,
ને કીડીના પગથી સિંહોની ચુંગાલ.
સેપાહ એક ભારી બુઝર્ગોની સાથ,
મોકળવી ઘટે જંગી અફસરને હાથ.
કે ખંડણી તું શાહ પાસે લાવે ઝબર,
નમાવે બુલંદ તારી દરગાહે સર.
તમામ મુલ્ક લઇશું એ આપણને દસ્ત,
તો દઇશું તુરાંની ઝમીનને શીકસ્ત.

દીધો શાહે રૂસ્તમને એવો જવાબ,
અમર રહો! તું બોલે છે રાસ્તી શીતાબ.
તું તે નામવર છે, કે ઇરાં સેપાહ,
તારાં બખ્તથી શાદ છે તખ્તગાહ.
તું જો કેટલી જોઇયે સેપાહ આય કામ?
ચુંટીલે દીલેર, નામવરથી, તમામ.
જોડ઼ઈ છે ઝમીં તે તારા મુલ્ક સાથ,
તો આંકવી ઝમીનને તે છે તારે હાથ. ૧૪૫૯
ફરાંમર્ઝને સોંપ લશકર મહાન,
અને આપ જોઇયે એવા પહલવાન.
કહે, બાંધે કીના ઉપર આ કમર,
કારણ કે તે પહલવાન છે નામવર.
કે ખરગાહથી લઈ મુલ્કે હીન્દુસેતાન,
ને કશ્મીરથી લઈ મુલ્કે જાદુસેતાન.
થશે કામ પૂરૂ તેને હાથ અગર,
કમાં જેની પૂગેચ મગરને ચહર.
સમજ્યા એ રૂસતમે શાહથી સુખન,
ચેહેરો તેનો ખીલ્યો ગોયા ફુલ ચમન.
દોઆ શાહને દીધી ને બોલ્યો તે પલ,
કે જીવ પાક સાથે જોડાજો અક઼લ.
મુબારક થજો તખ્ત, ને તાજ, અપાર,
ફલક ફરતું તારૂ, બનો તાબેદાર.
કહ્યું શાહે એંમ બાવરચીને તેવાર,
હવે કર તુ ખાંનાના ખુંમચા તૈયાર.

શરાઓ, ગવઇયાઓ, આવી ગયા,
મધુર જેના રાગે બધા દંગ થયા.
ઝળકતો સુરજ આયો કોહથી બાહાર,
ગવઈયાઓ ગાનાથી થાકયા જેવાર. ૧૪૬૦
નગારાંઓ વાગાં, તે દરગાહે શાહ,
કે દરબાર પાસે ઊભી સફ સેપાહ.
નગારાંઓ બંધાયા હાથી ઊપર,
થયા શોર રણશિંગડાંનાં ઝબર.
ને મુકયું અમારીએ હાથીની, તખ્ત,
કે આવ્યાં ફળો પાદશાહી દરખ્ત.
તે હાથી ઊપર બેઠો આવીને શાહ,
મૂકી સર ઊપર ગોંહરોની કોલાહ.
ગયો શાહ મસ્ત હાથી ઉપર ખુશાલ,
ફીરોઝાના તે તખ્તે, નિલની મીસાલ.
હતું મોતી, ગોંહરનું, તાજ એક સર,
અને હાથમાં ગુર્ઝબી ગાવસર.
હતી તાજ સાથે બે બાલી નિદાન,
ને પુખરાજી સાંકળબી ગર્દન મેયાન.
કમરબંદ પોખરાજી, મોતી, ને ઝર,
ને બાઝુબંદ યાકુત, ને ઝરનો, ઝબર.
તેનો હાથી ચાલતો સેપાહની મેયાન.
સોનેરી લગામ, ઘંટ, સાથે નિદાન.
હતો ઘંટ એક શાહને હાથે ઝબર,
પૂગો શોર ફઓજી શનિશ્ચર ઉપર. ૧૪૬૧

વગાડયો તે મસ્ત હાથીની પીઠ પર,
બની ગેતી નિલનો ગો દર્યાં ઝબર.

નગારાં, ગોરઝ, તેગ, ધુળથી, નિદાન,
ઝમીં થઈ સિયાહ, ને બલુ આંસમાન.
કે ફસ્યો ગોયા જાલમાં સુર્ય જઈ,
યા વાદળની પીઠ વાંકી પાણીમાં થઈ.
ન તેઝ આંખોબી જોઈ શકતી જહાન,
શું ભાલા સેતારા કે શું આંસમાન.
દેખાતું, ગો દર્યામાં ઉઠે છે મઓજ,
સેપાહ આવતી એમ ફઓજો ને ફઓજ.
ગયા તંબુ મેહેલેથી, મયદાંને લઈ,
જે શોરે પરેશાંની વાદળને થઈ.
જો હાથીની પીઠેથી શાહ નામવર—
નો, ઘંટ વાગે કે બાંધતા સઉ કમર.
તમામ પાદશાહીમા કોઈ મગર,–
ન બેસ્તો, જતો શાહી દર્વાઝા પર.
દીલેરોનો શાહ નામીના વખ્ત મ્યાન,
હતી સારી શાહીમા એવીજ નિશાન.
ઉભો હાથીએ જઈ તે બોહળે મેદાન,
કે જોએ તે જતી ફઓજને બેગુમાન. ૧૪૯૨
ઉભી સફને ખેંચી હતી તે સેપાહ,
હતી સઉની શાહના ચેહરા પર નેગાહ.
શુરૂમા ફરીબોઝ હતો ચાલનાર,
થયો શાહ નવા પાસથી જે પસાર.

ગુરઝ, તેગ, જોડા, સોનેરી, નિદાન,
હતો પૂઠે ઝુંડાબી ખુર્શીદ નિશાન.
હતો બેઠો ભગવા તે ઘોડે બુલંદ,
શીકારબંદે પેચીદા નાંખી કમંદ.
તે ચાલતો રોનક દબદબાએ અતી,
સેપાહ ચાંદી, સોનામા, સજ થઈ હતી.
દોઆ તે ઊપર ગેતીના શાહે દઈ,
કહ્યું, કયાંની ખોરેહ, ને હોજો મોટઈ.
હરેક કામે હોજો ફતેહમંદ બખ્ત,
નરોઝ જેવો હોજો હરેક તારો વખ્ત.
જતી વખ્ત ના હોતું સુખના સિવાય,
ને આવતાં ન સુસ્તી તુને કાંઈ થાય.
પૂઠે તેની ગુદર્ઝ કશ્વાદ હતો.
ઝમાનો જેની રાહે આબાદ હતો.
હતો પૂઠે ઝુંડાબી સિંહની સુરત,
ગોરઝ હાથમાં, તેગબી ખુબસુરત. ૧૪૬૩
હતો ડાભે હાથેબી જંગી રોહામ,
ને જમણે હતો ગેવબી નેંકનામ.
શીદ્દુશબી હતો પૂઠે ઝુંડાને લઈ,
ઝમીંબી તે ઝુંડાથી આંસ્માની થઈ.
હઝારો પૂઠેથી હતા નામદાર,
કે નેઝાઓ લાંબાના ચાબુક સવાર.
વરૂની સુરત એક ઝુંડો સીયાહ,
જે ગેવની પૂઠે ચા,લતો સંગ સેપાહ.

ઇઠ્ઠોતેર હુતા જે નબીરા પીસર,
જગા જેથી રહી ન મેદાંને ઝબર.
હરેક પૂઠે રંગ રંગીં ઝુંડા જતા,
ઝરીન જોડા, તેઓના, જંગી હુતા.
ગોયા તેને તાબે છે ગેતી ઝબર,
ને છે તેગ નિંચે દીલેરોના સર.
આવ્યો તખ્તે શાહ પાસ જ્યારે અગર,
દોઆ બહુ કીધી તખ્ત, ને તાજ, પર.
દોઆ શાહેબી કીધી ગોદ ઊપર,
તથા ગેવ પર, ફઓજ પરબી, ઝબર.
પુઠે ગોસ્તેહમ, ગોદરઝની હુતો,
જે ગઝદહમનો ચાલાક બેટો થતો. ૧૪૬૪
હુતો નેઝોબી હાથ, કરવાને જંગ,
કમાં તેનો સાથી, ને તીરે ખદંગ.
તેની બાઝુથી તીર છુટતો અગર,
તો એરણુ, ને પત્થરનું, વિંધતો જીગર.
હુતો જે સજેલી સેપાહ સંગ ઝબર,
ગોરઝ, તેગ, અસબાબથી, પૂર મગર.
હુતો ઝુંડો માહતાબી, સાથે મગર,
જેનું આંસમાને હતું નૂરી સર.
કીધી પાદશાહ પર ઘણી આફરીન,
થયો શાદ બહુ શાહે ઇરાં ઝમીન.
પૂઠે ગોસ્તેહમ, દાંના અરકશ જતો,
દીસે અકલમંદ, શાદ મગ્ઝે, હતો.

મુંબારક તુખમનો ગોરઝદાર હતો,
જે કહે કોઈ કરવા, ઉભો તે થતો.
[1]કુચી, ને બલુચીબી, ફઓજો હતી,
જે લડવાને મેંઢાં મીસાલે જતી.
ન પીઠ જેની કોઇએબી જોઈ જહાંન,
ન આંગળીબી જોઈ એક ખુલ્લી નિદાંન,
અઝમાવીતી સરદારે જંગો અતી,
જગા તખ્ત, નેંકીની, તેથીજ હતી. ૧૪૬૫
હતો ચિત્તા સુરતનો ઝુંડોબી સાથ,
હતા જેના ઝુંડા જેવા પોહળા હાથ.
દોઆ શાહ ઊપર તેંણે કીધી ઝબર,
તથા આ ઝમાનાની ખુશ ચાલ પર.
જોઈ ખુસરૂએ હાથી પરથી જેવાર,
સેપાહની સફો, માઇલ એની અપાર.
તો કીધી દોઆ, જો પસંદ આવી સખ્ત,
મુંબારક ઝમીંને, ને બેદાર બખ્ત.
પછી ફઓજ જોઈ જુદી રીતે મુંદામ,
જે નાંમેવરો, બખ્તરોના તમામ.
એવી તે સેપાહ! જેથી ગેતીનો માહ,
દીલે ખુશ થતો તે હતો નેંકખાહ.
હતો પૂઠે માંણીતો ફરહાદબી,
જેથી ફઓજ ખુસરોની આબાદબી.
સેપાહનો હતો તે ગોયા પાળનાર,
હરેક જંગમા, હર ઠેકાંણે, અપાર.

૧—કુચના મુલકની,

હતો ઝુંડો સુરત હરણની ઝબર,
હરણનો તે પડતો હતો સાંચો સર.
તે ચાલ્યો ઝેયાંગાર સિંહની સમાન,
કે લઈ મસ્ત હાથી, ને લશકર, નિદાન. ૧૪૬૬
સેપાહોને હાથ તેગ હીન્દી યકીન,
હતાં તુરકી બખ્તરો, સોગાદી ઝીન.
ને શાહઝાદા કોબાદ તુખમી તમામ,
જેપર નુર રબનું, ને માયા, મુદામ.
હતા ચેહેરા સઊના નૂરી માહેતાબ,
અને જંગમા નુરમંદ આફ્તાબ.
જોયો જો નવા બેસનારાને તખ્ત,
તો કીધી દોઆ શાહ નવાને તે વખ્ત.
ગોરાઝેહ, કે જે તુખમએ [1]ગેવગાન,
પૂઠે આવતો ખેસીઓ સંગ નિદાન.
હતી ઝીન ઉપર તેના ચાંચી કમંદ,
થયો ખુશ શહા, તે હતો બહુ પસંદ.
હતો ઝુંડો ડુક્કરની સુરત અપાર,
અને ફઓજ જંગી, કમંદ ફેંકનાર.
તે મયેદાંના મર્દો, ને જંગી સવાર,
દોઆઓ કરી બહુ થયા તે પસાર.
તે દોડતો પુઠે ઝંગએશાવરાન,
કે લઈ સંગ દીલેરો, અને પહલવાન.
હોમાં મુર્ત ઝુંડો તે પુઠે અગર,
જતો, ગોયા કોહ ચાલતો હોય ઝબર. ૧૪૬૭

1—ગેવના ખાન્દાંનતો.

હતા જે કોઈ શેહેરે બગ્દાદના,
તલવારો, નેઝા, સંગ પોલાદના.
થયા તેઓ [1]હોમા નિંચેથી પસાર,
હતો જેનો હાથીની પીઠે સરદાર.
કીધી ઝંગેએ શાહ ઉપર આફ્રીન,
બુલંદી, ને કદ, તેગ, ઉપર નગીન.
પુઠે તેની બાહદૂર ફરામર્ઝ તે,
પ્રતાપી, હતો દબદબા, કદનો જે.
નગારાં, ને હાથી, ને લશ્કર, ઝબર,
તથા પહલવાંનો, દરેક નામવર.
શું ઝાબુલી, કાબુલી, ને કાશમીર,
જે ગેતીને કરનારા રોશન, અમીર.
તેનો ઝુંડો ગોયા દેલાવર પીદર,
તે રૂસતમ! કે પાસે ન કોઈનો ગુઝર.
હતાં સાત માથાં, ગો અઝ્દાહના સર,
છુટી ગોયા આયા હોય ફન્દે ઝબર.
તે આવ્યો, ગોયા હોય ફળનું શજર,
કીધી બહુ દોઆ જેને શાહની ઉપર.
કે જાવીદાં જીવજો તું રોશન રવાન,
તખત, તાજ, કયાંની વિચારે, નિદાન. ૧૪૬૮
શહા જોઈ ફરાંમર્ઝને ખુશ થયો,
ઘણીએક શિખાંમણો દેતો રહયો.
કહયું ખેંચ લશકર, તરફ હીંદોવાન,
અને મુલ્ક ખરગાહ સુધી [2]જાદૂવાન.

[1]—હોમા સુરતના ઝુંડા નિચેથી. [2]—જાદૂગરોનો.

ને ખાલી કનોજ, સિંધ, કશ્મીર, ગર,
રે સરદાર! હીંદી તેગે જેર કર.
તૂરાંની સેપાહના જે ત્યાં કોઇ હોય,
ગમે નાતવાં, યા ઝોરાવરબી કોય.
કરે જંગ તું સંગ જેબી અગર,
તેના ખાકમા નાંખજે સર્વે સર.
મગર બાંધે તું સામે જે નાં કમર,
થવા દેતો ના તેને કોઈ [1]ઝરર.
છે ફરઝંદ રૂસતમે પહેલવાનથી,
તથા ઝાલ, સાંમો, નરીમાનથી.
છે મુલ્કે હીંદુસ્તાંન તારોજ યકીન,
કનોજથી તે છે ઝાલેઝરની ઝમીન.
કબુલ રાખ, શાહી જે આપુ છું હું,
વગર ખ્યાલે કેદેબી લડતો ન તું.
ગરીબોનો વાલી થજે હર મુકામ,
ને સભ્યતા એસીઓ સાથે તમામ. ૧૪૬૯
જોજે ધ્યાંનથી કોણ દોસ્તદાર છે?
અકલમંદ કોણ ગમ ખાનાર છે?
સખાવત ને, દોસ્તીમા, કેહતો ન કાલ,
ખબર શું કે કાલે થશે કેવો હાલ?
જવાનીના ઝોરે નહીં ચાહતો ગંજ,
વગર રંજે કોઇને દેતો ન રંજ.
ન કર ખોટી દુન્યાંનો ઇત્બાર આય,
કબી થાય ધોળી, કબી કાળી થાય.

[1]—નુકસાન.

ઘટેચ કે બુલંદ તું કરી જાય નામ,
નહીં જોય દીલગીરી જગમા તમામ.
જશે મારો, ને તારોબી, દીંન ખાસ,
ફલક ફરતું ગણુશે સદા તારો શ્વાસ.
રેહેવું તનદુરોસ્ત, શાદમાં દીલ, અપાર,
ત્રીજી ચીઝ જોઇયે છે શું, કર વિચાર?
રહો તારેથી પાક યઝદાં ખુશાલ,
થજો શત્રુના દીલ ધુંવાની મીસાલ.
સુની શાહ નવાની શીખાંમણ જેવાર,
થયો તેઝ ઘોડેથી પ્યાદો તેવાર.
દોઆ બહુ દીધી શાહ નવાને ખુશાલ,
કે વધજો નવા ચંદ્રમાની મીસાલ. ૧૪૭૦
ઝમીં ચુમી કીધું નમનબી ઝબર,
ને ચાલ્યો પોતાની તે લાંબી સફર.
બે ફરસંગ ગયો તેંહુમતનબી મગર,
જવે તેના, બન્યું મગ્ઝ બેસબર.
શીખામણુની વાતો કીધી સર બ સર,
કહયું અય દેલાવર પીસર નામવર!
ન દુઃખ કોઇને દેતો કારણુ વગર,
ન થાય એમ કે ખમવું પડે તુને ગર.
ફકત નામ જોજે તું, જાએબી જ્યાં,
મોકળજે તું કાસદો તેઝ, શાહને ત્યાં.
તેની સાથે નરમીથી કરજે સુખન,
કુશીશ, દાદથી, બેકલંક થઈ તદન.

જો નરમીથી થાયે નહીં નેક કામ,
તો સખ્તીથી, તે બાદ જંગથી, તમામ.
દરેક કામના અંતનો કરજે ખ્યાલ,
તપાસજે, અગર નાખે શત્રુઓ જાલ.
રસમથી નવી રીત કરશે અગર,
તો લાઅ્‌નતણી કરશે બધા તારી પર.
જે ચાહુનારા હાદો, તેને દાદ દઈ,
વચનથી ન ફરતો, શીખામણને લઈ. ૧૪૭૧
કરેચ તુંથી નેકી ખુદાવંદ અગર,
તો નેકીજ હર કો,ઇથી તુંબી કર.
ન શત્રુને હલકો, કે નિચો, તું ગણ,
વખત પર બને છે તે અઝદાહા પણ.
રંજ પેહેલાં, ચિંન્ગારી બુજવીલે ખાસ,
જે ગેતીને બાળેચ, ફેલઈ આસપાસ.
નહીં ભેદ ખોલતો, કરી બંધ દર,
ન શત્રુ વિષે ખ્યાલ હલ્કો તું કર.
ફરી બોલ્યો અયે નામવર પહલવાંન!
ખબરદાર, હોશ્યાર, રોશન રવાંન!
ગયા છે કરીને ઝમાનામા નામ,
નેયાંગાનો આપણના એમજ તમામ.
થયો ઝઈફ કેરશાસ્પ જંગી તદન,
ગોરઝ સંગ નરીમાને કીધા સુખન.
ગોરઝને જો કેરશાસ્પ ધરતો હતો,
ન કોઈ જંગ મયદાંથી ફરતો હતો.

સવારી, કે પેદલ, જતો જંગ મેયાન,
મગર સાફ, જંગીથી કરતો મેદાન.
કે રૂમ, હીંદ, ચીનની, લડાઈ લીધી,
તેના જેવી મરદી ન કોઇએ કીધી. ૧૪૭૨
કે જીત્યો તે જ્યાંવેર ગેતીમા અહીં,
નિચે કોઇએ મરદીથી નાંખ્યો નહીં.
પછીથી જો બન્યો પહલવાન સામ,
ઉઠાવી નરીમાને ખુશ દારૂ જામ.
પછી જ્યારે પયેદા થયો ઝાલેઝર,
તો ક્યાંની તખત પાસે બાંધી કમર.
કે જંગથી થયો સામ આસુદે હાલ,
ઝ઼માનાની છે એ મીસાલેની ચાલ.
રેકાબોમાં પગને મેં ધર્યો અગર,
થયો જંગની રંજથી દૂર પીદર.
શું અઝ઼દાહ, કે દેવો, જે સાંમા થતા,
ગોરઝ઼ તેગે, મારી ન છુટતા હતા.
હવે મારો રાહતનો હંગામ છે,
ને શત્રુની જંગે તારૂ કામ છે.
કે આં પાર પડશે અગર તારૂ કામ,
તો પૂગશે આં ફરતાં ફલક સુધી નામ.
શીખાડી મહાપ્રીલ, અક઼લ, ને લડઈ,
સ઼દા શાદ રેહેજે, દોઆ઼ એમ દઈ.

પછી તેઓ છુટા થતાં એક દીગર,
ઘણાં લીધા બોસા સરો, આંખ, પર. ૧૪૭૩

હરેક વાતો રાખી તેની યાદ ગર,
કીધો તે પછીથી સફર તર્ફ ચહર.
ફરાંમર્ઝ ચાલ્યો, ફર્યો બાપ ખાસ,
ને આવ્યો મયદાંનેથી તંબુની પાસ.
આવ્યો છાવણીમાં તે ઠસ્સે ઝબર,
દીલે દર્દ, ભર્યું વિચારોથી સર.
ઝમીન તેને ચુંમી, જઈ તખ્તગાહ,
તેને જોઈને ખુશ થયો પાદશાહ.
આવ્યો જ્યારે રૂસતમ, મંગાવ્યો શરાબ,
ભરી જામબી બુઝર્ગોની શીતાબ.
ને બોલ્યો ખુશી તારો છે યાર બસ,
નહીં કેહેશે કાલે, અકલમંદ શખસ.
કહાં તૂર, સલ્મો, ફરીદુન કયાં?
મળી માટીમાં સઊ ગયા જ્યાંના ત્યાં.
દોડી, રંજથી, ગંજ, પામ્યે છે યાર,
છતાં દીલની ઈચ્છા નથી પડતી પાર.
શેવટતો છે ફાળામા માટીજ યાર,
ને એ દહાડાથી કોઈ નથી છુટનાર.
ગુઝાર્યે સિયાહ રાત જાંમે શરાબ,
દીવસ ભરશે માપેલાં પગલાં શીતાબ. ૧૪૭૪
ત્યારે તુસને કેહ્યું ખેંચે કરનાય,
નગારાં, ને રણસિંગો, ડંકા ઝડાય.
કદમ તેઓ, તૂરાં ઝમીને ભરે,
વિરાં ચિન, માહુચિન, ઝમીનો કરે.

ને જોશું લંબાવે છે આંસમાન દસ્ત,
કે જંગમા તરફ કોણુની માયાનો મસ્ત?
થશે યાર ગેતીનો ખાવીંદ અગર,
કીનો લેશું શમશીરે શત્રુઓ પર.
કુશીશ કરશું, પણુ તે કુશીશે શું થાય?
થવાનું થયું, ને થશે તેજ આય.
બદી, નેકી, તેથી થશે દમ બ દમ,
અક્લમંદ નર તેનો ખાશે શું ગ્મ?
શીખામણ સમજ મારી અયે પીલતન!
ન કેહેતો કે હુંજ છું સરે અંજુમન.
થયો હોય કોઈ જંગી બાહદુર શાહ,
તો દુશમનને સોંપે નહીં તે સેપાહ.
થશે તારાં લશકરથી મઝબુત જે,
તુંથી ઝોર પાંમી, થશે તુંદ તે.
કીનાથી તારાં કરશે પાપણો તર,
ન કરશે જેનો ચારો વઈદો મગર. ૧૪૭૫
બુઝર્ગોની અવલાદનોબી હશે,
તે મોટાઈ ખોશે, બુલંદ તે થશે.
પડે થવું તાબે, જો મરઝી સિવાય,
તો વાતોબી તેનીજ મરઝીની થાય.
એવાને જો સમજે શહા દોસ્તદાર,
ન હોય તેનું દીલ અક્લથી સજ લગાર.
ફલક તેને આપે નિરાસી અગર,
કરે ના દોઆ તે ઊપર પૂર મહર.

ન દીલથી ભલાઈ કરે તે ઊપર,
તો દીલ તેનું તુટે છે ઈચ્છા વગર.

જનમથીજ જે કોઇને અકકલ ન હોય,
ન કહે તેને ઈન્સાં, જો હોય દાંના કોય.

સમજશે જો તું દાસ્તાં આ તમામ,
તો જોશે, બુરી બો પુગીચ કયાં મુદામ?

કયખુસરૂનું તુસને તુરાનીઓની લડાઇમાં મોકળવું.

બુલંદી જો ખુરશીદે બતલાવી ગર,
ને બેઠો જગાએ તખતની ઊપર.

અને આવ્યો તે મેષ રાસી મેયાન,
ગોયા દારૂ પીલો, બની ગઈ જેહાન.

ઠોકાયાં નગારાંઓ દરગાહે તુસ,
થયો શોર રણુસિંગનો, વાગાં કુસ. ૧૪૭૬

થયો જંગનો હર મુલકમાં પુકાર,
હુવા બોલતી થઈ, ઝમીં **જોશદાર.**

ઘોડાઓના સાદે, બ્યુગલથી સેપાહ,
ભુલ્યો માહાબોખતાર **આંસ્માને રાહ.**

હથ્યારોનાં આવાઝો, હાથીની ધુમ,
ગોયા [1]નીલમાં થઈ ગઈ ગેતી ગુમ.
હવા કાળી, પીળી, બલુ, લાલ, જે,
બની નુરી કાવેયાંની ઝુંડાથી તે.
સવારો હતા ફર્તા ગુદર્ઝેયાન,
ને ઝુંડો હતો વચ્ચો વચ કાવેયાન.
કરનાયો, ગોરઅ, સાથ શાહ તાજવર,
આવ્યો શાહી તંબુના દર્વાઝા પર.
આવ્યો લઈ તે કાવ્યાની ઝુંડાને તુસ,
ઝરીના જોડા પેહડી પગમાં ખસુસ.
બુઝર્ગોળી સાંકળ, અને તાજદાર,
હતા તુખ્મે નવદર જેઓ નામદાર.
સેપાહની હરોળથી ગયા તે તમામ,
શીતાબીથી શાહ પાસ દોડી સુંદામ.
શુરૂમાં ઝરસ્પ દેલાવર જવાન,
હતો ફ્ઓજમાં જે નવો પહુલવાન. ૧૪૭૭
હતો ઝુંડો હાથી સુરત જેની પાસ,
હતું સર ઝરીન જેનું વાદળે ખાસ.
ગયા સઊ, ગોયા પાહાડ કાળો બુલંદ,
જણાયા ન ખુરશીદ, માહ, નુરમંદ.
સેપાહ જ્યારે આવી તે કુલ, શાહ પાસ,
ધરી ઝુંડો, કોલાહ, અને દોડી ખાસ.
ફરમાવ્યું, જેથી નાંમી પહુલવાનો ખાસ,
ચુંટી ફ્ઓજથી લાયો તુસ શાહ પાસ.

૧—નાઇલ નદીમાં.

કહ્યું એમ હોશ્યાર શાહે તેવાર,
સેપાહનો છે સરદાર તુસ નામદાર.
છે કાવ્યાની ઝુંડો તે પાસે અગર,
કમર બાંધી તેના હુકમની ઊપર.–
અને માણજો તેનાં હુકમો તમામ,
તેનાથીજ ખુલશે આં બંધો મુંદામ.
દીધી મોહોર લશકરની સાંમે નિદાન,
કે સરદાર છે એ, અને આગેવાન.
બીજું એમ કહ્યું તુસને, નાંમદાર!
કહુ બોધ એક રાખજે યાદગાર.
તુને ચાલવું મુંજ હુકમથી તદન,
ન ફરવું, દીધું છે મને જો વચન. ૧૪૭૮
કે રાહમા, તું દુઃખ કોઇને દેતો નહી,
છે ધારો, કોલાહ, તખ્તનો, મુંજ સહી.
કે ખેડુત યા વેપારી માણસ અગર,
જે કોઈ કે લડાઇમા ન બાંધે કમર.
ન થાય એમ! હવાબી તેને લાગી જાય,
ન લડતો તું તારા હરીફો સિવાય.
દુઃખી કરવો કોઈ બેખતાને નહી,
ન કોઈ સાથ ત્રણ પાંચની ગેતી રહી.
કહ્યું તુસને કે અરે! અકલવર,
કહુ છું તેંમજ ચાલજે તુ મગર.
દીલેરોનાં દીલને ગરમ રાખજે,
ને સર્વેથી વાંતો નરમ રાખજે.

અફ્રાસ્યાબ ઝુલ્મીની બુન્યાદે આય,
ન થાય એમ, ધરાયલો ફરી તરસો થાય!
જતો ના તું કોઇ રીતે થઇને કલાત,
જશે જો તે રાહે, થશે બુરી વાત.
કે રહે છે ફરૂદ ત્યાંજ માંદરની પાસ,
સેપાહુબી છે સાથે દીલેરોની ખાસ.
રવાંને સિયાવક્ષ, ખુરશીદ થજો,
જગા પેલી જગમા પુરઉમીદ થજો. ૧૪૭૯
પીરાંની છે બેટીથી જેનો પીસર,
થયો છે જે પયેદા મીસાલે પીદર.
તે છે મારો ભાઇબી મારી સમાન,
છે મુંજ ઊમ્રનો ભાગ્યશાળી જવાન.
કલાતમાજ રહે છે તે માંદરથી હાલ,
સેપાહ, દબદબા, સાથનો શાહુ ખુશાલ.
નથી જાણતો કોઇનું ઇરાંમા નામ,
ફેરવતો નહીં તે તરફ તું લગામ.
સેપાહુબી છે, જંગનાબી છે નાંમદાર,
છે રાહુમાબી કોહ તંગ મુશ્કીલ અપાર.
તે છે મર્દ જંગી લડાયેક સવાર,
બુઝરગી તુખમનો તને નામદાર.
જજે થઈ બેયાબાંનની રાહુ સખ્ત,
નથી નેંક છંછેરવો સિંહુનો દસ્ત.
કહયું તુસે તે બાદ, શાહુને તેવાર,
ઝમાનો છે તુજ અકલથી તાબેદાર.

જવશ ત્યાંથી, જ્યાંથી હુકમ તારો થાય,
નથી તુજ હુકમથી ભલાઈ સિવાય.
ગયો તુર્ત સરદાર, ને આયો શાહ,
તખત પાસ, લઈ રૂસ્તમે નેકખાહ. ૧૪૮૦
કીધી એક માહુફીલ લઈ પીલતન,
દીલેર, દાનાઓ, ખુસરૂએ પાકતન.
કીધી વાતો અફ્રાસેયાબની ઘણી,
દુઃખી દીલ તણી, બાપના રંજ તણી.
તથા પાક માદરને દુઃખ જે દીધું,
કે બદ ઝુલ્મગારે શું હમથી કીધું?
મને તુચ્છ ગોવાલ્યાને દીધો નિદાન,
કે જાણે ન કોઇ મારૂ નામો નિશાન.
વળી ગેવ લાવતો હતો મુજને રાહ,
કે આવ્યો પૂઠે દોડી લઈને સેપાહ.
તબાહ કરવા મુજને ને મા ને થયો,
નિગેહબાં ખુદા દાદગર થઇ ગયો.
કીના દર્દથી રંજ જોયો અપાર,
ન હોતી દોઆ તે ઊપર કોઇ વાર.
જહાં તક છે મારે બદન હોશ આય,
ફરૂ હું કીનાથી, રવા ના ગણાય.
મોકળ્યા છે હમણાં તો તુસ ને સેપાહ,
પછી હું અને તું ગુઝારીશું રાહ.
જેહાં તંગ કરશું બુરાઓ ઊપર,
ને પત્થર તળે લાવીશું હાથ સર. ૧૪૮૧

કહયું રૂસતમે ગમ ન કર તું મુદામ,
મુરાદો પૂરી કરશે ગેતી તમાસ.
હવે પેલી બાજુથી તૂસ ને સેપાહ–
હતા ચાલતા, જ્યાંથી આવી બે રાહ.
એક તર્ફ વન, દંવ, ને પાણી વગર,
જેરમથી કલાતની હતી રાહ દીગર.
થોડી ફ્ઓજ ચાલતીતી આગળ શીતાબ,
લડાયેક હાથીઓ સાથે અસબાબ.
ઊભા તેઓ લઈ સાથ હાથી ને કુસ,
કે એટલાંમા આવે હયાં સરદાર તુસ.
પસંદ કેઈ કરે છે તે બેમાથી રાહ!
કે લે તેના હોકમ મુંજબ રાહ સેપાહ.
આવ્યો ધીરે રહી તૂસ જંગીઓ પાસ,
વિનાં જળ, ગરમ, રાહની થઈ વાત ખાસ.
કહયું ગુ,દરઝને કે સુકું આં વન,
દે ધુળ બદલે કસ્તુરી અંબર તદન.
તોબી જો જશું સખ્ત ને રાહ દૂર,
તો આરામ પાણીની પડશે ઝરૂર.
ભલું એ કે થઈને કલાતે, [1]જેરમ,—
થી, કર્યે સફરનો ઊતારો [2]મયમ. ૧૪૮૨
છે જળ વેંહતાં, આબાદીબી, ઠામેઠામ,
બેયાબાંમા જીવ દુઃખી કર્યે શું કામ?
ગયો હું હતો રાહોથી એ પ્રથમ,
સેપાહનો હતો રાહાબર ગઝદેહમ.

25 ૧—૨—શહરના નામ.

ન જોઈ રાહા લાંબી એવી પૂર સિતમ,
મગર છે ચઢાણો ને ઊતરાંણ કમ.
ભલું કે ચલાવ્યે સેપાહ એજ ઠામ,
બેયાબાંનો ફરસંગો કાપ્યે શું કામ?
કહયું ગોદરેઝે, કે શાહે બુલંદ—
જેને તુને કીધો સેપાહ પર પસંદ.
ચલાવ ફોજ જે રાહ કહી હોય મુંદામ,
સફરનું સેપાહ પર ન કર ભારી કામ.
ફેરવ શાહની વાતે નહીં સર લગાર,
ન થાય એમ કે લશ્કર બને જેથી ખ્વાર.
કહયું તુસે અયે પહલવાં નામેવર!
દીલે એની દહેશત ઝરાબી ન કર.
થશે શાહનું દીલ નાં એવાતે ગરમ,
ઘટેચ કે કરે તું નહીં જેનો ગમ.
થયા એક મત સઉ જણાં એ ઉપર,
જે નવદરનાં તુસે કહયું તે ઉપર. ૧૪૮૩
ચલાવ્યા તે રસ્તેથી હાથી ને કુસ,
વિચારો ને ફરમાને સરદાર તુસ.
ગયો ફોજ તે રાહથી સરદાર લઈ,
દીવસની ન રોશની જેનાથી જણઈ.
કલાતની તેઓ આવી લાગ્યા જો રાહ,
કે લઈ આંડો ને ખવળો રસ્તો સેપાહ.
ઊજડ કરતો જગ્યા, ને બાળતો શહર,
તે પગ ધરતો જેબી જગાની ઉપર.

જો માન્યું ન ખુસરૂનું કહેલું નિદાન,
તો જો કેવું આખરે ઉઠયું તુફાન?

ફરૂદનું ઇરાની લશકરના આવવાથી વાકેફ થવું અને તેનું તોખારની સાથ તેઓને જોવા માટે જવું.

હવે ગઇ ફરૂદની જો પાસે ખબર,
કે ઝાંખો થયો નૂરી ખુરશીદ ચહર.

ઊંટો હાથીનાં પગની ગર્દે મુદામ,
ઝમીન થઇ ગોયા નીલ દર્યો તમામ.

કે ભાઇનું લશ્કર ઝમીને ઇરાન—
થી, જાએ છે કીનાને માટે તુરાન.

સિયાવક્ષનાં કીનામાં લશ્કર ઝબર,
મોકલ્યું છે આપીને સંગ કીનાવર.

સવારોની બુમ, પ્યાદાઓના પુકાર,—
થી પાહાડોના પત્થરબી ફાટયા અપાર. ૧૪૮૪

લડાયક હરેક ને હરેક કીનાવર,
કીધાચ હાત લાંબા લડઇમા ઝબર.

ગોયા જોશમા આવ્યો દર્યો આબાદ,
ને પેહડ્યાં છે મોઝાએ બખ્તર પોલાદ.
કલાત થઇ જવા ચાહે છે જે મગર,
લડઈ કયાં થશે તે મને નહીં ખબર.
જવાંન, બીન અનુભવનો, સમજી રહયો,
દીલે દર્દમંદ ને સિયાહ જીવ થયો.
નિંચે આવ્યો કીલ્લાથી નાંખીને બંદ,
નિગાહ કીધી કોહ ઉપર આવી બુલંદ.
પછી તેને ફરમાવ્યું જેથી દરેક,
કે ઊંટો ને ગોરપંદના ટોળાંઓ છેક.
ઘેરી તેમને બાંધ્યાં તબેલે તમામ,
ન કંઈ રાખ્યું જંગલ કે પાહાડે મુદામ.
સેપદ પાહાડને રસ્તે તેંમને તમામ,
કે બાંધીને [1]અમબુહ મોકલ્યાં મુદામ.
આવી પાછો કીલ્લાનો બંધ કીધો દર,
ને બેઠો શીતાબ ચાલ ઘોડા ઉપર.
નગારાંના શોર ઉઠયા શેહેરે મયમ,
ઉઠી ગર્દ કાળીબી શેહેરે જેરમ. ૧૪૮૫
જરીરેહે જોયું તે કીલ્લાને બાંમ,
તો ધુંજયું સેપાહના ડરે દીલ તમામ.
જરીરેહ ફરૂદની હતી માં મગર,
તેનું બળતું સ્યાવક્ષના ગમથી જીગર.
ફરૂદ તે જવાં, આવ્યો માદરની પાસ,
ને બોલ્યો ઓ બાંનુઓની બાંનુ ખાસ !

[1]—શહરનું નામ.

ઇરાંથી સેપાહ, સંગ હાથી ને કુસ,
દીલેરોની આગળ છે સરદાર તુસ.

તું શું કહે છે કરવું હવે જોઇયે કેમ?
કરે તેઓ હુમ્લો, નહીં થાય એમ!

તો બોલી જરીરેહ કે અય જંગી ખાસ!
કદી હોતી નાં તુંને એ દીનની આસ!

નવો, તુજ બીરાદર છે શાહે ઇરાન,
શહનશાહ તે કયખુસરો છે બુદ્ધીવાન.

પિછાણે છે તે તુને નામે નિશાન,
પિદર એક અને લોહી એક બેગુમાન.

કે ખુસરૂ તારો જગમાં ચાહનાર છે,
લીધે સિયાવક્ષને, બધા યાર છે.

નથી તુર્કોમાં કોઈ મારા સિવાય,
કે શમશીરોથી તેઓ સાંમા ન થાય. ૧૪૮૬

તે નૂરમંદ સ્યાવક્ષનું હોજો રવાંન!
મળો જેને નેકીમા રબનું ફરમાન!

હતો શાહ ન ગેતીમાં તેનાં પ્રમાણ!
છે ઠીકજ! જમાનો કરે જો વખાણ!

આપી તેને પીરાંને મુંજને અગર,
ન તો તુરકીમા સ્ત્રી ન પણુતે દીગર.

કે બુન્યાદ તુજ, માદરે ને પીદર,
છે કુલ પાદશાહી ને કુલ નામેવર.

કીનો લેવા ભાઈ નિકળ્યો નિદાન,
ને સ્યાવક્ષનું ધોવાને માંગેચ રવાન.

તુંબી પેહેડી લે રૂમી બખ્તર તેવાર,
ને શોર ભર્યે સર, થા દીલે જુસ્સાદાર.
તે ચાહે છે કીનો મમાવા ઊપર,
ઘટેચ તુનેબી કીનો, બાંહાના વગર.
આગળ તારે દોડવું કીનામાં ઝબર,
ને બાંધવો કમરબંદ કમરની ઊપર.
તું જા ભાઇની ફ્રુઓજ પાસે મગર,
નવો શાહ! તો થા તું નવો કીનાવર.
કે ગમમા એ ચિત્તાબી મારેચ પુકાર,
મગર આવેચ દર્યાથી રડતાં બાહાર. ૧૪૮૭
કે પાણીમા મચ્છી, ને પક્ષી ઝબર,
જે નાંખે છે લાઅ્‌નત અફ્રાસ્યાબ પર.
સિયાવક્ષ જેવો આં ગેતી અંદર,
ન એકબી શહા બાંધી શકશે કમર.
શું મર્દી, દીલેરી, નસીબ, ને બુન્યાદ,
શું મર્તબો, કીર્તિ, શું ડાહપણ, ને દાદ.
છે જગ નામી સરદારનો તું પીસર,
છે કયાંની તુખમનો, ને કયાંની ચહર.
પીદરને કીને જોઇયે કસવી કમર,
દેખાડવાં ઘટે છે તુખમ ને ગોહર.
ચુંટી કાઢ ડાહયો શખસ હોય કોય,
સુખનનો કેહનારો ને સુનનારો હોય.
ને જો કે સેપાહનો છે સરદાર કોણ?
ને સરદારોમા નામ બરદાર કોણ?

તું જા ત્યાં ને ગર્દનકશોને બોલાવ,
શરાબો, પોશાકો, ને ખાનું, અપાવ.
સેપાહના દીનારોથી દીલ ખુશ કર,
અને ખુશ રવાંને સેયાવુશ કર.
તે શાહનાં દીલેરોને બક્ષીસ કર,
તેની રાહથી પાછો કદી તું ન ફર. ૧૪૮૮
લગામો ઝરીન દે તું સરદારો કાજ,
નવી રીતના પેહરન, કમરબંદ, ને તાજ.
અને તેગ, ટોપો, ને પાખર, મુદામ,
તથા હીંદી ખંજરો બખ્તર તમામ.
છે ભાઈ તારો, જગમા ખઝાના સમાન,
શું કીનો લેશે કોઇ પરાયો નિદાન?
થા આ વખ્ત સરદાર ફઓજી અગર,
તે શાહ છે નવો, તું નવો કીનાવર.
ફરૂદ તે પછી બોલ્યો માદરની પાસ,
અવલ કોંણ સાથે કરૂ વાત ખાસ.
કારણ મુજ મદદગાર કોઈ મર્દ થાય,
લડાઇને દીન સરફરાઝોમા આય.
નથી જાંણતો તેઓમા કોઇનું નામ,
રવાંના કરૂ કેમ દોઆ ને પેગામ?
જરીરેહ બોલી જંગી બેટાની પાસ,
જુવે દૂરથી ગર્દ લશ્કરની ખાસ.
તો જોજે સવારો દીલેરો મેયાન,
શું બેહરામ યા ઝંગએશાવરાન.

તું શોધજે દીલેરો આ બેને મગર,
ન ભેદ છે છુપો આંપણો તેઓ પર. ૧૪૮૯

તારૂ સર અને નામ રહો જાવેદાન
ને રોશન થજો સિયાવક્ષનું રવાન!
કદી જે જુદો તેઓથી ના થતો,
અમીર તે હુતા, ને શહા તે હુતો.
તું જા ફરોજ વિન સાથ લઇને [1]તોખાર,
ન મુંજ વાતે કરતો દીલે તીરસકાર.
તું પૂછશે દીલેરો અને પહલવાન,
દેશાવર તોખારે તે દેશે નિશાન.
પિછાણે છે નાના ને મોટાં નિદાન,
સેપાહ ને સરદારોની દેશે નિશાન.
પછી બોલ્યો તે કે અરે બાંનું નેક!
કે ઝળકે છે તુજ બુદ્ધી ટોળામા છેક!
આવ્યો ચોકીએથી પછી ચોકીબાન,
ઇરાંની સેપાહનું કીધું જેને બ્યાન.
સેપાહથી છે જંગલ, ને કોહ, ખાઈ, પૂર,
ગેયા બંધમા પડયો ખુરશીદ ઝરૂર.
તે કીલ્લાનાં દરથી તે કોહની લંબઇ,
દીલેર નરો, હાથી, ને ઝુંડે ભરઈ.
જેવારે કે બોલી રહયો ચોકીદાર,
કે સરદાર દોડયો જગાથી તેવાર. ૧૪૯૦

ફરૂદ ને તોખાર ત્યાંથી દોડયા તે વખ્ત,
બુલંદ જાાંનનું તે થયું ઊંધુ બખ્ત.

૧—એ નામનો તુર્કી પહલવાંન.

બુલંદ આંસમાં થાય વાંકુ તમામ,
તો નરમી કે ગરમીબી આવે ન કામ.
જવાંનીમા જીવથી જવાનો જે હોય,
બુઢાપો તે આવેલો કેઈ રીતે જોય?
કીધી ટોંચ એક ઊંચા કોહની પસંદ,
દેખાતી જ્યાં ફ્રૌજે ઇરાં કુલ બુલંદ.
અજબ થઈ ગયા તે ફરૂદ ને તોખાર,
એવું જોઈ લશ્કર, ને જંગના હથ્યાર.
કહયું તેને વિશ્વાસુ તોખારને,
છુપાવતો ના પૂછું જે ગુફ્તારને?
અમીર, યાકે ઝુંડો ઊઠાવનાર કોઈ,
ઝરીના જોડાનો, ગોરઝદાર કોઈ.
મને નામ કેહુજે તું જોએ અગર,
ને જાણે ઇરાં ફોજમાં કોઈ ચહર.
આવ્યા સઉ દીલેરો બે પાહાડો મેયાન,
તથા ટોળેટોળાં સેપાહ બે ગુમાન.
ઝરી ટોપ, ઢાલો ઝરીની, યક઼ીન,
ગુરઝબી ઝરીના, કમરબંદ ઝરીન. ૧૪૯૧
જાણે ખાંણોમા ના રહયું બાક઼ી ઝર,
ગો વાદળે આવી વર્સાવ્યાં ગોહર.
કમરબંદ સુંનેરીના, પેદલ, સવાર,—
થી પાહાડોની ટોંચોબી ઝળકી અપાર.
નગારાંના શોરે બે પાહાડો મેયાન,
ધ્રુંજ્યાં દીલ હવામાં ગ઼ીધોના નિદાન.

તે સરદાર, શમશીરકશ ત્રીસ હઝાર,
જતો લઈ દીલેર, જંગ માટે જેવાર.
અજબ થઈ ગયા તે ફરૂદ ને તેઃખાર,
એવું જોઈ લશ્કર, ને જંગના હથ્યાર.
તોખારેએ જોયું તે લશ્કર તમામ,
કેહવા લાગો શાહઝાદાને તે મુંદામ.
ને બોલ્યો તેવારે તે દાંના તોખાર,
છુપી વાત તુંપર કરૂચ આશકાર.
તું જો હાથી સુરત ને ઝુંડો અગર,
સવારો, ને આંસ્માની તેગો, ઝબર.
દેલાવર છે સરદાર તુસનું તમામ,
બુરી જંગ છે તેની કીનાને ધામ.
તેની પૂઠે છે એક ઝુંડો દીગર,
ઝળકતા સુરજની સુરત જે ઊપર. ૧૪૯૨
તે કાકો, મુરાદ દબદબાનો તમામ,
છે અફસર ફરીબોર્ઝ કાઊસ નામ.
બુલંદ ઝુંડો માહતાબી તે બાદ જે,
ઘણાં જંગી પહલવાંનો બાહદૂર છે.
છે ગઝદમનો ગોસ્તમ કરી જેનું નામ,
જેનાથી ધ્રુંજેચ હાડ઼ સિંહના તમામ.
પૂઠે ઝુંડો લાંબો વરૂનો છે ખાસ,
લડાયક સેપાહ છે જેની આસપાસ.
જેની નિચે છે ઝંગએશાવરાન,
દેલાવર જેના બાહદૂરો પહલવાન.

જેની પૂઠે ઝુંડો છે સુરતે માહ,
ઝર્મી લાલ, ઝાલર [1]ગો મુશ્કે સિયાહ.
કે છે તે તો બેઝને ગેવનો મગર,
ઉડારે છે લોહીને જે આંસ્માન પર.
તે ઝુંડો, કે જેપર સુરત છે બબર,
ને તોડી જે નાંખે છે સિંહની કમર.
ધરાવે છે પહલવાન શીદુશ તે,
ઉઠાવે છે જગ્યાથી કોહનેબી જે.
ને ઝુંડો પછી ભુન સુરત જણાયચ,
ફલક ગોયા કાતરમાં લેવા ચહાયચ. ૧૪૯૩
તે બાહદુર પહલવાં ગોરાઝે છે નામ,
ગણેચ ખેલ, સિંહની લડાઇ તમામ.
પછી ઝુંડો ગોધા સુરતનો અપાર,
છે નામદારો આગળ, ને પૂઠે સવાર.
દીલેરોનો ચુંટેલો નામી ફરહાદ,
છે કદ જેનું ગો આંસમાને આબાદ.
વરૂની સુરત પેલો ઝુંડો નિદાન,
છે સરદાર ગેવ દેલાવરની નિશાન.
તે સિંહ મુર્ત ઝુંડો ઝરીનો ઝબર,
છે કશવાદી ગોદર્ઝના સર ઊપર.
પછી ઝુંડો ચિત્તા સુરતનો તમામ,
મુરાદમંદ રીવનીઝનો છે મુદામ.
પેલો ઝુંડો હિરણના આકારનો,
છે નસ્તુહે ગોદર્ઝ સેપેહદારનો.

૧—કાળી કસ્તરી જેવી.

પેલો ઝુંડો મેંઢાં શીકળ નાંમનો,
છે ગોદર્ઝે કશ્વાદના બેહુરાંમનો.
છે ઝુંડો ગરૂદ તેઝ પંજાનો બસ,
ઝુબીન પૂઠે ચાલે છે જંગને દીવસ.
છે કુલ શેર મર્દો, દીલેરો, સવાર,
એકક માટે કહું, થાય લાંબુ અપાર. ૧૪૯૪
નિશાન આપી સર્વે દીલેરોની ખાસ,
કે શાહોનાં શાહા, ફરૂદની તે પાસ.
જોયા સર્વે નાના ને મોટા અગર,
થયું દીલ ખુશી ભર્યું ખીલ્યો ચહુર.
કહયું ગેતીનાં શાહે તોખારે પાસ,
કીનો લઈશ હવેતો પીદરનો હું ખાસ.
જો ખુરશીદનો સાહેબ મદગાર થાય,
તો લેવશ કીનો મારાં કૌવતે આય.
ન છોડ્શ મહાચીન ચીનમાં સવાર,
કીનાની લડાઈ લડ્શ હું જે વાર.
મગર અઝદહાઓને લાવી ચુંગાલ,
કરશ તેઓના તખ્તને પાયમાલ.
અફ્રાસ્યાબ જંગી પેલો બુરાં બખ્ત,
કરશ તેના તારાજ હું તાજ તખ્ત.
ને કાપશ પીદરના કીનામાં હું સર,
તેના મુલ્ક વીરાં કરશ **સર બ** સર.
આં બળથી ખુદાવંદ યઝદાંનના,
તથા તાજે કાઊસ **મહરબાં**નના.

કે લેવશ હું કીનો પીદરનો તે સખ્ત,
તળે પગની લાવશ તેઓના હું તખ્ત. ૧૪૯૫

ઈરાંનીઓએ પાહાડ ઊપર જેવાર,
કે જોયા એકાએક ફ્રૂદ ને તોખાર.
થયો ત્યારે ગુસ્સે તે સરદાર તુસ;
શોભાવ્યા તેને ત્યાંજ હાથી ને કુસ.
ને બોલ્યો કે લશ્કરથી કોઈ નાંમદાર,
અનૂભવ ધરાવનાર જોઈયે સવાર.
કે જે જોશ કરતો સેપાહમાથી આય,
તૂરત દોડીને પાહાડની ટોંચે જાય?
અને જુએ, છે કોંણ બેહુ નામવર?
ઉભાય તુંદીથી કેમ બુલંદી ઉપર?
જો આપણાંજ લશ્કરના હોય અગર,
તો ચાબુકો મારો બસો તે ઉપર.
ને લડનારા જો હોય સાંમા અગર,
તો લાવે હયાં ખેંચીને બાંધી ઝબર.
અગર તેમ કરતાં જો માર્યાબી જાય,
તોબી લાવે અત્રે, ન ડર કોઈનો ખાય.
અગર હોય જાસુસોબી તેઓ કોય,
છુપી ગણતીબી ફૂઓજની કરતા હોય.
તો ટુકડાઓ ત્યાં તેઓના બે કરે,
ને પાહાડેથી ગબડાવી પાછા ફરે. ૧૪૯૬

કમીગાહમાં જો હોય છુપી સેપાહ,
રજળતા તેમાના તેઓ હોય રાહ.

તો આવી શીતાબીથી આપે ખબર,
કે ખાલી કરૂ મુલ્ક તેથી ઝબર.
કહે તુસને ગોદરઝનો બેહરામ,
કે છુપું ન આપણાથી રેહશે એ કામ.
હું જઇને બજાવશ એ કહેલું દરેક,
ચઢશ પાહાડની આંય ટોંચે હું છેક.

બેહરામનું ફરૂદને જોવા માટે જવું અને તેનો પયગામ તુસને પોંહચાડવો.

પડયો ઘોડો ડપટાવી લશકરથી બાહાર,
ને ચાલ્યો તે કોહ તર્ફ કરતો વિચાર.
કહ્યું નામદારે તોખારેને એમ,
આ છે કોણ? તુંન્દીથી આવે છે કેમ?
નથી કાંઈ આપણને ગણતો મગર?
તે તુંન્દીથી આવેચ ચઢાણો ઊપર?
જે રાંન નિચે રાખે છે ઘોડો બુલંદ,
ને બાંધીચ શીકારબંદ ઊપર કમંદ.
ફરૂદને કહે એમ સલાહકાર તે,
નફો ના થશે એને તુંન્દીથી એ.

હું નહીં જાણતો એનું નામો નિશાંન,
મગર ધારૂ છું કોઈ ગોદર્ઝીયાંન. ૧૪૯૭
ગયો ઇરાં ખુસરૂ તુરાંથી જેવાર,
કોલાહ એક શાહની ગુમઇલી તેવાર.
હું ધારૂ છું કે તેજ છે એને સર,
ને બખ્તરબી શાહી છે તેના ઊપર.
કે ગુદર્ઝી રાખેલ ઝરૂર ખાંનદાન,
ખોલી લબ ને જોઇયે પૂછી તેને બ્યાન.
આવ્યો જ્યારે બેહરામ તે ટોંચ પાસ,
પુકાર્યો ગો વાદળ ગરજતુજ ખાસ.
કહયું કોણ છે મર્દ આં પાહાડ પર?
શું જોતો નથી આય લશ્કર ઝબર?
સમજતો નથી શોર કુસનો ઝબર?
નથી દાંના સરદાર તુસનોબી ડર?
જવાબ એમ દીધો ફરૂદે, અગર,—
ન જોઇ હયાંથી તુંન્દી, તો તુંન્દી ન કર.
તું બોલ નર્મીથી મર્દ જંગી શીતાબ,
કઠોર વાતે હોઠોને કર નાં ખરાબ.
ન હું [1]ગોર વનનું, કે તું શેરે જંગ,
ન એ રીતે ચાલવું ઘટે હમો સંગ.
ન મુંજથી વધુ છે તું કોઈ વાતમાં,
દીલેરીમા, મરદીમા, તાકાતમાં. ૧૪૯૮
પગો, હાથ, દીલ, મગ્ઝ, માથું, ને ધ્યાંન,
તથા આંખ, કાનો, ને બોલતી ઝબાન.

[1]—ગોરખર.

તો જો તે બધું છે મનેબી આ વખ્ત,
અગર છેજ! તો ખેંચ ધંમકીનો દસ્ત.
દીયે જવાબ તો તુને પૂછું મગર,
થવશ ખુશ, દેશે સલાહ નેંક અગર.
તો બેહરામ બોલ્યો, કહી દે યકીન!
તું છે આસમાને, અને હું ઝમીન!
તો બોલ્યો ફરૂદ કોણ સરદાર છે?
ને શા માટે લડવાનો વિચાર છે?
તો બેહરામ બોલ્યો છે સરદાર તુસ,
જે રાખે છે કાવેયાંની ઝુંડો ને કુસ.
છે ગોદર્ઝ, રોહામ, ગેવે દીલેર,
ને ફરહાદ, ગુરગીન, ને શીદ્ધશ, શેર.
ને ગઝદમનો ગોસ્તેમ, દીલેરો, દરેક,
ગોરાઝેહ, દીલેરોનો સરદાર છેક.
ફરીબોર્ઝ, બેઝનબી છે શેરે નર,
ને અશકશ, લડાઇનું વાદળ ઝબર.
તથા એ સીવા નામી કુલ પહલવાંન,
અને નામેવર ઝંગએશાવરાંન. ૧૪૯૯

કહયું, ત્યારે શા માટે બેહરામનું નામ,—
ન બોલ્યો, ને રાખ્યું અધુરૂ આ કામ?
[1]ગુદર્ઝીમાં હમ છીયે તેનાથી શાદ,
ન કેમ તેને હોટોથી કીધો તેં યાદ?

કહયું ત્યારે બેહરામે અય શેરે નર!
કીધી કોણે બેહરામ માટે ખબર?

[1]—ગોદરેજના ખાનદાંનમાં.

ફરૂદે તેને દીધો પાછો જવાબ,
કે સમજી છે એ વાત માંથી શીતાબ.
કહયુંચ કે સેપાહ આવે પાસે તમામ,
તો જઈ સાંમો પૂછજે તું બેહરામ નામ.
બીજો નામેવર તે દીલેરો મેયાંન,
જેનું નામ છે ઝંગએશાવરાંન.
પિદરના છે દુધભાઈ તેઓ મગર,
ઘટેચ કે તું કાઢે તેઓની ખબર.
તો બેહરામ બોલ્યો ઓ નેંકબખ્ત શું!
કે ફળ પેલાં શાહી શજરનું છે તું?
સિયાવક્ષ, કે જે મુવોચ બેગુનાહ,
દીલે ગ઼મગીં છે જેથી ઇરાં સેપાહ.
ફરૂદ તુજ! અય શાહરયારે જવાંન!
રહો જીવે રોશન, જીવો જાવીદાંન! ૧૫૦૦
કહયું તેંણે હા છું ફરૂદ રાસ્ત હું,
પડેલાં સરવની ઉગી ડાળ છું.
તો બેહરામ બોલ્યો બદન તુજ બતાવ,
નિશાંની સિયાવક્ષની મુજને જણાવ.
કે ચીની ચીતારાબી એવો ચીતાર,
ચીતારી ન શકતા ઝ઼મીને લગાર.
ફરૂદે બેરાંમને બતાવી નિશાન,
ગોયા ગુલ ઊપર અમબરી તલ નિદાન.
તો જાણ્યું કે તોખંમથી કોબાદ છે,
ધરાવે છે સ્યાવક્ષની બુન્યાદ જે.

નમીને કીધી બહુ દોઆ તે ઊપર,
ને આવ્યો ચઢીને ચઢાણે ઝબર.
નિચે આવ્યો ઘોડેથી શાહાણી જવાન,
કે પત્થર ઊપર બેઠો રોશન રવાન.
ને કહે, એ સરઅફ્રાઝ બેહરામ નર!
જેહાંજોય, સિંહુ જંગના, અકલવર!
કે જીવતો હું જોતે બે આંખે પીદર,
તોબી ના થતે ખુશ એટલો અગર.
કે જોયો તુને ખુશ, રોશન રવાન,
હુનરમંદ, ચાલાક દીલ, પહલવાન. ૧૫૦૧
એ માટે હું આવ્યો છું કોહને શિખર,
કે ફઓજે ઇરાંના દીલેરોથી ગર.
હું પુછું, ને જાણું, કે સરદાર કોણ?
અને જંગમા નામ ઊઠાવનાર કોણ?
ભરૂ શકિત માફક હું મીજલસ અગર,
ને જોઊ તે પહલવાંનને ખુશ ચહર.
તથા બક્ષું હરઝાતના બેશુમાર,—
ગોરઝ, તેગ, ઘોડા, કમરબંદ, અપાર.
ને તે સાથ રહીએ હમો હફતો એક,
કે કમ ઝયાદ કર્યે સેવાબી દરેક.
ને દોડશ પછીથી હું આગળ સેપાહ,
બળ્યાં દીલે, તુરકીઓ પર કીનેખાહ.
હું લાયક આં કીનાને લેવાને છું,
કે છું તેઝ બરઝીન આતશબી હું.

ઘટેચ કે જઇ કહે પેહેલવાંન પાસ,
કે રોશન જીવે કોહુ ઉપર આવે ખાસ.
કર્યે એક હફ્તો ખુશાળી ને નાઝ,
દીલેરોના દીદારે થઈ સરફરાઝ.
ઠોકાશે દીવસ આઠમે જ્યારે કુસ,
અને ઝીન પર ચઢશે સરદાર તુસ. ૧૫૦૨
પિદરના કીનામાં કમર તંગ કરશ,
અને દર્દ ભર્યાં દીલે જંગ કરશ.
સિંહચુંગાળથી કરશે જે આશનાઇ,
તેની દેશે ગીધોની પાંખો ઘહુવઈ.
કે કીનાની એ રીતે જગમા મગર,
ન કોઇએ દીલેરોમા બાંધી કમર.
કહયું ત્યારે બેહરામે અય શાહરયાર,
હુનરમંદ, જવાં, ને પહલવાં, સવાર.
કહયું, વાત સરવે કરશ તુસ સાથ,
કબુલ કરવા ખાહેશ, ચુમસ તેના હાથ.
કે સરદાર અકલમંદ નથી તે મગર,
નથી બોધ માટે, તેનું મગ્ઝ સર.
હુનરમંદ, ઝરદાર, બુનીયાદ છે,
મગર હોટ પર શાહુની કયાં યાદ છે?
દોઆથી ભર્યાં કયખુસરોને જેવાર,
લાવ્યો ગેવ તૂરાં ઝમીંથી તેવાર.
લડયો ગેવ, ગોદર્ઝે, શાહુથી, તે સખ્ત,
કે દેવા ફરીબોર્ઝને તાજ, તખ્ત.

ને બોલ્યો, હું નવદર તુખમ છું મુદામ,
છું ગેતીની શાહીને લાયક તમામ. ૧૫૦૩

ડરૂચ કે આં મુજ વાત તુચ્છકારી દઇ,
ને તુન્દીથી મુજ સંગ કરશે લડઈ.
જો કોઈ આવે તું પાસ મારા વગર,
ન થાય એમ કે તારૂ જુએ તાજ સર.
વગર સભ્યતાનો છે મગ઼રૂર નર,
ન ઠીક બોલશે, જો મોકળશે દીગર.
બીજું એ, નથી ઠીક દીલ હુમ ઉપર,
તે ચાહુતો ન શાહ, તારા ભઈને મગર.
કહયું મુજને જો કોણ છે ટોંચ પર?
ન પૂછતો જઈ, કાંય બેઠોચ મગર?
તું કરજે ગોરઝ, ખંજરે, વાત બસ,
કોઈ પાહાડે કાં બેસે એવે દીવસ?
વધઈ સાથે આવીશ, થશે શાંત ગર,
સેપાહ પાસ લાવશ તુને શાદતર.
મગર ફોજથી આવે કોઈ મુંજ વગર,
તો રેહતો ન ઝયાદા નચિંત તે ઉપર.
ન આવશે સવાર, એક સીવા તારી પાસ,
રૂઢી એજ છે નામવરની તે ખાસ.
હવે જો કે વિચાર શું નેંક છે?
તું જા ક઼ીલ્લામા, આં જગા છોડી દે? ૧૫૦૪

ગોરઝ઼, ઝ઼ર ફીરૂઝ઼ાના દસ્તાનો યાર,
ફરૂદે કમરમાંથી કાઢયો તેવાર.

તે દઈને કહ્યું મારી આ યાદગાર,
જે ખુદ કામ આવશે તુને કોઇવાર.
કબુલશે જો આવવાને સરદાર તુસ,
તો રહીએ ખુશી ખુરરમીમાં ખસુસ.
ને હદયા સિવાયેબી ઘોડા, ને ઝીન,
તથા મોહોર શાહી, ને કોલાહ ઝરીન.
કહ્યું આવી બેહરામે તૂસને તે પલ,
રહો સાથી તુજ પાક જીવની અક઼લ!
સમજ કે ફરૂદ છે તે ફરઝંદે શાહ,
સિયાવક્ષ! કે જે મુંવોચ બેગુનાહ.
બતાવી છે મુંજને, નિશાને ઓલાદ,—
જે કાઊસ, અને રાખે છે કયકોબાદ.
ખરો દોસ્ત તે આં,પણો થાય છે,
આં કીનામા શાંમેલ થવા ચ્હાય છે.
વિચાર એ ગણે ઠીક સરદાર ગર,
તો જઈ જીવ તેનો કરે શાદતર.
તો દઈ જવાબ બોલ્યો સિતમગાર તુસ,
છે મુજ તાબે લશ્કર, ને કરનાય, કુસ. ૧૫૦૫
કહ્યુંતું કે લાવજે તેને મારી પાસ,
ન કરતો તેનાથી કશી વાત ખાસ.
જો છે શાહા તે તો, પછી કોંણ હું?
ને શા માટે હું આય લશ્કરમાં છું?
તુરકઝાદો એક, કાગ જેવો સિયાહ,
કે રોકે છે કોહપર સેપાહોની રાહ.

ગયો તું, ચલાવ્યું તે સાથે બયાંન,
ને માનીબી લીધું શાહી ખાનદાંન.
મને કેહે સપુરદ સેપાહ તેને કર?
શું ગ઼મ? તું જેવા હોય સવારો અગર?
નથી જોયો મતલબી ગોદરઝેયાન,—
મા,લશકરને કરવા સિવાયે ઝેયાન.
ડર્યો, બેહુંનર એક સવારે મગર?
હુતો મસ્ત સિંહતો નહીં પાહાડ પર?
તું જાણેચ કે તુરકો એવાં ફન ઝબર,
હુમેશાં ચલાવેચ અક઼્લમંદો પર.
એવોજ તુરકી બદ નસ્લ, છે બેહુનર,
છે દીલથી સેપાહ, શાહનો, શત્રુ ઝબર.
સેપાહ જોઈ ફરેબો કરી તે રહયો,
તું તો બેઅક઼્લ આવ્યો, જેવો ગયો. ૧૫૦૬
પછી બોલ્યો તે, કે મારા બાહદરો!
ઓ દુશમનને મારનારા નામેવરો!
હું ચાહુ છું નામી, ઊઠાવનારો નામ,
કે જાય કોહો પર તુરકી પાસે મુદામ.
તેના તનથી સર કાપે ખંજરે ખાસ,
ને લાવે અંજુમનમા તે મારી પાસ.
કમર બાંધી રીવનીઝ઼ે એ પર નિદાન,
ને શેવટે ખોયો લડાઈમાં જાન.

કહયું ત્યારે બેહરામે, અય પહલવાંન!
ન કર કમ અક઼્લથી સિયાહ તુજ રવાંન!

માહા, મેહેરનાં, તે ખુદાથીતો ડર,
ને દીલમા શાહુની શરમને તો ધર.
કે શાહનો તે બેશી, બીરાદરબી છે,
સવાર એવો જંગી, નામેવરબી છે.
અગર ફ્રુઓજથી સો સવારોબી ખાસ,
જશે પાહાડની ટોંચ તક તેની પાસ.
છુટી તેની ચુંગાળે બચશે ન જાન,
સુખી દીલ ઊપર ગમ નહી ખેંચ માન.
થયો ગુસ્સે સરદાર એ વાતે સહી,
ગમી શીખ બેહરામ જંગીની નહી. ૧૫૦૭
કહયું નાંમદારોને થોડા મગર,
જવાને પેલા પાહાડ પાસે ઝબર.
દીલેરોમાંથી કંઇક પડયા બાહાર,
કીધી ઊંચી ગરદન, તેની જંગે યાર.
પછી બોલ્યો તે પાસે જંગી બેહરામ,
સમજતા ન એ કામ નાનું તમામ.
કે તે પાહાડે બેશી છે ખુસરૂનો છેક,
સો જંગીથી કીમતી જેનો બાલ એક.
જે કોઇએ ન જોયો સિયાવક્ષનો ચહ્રુર,
તે પાંમે ધીરજ તેના દીદારે ગર.

રીવનીઝનું ફરૂદના હાથ ઊપર માર્યું જવું.

ફરૂદની જો બેહરાંમે દીધી નિશાન,
તો હઠયા તે રાહાથી દરેક પહલવાન.
પણ આવ્યો જમઈ તુસનો બીજીવાર,
ફલક ગોયા કરતું તે પર હયેફ યાર!
જેરમ રાહથી કોહે સેપદ પર ગયો,
હતું ઝુલ્મ પર દીલ, લડાયક થયો.
ફરૂદે જોયો પાહાડની ટોંચે જ્યાર,
કમાં કયાંની કાઢી કવરથી બાહાર.

કહયું તે લડાયક તોખારેની પાસ,
કે તુસે ધીકકારી છે એ વાત ખાસ. ૧૫૦૮

ન બેહરામ આવ્યો જુદો છે સવાર,
છે દીલ મારૂ ઝખ્મી, નથી ખુશ લગાર.

તું જો કોંણ છે, યાદ આવે મગર?
છે કાં ગર્ક લોઢાંમા, પગથી તે સર?

દઈ જવાબ તેને, કહે એંમ તોખાર,
કે આં રીવનીઝ પહલવાં છે સવાર.

છે ચાલીશ બેહનો ગોયા ખુશ બાહાર,
કુતુંબમાં ન એ સિવા બેટો છે યાર.

છે સીપલો, કીનાખોર, ફરેબી, નિદાન,
હુનરમંદ, જમઈ તૂસનો, છે જવાન.
તો બોલ્યો ફરૂદ, મર્દ દાંનાની પાસ,
સીફ્‌ત કરવી જોઇયે ન જંગ વખ્ત ખાસ.
કે આવશે જો તે જંગે પહલવાંનમા,
સુવાડીશ હું બેહેનોની દાંમાંનમા.
હવા મારા તીરનીબી લાગે અગર,
બચે તે, તો કેહતો ના મુંજને તું નર.
લીરે મારૂ ઘોડો હું યા કે સવાર?
કહે, શું કહે છે? ઓ દાંના તોખાર?
તોખારે કહયું મર્દ જંગીની પાસ,
વખત જં,ગની રં,જનો આયો ખાસ. ૧૫૦૯
જેથી ફેંક તીર આંય અસવાર પર,
કે ખાયે કદી જોશ તૂસનું જીગર.
શું તુજ દીલની વાતે છે અંજાણ તુસ?
કે ચાહી છે તેં તેથી દોસ્તી ખસુસ?
છતાં જંગ માગે છે ડાહપણ વગર,
તો લાવેચ શરમ તે તારા ભાઈ પર.
ગયો શેર રીવનીઝ લઈ તેગ પાસ,
ચઢાવી કમાં ચિલ્લે જંગીએ ખાસ.
ને માર્યો તે કોહેથી તીર તે ઊપર,
સીવાયું રૂમી ટોપ સાથેનું સર.
પડયું ખાકમાં રી,વનીઝનું તે સર,
તે પડયો, કે ફર્યો ઘોડો તેઝતર.

મયમથી દીઠું તુસ સરદારે જ્યાર,
થયો કોહ આંખોથી ગુમ તેજ વાર.
કહીચ દાંનાઓએળી વાતો એ પર,
ન કોઈ રેહુતોં બદખુના બદલા વગર.
પછી બોલ્યો પહુલવાંન કે અયે ઝરસ્પ!
તુ કર તેઝ દીલ, ગોયા આઝરગોશસ્પ.
સવાર જંગીના લીડી હુથ્યાર આ,
તનો, જીવ, માટે ખબરદાર થા.
તું લે કીનો જઈ નાંમવરનો તમામ,
ન તો જઇશ હું કીનો લેવા મુંદામ.

ઝરસ્પનું ફરૂદના હાથ ઊપર માર્યું જવું.

કે આવ્યો ઝરસ્પ ધરી ટોપ સર,
દીલે કીનો, તુંન્દીળી સરમાં ઝબર.
નીકળ્યો સેપાહુની હુરોલથી ઝરસ્પ,
ને માર્યો ઘોડો ગોયા આઝરગોશસ્પ.
કીધો પાહાડ સેપદ તરફ તેંણે ચહુર,
ગોયા હોય વિક્રાળ સિંહુ કીનાવર.

પૂકાર જોશ કરતો ધરી દીલે ડર,
અને ચાલ્યો નિચાંણુથી તે ઊપર.

ફરૂદ જવાંને દૂરથી તેને જોયો ગર,
નિગાહ એક તરફ કીધી તોખાર પર.

કહયું તોખારેને, તે સિંહે ઝબર,
હુમનબર્દ રાહુમાં એક આયોચ દીગર.

તું જો ઈરાંનીઓમાં છે કોંણુ સવાર?
આવેચ પાહાડની ટોંચે દોડી અપાર.

ખોલી હોઠ બોલ્યો તે વખ્તે તોખાર,
કરી યાદ એકક પછીથી અપાર.

પીસર તૂસનો છે એ નામે ઝરસ્પ,
ફેરવતો નથી જંગી હાથીથી અસ્પ. ૧૫૧૧

બનેવી હતો તેનો રીવનીઝ ગર,
આયોચ જેથી કીનામાં, અયે નામવર!

તે જોય છાતી, બાઝુ, ને કોલાહુ, અગર,
તેવોજ તીર ખેંચવો, બગ઼લથી ઝબર.

પડે ખાકમાં સર તેનું જેથી આય,
ને ઘોડા ઊપરથી તે ઊઠલાઈ જાય.

કઝા એની આવીચ, હું ધારૂચ નિદાંન,
દીલે તુસ ધ્રુંજશે, ગો દય માહુના પાંન.

કે જાણે તે સરદાર દીવાંનો તુસ,
નથી બેઠા અફસોસે આપણુ ખસુસ.

આવ્યો છેક પાસે તે કોહુને શિખર,
હતી ફ્રઓજે ઈરાં ની તે પર નઝર.

ફરૂદ જંગીએ ઘોડો છોડયો ઝબર,
ઝરસ્પને તીર એક માર્યો કમર.
સીવ્યું ઝીન બખ્તરની સાથેજ તન,
જે તીરે ગયો જાંન નિકળી તદન.
તે પડયો કે ઘોડાબી ફર્યો મુદામ,
દોડી જોશ કરતો પોતાને મુકામ.
ઇરાંની સેપાહમાથી ઊઠયો પૂકાર,
કોલાહ સઊએ પેહેડી લીધી તેજવાર. ૧૫૧૨

તુસનું ફરૂદની લડાઇમાં જવું અને તેના ઘોડાનું માર્યું જવું.

દીલે તુસ લોહી ભર્યું, આંખો પૂર આબ,
પેહેડી લીધું બખતરબી તેંણે શીતાબ.
રડયો જંગી પહલવાનો પર તે નિદાંન,
ને ધુંજયો, મીસાલે તે ઝાડોના પાંન.
તુરત બેઠો ઝીને, ગોયા કોહ ઝબર—
ધર્યો હોય જેમ મોટા હાથી ઊપર.

ફરૂદની તરફ તેણે ફેરવી લગામ,
દીલે કીનો પૂર, તુન્દ સરથી તમામ.
પીસે દાંતો, ગુસ્સે બની એક દીગર,
ગોયા પીસે ગુસ્સે ભરઈ શેર નર.
લડ્ઈ માટે સજ થઈને આવ્યો બાહાર,
ને કીનામા લંબાવ્યા હાથો અપાર.
તુરત બોલ્યો ત્યારે તલાયો તોખાર,
આવેચ પાહાડ પર, પાહાડ દોડી અપાર.
આવેચ તુસ સર્દાર કરવાને જંગ,
તું ટકશે ન જંગી તે ચિત્તાની સંગ.
તું ચાલ, કર્યે કીલ્લાનો દર બંધ સખ્ત!
ને જોઈયે શું અંજામ લાવે છે બખ્ત?
લડાઈમાં બેટો, ને દાંમાદ, હાલ,—
તેં માર્યા, તો કરતોના ખુશીનો ખ્યાલ. ૧૫૧૩
ફરૂદ થયો તોખાર પર તેઝ જવાંન,
કે આવી લડઈ, જંગ, સાંમે નિદાંન.
શું તુસ, હાથી, શું મસ્ત સિંહો, નિદાન,
શું ચિત્તાઓ જંગી, શું બબ્રેબેયાન.
દેવી જંગમા જોઈયે મર્દોને હામ,
ન કે નાખે આંતશે માટી તમામ.
તો બોલ્યો તેવારે, તે દાંના તોખાર,
સલાહનો ન શાહો કરે તિરસકાર.
સવાર એક તું, ગર પોલાદીબી છે,
ઉખેડે છે જડથી ગોયા પાહાડ જે.

ઇરાંની મગર ત્રીસ હઝાર નામવર,
જો લડવા તું'થી આવશે કોહ ઉપર.
ન હયાં રેહેશે કીલ્લો, કે પત્થર, કે ખાક,
દરેક પગ તળે લાવી કરશે તે [1]પાક.
અગર તુસને એથી હાંણી થશે,
તો ખુસરોબી દુ:ખથી દુ:ખી થઈ જશે.
ખલલ પડશે કીને પીદરમા ઝરૂર,
ખલલ! કે જે હરગેઝ ન થઈ શકશે દૂર.
તુને તુંન્દી, ને સિંહની જંગ, જોઇયે કાંય?
ન કર જંગ ફોકટ, જા કીલ્લામા આંય. ૧૫૧૪
પ્રથમથીજ કેહવા હતા એ સુખન,
કહયા તે ન તેણે, છુપાવ્યા તદન.
મૂરખ તે સલાહકારથી બેગુમાન,
કરી જંગ, પડી રંજમા ખોયો જાન.
ફરૂદ જવાંનનો કીલ્લો આબાદ જે,
હતી બાંદીઓ એંસી કીલલામાં તે.
અગાસીએ કીલ્લાની માહતાબ ચહર,
સજી સાજ ઊભેલી હતી સર બ સર.
ને કીલ્લાથી જોતી તમાશો નિદાન,
હતી ચીનીં કપડાંના ટુકડા સમાન.
તેઓ સાંમે નાહસવું ફરૂદે જવાન,–
ને, શરમીન્દગી જેવું લાગ્યું નિદાન.
હવા સમ તે આવ્યો, ને ફેરવી લગામ,
બીજો તીર ચિલ્લે ચઢાવ્યો તમામ.

[1]—યાને પાયમાલ.

તોખારે કહયું, શાહાં જંગીની પાસ,
અગર ચાહતો હોય તું લડાઇજ ખાસ.
તું ના મારતો તુસ નામીને એ,
એમા લાભ છે, ઘોડો ગબડાવી દે.
કે પેદળ નથી કરતા શાહોબી જંગ,
ગમે એવું થાએ અગર કામ તંગ. ૧૫૧૫
બીજું, એ કે તતકાળ મરશે ન તે,
કમાંથી છુટેલા એકજ તીરે એ.
જો સરદાર આવે છે કોહ પર નિદાન,
તો આવશે સેપાહબી પૂઠે બેગુમાન.
તેની જંગમા તું ન ટકશે નિદાન,
ભવાં તેના જોતો નથી તીર સમાન?
સમજયું ફરૂદે તોખારેનું બ્યાન,
તો ચિલ્લો ચઢાવીને ખેંચી કમાન.
માર્યો તીર અફસરનાં ઘોડાને એમ,
સવારોની શોભે કમાંનોને તેમ.
ઊંધો પડયો ઘોડો, ગયો જીવ અગર,
દીલે તુસ કીનો, ને ગુસ્સોબી, સર.
આવ્યો ફોજમાં, ઢાલ ગર્દને લઈ,
ભર્યો ધુળ, પ્યાદો, પરેશાંન, થઈ.
હસી કરવા લાગો તે પૂઠે ફરૂદ,
કે શું થઈ ગયું નામી જંગીને ખુદ?
સવાર એક સાંમો નહીં ટકયો જે?
તો કરશે શું સફમા લડાઇની તે?

હસ્વા દાસીઓએબી માંડયું ઝબર,
જેનો સાદબી પૂગ્યો આંસ્માન પર. ૧૫૧૬
જવાં સાંમેથી એક ઝઇફ મર્દ તે,
કે તીરના ડરે કોહથી ગબડે છે જે.
આવ્યો પાહાડથી નિંચે સરદાર ખાસ,
ગયા ગ઼મ ભર્યાં જંગીઓ તેની પાસ.
દોઆ તે ઊપર કીધી સઊએ નિદાંન,
કે અયે ગેતીના નામેવર પહલવાંન!
વધુ જોઇયે શું? જો બચીને આયો તું,
મોંહ આંસુથી ધોવા, રહયું કામ શું?
ઓ જંગી ઘટે તુને રબના સેપાસ,
કે તીરે ન જીવ તારો જોખમાયો ખાસ.
એ જોઈ ગેવ દુઃખી થયો નામવર,
ફર્યો પ્યાદો સરદાર જંગી અગર.
તો બોલ્યો, નથી હદ હવે રહી અગર,
નથી નામદારોના તાઝા ચહર.
શાહા બાલી પેહેડેલોબી હોય અગર,
તો પણ શું, ગણે તુચ્છ લશ્કર ઝબર?
નથી ઠીક કર્યે સહન બેગુમાન,
બડાઈ ભરેલું તેનું આં બયાન.
અગર તુસે તેઝી કીધીચ એકવાર,
મગર છે ફરૂદથી તો જગમાં પોકાર. ૧૫૧૭
માર્યા ફઓજે ઈરાંથી આઝાદ બે,
તેના તીરથી તુસે પીઠ ફેરવી છે.

પ્રીદા જાંન સ્યાવક્ષને કર્યે કદી,
મગર આં ભુલાએ કદી ના બદી.
ઝરસ્પ અમીર જેથી બરબાદ છે,
સવાર જંગી નવદરની બુન્યાદ છે.
કીધું રીવનીઝનુંબી તન ખુને તર,
થવાની શું એથી વધુ ખ્વારી ગર?
છે લોહી તે કોબાદ્દી, યા [1]જમનો પીસર,
નાદાંનીમા દર્વાઝો ખોલ્યો મગર.
વગર ઢીલે કાપશ હું ખંજરથી સર,
કરશ ખુનથી લાલ પત્થર ઝબર.

ગીવનું ફરૂદની લડાઇમાં જવું
અને તેના ઘોડાનું
માર્યું જવું.

કહી એમ બખ્તરને બાંધ્યું તે વખ્ત,
ગોયા ચામ ચીરતો, બદનનું તે સખ્ત.
તે બેઠો ઝેયાંગાર [2]અઝદાહ ઉપર,
ને જેરમની રાહે તે ચાલ્યો અગર.

 ૧—જમશીદનો. ૨—અઝદાહ જેવા ઘોડા ઉપર.

પવન દોડતા સમ ચલાવ્યો તે અસ્પ,
આવ્યો પાહાડ પર ગોયા આઝરગોશસ્પ.
ફરૂદે, સિયાવક્ષનાં જોયો જેવાર,
સરદ હાય ખેંચી જીગરથી તેવાર. ૧૫૧૮
અને બોલ્યો કે આં લડાયક સેપાહ,—
નથી જાંણુતો, ઊંચી કે નિચી રાહ.
દેલાવર વધુ છે તેઓ એક દીગર,
સેપાહોના સરના છે તાજો મગર.
નથી પેહલવાંનોમાં ડાહપણ તદન,
છે બેઅકલ સર, ગોયા જીવ વિના તન.
છે ડર, જંગ જીતશે ન તેઓ યકીન,
જવું પડશે ખુસરૂને તૂરાં ઝમીન.
કે પીઠ સાથે પીઠ કરશું કીને પીદર,
ને શત્રુને મુંઠીમાં લાવશું મગર.
કહે, કોણ છે આં સવાર નામવર?
કે પડશે રેવુ હાથ, તલવાર, પર.
તો લાગો જોવા કોહ બુલંદથી તોખાર,
કે નિચે ઢળાંણો તરફ વાર વાર.
ને બોલ્યો કે આં મસ્ત અઝદાહ છે ખાસ,
હવાથી મોરગને જે ખેંચે છે શ્વાસ.
છે જંગી, બુલંદ કદ, દમામદારનો,
જે સાહેબ છે ગુર્ઝો ને તલવારનો.
કે દસ્તે પીરાં બાંધ્યા ન્યાંગાનના,
હરાવ્યાં બે લશકરબી તૂરાનના. ૧૫૧૯

ઘણાં બાળ નાના કીધાં બેપીદર,
ને સોંપ્યાં નદી, કોહો, વનને ઝબર.
ઘણાં બાપોનેબી કીધા બેપીસર,
નરે સિંહુની કચડે છે ગરદન ઝબર.
ઈરાં લઈ ગયો તારા ભઈને જેવાર,
વગર કીશ્તીએ કીધી જયહુન પસાર.
જેને ગેવ કરી કહેચ, હાથી છે સખ્ત,
ગોયા દર્યો છે નીલનો જંગ વખ્ત.
અંગુઠામા ડોરી તું ધરશે જેવાર,
થશે તીર તારો ન બખ્તરની પાર.
સિયાવક્ષનું બખ્તર પેહેડ્ેચ જંગ વખ્ત,
નથી ડરતો તિરોની નોંકોથી સખ્ત.
કમાં ખેંચી તીર ફેંક ઘોડા ઊપર,
કે થાય જેથી ઘોડો તે ઝખમી ઝબર.
થશે પ્યાદો, ફરશે તે પાછોજ હાલ!
ધરી ઢાલ ગરદને અફસર મીસાલ.
લડાયક ફરૂદે ચઢાવી કમાન,
ને લાવ્યો છાતી સુધી છેડો નિદાન.
માર્યો ગેવના ઘોડાના સીને તીર,
પડયો ઘોડેથી, ફર્યો પાછો દેલીર.
સેપદ કોહની [1]બાંમેથી ઊઠયા પૂકાર,
શરમથી ફર્યું માથું ગેવનું અપાર.
ગયા ગેવ પાસે પહલવાંનો હર,
કહયું રબ શુકર! એ દીલેર નામવર!

૧ —અગાસીપરથી.

ઘોડો ઝખ્મી છે, ઝખ્મી તું ના જરી,
નથી બંધ! છે લાયક જવા તું ફરી.
આવ્યો જંગી બેઝન પવનની સમાન,
કરવા માંડી નાંખુશ વાતો નિદાન.
ઓ સિંહોને મારનારા જંગી પીદર!
નથી ટકતો હાથી તું સાંમે ઝબર.
તારી પીઠ કાંય જોય? એખલો સવાર?
હતા હાથ જંગની ઉમેદના જેવાર?
મુવો એવો ઘોડો જો તુરકીને દસ્ત,
ચાલી આવ્યો ધભરાઇને ગોયા [1]મસ્ત?
તે બોલ્યો મુવો ઘોડો મારો જેવાર,
તો પળવારમાં હુણી મરતે તેવાર.
તું હુલ્લડ છે હર કામે અંજાણ છે,
લડાઇની રીતોની ન પચછાણ છે.
એવી રીતે કંઇએક વાતો કીધી,
તે જોઈ પીઠ બેઝને ફેરવી લીધી. ૧૫૨૧
થયો ગેવ અજબ, તેની હીંમ્મત ઊપર,
ને માર્યો તેને એક ચાબુક સર.
કહયું નથી સાંભળ્યું રહબરથી યાર?
કે ઠેકાણે રાખવો લડઇમા વિચાર?
નથી તુંમા ભેજું, કે ડાહપણ, વિચાર,
હોતોજ ના તારો કોઇબી પાળનાર.
એ ગુસ્સાથી બેઝને બહુ કીધો ગમ,
ને ખાધા તે પાળનારા યઝદાના સમ.

1—છાકટ જેવો.

ઊતારશ ન ઘોડાની પીઠેથી ઝીન,
ઞ઼રસ્પને કીને મરૂ ચ્યાહ યકીન.
એ કહી આવ્યો ગ઼મગીન દીલથી તે ખાસ,
ને કીના ભર્યાં સરે ગોસ્તેહમ પાસ.
તારા ઘોડાઓમાંથી ઘોડો ઝબર,
જે સેહલાઇથી જાએ ચઢી કોહો પર.
મને દે, કે જંગના હું બાંધુ હથ્યાર,
જણાય કોણ છે મર્દ મરદાં અપાર.
કે જઈ બેસે એક તુરકી કોહની ઉપર,
ને એ રીતે રાખે સેપાહ પર નઝર.
હું ચાહુચ જવા તેની જંગ દરમેયાન,
તેના કામથી છે સિયાહ મારો જાન. ૧૫૨૨
બોલ્યો ગોસ્તેહમ ઠીક નથી એ બયાન,
હુલ્લડઇથી કોહ પર ન જા તું નિદાન.
જવું પડશે આગળ એ રીતે નિદાન,
નિચાં ને ઊંચાં આવશે જંગલ જેહાન.
કે છે જંગ લાયક ઘોડા મારી પાસ,
ફ઼કત બે, જેમા એક માર્યો જો ખાસ.
તો મળશે ન બીજો એવો ઝીનહાર,
ઝોરાવર, ને ઊંચો, ને તેઝ઼ી, અપાર.
ઝરસ્પ જહાંજોય, અને રીવનીઝ઼,
ને તુસ, કે જે ગેતીને ગણતો ન ચીઝ:
પીદર, કે જે મારે છે સિંહો ઝબર,
નથી ગણતો ફ઼રતાં ફ઼લકને અગર.

ફર્યા દર્દ ભર્યાં દીલે [1]બેદીરંગ,
નથી લડતું કોઈ સખ્ત પત્થરની સંગ.
કદાચ હોંમા ગીધોની પાંખે જવાય,
મગર ચાલી કોઇથી જવઈ ન શકાય.
કહયું બેઝને દીલને તોડે છે કાંય?
જો બાજુ, ને ગરદન, ટુટી જાય આંય.
ખાધા માહુાના સોગંદ સખ્ત આજના,
ને ગેતીના રખના, શાહી તાજના. ૧૫૨૩
કદમ કોહુથી ફેરવશ નહીં અસ્પના,
કીનામા મરૂ જોઇયે ઝરઅસ્પના.
બોલ્યો ગોસ્તેહમ ઠીક નથી એ મગર,
કે તુંન્દીથી, ડાહપણ રહેચ બેખબર.
કહયું ત્યારે બેઝને કીને ઝરસ્પ—
લેવા જઈશ પ્યાદો, નથી જોઇતો અસ્પ.
બોલ્યો ત્યારે એવી રીતે ગોસ્તેહમ,
ન બાલ એક ઝરનો થવા દઇશ કમ.
અગર ઘોડા મુજ પાસે હોય લાખ હાલ,
ને હોય શાહી મોતીમાં પૂર દુમ યાલ.
છુપાવશ નહીં તારેથી બેગુમાન,
નહીં ગંજ, તેગો, ન ઘોડા, ન જાન.
ઘોડા એક પછી એક જઈ જો તમામ,
કીઓ ઠીક છે તે પસંદ કર મુદામ.
હોકમ કર તું ઝીનનો ગમે તેની પર,
ફીકર શું છે માર્યો જશે તે અગર?

1—વગર દીલે.

વરૂ જેવો ઘોડો હતો એક યાર,
ઝોરાવર તુખમ, ને ઊંચો, પાણીદાર.
જહાંજોય મર્દે જવાં માટે ગર,
કે પાખર બીછાવી દીધી તે ઊપર. ૧૫૨૪
દીલે ગેવ ગુસ્સે એ વાતે અપાર,
કીધો જો ફરૂદનાં તે કામે વિચાર.
કે તેડાવ્યો ગેસ્તેમને માણસની પાસ,
જવાં માટે કીધી ઘણી વાત ખાસ.
સિયાવક્ષનું બખ્તર મોકળ્યું તે પાસ,
તથા પાદશાહી કોલાહ એક ખાસ.
લાયો ગેસ્તેહમ જંગ બખ્તર જેવાર,
શીતાબીથી બેઝને પેહડયું તેવાર.

ફરૂદની બેઝન સાથની લડાઈ અને બેઝનના હાથથી તેનું કીલ્લામાં નાસી જવું.

સેપદ કોહ તરફ કીધું મોંહુ જેવાર,
જેવો મર્દ હોય કોઈ કીનો લેનાર.

બોલ્યો ગેતીનો શાહ તોખારેની પાસ,
કે આવેચ નવો નાંમેવર એક ખાસ.
એનું નામ શું છે? તું જો કર નઝર?
ને કોણ રડશે આં મર્દ જંગી ઊપર?
બોલ્યો ખુસરો પાસે તલાયો તોખાર,
નથી એનો ઈરાંનમા જોડીદાર.
પીસર ગેવનો, મર્દ છે એ દીલેર,
ફતેહ જંગ કરેચ હર ગોયા મર્દે શેર.
નથી ગેવને એ સીવાયે પીસર,
ગણેચ જેને જીવથીબી ઝયાદા ઝબર. ૧૫૨૫
ઘોડા તર્ફ લંબાવજે તારો દસ્ત,
ન દીલ શાહે ઈરાંનું કરતો શિકસ્ત.
વળી એને પેહેડયું છે બખ્તરબી એજ,
ગેવે ગાંઠ બાંધ્યો ગીરેબાંને તેજ.
નથી તીર, નેઝા, થતો કારગર,
કદાચે તે પ્યાદોબી લડશે ઝબર.
તુને જંગ ગમશે નહીં તેની સાથ,
તું જો કે છે અલ્માંસની તેગ હાથ.
સમજ અય શહા તું લડાઈ ન કર,
કે પસ્તાએ છે બેહુદાં કામે નર.
ઇરાંનીઓમાં કંઈ મુવા છે મગર,
પોતાનાંજ તન પર સીતમ તું ન કર.
નવા ઘોડાને તીર તું માર ખાસ,
કે આવે વધુ ના તે પહલવાંન પાસ.

આવ્યો ગેવનો બેટો જો તેની પાસ,
કમાંને દીધો ચિલ્લો સરદારે ખાસ.
માર્યો તીર બેઝનનાં ઘોડા ઊપર,
તું કહે! ગો હતો જીવ ન ઘોડામાં ગર.
પડયો, કે થયો દૂર બેઝન અગર,
કે શમશીર લઇને તે ચઢયો શિખર. ૧૫૨૬
પુકારો કીધો અયે સવારે દીલેર!
તું થોભી ને જો કે લડેચ કેમ શેર?
ને જાણુ કે વિના ઘોડે નર જંગી એમ!
ધરી હાથ ખંજર ને આવે છે કેમ?
કે થોભશે તો જોશે મને તું ઝરૂર,
પછી કરશે વિચાર લડવાનો દૂર.
ન હટયો જો બેઝન ફરૂદથી જેવાર,
તો કીધો ફરૂદેબી ગુસ્સો તેવાર.
બીજો તીર માર્યો તે સિંહને અગર,
ધરી ઢાલ તે મર્દ જંગીએ સર.
વિંધી ઢાલ, બખ્તર ન ચિર્યું મગર,
ઝડપ ત્યાં કીધી બેઝનેબી ઝબર.
નિચાંણેથી આવ્યો તે ટોંચે જેવાર,
ખેંચી મ્યાંનથી હાથ મારી તલવાર.
અમીર તે ફરૂદ ત્યાંથી ચાલી ગયો,
ને કીલ્લો બધો શોર ભર્યો થયો.
તેની પૂઠે બેઝન પુગો દોડી જઇ,
કે કાપનારી શમ્શીર મુંઠીમા લઈ.

ને પાખરે મારી કીધી તેને ચાક,
પડયો જેથી કીમતી તેનો ઘોડો ખાક. ૧૫૨૭

ગયો કીલ્લાનાં દર્વાઝામાં ફરૂદ,
દીલેરોએ બંધ કીધો દર્વાઝો ખુદ.

ને કીલ્લેથી વર્સાવ્યા પત્થર તમામ,
વિચાર્યું જગો નથી થોભવા મુદામ.

પુકાર્યો તે બેઝન કે અય નાંમદાર!
કે પેદળ આં નરથી એ જંગી સવાર!

નહીં શર્મ આવી, ગયો નાંસી ખુદ?
અફસોસ! આંય દીલ, હાથ, જંગી ફરૂદ!

લડઈગાહથી આવ્યો પછી તૂસ પાસ,
ને બોલ્યો કે સરદાર લશ્કરના ખાસ.

એવા એક જંગીની જંગથી તો આય,
કે જંગલનો સિંહ નામ ઊઠાવનાર થાય.

તેની જંગમા સંગનો કોહ તમામ,
બનેચ આબ દર્યાનું, એ તેનું કામ.

હેરત ન થવું જોઇયે સરદારે અહીં,
શરમ રાખવી જોઇયે ઝયાદા નહીં.

તો ખાધા તે સરદારે સોગંદે પાક,
ઉડાંરશ આં કીલ્લાની ખુરશીદે ખાક.

કીનામાં ઝરસ્પ તે પ્યારા સવાર—
ના, જઈ હું તૂરત, ને કરશ જંગ યાર. ૧૫૨૮

કરશ તુર્ક શત્રુનું તન જીવ વગર,
કરશ લોહીએ પવાળાં સંગનું જીગર.

ઇરાંનીઓની ફરૂદ સાથની લડાઇ અને તેનું માર્યું જવું અને તુસનું કલાતનો ક્રીલ્લો લેવું.

થયો અસ્ત નુરમંદ જ્યારે મહર,
સિયાહ રાતે સફ ખેંચી આંસ્માન પર.
ક઼ીલેદાર મર્દો દીલેર એક હઝાર,
કલાત તર્ફ આવી પૂગા થઈ સવાર.
કીધો આ તરફ બંધ ક઼ીલ્લાનો દર,
થયા શોર ઘંટ ઝાંઝરોના ઝબર.
ફરૂદની તે મા, બેટી પીરાંનની,
દીલે ગ઼મ ભરી ને દુઃખી જાંનની.
સુતી, આવી વાહલા તે પાસે મુદામ,
ગ઼મો દર્દમા રાત કાઢી તમામ.

જોઈ ખાબમાં આગ કીલ્લે ઝબર,
સળગતી તે વાહુળાની પાસે અગર.
જે બાળે છે કોહે સેપદને તમામ,
જળેચ બાંદીઓ ને તે કીલ્લો મુદામ.
ઉઠી જાગી દીલ દર્દ ભર્યે નિદાંન,
થયું તેનું દુઃખ, રંજ, ભર્યું રવાંન.
દીવાળે તે આવીને જોઈ જહાંન,
જોયો નેઝા બખ્તરે કોહ પૂર નિદાંન. ૧૫૨૯
લોહી ભર્યે ચેહેરે દીલે ગ઼મગીં ખાસ,
તેંણી આવી દોડ઼ી ફરૂદનીજ પાસ,
ને બોલી કે જાગ પહલવાં અય પીસર,
સેતારાથી રંજ આવીઅ આપણુ ઊપર.
ભરાયો છે કોહ શત્રુઓથી ઝબર,
છે પૂર નેઝા બખ્તરે કીલ્લાનો દર:
કહયું જવાંન બેટાએ માદરને એમ,
કે ગ઼મગીનીથી એમ રડે છે તું કેમ?
વખત મુંજ હુશે પૂરો થયલો સહી,
તો ઠેરવેલો તે વખ્ત ટળશે નહી.
મુવો બાપ મારો ઊમરમા જવાંન,
દીવસ મારોબી છે બુરો તે સમાંન.
તેનો વખ્ત ગોરૂયેને હાથે મગર,
આવ્યો દોડ઼ી બેઝન મારા જીવ પર.
લડી ને મરશ મર્દ માફક અહીં,
પનાહ ઈરાંનીઓથી માગશ નહીં.

છે અંજામ જીવતાંઓનો મોત ખાસ,
આં જીવવું તો છે માત્ર ગણવાનું શ્વાસ.
ગોરઝ, બખ્તરો, ફ્રઓજને દઈ તમામ,
પોતે કીમતી કોલાહુ ધરી સર મુદામ. ૧૫૩૦
નિંચે રૂમી બખ્તરની બાંધી કમર,
કમાં કયાંની લઈ હાથ આવ્યો ઝબર.
બતાવ્યો જો નુરમંદ ખુરશીદે ચહર,
ને આવ્યો તે આંસ્માની મેહુરાબ પર.
હુવા સમ દેલાવર તે સરદાર તુસ,
ઊભો ઠોકી પિતળના પરભાતે કુસ.
વગાડીને કુસ કયાંની લશકર તમામ,
તે સરદારની તર્ફ ચાલ્યું મુદામ.
કે પડયો તે સરદાર જગ્યાથી બાહાર,
જમાઈ, ને બેટાના, ગમમા અપાર.
ગયા તેઓ સઘળાઓ તે કોહો પાસ,
કે ગુસ્સામા લૈંકર વરૂ જેવા ખાસ.
ચઢાવી સેપાહ દેઝની આસપાસ,
ગોયા તીર કીડી ભેલાઈ તે ખાસ.
થયા સરદારોના ચોબાજુ પુકાર,
ઊછળવા ગોરઝ ભારી લાગ્યા અપાર.
નગારાં, ને કર્નાયોનાં, શોર અપાર,
સનાઈ, ને ઘંટ, હીંદીઓના પુકાર.
આવ્યો દેઝના કોટથી તે ફરૂદ,
કે લઈ સંગ તુર્કી દીલેરોને ખુદ. ૧૫૩૧

હવા થઈ ખદંગી નેઝાઓથી તર,
વરસ્યા ગોરઝ, પડયા પત્થર ઝબર.
સવારોની ધુલે, ને તીરોના પર—
થી, કોહ થયો ડાંમરનો દર્યો ઝબર.
ન જંગલ કે જંગની જગો રહી મુદામ,
ખડક પત્થરે ઘોડા થાકયા તમામ.
ને આ તર્ફ તે તર્ફ ઊઠયા પૂકાર,
લડયા કુશીશોને કરી બેશુમાર.
અવલ સર્વથી તુસ બાંધી કમર,
ધરી હાથમાં તેગ, તીરો, [1]સીપર.
પગે ચાલ્યા અફસરો ફોજી તે પાસ,
કીધાં દેઝના કોટ ગમ મોહો ખાસ.
ને લડતાં જો સુરજબી આયો મધ્યાંન,
ઘટી ફોજ જંગી ફરૂદની નિદાંન.
હતાં નિંચે ઊપરબી મુર્દા તે વખત,
જવાં મર્દનું ઊંધુ વળ્યું તે બખત.
અજબ થઈ રહયા ઇરાની બેગુમાન,
ન જોયો હતો મસ્ત સિંહ એ સમાન.
ન તુર્કીમા તે સંગ રહયો કોઇ સવાર,
જેથી જંગ કરતો તે તનહાં અપાર. ૧૫૩૨
ફરી ડાબે જમણે તે કરતો પુકાર,
ન કરતો ઊંચઈ કે નિંચઇનો વિચાર.
કીધી દોડ ધામો લડાઇમાં કુળ,
પૂગી નૂરી ખુરશીદ તક જેની ધુળ.

[1]-ઢાલ.

ગઈ થાકી બાઝુબી લડતાં જેવાર,
કે છોડયો દીલેરોથી જંગનો વિચાર.
ને ફર્યો તે એબલોજ ફેરવી લગામ,
અને દોડયો પાહાડેથી કીલ્લાને ધામ.
કમીગાહ કરી ઉભા બેઝન રોહામ,
કીધો હલ્લો નિંચે ઉપરથી તમામ.
ઊંચે આવ્યો નિંચેથી બેઝન શીતાબ,
લગામ કીધી ઢીલી ને ભારી રેકાબ.
બીઝનની કોલાહ જોઈ ફરૂદે જવાન,
લીધો હાથ મારી ગોરઝને નિદાન.
ગોયા મસ્ત સિંહ આયો બેઝનની પાસ,
ન આંસ્માની બક્ષેશે વાકીફ ખાસ.
તેંણે ચાહયું મારે તેના સર ઊપર,
ને એક ઝખ્મથી ભાંજે કોલાહ ને સર.
લથડયો જવાંનના ઝરબથી બીઝન,
નહીં હોશ સરમાં, કે તાકત ન તન. ૧૫૩૩
કે આવ્યો પૂઠેથી એ જોઈ રોહામ,
પુકારતો, ધરી તેગ હીંદી મુદામ.
તે શેર મર્દને મારી બાઝુ ઊપર,
થયો હાથ જંગીનો નાકામ ગર.
તે બાઝુ ખભાં ઝખ્મી સાથે જવાન,
પુકારતો ગયો ઘોડો મારી નિદાન.
આવી લાગો બેઝન જતાં દેઝ પાસ,
પગો કાપ્યા ઘોડાના ઝટકાથી ખાસ.

ફરૂદ નોંકરો સંગ પ્યાદો થયો,
હાલેરોની જંગથી બતંગ થઈ ગયો.
કીધો બંધ દર દેઝમાં જઇને ખુદ,
અફસોસ! નામનો, દીલનો, જંગી ફરૂદ.
કે માં આવી દાસીઓ સંગ તેની પાસ,
પકડયો બગલમા બધાંઓએ ખાસ.
બેસાડયો રડી હાથીદાંતોને તખ્ત,
થયો પુરો તાજ અને શાહીનો વખ્ત.
કમંદ કસ્તુરી ઝુલ્ફની ખુશબુદાર,
ખેંચે માં ને દાસીઓ જડથી અપાર.
ફરૂદ વાહુળો છોડતો હતો જાન સખ્ત,
ગમે ભર્યો કીલ્લો, ને બાલ ભર્યું તખ્ત. ૧૫૩૪
બોલ્યો, હોઠ ખોલી જો શકયો જેવાર,
પીખોચ બાલ તેમાં નવઈ શું લગાર?
કે આવશે ઇરાંનીઓ હમણાં મગર,
ફના કરવા કીલ્લો કસીને કમર.
ને દાસીઓને કયેદ કરશે નિદાંન,
તથા દેઝ અને કોટ કરશે વિરાંન.
જો હોય મુજ ઊપર જેનું જળતું જીગર,
ને હોય મારા જીવવાથી રોશન ચહર.
આ કીલ્લા ઊપર જઇ તેઓએ તમામ,
ઝમીને નખાવવું ઘટે છે મુદામ.
કે બેઝનને ફાલે ન આવે અગર,
ન રેહવશ હવે થોડો વખ્ત હું મગર.

તેજ પાક જીવ મારો કાપનારો છે,
જવાંનીનો દીન પુરો કરનારો છે.

એ બોલ્યો અને કીધો ફીકો ચહર,
ગ્મો દર્દ ભર્યો તે પાંમ્યો ગુઝર.

ફલક બાઝીગર મસ્ત કહેવાય છે,
સીતેર હાથે બાઝી રમી જાય છે.

ઘડી વા ઘડી વાદળેથી ખરે!
ઘડી તેગ઼થી ને ઘડી ખંજરે! ૧૫૩૫

કદી દે છે ના લાયકોને તે દસ્ત,
ને સખ્તીથી છુટો કરેચ કોઈ વખ્ત.

કદી ગંજ આપેચ કદી તાજો તખ્ત,
કદી ખ્વારી, ગ઼મ, ખાડો, ને બંદ, સખ્ત.

તો લે ખાઇ પી હોય જે જેની પાસ,
છું ગ઼મગીં, થયોચ જ્યારથી ખ્વાર ખાસ.

ન પયેદા થતે જો અક઼લમંદ મર્દ,
નહીં જોતે ગેતીની ગરમી કે સર્દ.

લીધો જન્મ સખ્તી ને તંગીમા ગર,
તો રડવું ઘટેચ એવી ઝીંદગી ઊપર.

શેવટ ખાક છે તેનો ટકયો જેવાર,
અફસોસ! તેની હીંમત, ને રીતો, વિચાર.

જરીરેહ અને દાસીઓએ આપઘાત કરવું અને ઇરાંનીઓનું ફરૂદ ઊપર રૂદન કરવું.

મુરાદ કીર્તિ વન સિયાવક્ષનો ફરૂદ,
ગયો નાંમુરાદી ભર્યો જંગથી ખુદ.
ઝમાનો તેનો જ્યારે આખર થયો,
પીદર સમ જવાંનીમા ચાલી ગયો.
કે ગઈ સરવે દાસીઓ કીલ્લા ઊપર,
ઝમીને નખાવી દીધુ સર બ સર.
ઝરીરેહે સળગાવ્યો આતશ મુદામ,
અને આગમા ગંજ બાળ્યો તમામ. ૧૫૩૬
પછી તેગ઼ એક હાથ લીધી મગર,
કીધો અર્ણી ઘોડાઓનો બંધ દર.
ચીરી પેટ કાપ્યા પગોબી જબુન,
ને મોઢાંએ છાંટયો પસીનો ને ખુન.
આવી નેક ફરૂદના સિરાંનાની પાસ,
હતું એક ખંજર તે બીસ્તરે ખાસ.
મુકી બેટા ઊપર બે ગાલો નિદાન,
ચીરી પેટ દીધો તેને પોતે જાન.
ખોલ્યો દેઝનો ઈરાંનીઓએ દર,
તેને ફરવા નાબુદ બાંધી કમર.

ને કીલ્લાની પાસે જો આવ્યો બેહરામ,
કે ગમથી તેનું દીલ ફાટયું તમામ.
આવ્યો નેક ફરૂદના સીરાંના ઊપર,
દીલે દર્દ ને ચેહરો આંસુથી તર.
કીધો તનનો પોશાક પહુલવાંની ચાક,
ને દુ:ખથી સર ઊપર તેણે નાખી ખાક.
કહયું ઈરાંનીઓને બાપથી ખબર–
ખરાબ ખ્વારી ભર્યો મુવો છે મગર.
ન માર્યા હતા સિયાવક્ષે નફર,
કપઈતી ન મા તેની બીસ્તર ઊપર. ૧૫૩૭
તમામ મેહેલ બાળી દીધો આસપાસ,
તથા ભાંજી બાળ્યો તે સાંમાન ખાસ.
મરી ગઈ છે દાસીઓ પોતે મુદામ,
ભેલાયાં લોહી, ખાક, આતશ, તમામ.
કહયું ઈરાંનીઓને, યઝદાંથી ગર,
કરો કંઈ ઝમાનાની ગર્દીશનો ડર.
બુરા માટે લાંબો છે આંસ્માનો કર,
નવા મેહેર કરતો ઝુલમગાર પર.
નહીં રાખી કયખુસરોનીબી શરમ,
કહયાતા સુખન જેણે તૂસને નરમ.
મોકલ્યાતા સ્યાવક્ષનાં કીનામા ગર,
શીખાંમણો આપીને અંદાઝા સર.
શુરૂ તેના ભાઇને માર્યો ખસુસ,
રે વાહ! તુંદ, પાઝી, ને હીચકારા, તુસ.

થશે ભાઇનાં ખુને વાકેફ અગર,
તો કરશે તે કોતાહ શરમ ને મહર.
તુંન્દ મગ્ઝ બેઝન અને આં રોહામ—
થી, જગમાં ન એકબી થશે ઠીક કામ.
આવી લાગો એટલાંમા સર્દાર તુસ,
કલાતનીજ તે રાહે લઈ સાથ કુસ. ૧૫૩૮
કે ગોદર્ઝ, અને ગેવ, કંઈ પહલવાન,
સેપાહ તે ઝબર ને દીલેરે ઇરાન.
ગયો કોહ સેપદ તર્ફ સરદાર તુસ,
આવ્યો તેઝ, ગમ કાંઈ હુતો ના ખસુસ.
આવ્યો ખ્વાર મુરદાંના બીછાંને જ્યાર,
જોયો તખ્ત પર તેને મા સાથે ખ્વાર.
કે એક હાથે બેહરાંમ થઈ ચશ્મ તર,
હતો બેઠો ગુસ્સામા બીછાંના પર.
બીજા હાથ ઊપર ઝંગએશાવરાન,
તથા ટોળાંઓ થઈ ઘણાં પહલવાન.
ગોયા ઝાહાડ, જંગી પડયો તખ્ત પર,
કુદે [1]સાગ જેવો, ને માહતાબ ચહર.
સુતો ગો ઝરી તખ્તે સ્યાવક્ષ જઈ,
ગોરઝ, ટોપ, બખ્તર, કમરબંદ, લઈ.
તે જોઈ ગેવ, ગોદર્ઝ રડયા ઝબર,
દીલેરો, ને કુલ જંગીઓ, નામેવર.
કલેજાંના લોહી ભર્યો તુસનો ચહર,
ફરૂદના, ને બેટાનાં, દુઃખે ઝબર.

1—સાગના લાકડા જેવો સીધો.

દીલે હાય આંખોબી આંસુએ તર,
કીધા તુસ સરદારની તર્ફ ચહર. ૧૫૩૯
બોલ્યા ગેવ, ગોદર્ઝ, એમ તુસ પાસ,
દીલેર, નામદારો, ને જંગીઓ, ખાસ.
દીધું તારી તુંન્દીએ સંતાપી ફળ,
ન તુંન્દીનું બી બાગ઼મા બો અટળ.
નથી કામ અફ્સરનું તુંન્દી શીતાબ,
કરે તુંન્દી સરદાર, તે બહુ ખરાબ.
જવાંન એ રીતે કયાંની તોખમ અગર,
તથા દબદબો, ક઼દ, બુલંદી કમર.
ફ્ના ફ઼ઘો તેઝી ને તુન્દી કરી,
ને ઝ઼રસ્પ સરદારબી નવદરી.
એ તુંન્દીથી તારી સુવોચ રીવનીઝ઼,
ન તુજ બખ્તે બાક઼ી સુકી કોઈ ચીઝ઼.
છે તુંન્દ મર્દના દીલની બુદ્ધી હોનર,
ગોયા તેગ઼ બુઠ્ઠી કટાયલી ઝ઼બર.
ઘણી વાતો કહી ત્યારે બે આંખે આબ,—
રેડી, ગુસ્સા હુન્દીથી ફર્યો શીતાબ.
કહયું તેગે કે બદ નસીબે ઝ઼બર,
પડેચ રંજ સખ્તીબી ઇન્સાંનો પર.
હુકમથી તેના શાહી દખમું તેવાર,
કીધું પાહાડના તે શીખર પર તયાર.
બીછાવ્યું તેમા એક ઝ઼રીનું તખત,
કમરબંદ, ગોરઝ઼, તેગ઼, બખ્તર, સખત. ૧૫૪૦

પછી શાહી તનને સજાવ્યું શીતાબ,
ગુલાબ, કસ્તુરીથી, કપુરથી, શરાબ.
કપુરથી કીધું ખુશ્ક માથું શીતાબ,
ને તનમાં ભર્યાં કસ્તુરી ને ગુલાબ.
ફર્યા તેને મુકી તેઓ તખ્ત પર,
થયો શેરે દીલ નર પૂરો નામવર.
સર અફ્રાઝ઼ રીવનીઝ઼ ઝ઼રરૂપ ખાસ,
જેઓનેબી મૂકયા તે શાહુનીજ પાસ.
કપુર જેવી દાઢીએ તૂસે તેવાર,
કીધી ખુનની વેહુતી, આંખોએથી ધાર.
ગમે એટલાં રહે વખ્ત લાંબો મગર,
નહીં રેહેશે હાથી કે સિંહ નામવર.
કઝ઼ા માટે છે ઝ઼ઇફ ને જવાંન પણ,
કઝ઼ા શેર છે આંપણેતો હરણ.
ડરેચ મોતે, પત્થરનું દીલ ને એરણ,
ન ઝાહડોના બચતાં થડ઼ો પાન પણ.
ન રેહેશે આં ત્રણ પાંચની કોઈ જહાન,
ગમે દર્દો રંજના, ગમે શાદમાન.
જવું પડશે લાચારે, જાંણેચ મુકામ,
તો બેહતર કરી લે ભલું કોઈ કામ. ૧૫૪૧
જો સરદાર તે તુસ જંગે ફરૂદ,-
થી પરવારી આવ્યો તે પાહાડેથી ખુદ.
બોલ્યો મનથી પોતેજ સરદાર તુસ,
વિલાપો કરી, કીધાં કામે ખસુસ.

અગર ડર કે ના ડર એ છે સર્વે એક,
નથી ચારો શેવટ જવાના દરેક.

તુસનું કલાતથી કાસેરૂદ તરફ લશકર ખેંચવું અને બેઝનનું પલાશાનને મારવું.

ગયો થોભી જેરમમાં તે ત્રણ દીવસ,
થયા ચોથે રણશિંગોના શોર બસ.
ઠોકી કુસ કરનાયો ચાલી સેપાહ,
ઝમીન આ થી તે કોહ સુધી થઈ સિયાહ.
ને જે કોઈ કે મળતાતા તુરકી સેપાહ,
તો મારતા ને તન તેનું ફેંકતાતા રાહ.
મુલક સરવે વયરાંનળી કીધા ખુદ,
અને એમ કરતો ગયો કાસેરૂદ.
કીધી છાવણી મુલ્કમાં તે યકીન,
જણાંઈ નહીં તંબુઓથી ઝમીન.

ખબર થઈ તૂરાંમા કે ઇરાં સેપાહ,
પડીચ કાસેરૂદ આવી કાપીને રાહ.
આવ્યો તુરકીમાથી દેલાવર જવાંન,
પલાશાન, હોશીયાર દીલ પહલવાંન. ૧૫૪૨
કે આવ્યો તે જોવાને લશકર મુદામ,
ગણી લેવા ઝુંડા, ને તંબુ, તમામ.
હુતો પાહાડબી એક છાવણીની પાસ,
તે લશકરની બાજુએથી ઊંચો ખાસ.
હતા બેઠા બેઝન અને ગેવ જ્યાં,
ને કરતાતા કમ ઝયાદા વાતોબી ત્યાં.
પલાશાનનો ઝુંડો, તુરકી સેપાહ,—
મા, જોયો કે આવે છે કાપીને રાહ.
જોયો દૂરથી ગેવ જંગીએ જ્યાર,
તો મારીને દસ્ત તેગ઼ ખેંચી બાહાર.
કહયું જાઊં કાપુ તેના તનથી સર,
યા લાઊં સેપાહ પાસ બાંધી ઝબર.
કહયું બેઝને ત્યારે અયે નામદાર,
એનો હદયોં મુજને દીધો શાહે યાર.
મારે બાંધવી તે હુકમથી કમર,
પલાશાન જંગીની જંગમા ઝ઼બર.
કહે એમ બેઝ઼નને ગેવ નામવર,
નરે સિંહની જંગમા શીતાબી ન કર.
ન લડશે કદાચે તેનાથી તું જંગ,
થશે જંગથી એ દીવસ મારો તંગ. ૧૫૪૩

પલાશાન છે શેર જંગલનો આય,
ન શોધેચ શિકાર, જંગી મર્દો સિવાય.
કહયું બેઝને મુજને એ વાતે ખાસ,
ન શર્મીન્દો કર એમ શાહાની તું પાસ.
સિયાવક્ષનું બખ્તર તું દે આંય જંગ,
શિકારે તે ચિત્તાના જો મારો રંગ.
દીલેર ગેવે બખ્તર દીધું જે બુલંદ,
કે બખ્તરના બેઝને બાંધ્યા તે બંદ.
ને બેઠો તે ઘોડા ઊપર તેઝ મસ્ત,
ગયો જંગલે તે ધરી નેઝો દસ્ત.
પલાશાને માર્યું હરણ એક શીતાબ,
હતા આગ પર જેના મુકયા કબાબ.
તેનો રખ્શ ખાતો ને ચરતો અતી,
પલાશાનની બાઝુ કમાંબી હતી.
તે ઘોડે, દીઠો ઘોડો બેઝનનો દૂર
તો આવ્યો પૂકારીને દોડી ઝરૂર.
પલાશાને જાણ્યું કે આં છે સવાર,
લડાઇનો આવ્યોચ કરીને વિચાર. ૧૫૪૪
કીધો શોર બેઝનની ઊપર બુલંદ,
કહયું શેર મારનાર છું દેવબંદ.
છે શું નામ તારૂ તે ઝાહેર કર,
તારાં બખ્તને પડશે રડવું તું પર.
કહયું તે દીલેરે કે બેઝન તે હું,
લડાઇનો હાથી જે રોઇનતન તે હું.

છે મુંજ સામે જંગમા શું હાથી કે શેર,
છે એકસાંન પહલવાંન મર્દો દીલેર.
બપાવો છે સિંહ, ગેવ જંગી પીદર,
દીલેરી તું મુજ જોશે હમણાં મગર.
બલાને દી જંગ જોશ ધરનાર હું,
મુવેલાં વરૂ કોહે ખાનાર તું.
ધુંવો, ખાક, ખુન, ખાએ છે તું અગર,
મેદાંને ઊતારેચ સેપાહ વખ્ત પર.
જવાબનું ન કીધું પલાશાને ધ્યાંન,
ને માર્યો ઘોડો મસ્ત હાથી સમાન.
વળગ્યા ગોયા સિંહો જંગી દરેક,
ઊડારી સિયાહ ગર્દબી ઊંચી એક.
શુરૂ કીધી નેઝાઓની ખુબ જંગ,
હતો એક સિંહ તો બીજોબી [1]પલંગ. ૧૫૪૫
ટુટી તેંમણા નેઝાઓની નોંક સખ્ત,
તો નાંખ્યા દીલેરોએ શમશીરે દસ્ત.
ટુટી શમશીરોબી તે જંગ દરમેયાન,
તો ધુંજ્યા, તે ઝાહાડોની શાખો સમાન.
પસીનામા ઘોડા ગરક થઈ ગયા,
તો એક વાર સરદારો ગમગીં થયા.
ઊઠાવ્યા ફરીથી ગોરઝને ઝબર,
હતા બેહુ જંગી, બેહુ નામવર.
કીધો જંગમા બેઝને એમ પૂકાર,
ખભાં તક ઊઠાવી ગોરઝ ઝોરદાર.

૧—ચિ-તો.

પલાશાન જંગીની કંમર ઊપર,—
મારી, પીઠનો કાંઠો ભાગ્યો ઝબર.
ઘોડાએથી પડયું નિંચે તન ઝબર,
પડયાં ઊધાં બખ્તર, અને ટોપ, સર.
નિંચે આવ્યો ઘોડેથી બેઝન મગર,
કીધું તનથી દૂર મર્દ જંગીનું સર.
તે હથ્યાર, ઘોડો, ને જંગીનું સર,
કે લઇને કીધો બાપની તર્ફે ચહર.
દીલે ગેવ હતું દુઃખી જંગથી તદન,
કે કયાં આજ ફરશે લડ઼ઇનો પવન? ૧૫૪૬
પુકારતો, ઊછળતો, તે ચોકી ઉપર,
કયારે ફરશે રાહુથી બીઝ઼ન નામવર.
પુગો આવી એટલાંમા બેટો જવાન,
તે જંગીનુ સર, ઘોડો, બખ્તર, નિદાન.
કે લાવીને મુકયાં તે, સાંમે પીદર,
કહયું બાપે હોજો ફતેહમંદ પીસર!
કીધું કામ એવું કે જે જાવેદાન,—
કરશે યાદ, દાંના, અને પેહેલવાન.
ને વાકેફ એ વાતે થશે શહરયાર,
તો ખીલશે તેવારે ગોયા ફુલ બહાર.
ખુશી સાથે ફર્યાં જગોથી તે ખાસ,
કીધાં મોઢાં તેઓએ તંબુઓ પાસ.
અને લાવ્યો સર તેનું સરદાર પાસ,
તથા ટોપ, બખ્તર, ને ઘોડોબી, ખાસ.

થયો તે આં વાતે ખુશી પહલવાન,
ફીદા ગોયા તે પર કરે તેનો જાન.
તે બોલ્યો એ બેટા સેપાહની પનાહ!
વડીલ નાંમીઓનો, ને તાજે શાહા!
જીવો નેંક વિચારે ખુશીમાં ઝરૂર,
રહો તુંથી બદ કર્તુકી બુરા દૂર! ૧૫૪૭
દોઆ હોજો ગોદર્ઝનાં ગેવ પર!
જે રાખે છે નામીચો તું નામવર!
ખબર ચુકો ઋમજી એ અફ્રાસેયાબ,
કે તુરાં ઝમીં થઈ છે દર્યાનું આબ.
ને આવી પૂગીચ કાસેરૂદમાં સેપાહ,
સિયાવક્ષને કીને ઝમીં થઇચ સિયાહ.
કહ્યું શાહે સરદાર પીરાન પાસ,
છુપી વાત ખોલી છે ખુસરૂએ ખાસ.
પણ આપણેજ એ વાતે સાંબે જઈ,
થઇએ સાંમા ઝુંડા, નગારાંઓ લઈ.
ન તો આવશે જો ઈરાંથી સેપાહા,
નહીં જોશુ ખુરશીદ, ન રોશન માહા.
તું જા ચોતરફથી સેપાહ ભેગી કર,
વધે વાત આગળ, ન થાય એમ ગર.

બરફના વર્સાદથી ઇરાની લશકરનું બતંગ આવવું.

પેલી તર્ફથી સખ્ત ઊઠયું તુફાન,
ન જંગનું રહયું ઇરાંનીઓને ભાન.
આવ્યું એક વાદળ, ગોયા ગર્દ સખ્ત,
થયા બંધ સર્દીથી હોઠો તે વખ્ત.
સરાપર્દા, તંબુ, ગયા બર્ફ થઈ,
ચદર બર્ફની કોહે પથરઈ ગઈ. ૧૫૪૮
મુલક બર્ફમા તે છુપાયો તમામ,
ઝમીન ના દેખઈ એક હફતો મુદામ.
થયાં સુવુ, ખાવુ, ને આરામ, તંગ,
ગોયા થઈ ઝમીનની સપાટીબી સંગ.
રહયું ના લડાઇનું કોઈનેબી ભાન,
ખાધા જંગી ઘોડાઓ કાપી નિદાન.
મરો ઢોરોનો, માણસોનો, થયો,
ન ઘોડો દીલેરોનો એકબી રહયો.
જણાયો દીન આઠે બુલંદ આફતાબ,
બની ગેતી કુલ ગોયા દર્યાએ આબ.
સેપાહ કીધી સરદારે ભેગી તેવાર,
કીધી વાત જંગના દીવસની અપાર.

કે આફતથી આં થઈ સેપાહ જો તબાહ,
તો બેહતર કે આગળ જવું હયાંથી રાહ.
નહોતી ઝમીંન મુલ્ક પર આફરીન,
સેપદ કોહ, કલાત, કાસેરૂદની યકીન.
દીલેરોમાં બોલ્યો તે નામી બેહરામ,
તું સર્દારથી જોઈયે છુપુ શું કામ?
હમોને કરી તુંએ બોલવાથી તંગ,
સિયાવક્ષના બેટાથી કીધી તે જંગ. ૧૫૪૯
કહયુંતું તુને મેં નથી ઠીક અગર,
એ કામે શું મળ્યું, કરીજો નઝર?
હજુ આવશે આગળ બદી શું શું સખ્ત,
[1]હજુતો છે ચામડાંમા પાડો આં વખ્ત.
તો સર્દાર બોલ્યો કે આઝરગોશસ્પ,
હતો નામી કયાં? જેવો જંગી ઝરસ્પ?
નથી કંઇ મુવો બેગુનાહથી ફરૂદ?
લખેલું થવાનું, થયું તેજ ખુદ?
ધરાવતો હતો જો તે શાહી ઓલાદ,
ઝરસ્પ હતો ના દીલેર દેવઝાદ.
નઝર ફોજ પર કર, કે રીવનીઝ સમાન,
જો છે કોણ મર્દી, દેખાવે, નિદાન?
રેહેતી દુધ, દારૂથી, મુજ જામ પૂર,
જવાં કદ, ને બોલાવે, જે દાંના ઝરૂર.
નહીં યાદ કરશું વિટી ગયલું એ,
મુવો બેખતા યા ખતાવાર તે.

૧—એટલે કે મુશકેલી તો આપુળ જતાં આવશે.

તું કહે ગેવ બેઝ઼નને જલ્દી કરે,
ક઼દમ બંધ રસ્તાથી આગળ ધરે.

ગેવનું લાકડાંના પાહાડનું બાળવું અને તે રસ્તેથી ઇરાંની લશકરનું પસાર થવું.

બોલ્યો તૂસ સરદાર બુન્યાદ ખાસ,
તે દાદ, દબદબા, ભર્યા નાંમીઓ પાસ.

લીધોચ ગેવે સર્પાવ શાહુથી જેવાર,
કે લાકડાંનો કોહ રાહુથી બાળવો, તેવાર.

હવે આવ્યો છે બાળવાનો તે વખ્ત,
ફલક કરવા રોશન તે આંતશે સખ્ત.

થશે રાહા ખુલ્લી સેપાહુની મગર,
ને કરશે તે રાહુથી સેપાહબી ગુઝ઼ર.

કહયું ગેવે એ વાતમા રંજ નથી,
[1]અગર રંજ છે, તો હું બેગંજ નથી.

૧—યાને તંના બદલો ગંજથી મળી ચુકયો છે.

થયો ગમગીં એ વાતે બેઝન અપાર,
કહયું હું નથી માણતો એ વિચાર.
જવાં છું છતાં હું જો બેસુ અગર,
ને બાંધે તું બુઢઢો કમરબંદ કમર.
તેં સખ્તી, ને રંજોથી, પાળ્યો અને,
નથી વાત કહી સખ્ત કોઈ દી મને.
એ રંજે મને નાંખવો જોઈયે દસ્ત,
ન કે બેસુ હું, ને તું જોય રંજ સખ્ત.
કહયું ગેવે કરવા તે માંગુચ મુંહામ,
ઊઠાવી છે ગરદન જે કામે તમામ.
વખત મારો કીર્તીનો છે અય પીસર!
ન ઝઈફીનો, યા કે પરઈ આસ પર! ૧૫૫૧
જવાથી આ મારા, ન કરતો તું ગમ,
સખત કોહને બાળવા ધરાવું છું દમ.
પછી સખ્તીથી કાસેરૂદથી ગયો,
બરફ ગેતીનો તાંણો, વાંણો, થયો.
જેવારે તે આવ્યો [૧]કોહેકાષ્ટ પાસ,
નહીં જાણી પોહળઈ, કે લંબઇબી, ખાસ.
કીધો તીરની નોંકે આતશ મુંદામ,
નાખ્યો પાહાડમા, કાષ્ટ બળ્યાં તમામ.
ધુમાડો, પવનથી, અગન બળભળી,
તે આતશથી ત્રણ હફતા રાહા નાં મળી.
અને ચાલી ચોથે સેપાહ તે મુદામ,
કે પાણીથી તે આગ ઓળવી તમામ.

૧—લાકડાંનો પાહાડ.

તે સરદારે ભેગીજો કીધી સેપાહ,
જવા ગેર્વંગર્દ, છોડી આતશની રાહ.
સેપાહ સફ સમારીને ચાલી ઝબર,
કરી છાવણી જંગલો પાહાડ પર.
ઊપાયોબી ઘટતા કરી સઊ લીધા,
તલાયાઓ ચો તર્ફ ફરતા કીધા.

તઝાવનું બીઝન સામેથી નાસી જવું અને એસ્પનુયનું પકડાવું.

તઝાવ ગેર્વંગર્દે હતો રેહેતો યાર,
જે સિંહોથી લડતો, એવો તે સવાર. ૧૫૫૨
ઘોડાઓનો ટોળો જે રાખતો નિદાન,
જેને ચરવા મુકતો તે પાહાડો મિયાન.
ખબર થઈ કે આવે છે ફોજે ઇરાન,
ખસેડવાં ઘટે રાહથી ટોળાં નિદાન.
મોકલ્યો તુરત તેણે પહલવાંન ખાસ,
તે અફ્રાસેયાબના ગોવાળ્યાની પાસ.

કબુદહ જેનું નામ, લાયક અતી,
જેની યોગ્યતાની જરૂરત હતી.
કહયું થાય વાદળે અંધારૂ ગર,
જજે હયાંથી, જોએ ન કોઈ તારો ચહર.
તું જઈ જોજે કેટલી છે ઇરાં સેપાહ,
અને કોણ રાખે છે ઝુંડા કોલાહ?
શબેખુન કરશું તેઓની ઊપર,
ને કરશું બેયાબાંન, કોહ, ખુનેતર.
તો આવ્યો કબુદહ ગોયા દેવ સિયાહ,
સિયાહ રાતે પાસે ઇરાંની સિપાહ.
સિયાહ રાતે બેહરામ તલાયો હતો,
કમંદમા જેની હાથી આવી જતો.
પુકાર્યો કબુદહનો ઘોડો નિદાન,
ઊભા કીધા લશકરથી બેહરામે કાન. ૧૫૫૩
કરી તેઝ ઘોડો ચઢાવી કમાન,
ગયો ત્યાંથી ઘોડો તે ભારી નિદાન.
છતાં માર્યો તીર એક, બોલ્યા વગર,
દેખાતો ન રાતે કબુદહ મગર.
લાગો શાહી ભરવાડની તે કમર,
થયો રંગ કબુદહનો કાળો ઝબર.
પડયો ઘોડેથી, ચાહી માફી અગર,
કહયું બેહરામે બોલ સાચુ મગર.
મોકલ્યો છે કોણે તુને આય સ્થાંન?
કોને મારવા ચાહતો જંગીઓ મ્યાંન?

તો બેહરામને કહે કરે માફ અગર,
પૂછે વાત જેબી, કહું તે મગર.
તઝાવ મારા શાહે, મોકળ્યો છે ખાસ,
ને ચાકર હું તો છું ફકત તેની પાસ.
મને તું ન માર હું દેખાડીશ રાહ,
તથા તેના રેહવાની આરામગાહ.
બેહરામે કહયું મારી સાંમે તઝાવ,-
ને, જાણ કે છે ભેંકાર સિંહ સાંમે ગાવ.
પછી કાપ્યું ખંજરેથી તેનું સર,
ને બાંધ્યું તેને શાહી ઝીનથી ઝબર. ૧૫૫૪
નાંખ્યો છાવણીમાં તેને લાવી ખ્વાર,
કારણ ના હતો નામી જંગી સવાર.
દીધી બાંગ મુર્ગે ને બોલ્યા ચકાવ,
કબુદહ નહીં આવ્યો પાસે તઝાવ.
ગયું જંગી નરનું ગમે દીલ ભરઈ,
તો જાંણ્યું કે આવી છે કોઈ બુરઈ.
બોલાવી સેપાહ જે હતી કંઇ તેવાર,
ને પાડયું તે જગ્યાથી લશ્કર બાહાર.
ઊભો ઝુંડો મયદાને ખુરશીદ લઈ,
બળુ, ખંજરે રાતની ઘુમ થઈ.
તઝાવ ચાલેયો ફોજ લઈ નામદાર,
ઊઠયા ચોકીએથી ઇરાંની પુકાર.
કે આવે છે લડવા તુરક ફોજ સખ્ત,
મગરનો છે ઝુંડાબી અફસર ને દસ્ત.

દીલેરોથી સાંમો ગયો ગેવ ખાસ,
હતા શુરા પહલવાંનોબી જેની પાસ.
કે ગુસ્સાથી પૂછયું તેંણે તેનું નામ,
ને બોલ્યો કે અયે મર્દ જંગી મુદામ.
આયો લડવા લઈ ફોજ તું હાલમા?
કે દોડયો મગરમચ્છની ચુંગાલમા? ૧૫૫૫
દીધો એંમ તઝાવ તે દીલેરે જવાબ,
છું સિંહ દસ્તનો, ઝોરેમંદ દીલ, શીતાબ.
છું નામે તઝાવ, મર્દ મારનાર છું,
ને સર મસ્ત સિંહનું ઉખેડનાર છું.
ઇરાંની નસલની હું બુનીયાદ છું,
દીલેરો ને સિંહોની અવલાદ છું.
ઝમીંદાર છું આં જગાનો સવઈ,
બુઝર્ગોનો ચુંટેલો, શાહનો જમઈ.
કહયું ગેવે નાં બોલ એવું તું છેક,
એ વાતે સિયાહ થાય છે તારો ટેક.
રહે કોંણ ઈરાંથી તુરાંમા મગર?
જેને ઝેહેર, લોહી, પીવા ઈચ્છા અગર.
અગર છે ઝમીંદાર, દાંમાદે શાહ?
તો કાં એથી ઝયાદા નથી તુંજ સેપાહ?
સેપાહ લઇને સરખી, નહીં તુંન્દ થા,
ન તેઓથી સાંમો દીલેરોની જા.
કે છું હું દીલેર, પૂર હોંનર, નામવર,
ને લાવુંચ નિંચે હાકેમોના હું સર.

હુકમ મારો માની, આં લઇને સેપાહ,
ને આવે જો ઇરાંન નઝદીકે શાહ. ૧૫૫૬
ને જાએ જો સરદાર તુસની તું પાસ,
કરી અર્ઝ, વાતો સુને તેની ખાસ.
અપાઊ ગંજ સર્પાવળી તેની પાસ,
ને બાંદીઓ, ઘોડા સજેલાઓ, ખાસ.
ન તુરકીમાં નર જોતો આઝાદ હું,
વધુ તે કહું જંગ હંગામે શું?
ફરેબી તઝાવે કહયું અય દીલેર!
કરી શકતો કોઈ મારો ઝુંડો, ન ઝેર.
મળ્યાં છે મને હાલ હયાં મોહોર, તખ્ત,
ને લશ્કર, ને ઘોડા, ને ગોરુપંદો, સખ્ત.
તથા શાહા અફ્રાસેયાબના સમાન,
નહીં ખાળમાં કોઈ જોશે ઇરાન.
છે મુંજ પાસે નોંકર, ને ઘોડા, અપાર,
જે છુટા ફરેચ કોહો, જંગલ, ને ગાર.
ન જો નાના લશકરને મારાં મગર,
મને ગુર્ઝ સાથે તું જો ઝીન ઊપર.
કરશ ઓજ ફઓજે એવું આજ કામ,
પશેમાં થશો આવવાથી હયાં તમામ.
તો બોલ્યો તે બેઝન પીદર નાંમી પાસ,
કે અયે નામવર જંગી પહલવાંન ખાસ! ૧૫૫૭
સરઅફ્રાઝ, ને દાંના દીલ, પહલવાંન,
ન ઝઇફીમા તે તું, હતો જે જવાંન.

તઝાવને દીએચ કાં શીખામણુ તમામ,
કરે છે તું દોસ્તી, ને માયા, શું કામ?
ગોરજ એક, ખંજરને ખેંચી, તમામ,
છે દીલ, મગ્ઝ, એવોનાં ચીરવાનું કામ.
ઝુંકાવ્યો તુરત ઘોડો મારી પુકાર,
ગોરઝ ખાંધે લીધો, ન ખંજરબી યાર.
સિયાહ ગર્દબી એક વચ્ચે સહી—
ઉડી, જેથી ખુરશીદ જણાયો નહી.
બની ગેતી બહમનનું વાદળ સિયાહ,
છુપાયા સિતારાઓ રોશન, ને માહ.
સેપાહની હતો કલ્બગાહ ગેવ બુલંદ,
ફલકની જે કરતોતો રોશનીને મંદ.
ને બેઝનબી આગળ હતો તેઝ દસ્ત,
ન જે ઢીલ કરતો લડાઇને વખ્ત.
આવ્યો તાજ પેહડી તઝાવ પેલી ગમ,
ધરાવતો હતો મસ્ત સિંહનો જે દમ.
હતા જંગી અર્ઝંગ [1]મરદુઈ શેર,
ધરાતા નહીં જંગથી કોઈ પેર. ૧૫૫૮
બતંગ થઈ ગયા જે લડાઇને વખ્ત,
છતાં કે હતા ગુર્ઝ, શમશીર, દસ્ત.
લડાઇમાં તે જો, થઈ બહુ ન વાર,
કે અર્ઝંગ જંગથી [2]ધરાયો અપાર.
કપાયા તે તુરકોમાં બે ભાગ સખ્ત,
તેવારે થયું તેનું બરગશ્ત બખ્ત.

૧—એ નામનો પહલવાન. ૨—યાને માર્યો ગયો.

તઝાવ ત્યાંથી નાસી ગયો જો દીલેર,
તો બેઝન, પૂઠે નામબરદાર શેર.
પુકારી થયો તેઝ લઈ નેઝો દસ્ત,
ગરઝતો ગોયા હોય તે શેર મસ્ત.
કે માર્યો જો નેંઝો તઝાવની કમર,
ન રહી તાબ તેની તેવારે અગર.
કે બખ્તર રૂમી તે હુનરમંદ નર—
નું, ફાટું ન યા બંદ ટુટા ઝબર.
તો નેઝાને ફેંકી ને લંબાવ્યો દસ્ત,
ઝપટ મારે મેંઢાંને ગો, વાઘ મસ્ત.
ને શકરો ઉઠાવે છે ચકવાને જેમ,
તઝાવનું ઊઠાવ્યું બુલંદ તાજ તેમ.
અફ્રાસ્યાબે મુકયું હતું જેને સર,
જેને જુદું કરતો ન સ્વપ્નેબી ગર. ૧૫૫૯
ગયો નાસી કીલ્લા સુધી મારી અસ્પ,
પડયો પૂઠે બેઝન ગો આઝરગોશસ્પ.
આવી [1]એસ્પનુય જો પૂગો દેઝ પાસ,
કે મોંહ આસુ ભર્યું, ને રડલીબી, ખાસ.
બોલી બુમો પાડીને, કે અય તઝાવ!
ગયાં કયાં સેપાહ, ઝોર, હીંમત, બતાવ?
કે ફેરવીને પીઠ એ રીતે મારી પાસ?
ને જાય દેઝમા ખ્વાર છોડીને ખાસ?
ઘટેચ કે પછાડી બેસાડી લીયે,
મને કીલ્લામા શત્રુને ના દીયે.

૧—તઝાવની ખબસરત બાંદી.

ન રેહવશ કદી આં જગે પૂર ખતર,
નતો ઠાર મુંજને તારા હાથે કર.
તઝાવ નામવરનું જળ્યું દીલ નિદાન,
થયું મોઢું રોશનળી, આંતશ સમાન.
નિચાંણે તઝાવ, એસ્પનુય તે ઊપર,
લગામ તેને ખેંચી તેવામા મગર.
આવી એસ્પનુય બેઠી વા ની સમાન,
વિંટાળ્યા બે હાથો કમર દરમેયાન.
તુરત દોડયો લઈ એસ્પનુયને અગર,
ને રાહ તર્ફે તૂરાં ની કીધા ચહર. ૧૫૬૦
દોડયો થોડો જંગી તઝાવનો રખસ,
ન રહી તાબ નરમા, કે ઘોડામા, બસ.
તઝાવે કહયું બાંદીને તેજ વખ્ત,
કે અય નેંક સાથી! આયુંચ કામ સખ્ત.
ને થાકયો છે જંગી આં ઘોડો અપાર,
પૂઠે શત્રુ આવેચ, ને આગળ છે ગાર.
ઘટે ચારો કરવો તેથી એક અહીં,
કે દુશમન વધે જેથી આગળ નહીં.
જો કે દુર છે કુયાંથી બીઝન અપાર,
તોબી ધરશે શત્રુ, શેવટ બદ વિચાર.
નથી દુશમની તુને તેનાથી બસ,
તો થોભ તું, કે હું જાઊં મારી રખસ.
ઊતરી એસ્પનુય ઘોડા પરથી તેવાર,
તઝાવ તેના ગમથી રડયો ઝારઝાર.

ગયો મારી ઘોડો અક્રાસ્યાબ પાસ,
શીતાબીથી બેઝન હતો પૂઠે ખાસ.
જોયું અસ્પનુયનું મોંહો માહ મીસાલ,
લટકતા પગો સુધી કસ્તુરી બાલ.
તો બેઝન ઊતર્યો તે જગ્યે ફરી,
ને ઊંચકી તે સુંદરીને, નખરાં ભરી. ૧૫૬૧
બેસાડી લીધી પીઠ પાછળ ખુશાલ,
દીલેરોનાં લશકર તરફ કીધો ખ્યાલ.
આવ્યો તૂસની દરગાહે શાદ થઈ,
કે દરગાહથી વાગાં નગારાં સવઈ.
કે હોશ્યાર દીલ, મર્દ, જંગી, સવાર,
આવેચ જંગથી દોડી, લઇને શિકાર.
તો જંગી તે સરદારોએ નામવર,
ફના કીલ્લો કરવા તરફ કીધો ચહર.
ગયા બાદ ઘોડાનાં ટોળાંઓ પાસ,
જે ચરતા તે તુરાંન જંગલમા ખાસ.
કમંદ સઊએ હાથોમા લીધી દરેક,
દીપે જેમ જંગી નરોને હરેક.
ને ફાંદામા લાવ્યા ઘોડાઓના સર,
ફરીથી સજાવી સેપાહ તે મગર.
તઝાવના મહલમા ઊતર્યા તેવાર,
ગુસ્સા ભર્યા જંગી ઈરાંની સવાર.

તઆવનું ઇરાની લશકરથી અફરા-સિયાબને વાકેફ કરવું અને તુરાની લશકરનું એકઠું થવું.

તઆવ રંજથી આંખે લાવીને આબ,
જો આવી પૂગો પાસે અફ્રાસેયાબ.
ને બોલ્યો કે આયો છે સરદાર તુસ,
સેપાહ સંગ લાયો છે કરનાએ કુસ. ૧૫૬૨
ઊતર્યો તેની જંગમા નામદાર,
મગર પાછો ફર્યો છું અચે શાહરયાર.
સર્દારોનાં બહુ ખાકમાં નાંખી સર,
કીધા કંએદ બેસીઓ, લુટી ઝબર.
કે રાખ્યાં ઝમીન, દેઝ, ઘોડા, નહી,
જગા બેસવાની ઝમીને ન રહી.
ફર્યા દેઝથી ઘોડાના ટોળાં પાસ,
ધર્યાં છુટા ફરતા ઘોડાઓને ખાસ.
પલાશાન અને મર્દ કંઈ નામવર,
મળી ચુકાં છે ખાકમાં જેના સર.
ઝમીં, મુલ્ક, સળગાવી દીધાં તમાંમ,
કીધાં નાશ ઘોડાનાં ટોળાં મુદામ.

સુની વાત અફ્રાસેયાબે જો આય,
તો ગમગીં થયો લાગો જોવા ઊપાય.
પીરાં પાસે વેસેના કહે એમ શાહ,
કહયુંતું કે લાવે ચોગમથી સેપાહ.
કીધી ઢીલ સુસ્તિને લીધે અતી,
બુઢાપો, નાદાની, ગાફેલી, હતી.
મુવા આપણાં ખેશ, અકાબરો, સખ્ત,
થયું જેથી ઊંધુ આ બેદાર બખ્ત. ૧૫૬૩
નથી ઢીલ કરવા રહયો આજે વખ્ત,
બનીચ દાંના મર્દો ઊપર ગેતી સખ્ત.
શીતાબ તેજ વેળાએ પીરાં સર્દાર,
અફ્રાસ્યાબ પાસેથી આવ્યો બાહાર.
નરો જંગી હર મુલ્કથી તેડી લઈ,
ચલાવી સેપાહ દીરમ, હથ્યાર, દઈ.
કીધું સારાં લશ્કરને આબાદ તે,
કીધાં સરફરાઝોના દીલ શાદ તે.
પછી કીધી જંગની તૈયારી મુદામ,
ને ગરદન ઉઠાવી કીનામા તમામ.
આવ્યો પહલવાં બાઝુમાથી બાહાર,
સમારી જગા જંગીઓની તેવાર.
કે જમણી તરફથી તઝાવ, બારમાન,
જે સિંહ ઝોર રાખતા સવારો નિદાન.
ને ડાબી તરફ નસ્તીહન પહલવાન,
જેની જંગમા સિંહો બકરાં સમાન.

કર્નાયોના શોરે ભરાઈ જહાંન,
ને ઝાંઝો, ને ઘંટોથી હીંદી, નિદાંન.

હવા રાતી, પીળી, બલુ, થઈ તમામ,
તરેહવાર ઝુંડા, ને નેઝે, મુદામ. ૧૫૬૪

ના રહી આય દર્યાંથી તે દર્યા રાહ,
ઘોડાઓથી, હાથીથી, ઊંટથી, સેપાહ.

જવાને થયો ત્યાર પીરાં શીતાબ,
આવ્યો મેહેલથી મયદાં અફ્રાસેયાબ.

ગણી તેંણે સરવે સેપાહ ચારો મેર,
છે કેટલા બહાદુર જંગી દીલેર?

કે થઈ આંકણી ફઓજની લાખ એક,
નરે સિંહો, પોલાદ વિંધનારા છેક.

થયો શાદ દીલ જીવે રોશન ઝબર,
કીધી બહુ દોઆાણી તે પહલવાન પર.

ખુશી ને ફતેહમંદ જા આંય પેર,
ન તુંજ આંખ જોતી ઝમાનાનો કેહેર.

ચાલાવી મુંબારક દીને તે સેપાહ,
ને સરદાર ચાલ્યો, રહયો ત્યાંજ શાહ.

ટોળાંબંધ લશ્કરો ચાલી રહયાં,
દર્યા, કોહો, જંગલો, ઢંકઈ ગયાં.

પીરાંને કહયું કે ઊગટ રાહ ધરો,
અને હયાંથી રસ્તોબી ટુંકો કરો.

ખબર પૂગે તેઓને એવું ન થાય,
ભર્યા દબદબા નાંમદારોની આય. ૧૫૬૫

કારણ તે સેપાહ પર એકા એક હાલ,
તોડી પાડુ આં ફ્ઓજ કોહની મીસાલ.

છુપા જાસુસોને મોકળ્યા તમામ,
કે ત્યાં જુવે કેવું છે ગેતીનું કામ.

પડયો રાહે તુંન્દીની સાથે ઝબર,
લડાઇને માટે ગેરવગર્દ શહર.

ખબર જાસુસોને મળી ગઈ મુંદામ,
કહી ખાનગીમા પીરાંને તમામ.

કે દારૂઓ પીપી ને થાયે છે મસ્ત,
દીવસ રાત દારૂજ છે જેને દસ્ત.

[1]સરખ્સથી તે [2]બાર્વંદની વચ્ચે છે તુસ,
તો બાવર્દથી ધસ્યે, વગાડીને કુસ.

સવારો, તલાયા, નથી રાખ્યા રાહ,
નચિંત છે તેઓ કામે તુરકી સેપાહ.

૧—શહરતું નામ. ૨—શહરતું નામ.

પીરાનનું ઇરાની લશકર ઊપર શબેખુન કરવું અને ઇરાની-ઓનું હારી જવું એને જંગે-પશાન કહે છે.

સુની તેડયા પીરાંને, જંગીઓ પાસ,
સેપાહને કહી વાત કંઇએક ખાસ.
કે તક એવી જંગમા કદીબી અગર,
મળી નાં ઇરાંની સેપાહની ઊપર.
કે ચુંટયા તેને ફ્ઓજથી નામદાર,
સવાર તેગ઼ મારનારાઓ ત્રીસ હજાર. ૧૫૬૬
ગયા, રાત અરધી થઇ જો પસાર,
ન કીધા નગારાં કે જંગના પુકાર.
સેપાહ લાયો સરદાર દાંના ઝરૂર,
હતા સાત ફર્સંગ પહલવાંનો દુર.
ગયા શુરૂ ઘોડાના ટોળાંઓ પાસ,
જે ચરતાતા તુરાંના જંગલે ખાસ.
ધરી લઈ ગયા તેઓને દસ્તથી,
કશું ના રહયું બાકી બદ બખ્તથી.
ગોવાળ, ચર્વાદારો, કપાયા તમામ,
ઇરાંનીઓનું બખ્ત ફર્યું સુદામ.

કે ત્યાંથી તેઓ પાસે ઇરાં સેપાહ,-
ગયા, જાણે વાદળખી હોય સેયાહ.

હતા મસ્ત ઇરાંની સરવે ઝબર,
બેઠાં, ટોળે ટોળાંઓ છોડી કમર.

મગર ગેવ તંબુમા બેદાર હતો,
ને સરદાર ગોદર્ઝ હોશ્યાર હતો.

કૂહાડીના ઝખ્મોના ઊઠયા પુકાર,
દીલેર ગેવ ઘભરાયો જેથી અપાર.

હતો ઝીન સાથે તેના તંબુ પાસ,
ઘોડો એક પાખરનો ઉભેલો ખાસ. ૧૫૬૭

દીલેર ગેવે પેહડી લીધું તન ઊપર,
સિયાવક્ષનું બખ્તર ગોયાં શેરે નર.

થયો ચિત્તા જેવો, ખફા પોતા પર,
ને શરમાયો, આરામ, ઊંઘથી, ઝબર.

કહયું ઉઠ! આ રાતે એ શું થયું ?
લડઇ બદલે ભેજું ધુંવો થઈ ગયું?

તે બેઠો ઘોડા ઊપર, આવ્યો બાહાર,
ને ચાલ્યો પવનની મીસાલે તેવાર.

જોયું રાત, ધુળથી, સિયા [1]અબ્ર ખાસ,
પૂગો આવી સરદારના તંબુ પાસ.

કહયું ઊઠ! આવ્યું છે લશકર શીતાબ,
દીલેર શાહના આપણુ, તો કર્યેચ ખાબ.

પીદર પાસે ત્યાંથી ગયો તે તુરત,
હતો હાથમાં ગુર્ઝ ગાએ સુરત.

૧—વાદળ.

ને દોડયો ઝડ્પથી સેપાહ આસપાસ,
જગાડયા હતા જેઓ હુશ્યાર ખાસ.
છેડાયો તે બેઝનની ઊપર શીતાબ,
છે જંગની જગો કે પીવાની શરાબ?
સેપાહ તે સેપાહની ફરી આસપાસ,
લડઇગાહથી ઊઠયા પુકારોબી ખાસ. ૧૫૬૮
થયા ઘાભરા ઘર પકડથી દલીર,
ચઢી આવ્યું વાદળ, વરસ્યાબી તીર.
પીધેલાના સર નિંચે ટકયા નરમ,
ઊપરથી ગોરઝ, તેગ, ખંજર, ગરમ.
ઊઠાવ્યું સિંહ રાસે સુફેદીએ સર,
કીધી જંગી ગેવે સેપાહપર નઝર.
જોયું મયદાં મુવા ઇરાંનીએ પૂર,
તથા બખ્ત બેદાર, ઊંધુ ઝરૂર.
ગુદર્ઝે કીધી ચારો બાઝુ નેગાહ,
કે વધતી જતી દુશ્મનોની સેપાહ.
જે સફ ખેંચી ઊભા ઘોડાઓની પાસ,
કીડી, ને તીડો, જેવી લઈ ફોજ ખાસ.
કે સરદારે જોયું દલીરો નથી,
સેપાહ મર્દબી શૂરવીરો નથી.
સિવા ગેવ ગોદર્ઝ થોડા સવાર,
જે ખેંચતા હતા જંગની રંજ અપાર.
ભરી જંગગાહ મુર્દે જોઈ નિદાન,
ગુંદાયલી ઝમીં જોઇ કાદવ સમાન.

કે ડંકાઓ ઊંધા, ને ફાટી નિશાન,
સિયાહ રંગ જીવતાંના ચેહેરા નિદાન. ૧૫૬૯
પિદર વિન પીસર, ને પિસર વિન પિદર,
થયું ભારી લશકરબી ઝેરો ઝબર.
છે તેઝી આ ગુંબદની એવીજ ચાલ,
ઘડી દુઃખ દે છે, ઘડીમાં ખુશાલ.
કે લાચારીએ પીઠ ફેરવી મુંદામ,
ગયા છોડી તંબુ, ને ડેરા, તમામ.
ન અસ્બાબ, સામન, કે ના ફોજ, કુસ,
હતા ઝખ્મી ડાબે ને જમણે ખસુસ.
એવી રીતે લશકરબી તે કાસેરૂદ,
ફર્યું તાણું વાણું વગર પાછુ ખુદ.
સવારો ગયા તુર્ક, પૂઠે તે તુસ,
કીનાં ભર્યા જીવે ઝબાં ચાપલુસ.
ગોરઝ ગોયા વાદળથી પડતા ઝબર,
પીઠે ટોપ, પેહરન, ને બખ્તર, ઊપર.
ટકી કોઈ રહયો નાં લડાઈબી પાસ,
કીધો કીલ્લો કોહને, દીલેરોએ ખાસ.
પડ્યા ઘોડા જંગી, ને મર્દો તમાંમ,
ન ઉઠવાની શકિત, કે ના હોશ, હાંમ.
ફરી પાહાડ઼થી ફોજ તુરકી તમામ,
જે ઠાકી લડ઼ઈ, લાંબી રાહે મુદામ. ૧૫૭૦
ગયો પાહડે, જંગલથી સર્દાર ગર,
રહયો તૂર્કી હુમ્લાઓથી બેફીકર.

ઈરાંનીઓમાં થઈ ગયા કમ અપાર,
કે દુ:ખના તેઓમાંથી ઉઠયા પુકાર.
જે જીવ્યા તે ઝખ્મી, ને કૅદી, સમાન,
રડવા જોગ હતા કૅદી ઝખ્મી નિદાન.
ન ડેરાઓ, તે કે ન તાજો, ન તખ્ત,
ન જંગી નરો, કે રહયા ઘોડા, સખ્ત.
ન કોઈ પાળનારો, ન ગમખ્વાર કોઈ,
ન ઝખ્મીઓને જોવા આવનાર કોઈ.
રડી ઝારી કરતા પીદર પર પીસર,
ને ઝખ્મીઓ માટેબી જળતા; ઝબર.
છે રાહ રસ્મ ગેતીની એવી તમામ,
છુપું તુંથી રાખે છે પોતાનું કામ.
પર્દા પૂઠે ખેલે છે બાઝી મગર,
કે તુંન્દી ને કોઇનીબી હાજત વગર.
ઊઠાવ્યે છે રંજ લોભ, ફંન્દે, ઝબર,
નથી જાણુતા ભેદ તેનો મગર.
હવાથી તુ આવ્યો, જશે ખાક તું!
તું સાધે શું કરશે તે, જાણે તે શું? ૧૫૭૧
બે હીસ્સા ઈરાંની સેપાહ ગઈ મરી,
ગયા જંગના ઝખ્મી પાછા ફરી.
કે સર્દાર જંગથી દીવાંનો થયો,
ને ડાહપણુથી, દીલે બેગાનો થયો.
કે મયદાંને જંગ ખાબ, મહેફીલ, શરાબ,—
પીધો જંગ બદલે, સેપાહે શીતાબ.

એવો ખાબ કે વખ્ત લાંબો અપાર!
ન એક જણુબી હીલ્યો, કે બન્યો બેદાર!
કે ગોદર્ઝ બુઝરગ ને દાંના યકીન,
ન બેટા, નબીરા, ન મુલ્કો, ઝમીન.
બીછાંને ન કૈદ ઘાયલોના તમામ,
ખુની આંસુ, ને ગમ, હતાં ઠામેઠામ.
આવ્યા કંઇક દાંનાઓબી તેની પાસ,
સલાહ લેવા માટે તુટાં દીલે ખાસ.
બેસાડયો તગાયો તે કોહની ઊપર,
જે રાખતો હતો ફ્ઓજ ઊપર નઝર.
હરેક તર્ફે ફરતા કીધા ચોકીદાર,
કદી થાય ચારોબી દુઃખનો લગાર.
પછી એક ઇરાંનીઓથી નામવર-
ને, દીધો હુકમ તંગ બાંધે કમર. ૧૫૭૨
ખબર પાદશાહને એ વાતે કરે,
અવલ શું કીધું ફ્ઓજના અફસરે?
ઇરાંનીનો આવ્યો કેવો બદ દીવસ?
કીનામા થયું કેવું નુકસાંન બસ?

ફરીબોર્ઝ ઊપર કયખુસરોનું નામુ લખવું અને તુસને પોતાની નઝદીક પાછો બોલાવવો.

ખબર લઈ ગયો ખેપિઓ શાહા પાસ,
થયો છે સિયાહ આં દીવસ નેંક ખાસ.

દેલીરોના શાહે એ સમજી ખબર,
ખાધો જોશ ગ઼મથી, ધડ઼કયું જીગર.

હતો દુઃખી ભાઇના કામે અગર,
સેપાહનું વધ્યું દર્દબી દર્દ પર.

ઝબાં તુસ પર લાંનતે ખોલી સખ્ત,
સ્રિયાહ રાતથી, મુર્ગ઼ની બાંગ વખ્ત.

તેડયો તેને દાંના નવીસંદો પાસ,
ભર્યું દીલ હતું જે કીધું ખાલી ખાસ.
લખાવ્યું ગુસ્સા ભર્યું નામું શીતાબ,
કરી આંખો ભાઇના સોગે પૂરાબ.

કે કાઊસ શાહનાં ફરીબોર્ઝ પર,
તથા ફ્યોજના બુઝરગો પર મગર.

તે નામામાં કીધી શુરૂ આફરીન,
જેને કીધાં પયદા ઝમાનો ઝમીન. ૧૫૭૩

લખી મેહેરો માહના ખુદા નામની,
દીધી શકિત બદ, નેંક, કુલ કામની.

મળેચ હાર, અને જીત, જેથી આબાદ,
છે બદ નેંકને તેથી શકિત મુરાદ.

પેદા જેથી છે વખ્ત, ગેતી, ને ઘર,
કીડીનાં પગોથી, તે પાહાડો ઝબર.

છે બુધ્ધી, અને જીવ, તન ઝોરેમંદ,
બુઝર્ગી, ને તાજો, ને તખ્તો, બુલંદ.

તેના બંધથી કોઈ નથી છુટનાર,
દીયેચ એકને દબદબો તખ્ત યાર.

બીજાને ત્યારે બદ બખ્તી દીયેચ,
ગ઼મો, દર્દ, હાજત, ને સખ્તી, દીયેચ.

કે નુરમંદ સુર્ય સુધી, ખાકથી,
અદલતાજ જોઉ છું ખુદા પાકથી.

ગયો ફોજથી લઈ તે ઝુંડાને તુસ,
ઝરીન જોડાના મર્દ ચાળીસ ખસુસ.

તુરાંને મોકળ્યો તો આપી સેપાહ,
શુરૂ ભાઈ કીનામાં કીધો તબાહ.

ન સર્દાર હોજો તું જેવો ઇરાન,
ન હોતો સેપાહનો એવો પાસબાન. ૧૫૭૪

છે અફસોસ ભાઈ ફરૂદનો જવાંન!
સરોનું જે સર [1]હાંમીએ પહલવાંન!
પીદરના હું કામેતો રડતોતો સખ્ત,
ને જળતોતો એ રંજથી લાંબો વખ્ત.

મને રડવું પડશે હવે ભાઇ પર!
છે કોણ દોસ્ત, દૂશમન, નથી એ ખબર?

કહયુંતું, જતો ના તું રાહે જેરમ,
ન મારતો સેપદ, ને કલાતે, તું દમ.
કે છે ત્યાં ફરૂદ માંની સાથે નિદાંન,
ઓલાદે જે કયાંની, દીલેર, પહલવાંન.
તે જાણશે નહીં કયાંનું લશ્કર છે આંય?
સેપાહ છે ઇરાંની, યા આવી છે કાંય?
મળી નાં જશે, પડશે લડવા મગર,
ને ખોશે લડઇમા તે પોતાનું સર.
અફસોસ! એવો શાહી તુખમ પહલવાન!
લીધો જેનો કંગાળ તુસે આં જાન!
તે સર્દાર હતો જો પ્રથમનેજ વખ્ત,
થયું બદ જેથી શાહા કાઊસનું બખ્ત.
કે આવે છે જેને લડાઇમાં ખાબ,
ને થાયે છે દારૂ પીવામાં શીતાબ. ૧૫૭૫
હુંનર કુલ તેનાં રહી ગયા તેની પાસ,
સિયાહ જીવ હસ્તીમાં હોજો ન ખાસ.
કે વાંચે તું નામું આ જેવું શીતાબ,
તો દુર કરજે આરામ, ખાવું, ને ખાબ.

૧—પહલવાંનોનો મદદગાર.

ફેરવ તુસને મારી પાસે તું રાહ,
હુકમ માની, લેતોના કોઇની સલાહ.

હવે જોડ઼ા ઝરરીનનો સર્દાર તુંજ,
ને કાવેયાંની ઝુંડો ઉઠાવનાર તુંજ.

સરઅફરાઝ ટોળાંમા ગોદર્ઝ છે,
સલાહ દેશે હર કામમાં તુને જે.

લડઇને તું કરવા ન બનતો શીતાબ,
અને દુર કરજે તું ખાબો શરાબ.

ન તુન્દીથી હરગેઝ લડવા તું જાય,
રહે ત્યાં સુધી, ઠીક ઝખ્મીઓ થાય.

થશે ગેવ આગળ, લડાઇને વખ્ત,
બુલંદ દબદબો ને છે ચિત્તાના દસ્ત.

તું કર ચોતરફ જંગની તૈયારી હાલ,
ન થાય એમ કે આવે ખુશાળીનો ખ્યાલ.

કીધી મોહોર શાહી તે નામા ઊપર,
કહયું નામાબરને કે તું રાહ ધર. ૧૫૭૬

ને થોભતો ન તું રાત દહાડો મગર,
બદલજે ઘોડો, મંઝીલોની ઊપર.

કે આવ્યો તે માફક જો કાસીદ ખાસ,
પહલવાંન તે નામેવરનીજ પાસ.
આવ્યો તે ફરીબોર્ઝ નાંમીની પાસ,
તુરત દીધું નામું શહનશાહી ખાસ.

ફરીઓઝેં તેડયા દીલેરો ને તુસ,
કીધી વાતો વિટેલાં કામે ખસુસ.
તથા ગેવ, અને ગોદરઝ, નામદાર,
મુલકના દીલેર, જંગીઓને, તેવાર.
કે શાહી તે નામું જો વંચઈ રહયું,
નવું ઝાહાડ ફળ દેતું જગમા થયું.
બુઝર્ગો ને સિંહોએ ઈરાં ઝમીન—
ના, કીધી અતી શાહ ઉપર આફરીન.

